Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ऋग्वेद) • समानी प्रपा । (अथर्ववेद)

# પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૧૯ નવેમ્બર : ૨૦૨૪ અંક : ૫ ₹ 20



ગુજરાતી સાહિત્ય પરિષદ

મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર




Ahmedabad • Akola • Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Gandhidham
Gandhinagar • Himmatnagar • Hyderabad • Indore • Jamanagar • Junagadh • Kadi • Kalol
Mehsana • Modasa • Nadiad • Palanpur • Patan • Porbandar • Rajkot • Surat • Surendranagar
Visnagar • Vadodra • Vapi
shop online on greenfibre.com or jadeblue.com

**समानो मन्त्रः (ऋग्वेद)** **समानी प्रपा (अथर्ववेद)**

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૯ નવેમ્બર : ૨૦૨૪ અંક : ૫

સંપાદક
**કિરીટ દૂધાત**

**પ્રકાશન મંત્રી**
ભીખેશ ભટ્ટ

**પરામર્શનસમિતિ**

**હર્ષદ ત્રિવેદી**
પ્રમુખ

**સમીર ભટ્ટ**
મહામંત્રી

**યોગેશ જોષી**
ઉપપ્રમુખ

**દર્શક આચાર્ય**
ઉપપ્રમુખ

**ગુજરાતી સાહિત્ય પરિષદ**
**મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર**
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે:**

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને:**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું:** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સ: ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધ: 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

# અનુક્રમ


◈ **પ્રમુખીય : મથામણ-૧૧** - હર્ષદ ત્રિવેદી, ૬

**કવિતા**

◈ • **એક ગઝલ** - સુધીર પટેલ, ૮ • **સૉનેટ - નવોદિત કવિનું કાવ્ય** - ભારતી પ્રજાપતિ, ૮ • **નચિકેતા** - ઉષા ઉપાધ્યાય, ૯ • **બે કાવ્યો** - પ્રદીપ સંઘવી, ૧૦ • **એક પાન લીલું** - પ્રીતમ લખલાણી, ૧૧ • **બે ગીત** - પ્રતાપસિંહ ડાભી 'હાકલ', ૧૧

**અનુવાદિત કવિતા**

◈ • **મહેશ આલોકની હિન્દી કવિતાઓ** - ગુજરાતી અનુવાદ : હરીશ મીનાશ્રુ, ૧૩

**વાર્તા**

◈ • **ઉપરવાળી** - કંદર્પ ર. દેસાઈ, ૧૭

**નિબંધ**

• **નર્મદાને કાંઠે મુક્તિનો શ્વાસ** - રાકેશ પટેલ, ૨૫
• **ગામગાથા** - દિલીપ જોગલ, ૨૮

**હાસ્યનિબંધ**

• **ફાકી** - વિનય જાદવ 'એકાંત', ૩૩

**અભ્યાસ - કાવ્યસ્વાદ**

◈ • **લોકલયમાં ગૂંથાતું કવિકર્મ** - રમણ સોની, ૩૮

**અભ્યાસ**

◈ • **'આજ'ની વિશ્વ કવિતાની જાતરા : 'સર' સિતાંશુ સાથે** - યોગેશ જોષી, ૪૪
• **ચાર નવયુવાન વાર્તાકારોના પ્રથમ સંગ્રહ પ્રેમજી પટેલ, જગદીશ કંથારીઆ,** ૫૮

◈ **'રાતભર વરસાદ' : અશ્લીલ નહિ, અનૈતિક** - નરોત્તમ પલાણ, ૭૮

**અવલોકન**

◈ • 'ભૂમિસૂક્ત' એટલે activist - સૂક્ત - સંજય સ્વાતિ ભાવે, ૭૯

**શોધછાત્રની કલમેથી**

◈ • **સાંપ્રત સમાજને ઉજાગર કરતો વાર્તાસંગ્રહ : 'કોતરમાં રાત'** - અફસાના માંજોઠી, ૮૫

**સંપાદકીય : Local પ્રશ્નોની global કથા** - કિરીટ દૂધાત, ૮૯

◈ **સાભાર સ્વીકાર** - ૯૨

◈ **પરિષદવૃત્ત** - સંકલન : ઇતુભાઈ કુરકુટિઆ, ૯૪

◈ **સાહિત્યવૃત્ત** - સંકલન : ઇતુભાઈ કુરકુટિઆ, ૯૫

◈ **આ અંકના લેખકો**, ૧૦૦

◈ **આવરણ ચિત્ર** : એ. રામચંદ્રન, 'અનટાઇટલ્ડ' ૪૦x૨૮ ઇંચ સેઇગ્રાફ ઑન પેપર

◈ **આવરણ-સંકલ્પના** : આગમ શાહ

# મથામણ – ૧૧

હર્ષદ ત્રિવેદી

અમદાવાદમાં, ગુજરાતી સાહિત્ય પરિષદના વીસમા અધિવેશનના પ્રમુખપદેથી, કાકાસાહેબ કાલેલકરે જણાવ્યું હતું કે – 'હમણાં એક નવો સવાલ જાગ્યો છે. કેટલાક લોકો તકરાર કરવા લાગ્યા છે કે આપણા સાહિત્યમાં છીછરું, ટાયલું સાહિત્ય એટલું વધી પડ્યું છે કે લોકોમાં ઊંડા વિચાર કરવાની કે સમજવાની શક્તિ ક્ષીણ થતી જાય છે. આ તકરાર હમણાં હમણાં જ ઊઠી છે. એણે હજી બરાબર રૂપ પકડ્યું નથી. લોકોનું ધ્યાન એ તકરાર તરફ પૂરતું ગયું પણ નથી.

જીવનમાં જો પારમાર્થિકતા (seriousness) હોય, પુરુષાર્થ હોય, ઉચ્ચ મહત્ત્વાકાંક્ષા હોય અને એ જાતનું જીવન ખેડવાનું વીર્ય હોય તો એનું પ્રતિબિંબ સાહિત્યમાં પડવાનું જ. અને માત્ર લલિત આકર્ષણને કારણે નહિ પણ જીવનવિષયક ઉન્નતિની તમન્નાને કારણે લોકો જોઈતું સાહિત્ય શોધી કાઢવાના અને આદરપૂર્વક વાંચવાના. અને આજના જમાનામાં જો એ તત્ત્વ જ ન હોય તો જીવનશોધનના સાહિત્યની ઠાલી કદર કરી, એને ફૂલ ચડાવી, એને કોરે મૂકી દેવાના.' (પરિષદ પ્રમુખનાં ભાષણો, ભાગ-૨, પૃ. ૨૩૭)

આપણે કાકાસાહેબને કહીએ કે એ વખતે જે બાબતે બરાબર રૂપ પકડ્યું નહોતું અને જેના તરફ લોકોનું પૂરતું ધ્યાન ગયું નહોતું તે બધું જ અહીં, આજના સાહિત્યજગતમાં થઈ ગયું છે અને દૃઢ પણ થઈ રહ્યું છે. સાહિત્યને નામે લોકો 'છીછરું અને ટાયલું' ચલણી સિક્કાની જેમ બધાં જ માધ્યમોમાં રેલાવી રહ્યા છે અને ઘણી બધી વિચારસરણીઓવાળા તો તે સિવાયના 'નિરુદ્દેશે' લખાયેલા લાલિત્યને તો સાહિત્ય તરીકે સ્વીકારવા પણ તૈયાર નથી. આપ કહો છો એ પ્રકારના સાહિત્યની ખૂબ કદર થાય છે. જો અત્યારનો સમાજ કદાચેય એની કદર કરવાનું ભૂલી જાય કે રખેને એ દિશામાં મોડો પડે તો લાઇક કરનારા અને ફોલો કરનારા કાગારોળ મચાવીને, ધાક-ધમકીઓ આપીનેય એવા સર્જનહારાઓને ફૂલમાળાઓ પહેરાવવા દોડી જાય છે. ફૂલમાળાવાળા જરાકેય વિલંબ કરે તો 'શબ્દસેવીઓ' પોતે કેટલા આત્મનિર્ભર છે એનાં દૃષ્ટાંતો પૂરાં પાડે છે. કોઈ કોઈ તો વળી આવી ઠાલી ઠાલી કદર કરાવવા અને માથે ફૂલ ચડાવડાવવામાં માહેર ગણાય છે.

આપણે સહુ જાણીએ છીએ કે કોઈ પણ જાગતી જગ્યાએ સમાન રસ-રુચિ, વિચારસરણી ધરાવનારાઓનાં નામ પાડેલાં કે નામ પાડ્યા વિનાનાં જૂથો ઊભાં થતાં જ હોય છે. એ દરેક જૂથનું એમના વૈચારિક-અવૈચારિક અભિગમને લીધે અથવા એમના મોવડીઓના કારણે જ એક મૂલ્ય ઊભું થતું હોય છે. શિક્ષણ, સાહિત્ય તથા સાહિત્યના શિક્ષણમાં સંડોવાયેલાઓ એમાં મુખ્ય હોય એ પણ સ્વાભાવિક ગણાય. કોઈ ને કોઈ ઠેકાણે અનેક પ્રકારનાં મતમતાંતરો પણ હોવાનાં, સારું અને ખરાબ બંને હોવાનાં. પણ, છેવટે એ બધાંની સાથે સાહિત્યને કારણે જ આપણી નિસબત બંધાય છે એ હકીકત જોતાં – ક્યાં શું ચાલે છે, કેવી કેવી નુક્તેચીનીઓ થાય છે, કેવા કેવા ગણગણાટ અને બખેડા થાય છે – એ બધું એકસાથે જોઈએ ત્યારે સાહિત્યના આયનામાં એક આભાસી ચિત્ર ઝિલાય છે. એમાં સાહિત્યેતર સ્વાર્થો અને રંગો ભળે ત્યારે એ ચિત્ર ખરડાય છે. પરિણામ સ્વરૂપે પૂરા સાહિત્યજગતનું ગૌરવ અળપાય છે અને સમાજનાં સૌજન્ય-સંસ્કારને સૂક્ષ્મસ્તરે આઘાત પણ લાગે છે.

સાહિત્યના વર્તમાનને પ્રગટ કરતી વખતે, નવોદિતથી માંડીને સ્થિર જ્યોત જેવા સર્જકો-વિવેચકો, જે તે સાહિત્યમાં પ્રગટ થતાં વર્તમાનપત્રો-સામયિકો, સાહિત્યિક સંસ્થાઓની મુખ્ય-ગૌણ પ્રવૃત્તિઓ, એમાં થતી સ્થાપના-ઉથાપનાઓ, સમાજ સાથેનો અનુબંધ વગેરે બાબતો મહત્ત્વની બની રહેતી હોય છે. કેટલાક ફક્ત નિજાનંદે જ શબ્દ સાથે કામ પાડતા હોય છે તો વળી કેટલાક બીજું કશુંક સિદ્ધ કરવા માટે શબ્દનો સહારો લેતા હોય છે. કોઈના પણ વિચારોને પોતાના ગદ્યપદ્યમાં ઢાળી દેવાનું આસાન થઈ ગયું છે. એ રીતે જોઈએ તો ‘લલિત’ની વ્યાખ્યા વિસ્તરી છે અને શબ્દેશબ્દ જાણે કે પોતાની કિંમત માગી રહ્યો છે ! આ સમયમાં સાચા સર્જકનો કે વિચારકનો અવાજ ક્ષીણ થતો અનુભવાય છે. જે એક પણ ટોળામાં નથી એને માનવજાતનો વેરી સમજી લેવાનું ચલણવલણ વધતું જાય છે. માનવી સ્વતંત્ર પણ હોઈ શકે અથવા એ આપણાથી જુદું વિચારતો હોય એ ખ્યાલ ભૂંસાતો જાય છે. કમ્પ્યૂટરના સ્ક્રિન ઉપર કીડીની હારની જેમ ‘તમે કહ્યું તે સાચું સાજન તમે કહ્યું તે સાચું’ની કૉમેન્ટ્સ લાઇન લગાડે છે.

‘લોકોમાં ઊંડા વિચાર કરવાની કે સમજવાની શક્તિ ક્ષીણ થતી જાય છે.’ એ આપનું કહેવું સાચું છે. દિવસે ને દિવસે હતી એનાથી બદતર પરિસ્થિતિ થતી જાય છે. એ સંજોગોમાં પણ હજી સાચા શબ્દસેવીઓની હામ તૂટી નથી. શબ્દમાં એમનો વિશ્વાસ હજી ટકી રહ્યો છે. સમાજને ઊજળો કરવો હોય, નરવો અને ગરવો કરવો હોય તો ઉચ્ચમૂલ્યો, અને માનવકેન્દ્રી સર્જનાત્મક શબ્દ કે એવી અન્ય કળાઓ વિના આપણો ઉદ્ધાર નથી એ પણ સમજવું રહ્યું. અને એ તો ત્યારે જ શક્ય બને જ્યારે એના સર્જક ઉપર કોઈ દબાવ ન હોય, ભાર ન હોય. આપણો શબ્દસેવી પોતાની વિચારધારાને, અંગત ગમા-અણગમાને અને વહાલાં-દવલાંઓને કોરાણે મૂકીને ફક્ત અને ફક્ત ગુણવત્તાને જ આગળ ધરે ત્યારે કાકાસાહેબકથિત મૂલ્યસ્થાપના થાય. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

## એક ગઝલ । સુધીર પટેલ

આસીન થયા તો કોઈ તત્કાલીન થયા,
જે આવ્યા તે બધા સમયને આધીન થયા!

એક સાંજ મારામાં ખીલી, રંગીન થયા;
ધીરે ધીરે ક્ષિતિજ મહીં વિલીન થયા!

સાવ હતા ખરબચડા કોઈ પથ્થર જેવા,
રસ્તે એની સંગત થૈ તો શાલીન થયા!

જગમાં નહિ તો મુક્ત હતા કોઈ પંખી જેમ,
ગરબડ થૈ ગ્રંથિની, ખુદ પરાધીન થયા!

જોજો શબ્દ ટકોરા દે નહિ દ્વારે 'સુધીર',
વર્ષોના મૌન પછી ગઝલોમાં લીન થયા!

## સૉનેટ - નવોદિત કવિનું કાવ્ય । ભારતી પ્રજાપતિ

ખીલ્યું કાવ્ય મનોજ! સર્જક ઉરે ઊંચા અહોભાવમાં!
અર્થોપૂર્ણ ઉજાસથી સભર થૈ, શબ્દ તપોભોમમાં!
મૂક્યું ધોરણ માપવા, ગહનતા, સત્ત્વો, સુધારા તળે.
આવ્યું એ જડ થ્યાં વિવેચન થકી ચોફેર ઘાતે પળે!

ભીંસાયું અમથું મશીન મનમાં, જક્કી લખાણે લડી.
છૂટી ઉચ્છલ લાગણી, મધુરતા, સાકાર બાંધી કડી.
લાગ્યાં સૂચન, કાપકૂપ કરતાં ને માપદંડો ઘણા.
લાધ્યાં આવરણો અનેક ઉપરી, જાણે સિલીકોનનાં!

સૌંદર્યો ઉપચાર દેહ સઘળે, ભર્યા રસો છેદતા,
ફર્યા સાવ સમૂળ નાક નકશા ત્યાં, સત્ત્વને વેધતા.
તથ્યોના તણખા હતા કવનમાં, આરંભથી અંતમાં,
રૂંધ્યા શ્વાસ, તણાય ભિન્ન મતિમાં! ગૂંચાય છે તંતમાં!

ચૂંથ્યું વ્યર્થ વિશેષ સર્જન! રહી ખાલી જગા કાગળે.
થ્યું ત્યારે બસ પોસ્ટમોર્ટમ, ખરા જીવંતનું આખરે!

## નચિકેતા । ઉષા ઉપાધ્યાય

અંધકારની પાટ ઊંચકાતી નથી,
બેડી પડી છે હાથમાં
જીરવાતી નથી,
ગુલામીમાં ગુલામોની ચીસ સંભળાવશું કોને?
ગુલામીમાં સબડતી ચેતના શી વેદના સહેતી!
વિવશતા કાં જનોના ગાત્રને થિજાવતી રહેતી?
ઋચાઓ વેદની સુણતાં
જીવ્યાં જે મસ્તકે ઉન્નત,
વિશાળા આ જગતમાં જીવવાનું
શિર નમાવીને?
ચમકતી રાત અહીંયાં છે,
દિવસને પાંખ આવી છે,
મકાનો આભને આંબે
ને... માનવ વેંતિયા લાગે.
અહીં છે મોલ મોટાં ને
બધાંયે તોલ ખોટાં છે
હજુ આપો, નવું આપો,
ફરી આપો, સતત આપો,
અહીં છે શોર 'આપો'નો
અને એ મોલની સામે
ઊભું આ કોણ તાકે છે?
દીવાલો કાચની ઠેકી
નજર એની ઉપાડે છે,
કણસતું સાવ ધીમેથી
ઉદર ખાલી પુકારે છે,
તન યુવા, મન વૃદ્ધ
એવો દેહ કાંપે છે -
ન જાણે લાગતું શાને કે જાણે
યુગયુગોનો પટ વટાવી
ટાઢ-તડકો વેઠીને
ખુલ્લા પગે પથ કાપતો
આવી ઊભો છે કો' નચિકેતા
અને પૂછી રહ્યો છે પ્રશ્ન -
"છે શાને દેવતા અમ્મર?
નથી કાં એમને કોઈ ડર?"

# બે કાવ્યો । પ્રદીપ સંઘવી

## (૧)

## હર્ષઘેલો

(છંદ : શાલિની-વૈશ્વદેવી. દરેક કડીમાં પહેલી ત્રણ પંક્તિ શાલિની;
છેલ્લી વૈશ્વદેવી. છેલ્લી બે પંક્તિઓ વૈશ્વદેવી.)

વર્ષી વર્ષી આખરે આભ થંભ્યું,
ગાજી ગાજી આખરે મેઘ થંભ્યા.
ભીની ભીની ભૂમિ આ ગન્ધવંતી,
ને એમાં ઊડે કામિની[1]- ગન્ધ-છોળો.

ક્યાં છે બેલી, ક્યાં, કહો, ક્યાં છુપાઈ?
આરોહી એ સૂર છેડે બપૈયો[2].
ઊંચે ફેલે સૂર એ દિગ્દિગંતે;
થંભે ઓચિંતો સૂર – શું કાઠ મારી?

મેઘે ઢાંક્યા તારલા ને ગ્રહોને,
ઢાંકી દીધા સૂર્ય ને ચંદ્રમાને.
દ્હાડા ઝાંખા – સાંજ શું, શું બપોર!
રાતો ઘેરી – શું પૂર્ણિમા, શું અમાસ!

આવામાં બોલે દેડકો એકધારો,
કેવો બેસૂરો – તોય શું – હર્ષઘેલો!

## (૨)

## આવે છે વરસાદ

(છંદ : રોળા)

આવે છે વરસાદ સાદ કરતો, મન ભરતો.
બોલ, શોર કર મોર! જોરથી અંબર ભરતો.
સૃષ્ટિ થઈ તરબોળ; બોળ તન-મન આ જળમાં.
દે ધનાધન માર; માર વ્હાલો વર્ષામાં.

---

1. કામિની : આ એક ક્ષુપ (છોડ અને ઝાડ વચ્ચેની વનસ્પતિ) છે. ચોમાસામાં બે-ત્રણ-ચાર વાર તેને અતિસુગંધી ફૂલોના ફાલ આવે છે.
2. બપૈયો : આ પંખીના સૂરમાં આપણને આકર્ષે તે તેની મીઠાશ નહિ; પણ આતુરતા, આવેગ અને વિહ્વળતા. 'પી કહાં?' એ બોલ ઉત્તરોત્તર વધુ ને વધુ તીવ્ર થતો જાય છે. આપણને જ્યારે લાગે કે હવે તો પરાકાષ્ઠા આવી ગઈ અને તેની પ્રેયસીને પ્રગટ થયા વિના ચાલશે જ નહિ; ત્યાં જ તે ચૂપ થઈ જાય છે – જાણે કોઈએ કાઠ મારી દીધી!

## એક પાન લીલું । પ્રીતમ લખલાણી

આંગણની ડાળમાં છે એક પાન લીલું!
અંબરથી ધોધમાર વરસે તે ટહુકાને તોય હું તો હરખાતી ઝીલું!...

ચારેકોર ઊભું છે લીલુંછમ વંન હું તો એકલડું સુક્કું રે ઝાડ!
દૂર દૂરથી મુંને તાકીને સંતાતા વાદળમાં કેવા પહાડ!
આસપાસમાં અહીં કોઈ નથી બાઈ! હું તો સપનાં જોઈને રે ખીલું!..
અંબરથી ધોધમાર વરસે તે ટહુકાને તોય હું તો હરખાતી ઝીલું!...

ખળખળતાં ઝરણાંને કાખમાં લિયે છે રે અહીં તહીં ઊભું આકાશ!
વૈશાખી વાયરાના વેગીલા તોરમાંથી ઝંખું હું હરપળ ભીનાશ!
આષાઢી લાગણીના એકાદા વરતારે જીવતર થઈ જાયે રંગીલું!...
અંબરથી ધોધમાર વરસે તે ટહુકાને તોય હું તો હરખાતી ઝીલું!....

## બે ગીત । પ્રતાપસિંહ ડાભી 'હાકલ'

(૧)

### શ્રદ્ધા નામની ખારવણને શોધતા ખારવાનું ગીત

શાને ચાવો છો નર્યા લાળા હરભમજી. થયા છો કેમ તમે આળા?
વીત્યા છે યુગયુગના ગાળા હરભમજી, ધરી ને આગમ અજવાળાં

પાંપણ પર નેજવાં તો થાક્યાં છે એવાં કે હાથ હવે થઈ જાશે હેઠા
ધૂંધળી ધૂંધળીયે દેખાતી દૂર દૂર, છબિઓથી કીધા છે છેટા

કીકીઓના અધિકારો મુકાવી ગીરવે ને માર્યાં છે ખંભાતી તાળાં હરભમજી,
થયા છો કેમ તમે આળા?

કાફલા ને કાફલા જ્યાં મનમૂકી મહાલતા, મોજાંની નજરો ચુકાવી
આરપાર ઘૂઘવતા સાત સાત સમદર એ દીધા છે સાવ જ સુકાવી

ક્યાંયે ના અણસારો દીસે છે દર્શનનો, ક્યાં છે સૂર-રાગો રઢિયાળા? હરભમજી,
થયા છો કેમ તમે આળા?

દીધો અવતાર મને જાણે કે ખારવાનો કીધી શું શ્રદ્ધાને ખારવણ?
આંખ્યુંને અંધારા ઘેરે એ પહેલાં કહો, ક્યાં છે રે મારી એ લાજવણ?

માથે રહી જાશે મે'ણું, સમો જો વીતશે તો, બોલી બહુરૂપી તરગાળા હરભમજી,
થયા છો કેમ તમે આળા?

(૨)

## રાયસેનને આહ્વાન કરતું ગીત

(સૉશિયલ મીડિયા પર છદ્મવેશ ધારણ કરનારાઓને)

ઓઢેલા અંચળાને મેલો ફગાવી છેટે, આવોને રાયસેન! રણ રે મેદાનમાં
શબદુની આણ તમને દેતી સરસતી માડી, ખુલ્લા જો રાખો કહેશે આવીને કાનમાં

શાને બહુરૂપિયાનો બોજો વેંઢારો?
ખખડાવો ચીપિયો આવી ખઈને ખોંખારો
દેશું તમનેયે ભેગો હેતે હોંકારો

લેશું ઓવારણાં ને લેશું રે દુ:ખણાં, આવી જો જાઓ પૂરા ભાનમાં

વળશે શું બોલો આવા દંભીલા દાટથી?
હેઠા ઊતરીને થોડા હીનતાનાં હાટથી
બેસાડું બાજઠ તમને એવા રે ઠાઠથી!

ચાહો બચાવવાને કવિતાની લાજ રાયજી! છોડી દો વેશ ગાઈએ કોરસ રે ગાનમાં

જાણું કે ચચરે તમને ગઝલોનું ઝાઝું
ધોકો લઈ દોડો એથી મારું કે બાઝું
થાતું ના તમને સ્હેજે 'હું પણ તો દાઝું?'

ઊંડે ઊંડે રે લાગે, ઓળખીએ તમને પૂરાં, લાગે કે બેઠા કોઈ દિ તમ્મારી જાનમાં

■

### વસંતગઝલ-૩

વક્ષ બેચાર લૂનો ગજરો છે
શું કામ ? - એ સવાલ અઘરો છે !

પુષ્પ તેજાબનો ફુવારો છે
જીવ સમજે નહીં કે ખતરો છે

હાય, માદા બની ગઈ અઘરી
નર નિખાલસ ને સાવ નવરો છે !

પલાશ પી ગયો હશે 'ફેન્ટા' ?
નશામાં કેટલો એ લઘરો છે !

ગુલમહોરોએ ગામ લૂંટ્યાં છે
સર્વ છાપાંમાં એ જ ખબરો છે

દેહની બહાર છાતી મહોરી છે
રમેશ પણ ક્યાં સાવ પથરો છે ?

– રમેશ પારેખ, 'મન પાંચમના મેળામાં ભાગ-૨'

# મહેશ આલોકની હિન્દી કવિતાઓ

ગુજરાતી અનુવાદ : **હરીશ મીનાશ્રુ**

## ૧ - પરાજય

એ વખતે જેટલા લોકો હાજર હતા બધા ચુપ હતા
અને એ મુદ્રા લગભગ અસુવિધાજનક હતી
કે લોકો ચુપ હતા
ને એકબીજાનાં મોઢાં તાકી રહ્યા હતા

અને આ એ વખત હતો જ્યારે
કોઈ સાંસ્કૃતિક સત્યની હત્યા થઈ ચૂકી હતી

એ તો નક્કી હતું કે એ શોકસભા ન હતી
પરંતુ
લોકો એટલા ચુપ હતા કે એ સભાને
વિચારસભા પણ કહી શકાય એમ ન હતું

એ ઘણા બધા ચહેરા ઘણા બધા ડરમાં ડૂબેલા હતા
ચહેરાઓની આ વાસ્તવિકતામાં
કેટલાક ચહેરાઓ પોતાની ત્વચા પરથી
એ રીતે સાહસ ટપકાવી રહ્યા હતા કે
સાહસ ભયની જેમ ટપકી રહ્યું હતું

જે એકઠા થયા હતા એ તમામ
બૌદ્ધિક જેવા લાગતા લોકો ન હતા
અને એ આપણા સમયની એટલી મોટી સભા હતી
જેટલી સાધારણ રીતે
દિલ્લીગેટની બાજુમાં કબૂતરો કે કોઈ ગીધના મૃત્યુ પર
ગીધડાંની નથી હોતી

અસલમાં એ ચુપ લોકો એ હદે ચુપચાપ હતા
કે એક પૂરેપૂરો પરાજય
એમની ચુપ્પીમાં બોલી રહ્યો હતો

# ૨ - કોણ વાંચે છે કવિતાઓ

॥ એક ॥

એ માછલી
જેના પેટમાં રાજાની વીંટી છે
અને જે હજારો વર્ષથી જીવે છે કવિતામાં.
ચાલો, એને પૂછીએ
કાલિદાસની કવિતા વિશે,

કદાચ એ ચાદર જે ટપકી રહી છે
અને ભીંજવી રહી છે પાણીને વર્ષોથી.
ચાલો, એને પૂછીએ
કબીરની કવિતા વિશે.

મધુમક્ષિકાઓ જરૂર વાંચતી હશે કવિતાઓ
એ તો કવિતાની ઉત્પત્તિની સાથે જ
ઘોળી રહી છે મધુરતા.
ચાલો, એને પૂછીએ
કે આ વિકટ સમયમાં કેટલા દિવસ
હજુ જીવતા રહેશે સુરદાસ.

વાદળ, વિહંગ, સૂર્ય, ચન્દ્ર ઇત્યાદિ
જે કાચાં પાકાં ફળની જેમ લટકી રહ્યાં છે
કવિતામાં
અને મજા લે છે દરેક કવિસમયમાં
જરૂર વાંચતાં હશે કવિતાઓ
આખરે પોતાની દશા-દુર્દશા પર
ટિપ્પણી કરવાનો અધિકાર એમને પણ છે
પૂછીએ, તુલસી અને નિરાલાને ત્યાં એમનો સ્વાદ
આવતાં હજાર વર્ષો સુધી એનો એ જ રહેશે
જે આજે છે,

અને ખરેખર
કેટલા કિલોમીટરના અંતરે છે
અજ્ઞેય અને મુક્તિબોધનાં ઘર !

॥ બે ॥

રિક્ષાવાળા અને દૂધવાળા નથી વાંચતા કવિતાઓ
જેમ માછલી પર લખાયેલી કવિતાઓ માછલી નથી વાંચતી
માછીમાર કવિતાઓ વાંચીને નથી મારતો માછલીઓ.

મને શંકા છે, કોઈ શિક્ષક વાંચતા હોય કવિતાઓ
પોતાના જન્મથી વીસ વર્ષ પૂર્વે જન્મેલા કવિને
પાઠ્યપુસ્તક સિવાય ક્યાં જોયો હોય એમણે !

કોઈ વડો પ્રધાન કે મુખ્ય પ્રધાન શું કરવા વાંચે કવિતાઓ
ભૂલથી પણ કોઈએ ભેટ નથી આપ્યો કોઈ કાવ્યસંગ્રહ
કોઈ રાષ્ટ્રાધ્યક્ષને આજ સુધી.

જોકે એ પણ સાચું છે કે
એક સારી કવિતા વધારે શક્તિશાળી છે
કોઈ બહુમતીવાળી સરકાર કરતાં.

## ૩ - કીડીઓ

જ્યાં એ રહે છે
એ પૃથ્વીની સૌથી સુરક્ષિત જગા છે

એ હવે ખારાશ પણ ચાટે છે
મીઠાશને પૃથ્વીના એક છેડેથી
બીજા છેડે લઈ જવા માટે

કવિતામાં જેટલી મીઠાશ અને ખારાશ છે
એ એનાથી અભિજ્ઞ નથી

એ નથી ડરતી કોઈ તાનાશાહના તોપગોળાથી
એ ડરે છે એ કીડીઓથી જે પોતાના કદ કરતાં એટલી
લાંબી થઈ ગઈ છે જેટલી તાનાશાહની મૂછ
જેને આમળતાં આમળતાં તાનાશાહ વરસાવે છે તોપગોળા

લીલા ઘાસ પર દોડતી કીડીઓ
સૌથી વધુ સુરક્ષિત છે કવિતામાં
જ્યાં સૌથી વધુ સુરક્ષિત છે પૃથ્વી
અને કવિતાથી ભાગવાની કોશિશ કરતા
તાનાશાહ
અને કદાચ ઈશ્વર

## ૪. મિત્રતા

એ મને પહેરે છે
કપડાં પર છપાયેલા
ફૂલની જેમ.

એને ખુશબૂને બદલે
ફૂલોની સુંદરતા
વધુ ગમે છે.

એ વાદળના એક ટુકડાની જેમ તરે છે
મારી આસપાસ.

એને વરસવું ગમતું નથી.

હું એને નદીની જેમ પહેરું છું
અને ઉતારી દઉં છું વહેવા માટે.

અમે બંને
આ રીતે જ જોઈએ છીએ મિત્રતાને.

■

**આ કોઈ કોણ છે?**

કોઈના વક્ષમાં કોઈ છૂરી હુલાવી દે,
કોઈના આંગણામાં કોઈ વૃક્ષ વાવી દે!

કોઈક રદ્દી મનુષ્યોનું રફુગર બનતું
કોઈ મનુષ્યને ય ચીંથરું બનાવી દે

કોઈક હાંફતાને હાથ દે શિખર સુધી
કોઈક સેંકડોને શૂળીએ ચડાવી દે!

કોઈક ફૂંકથી જ્વાળામુખીને અટકાવે
કોઈ દીવાસળીથી જીવતાં જલાવી દે

આ કોઈ કોણ છે? - તેને ન કોઈ ઓળખતું
કોઈ પૂછે, તો અરીસો કોઈ બતાવી દે!

આ કોઈ કોણ છે? - તે કોઈ શોધી કાઢે છે
તો કોઈ કોઈ વડે કોઈને છુપાવી દે

આ કોઈ કોણ છે? - પૂછતાં અજાણ્યું થાય કોઈ
કોઈના કાનમાં કોઈ કશું બતાવી દે!

– રમેશ પારેખ, 'મન પાંચમના મેળામાં ભાગ-૨'

# ઉપરવાળી

કંદર્પ ર. દેસાઈ

'કાલ સાંજથી બહાર નથી નીકળ્યાં. જરા ઉપર જઈ જોઈ આવ.' નિર્મળાબહેને પરેશને કહ્યું.

'- પણ મમ્મી, પપ્પા ગયાને વરસ થયું. આપણે અને એને હવે શું લેવાદેવા?'

'મેં તને પૂછ્યું નથી, કહ્યું છે. છોકરાં ફઈને ત્યાં ગયાં છે એટલે... તું જાય છે કે સ્મિતાને મોકલું?' કહેતાં નિર્મળાબહેને પરેશની પત્ની તરફ જોયું. સ્મિતા, હળવું મલકીને પરેશ સામે જોઈ રહી. અકળાતો પગ પછાડતો પરેશ જેવો ઉપર ગયો એવો પાછો આવ્યો.

'મમ્મી, ડૉક્ટરકાકાને ફોન કરવો પડશે. તાવમાં ધખે છે.'

'મેં કહ્યું ને! કંઈક થયું હશે તો જ ઘરની બહાર ન નીકળે.' પછી અકળાઈને બોલ્યા, 'ડૉક્ટરને ફોન કરવા માટે પણ મારે કહેવું પડશે? અને સ્મિતા, હવે તારે ઉપર જવું પડશે. અહીંથી બરફ, પાણી લઈ જા. ભીનાં પોતાં મૂકતી થા. એટલામાં ડૉક્ટર આવી જશે. મોટા દવાખાને દાખલ ન કરવા પડે તો સારું.'

પરેશને પોતાની આ મા સમજાતી નથી. પપ્પા હતા ત્યારે તેમની ઇચ્છાથી, આગ્રહથી ઉપરવાળીનું કામ કરે એ વાત જુદી અને હવે-

ઉપરવાળી!! આમ તો એ બહારવાળી અને મમ્મી ઘરવાળી! આજે પરેશ ચાલીસ વર્ષનો થયો તોપણ પીડાની આ કસક પીછો નથી છોડતી અને મમ્મીને-

'પપ્પાની બહેનપણી' ત્યારે હશે તેર-ચૌદની વય. સ્કૂલના ફંક્શનમાં નાટકમાં ભાગ લીધો હતો અને પપ્પા, મમ્મીના બદલે ઉપરવાળી સાથે -

ટીચરે પૂછેલું, 'તારા પપ્પાને જોયા. મમ્મી નથી આવ્યાં?' એ કોઈ જવાબ આપે એ પહેલાં કિશોરે કહેલું - આજે પણ કાનમાં ગરમ સીસાની જેમ દઝાડે છે. 'એ તો ક્યાંથી આવે? પરેશના પપ્પા તો એમની બહેનપણી સાથે આવ્યા છે ને!' પછી પરેશ તરફ મોં ફેરવી પૂછે, 'પરેશ, તું એમને પણ મમ્મી કહીને બોલાવે છે?'

એ ઉંમર જ એવી! મનને કોઈ કેટલુંય સમજાવે - એ કઈ રીતે માને? એ દિવસે ઘરે આવીને માનો હૂંફાળો ખોળો ના મળ્યો હોત તો?

- પણ આ મમ્મી,

એ ન હોત તો નિમેષભાઈના પરિવારનું નામું મંડાઈ ગયું હોત! પપ્પા મેડિકલ કૉલેજમાં અધ્યાપક. ઍનૅટૉમી જેવો નૉન-ક્લિનિકલ વિષય ભણાવે એટલે સવારે વહેલા નીકળવાનું નહીં. ઉપરવાળી પ્રાથમિક સ્કૂલમાં શિક્ષિકા એટલે પહેલાં એને મૂકવા જાય અને પછી પોતે કૉલેજ જાય. ક્યારેક સ્કૂલવાન ન આવે તો અમને સ્કૂલે મૂકવા ફરજિયાત મમ્મીએ જવાનું. પોતાના રૂટિનમાં ફેરફાર કરે એ પપ્પા નહિ. એવો જ એક નિયમ પ્રાઇવેટ પ્રૅક્ટિસ કરી વધારાની આવક રળવાનો નનૈયો. 'સરકાર પ્રાઇવેટ પ્રૅક્ટિસ ન કરવા માટે ખાસ ભથ્થું આપે છે; પછી શું કામ ખોટું કરવું?' એ પોતે તો પોતાના પગારમાં ખુશ રહે એમ મમ્મીએ પણ એમણે બાંધી રકમ આપી હોય એમાં ઘર ચલાવવાનું. પગારની બાકીની રકમ ફિલ્મો, નાટક અને પુસ્તકો પાછળ ખર્ચે. જાતજાતનાં પુસ્તકો વસાવે. એને રાખવા અમારા ઘરમાં દીવાલમાં ખાસ કબાટો કરાવેલાં. સંગીત અને સાહિત્યના કાર્યક્રમોમાં જવાનો શોખ પણ એવો જ. એવા જ કોઈ કાર્યક્રમમાં એ મળી અને અમારા ઘર સુધી આવી અને પછી ઉપરના માળે-. જોકે ક્યારેક નવાં ચંપલ ખરીદવાં હોય તોય મહિનો રાહ જોવાની! એમાંથી જ મમ્મી શીખી. ઘરની નજીકની કરિયાણાની દુકાનેથી માલ-સામાન ખરીદવાના બદલે મોટી બજારે જઈ સામટું ખરીદે. કહે, 'પઈ પઈ કરતાં જ પૈસો થાય!'

મોટી બજારે પાછાં એકલાં નહિ, સોસાયટીની ચાર મમ્મીઓ સાથે ભીડ ભરેલી સિટીબસમાં જાય, ચાર દુકાનો ફરી માલ જોઈ-પરખી, ભાવતાલ કરે. અગાઉથી યાદી તૈયાર હોય; કોને કઈ વસ્તુ કેટલી લેવાની છે એ પ્રમાણે ખરીદી થાય. પાછા ફરતાં સામાન એટલો થઈ ગયો હોય કે રિક્ષા કરવી પડે પણ એમાંય બેસી તો એક જ જણ શકે! – અને તોય ઘરે આવી માટલાનું ઠંડું પાણી પીતાં સૌના ચહેરા ચમકતા હોય! પપ્પાએ ક્યારેય આ ચમક જોઈ હશે ખરી?

એમને તો બસ ઘરે આવી સીધા ઉપર જતા રહેવું. જમવા નીચે આવે તો ઠીક છે, નહીં તો બેઉ માટે ઉપર થાળી મોકલી આપવાની. બાર મહિનાનું અનાજ-મસાલા ભરવાથી લઈ કયું કામ મમ્મીએ નથી કર્યું? -અને તે છતાં તૈયાર ભાણું મોકલવાનું.

પિકનિક-પ્રવાસમાં જઈએ તો સાથે, ફિલ્મ જોવા જવાનું તો સાથે. અને એનો આગ્રહ પણ એવો કે પપ્પાની બાજુમાં જ બેસવા જોઈએ. બાજુમાં બેઠેલી મમ્મી સાથે હરફ છે એકે વાર વાત કરે!

પણ ઉપરવાળી સાથે ફિલ્મની એકેએક ફ્રેમની ચર્ચા કરવા જોઈએ.

એ દિવસોમાં શહેરમાં સત્યજિત રાયની ફિલ્મો દર્શાવાઈ રહી હતી. પપ્પા માટે તો જાણે એ અન્નકૂટ! સૌએ સાથે ફિલ્મો જોવા જવાની; ભલે બંગાળી ભાષામાં સમજ પડે કે ના પડે. કહે,

'ફિલ્મની એની પોતાની ભાષા હોય છે. એ જ તમને સમજાવશે.'

પપ્પા વળી, ક્યાંકથી સત્યજિતની ફિલ્મોમાં સંગીત ઉપરનું વ્યાખ્યાન સાંભળી આવ્યા હતા. તેથી પણ અંત્યત રસથી ફિલ્મો જોતા. પરેશને આજે પણ કેટલીક વાતો એમની એમ યાદ છે. જેમ કે, પપ્પા કહેતા, 'સત્યજિતમાં સંગીતની સૂઝ વિલક્ષણ હતી. શરૂઆતમાં પંડિત રવિશંકર, ઉસ્તાદ વિલાયતખાં જેવા ક્લાસિકલ સંગીતના મહારથીઓ સાથે કામ કર્યા બાદ પોતે જ પોતાની ફિલ્મોનું સંગીત તૈયાર કરવા લાગ્યા!'

'ખરેખર, એમ?'

'હા, એમણે ક્યાંક લખ્યું પણ છે. આ બધા સંગીતકારો પોતાના કામમાં જરૂર નિપુણ છે, પરંતુ મારી જરૂરિયાત પ્રમાણેનું સંગીત તૈયાર કરવામાં નહિ. હું કહું કે મારે સત્તર સેકન્ડ માટે સંગીત જોઈએ તો ના પાડી દે, પણ ત્રણ મિનિટનું સંગીત ખુશી ખુશી બનાવી આપશે.'

'મેં સાંભળ્યું છે કે તેઓ પશ્ચિમી સંગીતના સારા જાણકાર હતા.' ઉપરવાળીએ પૂછ્યું.

'તદ્દન સાચું. 'ચારુલતા' અને 'ઘરે બાહિરે' ફિલ્મો રવીન્દ્રનાથની કથા ઉપર આધારિત અને બંને પાછી પ્રણયત્રિકોણની વાર્તાઓ. એનું સંગીત જુઓ. 'ચારુલતા'માં મૉઝાર્ટના ઑપેરાની ઝાંખી મળે અને 'ઘરે બાહિરે'માં બીથોવનની'

વળી પાછો પ્રણયત્રિકોણ. આ લોકો શું પ્રેમની વાતો વિના જીવી નહીં શકતા હોય! 'ચારુલતા' ફિલ્મ તો રવીન્દ્રનાથ ટાગોરની વાર્તા 'નષ્ટનીડ' પર આધારિત હતી અને કહેવાય છે કે એમાં એમની આત્મકથાનો અંશ છે. શું આ કહેવાતા બૌદ્ધિકોને એક સાદી સરળ જિંદગી જીવવામાં કોઈ મુશ્કેલી નડતી હશે? પરેશે વિચાર્યું.

જોકે પછીથી મમ્મીએ સાથે ફિલ્મ જોવા જવા માટેનો આગ્રહ જ છોડી દીધો! પરેશને આજે પણ એ નથી સમજાતું કે એ મમ્મીની વિરોધ કરવાની રીત હતી કે શરણાગતિ?

સાથે ફિલ્મ જોવાની વાત મમ્મીને એટલી નહિ ખટકી હોય જેટલી પપ્પાએ ઘરનાં છોકરાંઓનાં મોંએથી છાશ છીનવી. વાત જાણે એમ હતી કે ઉનાળુ વૅકેશનમાં ચતુરકાકાનાં છોકરાંઓ પણ ઘરે આવતાં. ઉનાળાની ગરમીમાં રોજ રોજ શું ખાવા-પીવાનું હોય, એટલે મમ્મી બધાં માટે છાશ બનાવે. સવારે વહેલાં ઊઠી દહીં જમાવે જેથી બપોરે જમવા સમયે છાશ બનાવી શકાય. એમાં થોડો બરફ નાંખે. પીતાં એવું સરસ લાગે જાણે કોઠો ટાઢો થઈ ગયો હોય. સૌ છોકરાં રાજી રાજી.

પપ્પાને આ વાતની ખબર. એમાં વળી એક દિવસ ઉપરવાળીને લસ્સીનો શોખ થયો તે પપ્પા દહીં જમાવેલો વાટકો લઈ સીધા ઉપર! જમતી વખતે છાશના બદલે ઠંડું પાણી પી લીધું પણ રોજ જેવો રાજીપો ક્યાં? મમ્મીની આંખોમાં આવેલાં પાણી પરેશને આજે પણ તગતગતાં દેખાય છે અને એનો બબડાટ પણ સંભળાય છે. 'છોકરાંના મોંની છાશેય - મારું તો ઠીક, આ છોકરાંઓનાં મોઢાં સામુંય ન જોયું?'

એ સાંજે ઉપરવાળી સૌ માટે આઇસક્રીમ લઈને આવી. હળવું મલકતી કહે, 'મને પછી ખબર પડી કે દહીં તો.... છાશની મઝાની ભરપાઈ નહીં થઈ શકે, પણ આ આઇસક્રીમની મઝા તો માણી શકશે. છોકરાંઓને આપજો. એમને ગમશે.'

પરેશને પહેલી વાર આઇસક્રીમ પર તિરસ્કાર થઈ આવ્યો. ઉપરવાળી આ પહેલાં પણ નાની-મોટી ચીજ-વસ્તુઓ લઈ આવતી હતી. શરૂઆતમાં તો એ ખાવા-પીવાનું ગમતુંય ખરું, એનાં આપેલાં રમકડાંથી મઝેથી રમ્યો પણ હતો. જેવી સમજ પડી કે આ તો પપ્પાની બહેનપણી- એની આપેલી વસ્તુઓ આંખમાં કણાની જેમ ખૂંચવા લાગી! – પણ આ નોટબુકનું શું કરવું? એ કોઈ સંસ્થામાંથી મફતના ભાવે લઈ આવતી. પાકા પૂંઠાની, સરસ લિસ્સા કાગળ, લખતાં પેન જાણે લસરતી હોય એમ લાગે. મમ્મી કહે, 'સારી છે. આ જ વાપર. નક્કામો ખોટો ખર્ચો કરવો?' આંખમાં ખૂંચતું એ કસ્તર ક્યારેય નીકળ્યું નહિ.

•

ડૉક્ટર આવ્યા એટલે પરેશે પાછું ઉપર જવું પડ્યું. એક ઇન્જેક્શન અને થોડી દવાઓ આપતાં કહ્યું, 'સાંજ સુધીમાં તાવ ઊતરી જશે.' સહેજ અટકીને પૂછ્યું, 'સવારે કંઈ ખાધું છે?'

સ્મિતાએ કહ્યું, 'કંઈ ખાધું હોય તેમ લાગતું નથી, કેમ કે રસોડામાં એકે એઠું વાસણ નથી.'

'આ તો મમ્મીએ કહ્યું એટલે ઉપર આવીને જોયું.' પરેશે પોતાના તરફથી ઉમેર્યું.

'તાવ ઊતરે એટલે ઢીલી ખીચડી ખવડાવજો.'

'ભલે.'

રાત્રે ખીચડી જમાડી સ્મિતા નીચે આવી રહી, પણ પરેશે ઉપર જવું પડ્યું.

મમ્મી કહે, 'આજે તું ઉપર જ રહેજે. વખત છે, કંઈ જરૂર પડે.'

આ એ જ રૂમ છે જ્યાં પપ્પા અને ઉપરવાળી કલાકો સુધી બેસીને વાતો કર્યા કરતાં. પરેશે હાજર રહેવાનું. શું કામ? 'બારમાની પરીક્ષા છે, સાથે રહેશે તો વધારે વાંચશે. આ જો' ઉપરવાળી તરફ નજર કરતાં કહે, 'એય ભણે છે, વાંચે છે ને, પીએચ.ડી. કરે છે એટલે. તારે તો કૅરિયર શરૂ કરવાની છે.'

પપ્પાને ક્યાં ખબર છે કે આમ તો વાંચવાનું ઓછું અને વિચારવાનું વધારે થશે? પરેશને આજે પણ એ દિવસો યાદ છે. રૉયલની બે ખુરશી અને વચ્ચે નાનું ટેબલ, જેના પર ગરમ ચા કે કૉફી ભરેલું થરમૉસ અને ક્યારેક નાસ્તો. આજે પણ કાનમાં એ સંવાદો પડઘાય છે. પપ્પાને કેટલું યાદ રહેતું!! રવીન્દ્રનાથનાં કાવ્યો તો બંગાળીમાં આખેઆખાં બોલી જતા. ઉમાશંકર કે સુંદરમ્‌નાં કાવ્યો કે રાજેન્દ્ર શાહનાં ગીતો - પપ્પા મમ્મી સાથે કેમ આવી રીતે વાતો નથી કરતા?

એક તો બરોબર યાદ છે. શહેરની પ્રસિદ્ધ નાટ્યસંસ્થામાં ભજવાયેલી નૃત્યનાટિકા એ બન્ને જોઈ આવ્યાં હતાં. હવે એ નાટિકાના વિષય ઉપર બેઉ જણાં ચર્ચા કરતાં હતાં. પપ્પા કહે,

'દમયંતી શાહે પોતાનાં કુટુંબીઓની હાજરીમાં આ નાટિકા નહોતી કરવી જોઈતી.'

'કેમ? નાટક તો નાટક છે.'

'હા, પણ એ એમના વ્યક્તિગત જીવન સાથે વણાયેલું છે.'

'બરોબર, પણ એ નાટકની વાર્તા પતિ-પત્ની વચ્ચે આવતી ત્રીજી વ્યક્તિની સર્વકાલીન કથા છે.'

'તમે જોયું નહિ; અનુજનો ચહેરો કેવો દુઃખી દુઃખી દેખાતો હતો?'

'- પણ પત્રકારોને કેવી સફાઈથી જવાબ આપ્યો?'

'એ જ તો અનુજની વિશેષતા છે. કહે, દમયંતીના કામમાં હું દખલ નથી કરતો એમ એ મારા કામમાં, એટલે આ નાટક ઍન્જૉયેબલ હતું એટલું જ હું કહી શકું. તમે એજ્યુકેશન પૉલિસીમાં સરકારે શા શા ફેરફારો કરવા એ વિશે વાત કરશો તો ચોક્કસ જવાબ આપીશ.'

'જોકે અનુજનાં માતાપિતા અકળાઈને નાટકને અધવચ્ચે મૂકીને જતાં રહ્યાં.'

'પોતાના ઘરની વહુ ઘરના ભવાડા આમ છડેચોક ઉઘાડા પાડે તે કોને ગમે?'

કેવી વિચિત્ર વાત? આ બન્ને નાટકની વાર્તાથી જુદું ક્યાં જીવે છે? અને છતાં એકદમ મોકળા મને એની ચર્ચા – શું ક્યારેય આ બેઉ પોતાને નાટકના પાત્ર તરીકે નહીં જોતાં હોય? ક્યારેય ત્રીજા પાત્રએ વેઠવી પડતી પીડા દેખાતી નહીં હોય?

પરેશના મનમાં અસંખ્ય વિચારો ઘમસાણ મચાવે છે, જેના જવાબ ન એની પાસે છે, ન એવું કોઈ છે જેની આગળ મન ખોલીને વાત કરી શકે. એક ચતુરકાકા હતા જેમને બધી વાત કરી શકાત પણ એય - એ દિવસોમાં જ ચતુરકાકા ઘરે આવ્યા. ઘરે શું આવ્યા? પપ્પા ઉપર છે એવી ખબર પડી એટલે સીધા ઉપર જતા રહ્યા. પરેશ જમવા બોલાવવા ગયો ત્યારે ત્રણે જમવા બેઠાં હતાં. પરેશથી બોલાઈ ગયું, 'કાકા તમે પણ?'

ઓઝપાઈને ચતુરકાકા જોઈ રહ્યા અને કોળિયો હાથમાં જ રહી ગયો. પપ્પાથી આ સહન ન થયું.

'તું જાય છે કે-'

'જઈશ જ ને! પણ મમ્મીને શું જવાબ આપું - એ શિખવાડશો?'

'પરેશ?'

'મરચાં લાગ્યાં? મને તો રોજ લાગે છે. મારી આંખે જ નહિ મનમાં પણ બળતરા થાય છે?'

'તું ચૂપ થા નહિ તો–'

'હજી વધારે શું કરશો?'

એ કંઈ આગળ બોલે એ પહેલાં એક તમાચો ગાલે પડ્યો! એક કે એકથી વધારે? પરેશને આજે પણ એ યાદ નથી.

ચતુરકાકા તો બારોબાર કોઈને મળ્યા વિના ગામભેગા થઈ ગયા. મમ્મીની બનાવેલી રસોઈ એમનેમ પડી રહી. પરેશને બરોબર યાદ છે. એ રાત્રે ત્રણમાંથી કોઈ જમ્યું ન હતું. દુઃખ એ વાતનું હતું કે હવે તો ઘરના સંબંધીઓએ પણ સ્વીકારી લીધું હતું. જોકે એના કરતાંય વધારે આકરું લાગ્યું તે આ ઘરની ઉપેક્ષા. આ જ ચતુરકાકા કૉલેજમાં ભણવા શહેરમાં આવ્યા ત્યારે મમ્મીએ ઘરમાં રાખ્યા હતા. એમ ન કરત તો એ હૉસ્ટેલમાં રહી રખડી ખાત એવાં તો એમનાં પરાક્રમો હતાં. પરેશનું મગજ ફાટ ફાટ થાય છે. નાની અનિતાને હજી એટલી સમજ નથી પણ કંઈક ખોટું બન્યું છે એની સભાનતા છે. અકળાઈને પરેશે માથું ભીંતમાં અફાળ્યું. એને રોકતાં મમ્મીએ માથે હાથ ફેરવી કહ્યું, 'માથાં ફોડવાથી હકીકત બદલાઈ જશે?'

'તો શું કરું? મારાથી સહન નથી થતું. ભણવામાં પણ મન ચોંટતું નથી.'

'છ મહિના સહન કરી લે.'

'પછી?'

'પાસ થઈને કૉલેજમાં જાય તો હૉસ્ટેલમાં જતો રહેજે. દેખવુંય નહિ ને દાઝવુંય નહિ.'

'તને એકલી મૂકીને?'

'ના. એકલી ક્યાં છું? અનીતા છે ને!'

બરોબર એમ જ થયું. પપ્પાની નામરજી સાથે અમદાવાદ બહારની કૉલેજમાં એડમિશન મેળવ્યું. હૉસ્ટેલમાં રહેવા જતો રહ્યો. – અને મમ્મી અનીતાને લઈને ગામડે.

- પણ માએ એમ શું કામ કર્યું હતું એનો ફોડ આજ સુધી ક્યારેય પાડ્યો નથી.

'એ અમારાં બે વચ્ચેની વાત. તમારે છોકરાંઓએ જાણવાની જરૂર નથી.' ભલે નિર્મલાબહેને છોકરાંઓને કહ્યું નથી પણ એમનું મન જાણતું હતું કે અંતરંગ પળોમાં પણ એમના મોંએ એનું નામ- એ સમયે પણ એમની સાથે હું નથી! તો પછી-?

પાંચ વર્ષ. પૂરાં પાંચ વર્ષ. ન કોઈની ઓશિયાળી લીધી, ન કોઈને ઓશિયાળાં થવા દીધાં! ના પિયરમાં કોઈને માથે પડી, ના સાસરે દયાની ભીખ માંગી. નિર્મળાબહેને દાગીના વેચ્યા, ગામડે બે ડોબાં રાખી ઘર ચલાવ્યું; છોકરાં ભણાવ્યાં. નાત આખીમાં

થૂ થૂ થઈ ગયું. દીકરાને સરકારી નોકરી મળી ત્યારે નિર્મલાબહેનને થયું. 'જીવતર તો આ ચાલ્યું. હમણાં એનો છેડો આવ્યો જાણો.'

જોકે બધું ક્યાં ધારીએ એમ થાય છે? પરેશને બરોબર ગોઠવાયેલો જોઈ છોકરીઓવાળા સંબંધ કરવા આતુર. પણ એમ સીધી નિર્મલાબહેનને વાત કોણ કરે? છેવટે ચતુરકાકા જ વચ્ચે પડ્યા.

'ભાભી, છોકરાને પરણાવવો કે નહિ?'

'બાપના દીકરા છે. શોધી કાઢશે પોતાની મેળે.'

'પણ ભાભી, તમે જુઓ તો ખરાં, કોના ઘરનું માગું આવ્યું છે? મોટા ભઈની પણ હા છે.'

'પહેલાં પરેશને પૂછો. એની મરજી વિના નક્કી કરનાર આપણે કોણ? અને હા, એમની હા છે તો એમને પણ અહીં હાજર કરો.'

સ્મિતાને જોઈ પરેશે હા પાડી એટલે ચતુરકાકા કહે, 'મોટા ભઈની ઇચ્છા છે કે લગન એમના ઘરે લેવાય.'

પપ્પાએ ભીના અવાજે કહ્યું, 'પહેલો પ્રસંગ ઘર-આંગણે જ શોભે ને? તારા-આપણા ઘરે..'

એમની ભીની આંખ અને અવાજે મમ્મી પીગળી જશે એવું લાગતાં પરેશે તરત કહ્યું, 'ભલે લગન તમારે ત્યાંથી થશે. પણ એ પહેલાં મારી કેટલીક શરતો છે. એ મંજૂર હોય તો-'

-અને પછી પરેશે શરતો મૂકી. 'અમારા ઘરના પ્રસંગમાં એની હાજરી ન જોઈએ. બીજી શરત એ કે હું-પરેશ એમનો દીકરો ખરો એટલે મારા પર હક્ક-દાવો કરી શકો અને ઉપરવાળીનું કામ ચીંધો. પણ મારી પત્ની અને મારાં બાળકો એનાં કામ નહિ કરે. એ કબૂલ હોય તો જ-'

- અને એમ ધીમે ધીમે બધું ગોઠવાયું. હા, એ ગોઠવણ જ રહી. વ્યવહારુ સમાધાન. બાકી મનથી જે અંતર ઊભું થયું તે પુરાયું નહિ.

•

'ભઈ, જરા પાણી આપીશ?' ક્ષીણ અવાજ સંભળાયો. પરેશની તંદ્રા તૂટી. પરેશે વિચાર્યું, સવાર પડી ગઈ લાગે છે. રાત આખી ક્યાં વીતી ગઈ એ ખબર ના પડી. એણે ઊભા થઈ પાણી આપ્યું.

'તને રાત આખી ઉજાગરો થયો, ખરું ને! હવે ઘરે જઈને આરામ કર. મને હવે સારું લાગે છે.

'તમે બ્રશ કરી લો. નીચે જઈ ચા લઈ આવું.' કહેતો પરેશ ત્યાંથી નીકળ્યો.

'મમ્મી, બધું સાચું. પણ તમે શું બધું ભૂલી ગયાં?' પરેશે ઉપરવાળી માટે ચા બનાવતી મમ્મીને પૂછ્યું, 'તમારે આ વાતનો જવાબ તો આપવો જ પડશે.'

નિર્મલાબહેન સહેજ હસ્યાં, 'કશું ભૂલી શકાતું હોય તો કેવું સારું! એ યાદ રાખીને જિવાતું પણ નથી ને! અને હવે તારા પપ્પા તો છે નહીં'

'એ જ તો. પહેલાં પપ્પાના કહેવાથી, એમની પપ્પાગીરીથી કરવું પડતું. હવે શું કામ? કોઈ આપણને કહેવા નથી આવવાનું.'

'કોઈ ત્યારે નહોતું આવ્યું અને આજે નથી આવવાનું. પણ દીકરા વિચાર કર. મારી પાસે તો તું છે. સ્મિતા છે અને તારા બે દીકરા પણ છે. અનીતા પણ એના ઘરે સુખી છે અને સૌ અહીંયાં અવારનવાર આવે-જાય. તારા પપ્પા વિના પણ ઘર ખાલી નથી લાગતું. પરંતુ એની પાસે તો કબાટ ભરીને ચોપડા અને તારા પપ્પા સિવાય બીજું કોણ હતું? જેમ તારા પપ્પા છોડીને જતા રહ્યા એમ કોઈને નોંધારાં મૂકી દેવાય ખરાં?'

પરેશને તરત ઉપરવાળીનો ચહેરો યાદ આવ્યો. મૂરઝાઈ ગયેલો! સાદાં સફેદ કપડાં, કપાળે બિંદી પણ નહિ, હોઠ પર કાયમ રહેતું હળવું સ્મિત પણ ગાયબ. આજ સુધી જે ખાલી જોયું હતું એ મમ્મીના શબ્દોથી નોંધાયું. અમે તો પપ્પાનો શોક ભાંગ્યો, ઉપરવાળીનો શોક કોણ ભાંગશે?

■

**લગાગા**

તમે પણ ને હું પણ ને તે પણ લગાગા
છીએ એક સગપણનું કારણ લગાગા

હું મારી જ કાયામાં ખૂંતી ગયો છું
મને કાઢશે બ્હાર કઈ ક્ષણ લગાગા

આ અંદર અને બ્હાર વરસાદ વરસે
હતું કોરા રહેવાનું વળગણ લગાગા

દીવાલોનો તરજૂમો ફૂલોમાં કરીએ
તો ભાષા જ થઈ એક અડચણ લગાગા

મને હું અરીસામાં ચાંદો બતાવું
મને સાંભરે જ્યારે બચપણ લગાગા

ત્વચાની સપાટીએ જિવાતું જીવતર
કહે લોક તેને જ ઘડપણ લગાગા

– રમેશ પારેખ, 'મન પાંચમના મેળામાં ભાગ-૨'

## નિબંધ

# નર્મદાને કાંઠે મુક્તિનો શ્વાસ

રાકેશ પટેલ

અંધારું ઓઢી સૂતેલી નર્મદાને જગાડતાં પંખીઓ આકાશમાંથી ફૂટી નીકળ્યાં છે. તેમની પાંખોમાંથી સૂરજનું અજવાળું ઢોળાઈ રહ્યું છે. દૂર ક્ષિતિજો પાછળથી ઊડતું કોઈ પંખી આવ્યું અને એની ચાંચમાં સૂરજને પકડી હળવેકથી આકાશના કપાળે મઢી દે છે. સૂરજનાં કંકુપગલાંથી આકાશ ઝગમગી ઊઠે છે. સૂરજ નર્મદાના કાંઠે રમવા ઊતરી આવ્યો હોય એમ નર્મદા કંકુવરણી બની ખળખળ વહી રહી છે. આસપાસનાં મંદિરોમાં પોઢેલા શંખનો સાદ……સંધ્યાકાળ પછી આથમી ગયેલી, મંદિરો બહાર લટકતી ઘંટડીઓનો રણકાર અને ઘીમાં ઠરી ગયેલી દીવેટો, ધૂપ, કપૂરની સુગંધ આખા વાતાવરણને દિવ્ય અનુભૂતિથી ભરી દે છે. મણિનાગેશ્વર મંદિરમાં ઊઠતો શંખનાદ ઝીલી ઊંચાં ઊંચાં વૃક્ષો ઉપર બેઠેલાં પંખીઓ ડોલી રહ્યાં છે.

વહેલી સવારે ખળખળ વહેતી નર્મદા શાંત અને સૌમ્ય જણાઈ રહી છે. સૂરજના મેઘધનુષી રંગો ઓઢી નર્મદાના ચહેરા પર સ્મિત છલકાઈ રહ્યું છે. ક્યાંય કોઈ તોફાન નહીં, મસ્તી નહીં.......ને એક પછી એક રંગો નર્મદાના ચહેરા પર ઊઘડતા જાય છે. ધીરે ધીરે પૂર્વના આકાશમાં જગ્યા બનાવતો સૂર્ય નર્મદાના ખોળામાં રમવા ઊતરી આવ્યો હોય એમ આખું આકાશ નર્મદા ઓઢી વહી રહી છે. એક ક્ષણ તો જાણે એમ લાગ્યું કે સૂર્ય નર્મદાના પેટાળમાથી જ પ્રગટ્યો છે કે શું? નર્મદાકાંઠે હંમેશાં મને સૂરજ નવા જ રૂપરંગે જોવા મળ્યો છે. એક સૂરજ આકાશમાં...બીજો મા નર્મદાના અસ્ખલિત વહેતાં જળમાં વહેતો સૂરજ!

ગઈકાલે વરસાદ વરસ્યો હતો. એ વરસાદમાં ભીની થયેલી ચૈત્ર સુદ સાતમ કોરી થવા નર્મદાને કાંઠે આવી બેઠી છે. પણ આઠમના સૂર્યનો એટલો તાપ નથી. નર્મદાનાં પગલાં પણ ઝાકળભીનાં છે! ને કાંઠે શીતળતા છે. પવન પડી ગયો જરૂર છે, પણ બફારો નથી અનુભવાતો. તો બીજી તરફ કૂઊ....કૂઊ...કરતો હોલો, ચીં... ચીં....કરતી ચકલીઓ ને કાગડાઓનું કાઉ....કાઉ....નર્મદાના કાંઠાને ભરી દે છે. તો કેટલાંક પંખીઓ પોતાના વારાની રાહ જોતાં વૃક્ષો પાછળથી ડોકિયાં કરી રહ્યાં છે. વૃક્ષો ડાળે ડાળે, પાંદે પાંદે પંખીઓના ટહુકા પહેરીને મા નર્મદાને બંને કાંઠે નતમસ્તકે ઊભાં છે. પહાડો, ડુંગરાઓ, વનો, ખીણોમાંથી વહેતી નર્મદાએ અહીં સુંદર વળાંક લીધો છે. તેના આ સૌન્દર્યને દૂર દૂર સુધી જાણે જોયા કરીએ......આંખો ભરી પીધા

કરીએ......! દૂર ક્ષિતિજોમાથી નર્મદા પ્રકટી હોય અને હરિયાળાં વૃક્ષો, ખેતરોમાંથી પસાર થઈ કોરલ ગામે, સંત પુનિતના પાવન આંગણાની શોભા વધારી રહી છે.

ત્યારે હું આ મણિનાગેશ્વરના ચરણો પાસેથી અસ્ખલિત વહેતી નર્મદાને કાંઠે આવી બેઠો છું. તપસ્વીઓ, મુનિઓ, સાધુ-સંતોના તપોબળની અહીં શક્તિ છે. એ કારણે જ અહીંનો પરિવેશ કોઈ સ્વર્ગથી ઓછો નથી જ. શ્વાસોની ગતિ અને મનની સ્થિતિને સ્થિરતા મળે છે. તો ચેતન અને ચેતના જીવંત થઈ ઊઠે છે, ધબકી ઊઠે છે. જાણે કોઈ દિવ્ય રથ પર સવાર હોઈએ અને આ પાર્થિવ શરીર ગુરુત્વાકર્ષણ ગુમાવી દે......જાણે કોઈ તેજપુંજના સાક્ષી બનતા હોઈએ! પછી મૂર્ત તરફથી અમૂર્ત તરફની ગતિ......કોઈ પણ પ્રકારના આયાસો-પ્રયાસો વિના ભીતરમાં દીપ પ્રગટી ઊઠે છે. એનાં અજવાળાં પહેરી આ શ્વાસો મણિનાગેશ્વર મંદિરના શિખર પર પંખીની જેમ ટહુકી ઊઠે છે.

શહેરની વ્યર્થ દોડધામ અને ભીંસાતા રહેતા શ્વાસોની મુક્તિ માટે હું મા નર્મદાના ચરણોમાં દોડી આવ્યો છું. વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં આવેલ મોટી કોરલ ગામે રોકાયો છું. નારેશ્વર યાત્રાધામથી મોટી કોરલ માત્ર પાંચેક કિ.મી દૂર આવેલું છે. આ ગામમાં સંત પુનિત મહારાજનો દિવ્ય આશ્રમ છે. તો આશ્રમની બિલકુલ સામેના ભાગે મણિનાગેશ્વર મંદિર નર્મદાના કાંઠે ઊભું છે. તો ગામથી થોડે દૂર આવેલું છે પંચકુબેરેશ્વર મહાદેવનું અતિ પ્રાચીન મંદિર! નાનાંમોટાં મંદિરો, આશ્રમો અને એને કાંઠે વસતા લોકોને સંજીવની આપતી મા નર્મદાને પામી હું આજે ધન્ય થયો છું. અહીં કાંઠાઓ પર વેદો, પુરાણો અને કેટલાંય શાસ્ત્રો લખાયાં છે, વંચાયાં છે! એ શબ્દોને મારી ભીતર ભરવા, એ શબ્દોની ભીતરનાં રહસ્યોને પામવા આ યાત્રા મેં આરંભી છે. એક રીતે તો આ દેશની પ્રત્યેક પવિત્ર નદીઓ કોઈક ને કોઈક વેદ છે! પુરાણોમાં ગંગાને ઋગ્વેદ, યમુનાને યજુર્વેદ, સરસ્વતીને અથર્વવેદ તો નર્મદાને સામવેદ કહ્યાં છે!

હું મને પામવા ઉત્સુક બન્યો છું! “હું”ને ખોયા વિના આ યાત્રા અધૂરી છે! તેથી મોટી કોરલ ગામે વહેતી નર્મદાના કાંઠાઓ પર ચાલું છું, અજાણ્યા લોકોને મળું છું. તેની સાથે ભળું છું. મોટી કોરલ કુંતામાતાની તપોભૂમિ છે. કહેવાય છે કે દ્વાપર યુગમાં માતા કુંતાએ અહીંની ભૂમિને તેમના તપોબળથી પાવન કરી હતી. તેમના નામ પરથી મોટી કોરલ અગાઉ કુંતલપુર, કોરિલાપુરથી પણ ઓળખાતું હતું. જ્યારે પુરાણોમાં “ગુપ્ત કાશી” તરીકે પણ કોરલની ઓળખ છે! મોક્ષદાયિની ભૂમિ તરીકે પુરાણોમાં અયોધ્યા, દ્વારકા, કાશીનું જેટલું મહત્ત્વ છે એટલું જ મહત્ત્વ કોરલની ભૂમિનું માનવામાં આવે છે.

માતા કુંતાની જેમ સંત પુનિતની પણ તપોભૂમિનું સાક્ષી કોરલ જ રહ્યું છે. કહેવાય છે કે પુનિત મહારાજે પંચકુબેરેશ્વર મહાદેવ અને શ્રી રણછોડરાયજી બંનેને એકસાથે બિરાજમાન જોઈ પોતાના તપનું સ્થાન મોટી કોરલમાં બનાવ્યું. સતત ત્રણ વર્ષ સુધી ચોવીસ લાખ ગાયત્રી મંત્રોના જાપ કર્યા. આજે પણ મોટી કોરલમાં નર્મદાના કાંઠે, બંધ આંખો કરી બેસીએ એટલે સમાધિમાં સરી પડીએ છીએ. વૃક્ષોની

બખોલોમાંથી પસાર થતો પવન, મંદિરોના શિખર ઉપર ફરફરતી ધજા, પંખીઓના ટહુકા કાન માંડી સાંભળીએ એટલે ગાયત્રી મંત્રના ધ્વનિઓના પડઘા આજે પણ સાંભળી શકાય છે!

ધીરે નર્મદાના પ્રવાહમાં સમય ઓગળી રહ્યો છે. બપોર તપી રહી છે. રેતીમાંથી ઊઠતી ગરમ લૂ દઝાડી રહી છે. નદીનો કાંઠો ખાલી થઈ ગયો છે. એકલ-દોકલ નાવિક નાવડીમાં દેખાય છે. એ નાવિક મને ખીચોખીચ વૃક્ષોથી આચ્છાદિત મણિનાગેશ્વર મંદિર પાસેના રસ્તે છોડી ચાલ્યો જાય છે. ઊંચી ટેકરી ઉપર મંદિર છે. પગથિયાં ચઢી ઉપર જવાનું છે. વૃક્ષોને કારણે અહીંયાં છાંયડો છે. અને છાંયડો ઓઢી કિનારે મગર સૂતા પડ્યા છે. એની ખરબચડી અને કાળી જાડી ચામડી સ્પષ્ટ દેખાય છે. આંખો ખોલી મને ટગર ટગર જોઈ રહે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી નર્મદાના કાંઠે મગરે તેનો અડ્ડો જમાવ્યો છે.

વૃક્ષો ફૂલોથી લચી પડ્યાં છે. ફૂલોનાં રંગોને પીતો હું એક એક પગથિયું ચઢી રહ્યો છું. પંખીઓ છાયડો ઓઢી વૃક્ષોની ડાળીએ ટિંગાયાં છે. ડાળીઓ ટહુકી ઊઠી છે. ટેકરી પરના જંગલની ભીતર ભરાયેલો પવન ભૂલો પડ્યો હોય એમ બહાર નીકળવા સુસવાટા મારી રહ્યો છે. પવન જાણે રઘવાયો થયો હોય એમ વૃક્ષો સાથે અથડાઈ રહ્યો છે. હું વડલા નીચે પગ લંબાવી બેસું છું. પણ સતત ચાલતા રહેવાને કારણે શરીરમાં થોડો થાક વર્તાય છે. વડ નીચે જ ઝોકું આવી જાય છે અને ઊઠીને જોઉં છું તો બે ત્રણ કલાક ઊંઘમાં ખેંચી નાખ્યા.

'નર્મદે હર....નર્મદે હર....' ના નાદ સાથે યાત્રીઓનાં ટોળાં દેખાવાં શરૂ થયાં છે. નર્મદાએ સૌને આવકારી રહી છે. એની પ્રસન્નતા એના વહી રહેલા નીરમાં જોઈ શકાય છે. કોઈ નાના બાળકની જેમ ઊછળતી કૂદતી યાત્રીઓને આવકારી રહી છે.

■

**વૃક્ષસંવનન**

**નેત્રથી સજ્જડ હું આલિંગન કરું,**
**ઝાડને હું શ્વાસપૂર્વક ભોગવું.**

**ઝાડ ઉપર મારી ત્રાટકતી ઝડી,**
**પાન પરથી હું મુશળધારે દડું.**

**ઝાડના ફણગાઓ ફૂટે છે મને,**
**અસ્થિમાં જંગલ પ્રસરતું સાંભળું.**

**હું શરીરની બહાર ધસમસતો વહું,**
**મૂળ સુધી ઝાડને જઈને મળું.**

**ઝાડ તો મારો જ બીજો જન્મ છે,**
**બેઉ જન્મોમાં સમાંતર હું શ્વસું!**

– **રમેશ પારેખ**, 'મન પાંચમના મેળામાં ભાગ-૨'

# ગામગાથા

દિલીપ જોગલ

અમારું જૂનું ઘર પાદરમાં જ હતું. '૯૫ આસપાસ બાપાએ ગામનું મકાન છોડી કાયમ માટે વાડીની વાટ પકડી લીધેલ. મારો જન્મ એ પછી. બાળપણ ખેતરમાં જ વીત્યું એટલે ગામની ભૂમિતિનો બહુ પરિચય નહીં. અઠવાડિયે એકાદ વાર દાદા ખભે બેસાડીને ગામમાં લઈ જતા. ગતાગમ નહીં ત્યારે કશાયની બસ રખડ્યાનો આનંદ રહેતો. ખભે બેઠા બકબક કરવા મળતી ને નવતર વાતો સાંભળવા મળતી. કિંતુ, સમજણે કોઠે પગરણ માંડ્યાં ત્યાં સુધીમાં તો ગામને આધુનિકતાના અભરખા વળગી ગયા હતા. ટાણાં-કટાણાંની પારખુ, જમાનાની ખાધેલ એક પેઢી ત્યારે હયાત પણ અસ્તાયમાન હતી. અત્યુક્તિ લાગે એવું જીવી ગઈ એ પેઢી!

ઝાંપામાં દાખલ થતાં જ મુખ્ય શેરીમાં ડાબે નિશાળ હતી. નિશાળની બાજુમાં પંચાયતની એક ખંડેર ઓરડી. એ ખંડેર ઓરડીમાં સુરાજી પુંજાજી રાઠોડ કરીને એક દરબાર રહેતા. બેઠી દડીનું સુકલકડી શરીર પણ માટિયાઈ પૂરતી. તત્કાળે ગામમાં મૂળુ કાના વસરા પાસે સાંઢિયો હતો. શિયાળામાં એ ફાટ્યો. વાડીએ જતાં મૂળુભાઈને જ પીઠ પરથી પછાડી માથે બેસી ગયેલો. નીચે પડ્યા પડ્યા મૂળુભાઈએ આંગડીની કસમાં બાંધેલ ચપ્પુથી વળતા પ્રહારો કર્યા પણ પંડમાં ઠીક ઠીક એવી જફા થયેલી એટલે એમની કારી ફાવતી નહોતી. બુમરાણ થઈ, આડોશીપાડોશી ભેગા થયા પણ સાંઢિયાને તગેડવાની હિંમત કોઈ કરતું નહોતું. ત્યારે “હવે હું છું ને સાંઢિયો છે” એમ કહેતાં એક પરોણા થકી સુરાજીએ એને કાબૂ કરેલો. પોતે તારુ પણ એવા જ હતા. વાત તો એવી વહે છે કે, સમાજથી વિમુખ જઈ લગ્ન કરેલા એટલે પોતાનું ગામ છોડવું પડેલ ને મેવાસામાં કોઈ જોડે ભાઈબંધી તે વીસમી સદીના ઉત્તરાર્ધમાં અમારા ગામમાં કાયમી વસવાટ કરેલો. પોતે પતિ-પત્ની બે જ માણસ, છોકરાંછૈયાં એકેય નહીં. ભાઈભાંડુ હશે કે એની કંઈ ખબર નથી. કર હાલ્યા ત્યાં સુધી ખેળીખાધું. પંચાયતની જે ખંડેર ઓરડીમાં રહેતા ત્યાં જ પટાવાળા તરીકે નોકરી પણ કરેલી. સમય જતાં પત્ની મૃત્યુ પામી ને ઉપરથી પાછી જરા આંબી ગઈ. છેલ્લે માનસિક સ્થિરતા પણ થોડીક ડગી ગયેલી. રોટલા ઘડનારું તો કોઈ રહ્યું નહોતું. ખાવાપીવાનું કંઈ ઠામ-ઠેકાણું હતું નહીં. ગામમાં જ્યાં મન કરે એને ઘેર કહી આવતા, ‘આજ

તમારા ઘરે બપોરા કરીશ;' 'આજ તમારા ઘરે વાળુ કરીશ.' અમારા ઘરે પણ ઘણી વખત આવતા. ગામે ક્યારેય ભૂખ્યા રાખ્યા નહોતા. કેટલો સમય આ ક્રમ ચાલ્યો એ તો રામ જાણે, પણ કહે છે એમણે દેહ છોડ્યો ત્યારે ગામલોકો જે ખાટલે એમનો જીવ ગયો એ ખાટલા સાથે જ સ્મશાન લઈ ગયેલા ને અંતિમક્રિયા કરેલી.

નિશાળની પૂર્વે વીઘાએક જેટલો પટ પડેલો. તેમાં ઊંચા પડથાર પર ગરબી ચોક હતો. ત્યાં મુખ્ય શેરીમાં જ હનુમાનની દેરી ને દેરીથી આગળ રહેણાકનાં મકાનો. એમાં એક ઘર મોહન કારા ગોહેલનું. જ્ઞાતિએ વાળંદ. ગામમાં આધેડ વય સુધીના તમામ એમને "મોહનડાડા" કહીને જ સંબોધતા. મારા દાદા પણ એમને મોહનકાકા કહેતા. મધ્યમ કાઠું, રંગે શ્યામ, માથે ટાલ, ગાંધીટોપી પહેરતા ને ટૂંકે ડગલે ઉતાવળી ચાલ ચાલતા. મેં જોયા ત્યારથી સફેદ બુશર્ટ-ચોઇ(ર)ણી પહેરતા જોયેલા. એમની સાઇકલ તો પવનવેગી કહેવાતી. ગામ આખું એ વાત બહુ હોંશથી કરતું; કે કાલાવડ રેલવેફાટકથી સરકારી બસ અને એમની સાઇકલ બેય જોડે ઊપડે પણ બીલેશ્વરનાં બસસ્ટેશને સાઇકલ પહેલી પહોંચતી. નરીયું નકોર હતી ત્યાં સુધી ગામના એકેય છકડે ક્યારેય એમની સાઇકલની સાઇડ કાપી નહોતી.

મોહનદાદા સહિત તેઓ ત્રણ ભાઈ. એમાં એક મગન કારા. તેમને બે દીકરા. એક યુવાનીમાં સાધુ થઈ ગયો ને એક જન્મથી જ સુરદાસ. આ સુરદાસનું નામ ગોવિંદ. પણ ગામ આખું સમ્રાટ નામથી ઓળખે. સુરદાસ છતાં ગામનાં લગભગ ઘરથી એ પરિચિત. કહો એનું ઘર શોધી બતાવે. રસ્તે મળતા ગ્રામજનોને રામ-રામ કે સીતારામના નાદ પરથી ઓળખી લ્યે. સમ્રાટના કાકા બાબુદાદા ગામમાં રામરોટીની કાવડ ફેરવતા. સમ્રાટે એનો વારસો જાળવ્યો. બાબુદાદા ગયા ત્યારથી એ ગામમાં રામરોટીની કાવડ ફેરવે છે. આખા ગામમાંથી રામરોટી એકઠી કરી ગામના રેઢિયાળ માલઢોર, કૂતરાં-બિલાડાંને ખવડાવી દે. ભજન, કીર્તન, ગરબા-ગરબી બહુ સરવા સાદે ગાય. નોરતાંમાં એના સૂરના તાલે ઘણું રમ્યા છીએ. ગળતી રાતે શિવમંદિરે ભજનોમાં એણે સૂર પુરાવ્યા છે. અવસર આવ્યે એ સૂર આજ પણ સાંભળવા મળે છે.

આ વાળંદ પરિવારની બાજુમાં બાવાજીનું ઘર. તેઓ સ્વમુખે કહે છે કે, પોતે કરંગિયા શાખના આહીરમાંથી વટલાઈને બાવાજી થયેલા. એ પરિવારમાં એક પૂરણદાસ દુધરેજીયા કરીને થઈ ગયા. વ્યવસાયે શિક્ષક હતા. શરૂઆતમાં ખાખીજાળિયા ગામે થોડો સમય રહ્યા, પછી બદલી થઈ ને મેવાસામાં આવી ગયા. કલાકૌશલ્ય એમની આંગળીઓમાં, અદ્‌ભુત ચિત્રો બનાવતા ને ત્રાટક વિદ્યાના પણ જાણકાર. એમનાં બનાવેલ થોડાં ચિત્રો એમના પરિવારે જાળવ્યાં છે. આધેડ અવસ્થાએ તેઓ માનસિક સ્થિરતા ગુમાવી બેઠેલા. આ ઘટના બાદ કાયમ માટે ભાણવડ જતા રહ્યા ને છેલ્લાં પચ્ચીસેક વર્ષ એક જ ઓરડામાં કાઢ્યાં. ક્યાંય પણ આવવું-જવું સદંતર બંધ. મૃત્યુ પહેલાંનાં દસેક વર્ષ તો તેમણે સ્નાન પણ નહોતું કર્યું. સંવત ૨૦૭૭ની શરદ પૂનમે તેઓ દેવલોક પામ્યા. પૂરણદાસનાં મા કુંવરબા અંતકાળે સવા ત્રણેક મહિના

પથારીવશ, અન્ન વિના માત્ર જળ ઉપર હતાં. એ સવા ત્રણેક મહિના રાત-દિવસ સતત ‘રામ’નામનું રટણ કર્યું ને ૧૦૫ વર્ષનું દીર્ઘાયુ ભોગવી વિદાય થયાં.

બાવાજીના ઘરની સામે વહેલા વખતમાં બાવાશેઠની આડ હતી. (તત્કાળે ધુંબડ કપાસની ખેતી થતી. તેની વીણી કરી, સૂકવી અને પછી કાલાં ફોલવામાં આવતાં.) આડમાં એક વખત આગ લાગેલી ને બેક સ્ત્રીઓ બળી મરેલી. આ ઘટના બાદ ઘણાંએ ત્યાં એ ઘટનાનું પુનરાવર્તન ભાળ્યું હોવાની વાતો વહેવા લાગી. પછી તો બાવાશેઠે આડ વેચી દીધી ને એ જગ્યાએ રહેણાક ઊભાં થઈ ગયાં. ગામમાં વાણિયાનું એક ઘર ને એ આ બાવાશેઠનું. તેમનાં સંતાનોમાં એક બટુકભાઈનો પરિવાર હાલ મેવાસામાં રહે છે. જ્ઞાતિએ વાણિયા પણ ગામ એમને બટુક મહેતા તરીકે ઓળખતું. ગામના સારા-માઠા પ્રસંગે એમની સાઇકલને પોરો નહીં. ગામમાં મરણ થયું હોય તો બટુક મહેતા કોઈ કહેશે એની વાટે ન રહેતા. અંતિમવિધિની બધી સામગ્રી લાવી આણતા. દવાદારૂનાં કામે દોડધામમાં પણ એ હંમેશાં ખડેપગે રહેતા. અડધી રાતે એમની સાઇકલ ભાણવડના ફેરા ખાતી. એકસાથે વધુ દોડધામ થતી ત્યારે; “હવે બટુક મરે તો થાય!” શબ્દો એમની જીભના ટેરવે રહેતા. બટુક મહેતા તો ગયા પણ એમના એ શબ્દો લોકોક્તિ રૂપે ગામમાં આજ પણ બોલાય છે.

આડ હતી ત્યાં જે તે વખતે યાત્રાળુ સાધુઓની જમાત ઊતરતી. એની સરભરા બાવાજી કુટુંબની રહેતી. એનું ભોજન, ભજન બધું ત્યાં જ થતું. રહેણાક બન્યાં ત્યારે ત્યાં બે’ક સમાધિઓ પણ પ્રકાશમાં આવેલી. ’૮૦થી ’૯૦ના દશકમાં ત્યાં અરવિંદભાઈ રાવલ અને ઇન્દુબહેન રાવલ શિક્ષક દંપતી રહેતાં. ઇન્દુબહેન મેવાસાની શાળામાં શિક્ષક ને અરવિંદભાઈની નિમણૂક બાજુના ગામે. ઇન્દુબહેન અમારા ગામનાં પ્રથમ મહિલાશિક્ષક. અમારા ગામમાં સૌપ્રથમ સ્ત્રીશિક્ષણ એમણે શરૂ કરાવેલું. સાંજે પોતાના નિવાસ પર ગામની દીકરીઓને કેળવણી આપતાં. અમારા ઘર સાથે એમને પરિવાર જેવો નાતો. મારા કાકા અને એમનાં સંતાનો સાથે રમીને મોટાં થયેલાં. ’૯૦ આસપાસ બદલી થતાં એમણે ગામ છોડ્યું. પણ ઋણાનુબંધ જુઓ કે આ વાતને ત્રીસેક વર્ષ વીતી ગયાં પછી મને અમદાવાદમાં ઇન્દુબહેનના દીકરા વિશાલભાઈનો ભેટો થઈ ગયો. પછી તો સમય લઈને એક દિવસ ઇન્દુબહેનને મળવા એમને ઘરે પણ જઈ આવ્યો. સંતોષપ્રદ નિવૃત્ત જીવન ગાળે છે. એમની વાતોમાં મને ત્રણ દશક પહેલાંનું મારું ઘર, શેરીઓ ને ગામ નજરે પડતું હતું.

ઝાંપામાં દાખલ થતાં જમણે લુહારની કોઢ હતી. એનાથી જરા આગળ કુંભારવાડો હતો. વચ્ચે બે’ક રહેણાક ને એથી આગળ ગામનો ચોરો (ઠાકરમંદિર). ચોરે જામસાહેબનો ઉતારો રહેતો. રાવ-ફરિયાદ-અરજ-આરજૂ વગેરેનો ઇન્સાફ ત્યાં થતો. ત્યાં થોડે આગળ દંડનખડકી પણ હતી. ચોરેથી ડાબે વળતાં આગળ મેહા આલા ભાદરકાનું ખોરડું હતું. ખમતીધર ખોરડું એમનું. એમના દાદાએ મેવાસા ગામની રેખા તાણેલી. એમની પેઢીમાં એક જીવાભાઈ કરીને થયા. ખેડુ કોસ ખેંચતા ત્યારે એમની પાસે રેંટ હતો. જીવાભાઈ રેંટવાળા તરીકે જ એ ઓળખાતા. લોકમુખે

વાતો વહે છે કે, રાયદે બહારવટિયો મેવાસા લૂંટવા આવ્યો ત્યારે જીવાભાઈના ઘરેથી ગાડાંમોઢે દરદાગીના લઈ ગયેલ. રાયદે ભેગું જ અમારા ગામના ટીડાબાપા કરંગિયા પણ બહારવટું ખેડતા.

ઝાંપામાં લુહારની કોઢ પાછળ જૂનો વણકરવાસ હતો. તેમાં સુરા ભીખા મકવાણા, કાના ભીખા મકવાણા, નાજા નારણ ચાવડા, ઉગા નારણ ચાવડા, મુંજા જેઠા ચાવડા ને અન્ય વણકર પરિવારો વણાટકામ કરતા. નદીકાંઠે કાચા સૂતરને પાણ ચડાવી, તાણા-વાણા ગોઠવી તેમાંથી પૂંઠિયાં, પાણકોરું, પછેડી, ધાબળી, ખેસડા વગેરે વણતા. ધીકતો ધંધો હતો એમનો. આમ પણ આ મલકનું પાણકોરું વખણાતું. એક કાળે ભાણવડના સુતરાવ ચોફાળ જગપ્રસિદ્ધ હતા. નદીકાંઠે જ્યાં સૂતરમાં પાણ ચડાવવામાં આવતું ત્યાં નજીકમાં જ બાધવાડી હતી. મોટેરાં વૃક્ષોનો સમૂહ ત્યાં. ગામમાં જાન પરણવા આવે ત્યારે જાનનાં ગાડાં બાધવાડીમાં છૂટતાં. જાનૈયાઓને ના'વું-ધોવું, દાતણપાણી, શિરામણી વગેરેની સગવડ ત્યાં રહેતી. એની પણ એક જુદી જ પરંપરા હતી.

એક કાળે ગામ આખું નદીને ઉગમણે કાંઠે વસેલું. નદીને સામે પાર રહેણાક એકેય નહીં, માત્ર શિવમંદિર. મેવાસા વસ્યું એ પહેલાં એક ગામ એ તરફ હતું એમ કહેવાય છે. પછી એ વસ્તી મેવાસામાં આવી વસેલી ને એ ટીંબો ઉજ્જડ થઈ પડ્યો. શિવમંદિર વિશે એવી જનશ્રુતિ વહે છે કે, એક ટંક દૂધની છાશમાંથી ઊતરેલ માખણને બજારમાં વેચતાં જે રકમ મળી એમાંથી શિવમંદિરનું નિર્માણ થયું. મૂળે તો મંદિર મૈત્રકકાલીન છે. ખેર, આઝાદી પહેલાં તો મંદિરના ચોગાનમાં વાંઢે નીકળેલા વટેમાર્ગુઓનાં વાઘ બેસતાં. સમય જતાં ફરી નદીને સામે પાર વસવાટ જામ્યો ને મંદિર જીર્ણોદ્ધાર પામ્યું. એંસીના દશકમાં પુરી બાપુ કરીને એક સાધુ દસેક વર્ષ શિવમંદિરે પૂજારી તરીકે રહ્યા હતા. કાયા પડછંદ, ઊંચાઈ પૂરતી; બાહ્ય અને આંતરિક બન્ને. કહેવાય છે પુરી બાપુના ગજવામાં ગામ આખાનાં છોકરાં ધરાઈ રે તેટલી લહાણી રહેતી. બે'ક ખોરડાં સિવાય બાપુએ ગામમાં કોઈ ઘરેથી સીધુંસામાન પણ જાચ્યું નહોતું. બાપુએ જેનો હાથ ઝાલ્યો એનો બેડો પાર ઉતારી આપ્યો. ધંધાર્થે પરદેશ જવા મથતા પ્રેમજીભાઈ સુતારે કંઈક પછડાટ ખાધેલ. પછી પુરી બાપુએ ચીંધ્યો માર્ગ અનુસરતાં તેઓ પાર પહોંચેલા. ઉપરાંત નદીમાં રાણ ટીંબા પાસે એક ઘૂનો હતો ત્યાં બાપુ ગામના જુવાનિયાઓને તરતાં પણ શિખવાડતા. હા, નદી ત્યારે જીવતી એટલે કે બારેમાસ વહેતી. કયા કારણે બાપુએ ગામ છોડ્યું એ તો ખબર નથી, પણ છેવટ તેઓ વનાણા (જામજોધપુર) જતા રહેલા. ત્યાં એમની સમાધિ છે.

ગામમાં દુહાગીર એક વડીલ પણ ખરા. નામ ડાડુ મેહા જોગલ. એમના જમાનામાં ચાર-પાંચ ચોપડી ભણેલા એટલે ગુજરાતી વાંચી જાણે. થોડા-ઘણા નખતર-વિદ્યાના પણ જાણકાર ખરા; આકાશી નક્ષત્રો અને જુદી જુદી ઋતુઓમાં પવનની દિશા પરથી વરસ-પાણી કેવાં રહેશે એનો તાગ મેળવે. ઘણાં ટુચકાઓ ને ભડલીવાક્યો એમને કંઠસ્થ. એમનો વડિયો દુહાગીર આસપાસનાં ગામોમાં કોઈ નહીં. હોળીના

તહેવારે આ પંથકનાં ગામડાંઓમાં વિધવિધ રમતો અને દુહાની હરીફાઈ થતી. આ હરીફાઈમાં આ એક જ નામ મોખરે આવતું. ચોમાસામાં દોઢ-દોઢ મહિનો માલઢોર લઈને બરડામાં ધામા નાખતા. સ્વભાવમાં થોડો તમસ ગુણ ખરો પણ કહું તો તળનાં જાણતલ આદમી લ્યોને.

વીસમી સદીના આરંભે ગામની વસ્તી માંડ ત્રણસો આસપાસની હતી. નાનું એવું ગામ પણ ગામમાં સુતાર, લુહાર, કુંભાર, બાવાજી, બ્રાહ્મણ, રાવળ, વાળંદ, વાણિયા, વણકર, મુસલમાન, મેર, રબારી, ભરવાડ અને આહીર–બધાનો વસવાટ. રહેતા દરેક પોતપોતાની વડાઈની તજવીજમાં પણ સંપ થોડો જળવાયેલ ત્યારે. સમયાંતરે મંદગતિએ ગામમાં ઘણી ઊથલપાથલ થઈ ગઈ. ઝાંપાની નિશાળ પાદરમાં આવી ગઈ. એ નવી નિશાળ પણ અત્યારે નવનિર્માણ પામી રહી છે. ઊંચો પડથાર છોડી ગરબી ચોક બજારમાં ઊતરી ગયો. લુહારે ગામ છોડ્યું ને કોડ લેથ બની ગઈ. કુંભારે ગામ છોડ્યું ને કુંભારવાડો પલાયન કરી ગયો. ગારમાટી અને નળિયાંનું સ્થાન સિમેન્ટ અને સીલિંગે લઈ લીધું. બળદગાડીનું સ્થાન ટ્રેક્ટરે લઈ લીધું અને ઊંટગાડીનું છકડાએ. બસ, હનુમાનની દેરી અને ઠાકરમંદિર યથાસ્થિર છે.

ચાર-પાંચ ગામ ઊગીને આથમી ગયાં. હજારે'ક વર્ષનાં પડળ ફરી વળ્યાં છે માથે. પડળ ઉથલાવીએ કે અતીતમાં નેજવાં કરીએ તોય સરખું દેખાય એમ નથી એવા ઉજ્જડ ટીંબાઓના કાટમાળ માથે ઊભું છે આજનું મેવાસા. એની માથેથી પણ બસે ચોમાસાં ઊતરી ગયાં છે. નાની સરખી હિરણ નદીને ઉગમણે કાંઠે વસેલું નાનકડું એવું ગામ અત્યારે તો સામે કાંઠે ધાર ચડી ગયું છે. ગૌશાળા, બાલમંદિર, નિશાળ, પંચાયત, આહીર સમાજવાડીનું મકાન સઘળું અત્યારે પાદરમાં છે તોય કંઈક ખૂટે છે. પાદરની શોભા ગણાતો વડીલ વર્ગ છેલ્લી વીશીમાં લાંબે ગામતરે નીકળી ગયો છે. પણ, શહેરના સંબંધ માથે ગામડાની ઓળખાણ ભારે પડે એટલો આશરાનો ધર્મ-મર્મ જળવાયો છે. પારકાંને સાચવવામાં ગામ કોઈ પુણીવીસ નથી રાખતું. કિંતુ ઘર-ઉંબરે બાપે માર્યાં વેર ઊગ્યાં છે. ટાણાં હવે સચવાતાં નથી. સહિષ્ણુતાનાં નીર ઓસરી ગયાં છે. પરિણામે ઘણા પરિવારોએ પારકા પ્રદેશની વાટ પકડી લીધી ને ઘણી ડેલીઓ દેવાઈ ગઈ. ગામની ભૂગોળ, સમાજ અને માનસ સઘળું બદલાયું છે. બદલાવાથી વધુ ભૂંસાયું છે ને ભૂંસાવાથી વિશેષ કદાચ વિખેરાયું છે.

■

# ફાકી

વિનય જાદવ 'એકાંત'

"ફાંકો કે ફાકી કે ફાકોડી"ના અર્થમાં તમે શીર્ષક સમજવાનો પ્રયત્ન બિલકુલ કરતા નહીં. કારણ આ 'ફાકી' એટલે તમે સમજો છો એ નહીં. આ ફાકી એટલે જેમ રેતી, કપચી અને સિમેન્ટને મિક્સ કરવા મિક્સરમાં ઊભું, આડું, ગોળમરોડ બધું મરડીને એકરસ કરવામાં આવે પછી જે પાક્કો માલ તૈયાર થાય અને આકાશ જેવું ધાબું મજબૂત બનાવવામાં આવે છે એમ, સોપારી, તંબાકુ, ચૂનો મિક્સ કરી પ્લાસ્ટિકના કાગળમાં બે હાથે ઘસી-ઘસીને જે મસાલો તૈયાર થાય એ ફાકી.. ફાકી એટલે ફાકી.

ફાકીને અનેક નામોથી ઓળખવામાં આવે છે. કોઈ જગ્યાએ એને મસાલો કહેવાય છે. કોઈ જગ્યાએ એને માવો કહેવાય છે, કોઈ એને પડીકી કહે છે અને કોઈ એને ફાકી કહે છે..

એક વાત કહી દઉં કે આ બધી જગ્યા ગુજરાતની છે એમ આપણે ધારી લેવાનું છે, કેમ કે ગુજરાતમાં અને ખાસ કરી સૌરાષ્ટ્ર અને કાઠિયાવાડમાં આ ફાકીની ફિદરત જોરદાર છે.

ગુજરાતમાં જેટલું 'ચા'ના સાંટાનું ચલણ છે એટલું જ ફાકીના ફાકડાનું ચલણ છે. ગામ, નગર કે શહેરમાં એકસાથે હારબંધ દસ-બાર ડેકોરેશનવાળી પાન-માવા-(ફાકી)ની દુકાનો ધમધોકાર ચાલતી હોય છે. વળી સાવ અડીને હોવા છતાં બધી દુકાનો એકસરખો વ્યાપાર-વકરો કરી નાંખે છે. આવી દુકાનોના માલિક અને ગ્રાહક વચ્ચે પણ જોરદાર આત્મીયતા થઈ ગઈ હોય છે. એક સમય પાનનો ગલ્લો કે કેબિન કહેવાતી આ દુકાન હવે પાનસેન્ટર અને પાનહાઉસના મોટા નામે ઓળખાય છે.

મને ફાકીનું વ્યસન હૉસ્ટેલમાં ગયા પછી થઈ ગયેલું તે આજ સુધી છે. સંતો મહંતો, ગુરુજનો, સ્નેહીજનો, વડીલો અને છેલ્લે ધર્મપત્નીના કહેવાથી પણ હું આ અપ્સરાનો ત્યાગ કરી શક્યો નથી. એમ તો ઘણી વાર મેં ફાકી છોડી દીધી છે, પણ છોડ્યા પછી ક્યારે પકડાઈ જાય છે એ મને ખબર રહેતી નથી.

**"શંકા એ વિશ્વાસનું વેર છે, તો વેર પીવું પડશે.**
**વ્યસન તબિયતનું ઝેર છે, તો ઝેર પીવું પડશે."**

આવી કવિતા મને લખવાનું મન થઈ જતું પણ લખી શકતો નથી, એમ, વ્યસન છોડવાનું ઘણું મન થાય પણ છોડી શકતો નથી. કવિ વિનોદ જોશીએ લખ્યું છે કે.

**"જે નથી ઊતરી શકી હજી કાગળ પર.**
**એ જ પંક્તિ મને હજી સુધી લખાવે છે."**

આ કહેવાતું વ્યસન 'ફાકી' મને કદાચ એટલે જ લખાવે છે.

આ ફાકીને ખાઈ નાખવી એ આમ જોઈએ તો સરળ વાત પણ નથી હોં. આ ફાકી કે માવો ખાધો કોને કહેવાય? તો કહી દઉં.. પ્રથમ તો સોપારી અને તંબાકુ યોગ્ય માપ સાથે લઈ એમાં યોગ્ય માત્રામાં ચૂનો મિક્સ કરી, બે હાથે કાગળમાં મસળવામાં આવે, સોપારીના ભુક્કા નીકળી જાય અને ચૂનો સફેદ રંગમાંથી લાલચોળ થઈ જાય, તંબાકુ પોતાનું અસ્તિત્વ નામસેજ ગુમાવી દે ત્યાં સુધી કરડ કરડ ઘસવું. પછી મોઢામાં મૂકવા માટે પાણીપૂરી ખાવા, જેમ મોઢું બળપૂર્વક ખોલી શકાય એટલું ખોલવામાં આવે અને પછી ઉપર આકાશ તરફ જોતા 'ફાકી' આરોગવામાં આવે. હજી પૂરું નથી થયું. ખાધા પછી શું??? તો જેટલી ફાકી મોઢામાં મૂકી એનાથી પાંચગણી પિચકારી બહાર કાઢવી પડે ત્યારે એ પ્રક્રિયા પૂરી થાય. કોઈ એક જગ્યાએ ઊભા હોઈએ તો સમજ્યા કે પી..ચ.રિક... કરી પિચકારી મારી લઈએ પણ એસ.ટી. બસમાં કે અન્ય વાહનોમાં મુસાફરી કરતી વખતે ખાસ બારીની બાજુમાં બેસવું પડે. હજી આગળ... બારી પાસે બેસી ગયા પછી સમાપ્ત નથી થતું. 'પીચરિક' કરવા માટે રસ્તામાં આવતા બમ્પની રાહ જોવી પડે કે પછી આગળના સ્ટૉપ પર બસ ઊભી રહે, એની ખાતરી કરી મોઢામાં કોગળો ભેગો કરી રાખવો પડે, પછી સમય સંજોગ જોઈ એનો ત્યાગ કરી શકાય.. એમનેમ ગમે ત્યારે પિચકારી મારી શકાય નહીં, અને જો મારી દીધી તો પાછળની સીટમાં બેઠેલા મહોદય આપણને ઊંધા હાથની જલાવી દે. ધારો કે બારી ન મળી તો...? તો જ્યારે બમ્પ કે સ્ટૉપ આવે ત્યારે બારી પાસે જઈ જિરાફની જેમ લાંબી ડોક કરી, બારીમાંથી મોઢું બહાર કાઢી, પિચકારી ફગાવવી પડે અને બારી પાસે બેઠેલા મહોદય મોઢું બગાડીને આપણને કશું કહે એ પહેલાં એની સામું જોયા વગર જ આપણી મૂળ જગ્યાએ ચાલ્યા જવું પડે. આને માવો ખાધો કહેવાય છે..

આજકાલ તો એ.સી.વાળી વોલ્વો બસમાં બારી જ નથી તો આ 'પીચરિક'ના ગળફા, કાં તો ગળવા પડે કાં તો હોલ્ટ આવે ત્યાં સુધી રાહ જોવી પડે. હવે તો બસસ્પોટે, સભાગૃહે, સિનેમાગૃહે કે અન્ય જગ્યાએ, ગેટ ઉપર આ ફાકી, પાન-મસાલા. પડીકી, પડીકાઓ બધું બહાર મુકાવી દે છે ત્યારે પિચકારીને કોઈ સ્થાન મળતું નથી.

મારો એક મિત્ર રાજુ જ્યારે વાત કરે ત્યારે શું બોલે છે? એ જ ખબર ન પડે કારણ ચોવીસ કલાક એના મોઢામાં માવો ભર્યો હોય. એ ફાકીનો એવો તો આશિક છે કે એને જો અડધી રાતે ઊંઘ ઊડી જાય તો ફાકી બનાવી, બે-ચાર પિચકારી મારે, ત્યારે જ પાછી ઊંઘ આવે, બોલો! સૂતી વખતે અને જમતી વખતે જ એનું મોઢું ફાકી વગરનું હોય છે, બાકી ફાકી એના મોઢામાં હોય હોય ને હોય જ... મેં

એક વાર રાજુને સિનેમા વિશે પૂછ્યું કે “તું ત્યાં ત્રણ કલાક કેમ ફાકી વગર રહે છે?” તો જવાબમાં રાજુ બોલ્યો. “કોણે કીધું કે હું સિનેમા જોવા જાઉં ત્યારે ફાકી નથી ખાતો?”

“પણ ત્યાં તો આપણાં ખિસ્સાં તપાસીને બધું બહાર મુકાવી દે છે ને?”

“હા તે હું ક્યાં મારા ખિસ્સામાં રાખું છું.”

“તો?”

રાજુએ આજુબાજુ જોયું પછી ખાનગી વાત કરતો હોય એમ બોલ્યો કે “હું સિનેમામાં પહોંચું એ પહેલાં બે-ત્રણ ફાકી મારા છ વર્ષના છોકરાના પૅન્ટમાં મૂકી દઉં, પછી સિક્યૉરિટીવાળા પાસે ઊંચા હાથ કરી ઊભો રહી જાઉં. એ ભલે મારાં ખિસ્સાં ગમે તેટલાં ફાંફોળિયાં મારે, એને શું તંબૂરો હાથમાં આવવાનો છે. અંદર ગયા પછી હું એ ફાકી મારા ખિસ્સામાં લઈ લઉં.”

મને થયું કે આ તો જોરદાર આઇડિયા છે.

વર્ષોથી હું જોતો આવ્યો છું કે સારા-મોળા પ્રસંગોએ વડીલો બેઠા હોય ત્યાં સ્ટીલની થાળીમાં ચાર-પાંચ બીડીનાં બંડલ, એક-બે સિગારેટનાં પૅકેટ અને બેત્રણ માચીસ મૂકવામાં આવે છે, પણ કોઈ જગ્યાએ પાનમસાલો કે ફાકીનાં પડીકાં મૂક્યાં હોય એવું મેં જોયું નથી. બીડીનું આટલું મહત્ત્વ તો ફાકીનું કેમ નહિ? આજકાલ બીડી કરતાં ફાકીનું ચલણ ખૂબ વધી ગયું છે ત્યારે આવા પ્રસંગે, ફાકીના આ ફિરસ્તાઓ માટે કોઈ વ્યવસ્થા હોવી જોઈએ. બિચારા ફાકીનાં તો પાર્સલ લાવી ચલાવી લેતા હોય છે. કોઈ વાર તમને એવો પ્રશ્ન થાય કે “આ ફાકીમાં, સોપારી, તંબાકુ અને ચૂનો ત્રણ એક જ સરખું હોય છે તોય અમુક લોકો, અમુક દુકાનેથી જ કેમ ફાકી મંગાવીને ખાય છે?” તો એનો જવાબ પણ તમને આપી દઉં કે જેમ ‘રસોયે રસોયે રસોઈ અલગ, મસાણે મસાણે મડદાં અલગ’ એમ દુકાને દુકાને દુકાનદારના હાથની જમાવટ અલગ.. એક દુકાને તો મેં જોયું કે એક ભાઈ ફાકીના મસાલાને (સોપારી, તંબાકુ, ચૂનો) મોટા તગારામાં મિક્સ કરતા હતા અને બીજો ભાઈ કાગળમાં એને ચોક્કસ પ્રમાણમાં મૂકી વહેંચણી કરતા હતા, ત્યાં વળી ફાકીના ઘરાકોનું મોટું ટોળું થયેલું, બોલો. ફાકીનો આટલો બધો વ્યાપાર મેં પહેલી વાર જોયો.

**આજથી મનને વાગોળવાનું બંધ, લ્યો ખાવ માવો.**
**જખ્મો જૂના જગાડવાનું બંધ, લ્યો ખાવ માવો.**
**પહેલા સુગંધે જગાડ્યા પછી ફૂલે મૂક્યો આરોપ,**
**આજથી બગીચા ઉગાડવાનું બંધ, લ્યો ખાવ માવો.**

કવિ ‘એકાંત’નો આ શેર માવા ખાવાવાળા મરીઝને શરાબી ફિલ્મના અમિતાભના શરાબ કરતાંય મીઠા લાગે છે, કારણ એવાં દૃશ્ય મેં અનેક વાર જોયાં છે કે બેચાર મિત્રો ભેગા થઈ એવું બોલતા હોય કે “મૂકને યાર લપ, લે ‘ખા’ માવો.” આ એક માવા કે ફાકીમાં ઘડીક આખી દુનિયાની મોજ આવી જાય છે. જમ્યા પછી, સવાર, બપોર, સાંજ મુખવાસનું સ્થાન હવે ફાકીએ લઈ લીધું છે. અને આ ફાકી જો સમયે

ન મળે તો ફાકીબાજનો બધો ફાંકો ઊતરી જાય છે. શરાબનું વ્યસન ફાકીના વ્યસનનું બાપ ભલે હોય તોપણ ફાકી ખાનારો માણસ શરાબ પીધા પછી ફાકી મોઢામાં નાખે પછી જ એને સાચી મોજ આવે છે ત્યાં સુધી બધું નક્કામું. કોરોના વખતે જે લૉકડાઉન થયેલું એમાં અમારા જેવા ફાકીના વ્યસનીની દશા જોવા જેવી હતી. અમુક લોકો તો એમ પણ કહેતા હતા કે કોરોના વાઇરસ તો મારતાં મારશે એ પહેલાં આ ફાકીનો વિરહ મારી નાખશે.

મારા એક કાકાને એના ડૉક્ટર મિત્ર ઘણી વાર કહેતા કે પાન-માવા ખાવાથી એંસી ટકા લોકોને મોઢાનાં કૅન્સર થાય છે, તમે આ ખાવાનું મૂકી દ્યો. ત્યારે મારા કાકા એને હસીને જવાબ દેતા કે આપણે વીસ ટકામાં આવીએ છીએ. ડૉક્ટર ત્યારે કોઈ દલીલ કરી શકતા નહિ, પરંતુ જ્યારે મારા કાકાને મોઢાનું કૅન્સર થયું ત્યારે ડૉક્ટર ખાસ એમને મળવા ઘરે આવ્યા હતા અને બધાની હાજરીમાં બોલ્યા હતા કે "ઘણા લોકો વીસ ટકાના વહેમમાં એંસી ટકાની હડીએ ચડી જાય છે."

અમે સહપરિવાર ત્રણ વર્ષ પહેલાં 'કેરળ' ફરવા ગયા ત્યારે ટ્રેનમાં મારી એક નાની બૅગ ચોરાઈ ગઈ. ઘડીક અમે મૂંઝાયા પણ પછી મારાં ધર્મપત્નીના ચહેરા પર જે ખુશીના ભાવ છલકાતા હતા એ જોઈ હું તરત સમજી ગયો કે બૅગ ચોરાણી એમાં મારો પાન-માવો બનાવવાનો સમાન સિવાય કંઈ નહોતું. પત્ની માટે એ સારી ઘટના બની પણ મારા માટે આભ ફાટી પડ્યું. હવે શું થશે..? ત્યાં ફાકી મળશે કે કેમ? ચોવીસ દિવસના આ પ્રવાસમાં મારા મોઢા પર કાયમ બાર વાગેલા રહેતા. હું ફાકી ગોતવામાં પ્રવાસનો આનંદ લઈ શક્યો નહિ. ફાકીની દુકાન વગરની બજારો મને ફિક્કી લાગતી. મનને જાણે ફાકીના નશાએ તાળું મારી બંધ કરી દીધું હોય એમ અંદરથી મૂંઝારો અનુભવતું. મારી નજર સામે ફાકી તરવરવા લગતી. કોક વાર પર્વતોમાંથી પડતું ધોધનું સફેદ દેખાતું પાણી મને સફેદ ચૂના જેવું લાગતું. ઊંચા ઝાડ પર લટકતાં નાળિયેર મને લટકતી સોપારી લાગતી. પાણીમાં તરતી મકાન જેવી હોડીઓ મને હાલતીચાલતી પાનહાઉસની દુકાનો જેવી દેખાતી.. આવું તે કેવું વળગણ?

**"વ્યસન પર હું હાવી છું, એનો હાવ નથી મારામાં.**
**લ્યો ચાવી થૂંકી દીધા, એનો લગાવ નથી મારામાં."**

મારા મનને રાજી રાખવા હું આવી ગઝલો ગણગણવા લાગ્યો. બે પાંચ, દસ કરતાં બાવીસ દિવસ પૂરા થયા ત્યાં મારી અંદર એક તંદુરસ્ત માણસનો ઉદય થયો હોય એવું લાગ્યું... પ્રથમ મેં બસ, મોટર કે ટ્રેનમાં બારી પાસે કે વિશિષ્ટ જગ્યાએ બેસવાનો આગ્રહ છોડી દીધો. ગમે ત્યાં ફાવશે મને અને મારાથી કોઈને અડચણ નહિ પડે એવું વર્તન મારાથી થવા લાગ્યું. સંતો, મહંતો, સ્નેહીજનો અને પત્નીના ઉપદેશાત્મક શબ્દો હું યાદ કરી વ્યસનથી અલગ થતો ગયો.

વળતી ફેર અમારી ટ્રેને ગુજરાતમાં પ્રવેશ કર્યો ત્યારે અમુક ગામ, નગર, શહેર વચ્ચે આવતાં હતાં જ્યાં પાનહાઉસ અને પાનસેન્ટરનાં બોર્ડ અપ્સરાની જેમ મને

તપોભંગ કરવા માગતાં હતાં. પણ હું સ્થિર બનતો જતો હતો. અંતે અમે અમદાવાદ ઊતરી રેલવેસ્ટેશન બહાર નીકળ્યા ત્યારે મને ચાની કીટલી સાથે પાન-માવો, પડીકી, ફાકી વેચતી દુકાનો જોઈ, એક ઘડી મને થયું કે હું....

ત્યાં પત્ની મારી સામું જોઈ બોલી "શું ફાકી ખાવા જવાનો વિચાર કરો છો કે?'

'હા' મેં તરત જવાબ આપ્યો "પણ હવે ખાવી નથી."

કેમ? પત્નીએ આશ્ચર્યથી પૂછ્યું.

હું કશું બોલ્યો નહિ, પત્ની અને બાળકો સામે જોઈ રહ્યો.

અમે રિક્ષામાં ગોઠવાયાં પછી હું ફાકીની દુકાન સામે જોઈ મનમાં એમ બોલ્યો કે

ફાકી તેં મારો પ્રવાસ બગાડ્યો.

અને

પત્ની મનમાં એમ બોલી હશે કે, 'મારો ભવ'.........

■

**બે-પાંચને**

કાગડે છુટ્ટી મૂકી છે ચાંચને
મૂળ પુસ્તક એ જ છે, તું વાંચને!

તેં અને વરસાદે કાવતરું કર્યું,
મેંય સંડોવી દીધા બે-પાંચને

તું મરેલા તારાં ચરણોને ન જો
જીવને પગ છે-એ પગથી નાચને!

સાંજના પીળચટ્ટાં કામણ પીઉં છું
ને પીવા લલચાવતો બે-પાંચને

સાંજનાં પીળચટ્ટાં કામણ પી, રમેશ
ને પીવા લલચાવ તું બે-પાંચને

કાગડો આવ્યો ગઝલમાં કાં ફરી?
ભૂંસ તું રેકર્ડની એ ખાંચને

– **રમેશ પારેખ**, 'મન પાંચમના મેળામાં ભાગ-૨'

# લોકલયમાં ગૂંથાતું કવિકર્મ

રમણ સોની

## સાબરનો ગોઠિયો : ઉમાશંકર જોશી

મારી સાબરને કાંઠડે રમતો રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ ઊંચેરી ભેખડનો મોરલો રાજ વનરા તે વનનો વણજારો
એને ડુંગરડે રમણે જાતો રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ કાળી કુવેલડી પજવતો રાજ વનરા તે વનનો વણજારો
બબે પાવા બજાવતો ડોલે રાજ વનરા તે વનનો વણજારો
છોટી સાબરનો છોટેરો ગોઠિયો રાજ વનરા તે વનનો વણજારો

એક ઉનાળે મેવલિયો રૂઠ્યો રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ સાબરનાં ધાવણ સૂક્યાં રાજ વનરા તે વનનો વણજારો
ઊંચા ડુંગરને કીધી સલામો રાજ વનરા તે વનનો વણજારો
એક ટહુકો લીધો ને દીધો રાજ વનરા તે વનનો વણજારો

કાંઈ નદીએ નદીએ ઊતર્યો રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ ગામડે ને કસબે રખડ્યો રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ સાબરનો પાલવ ના મેલ્યો રાજ વનરા તે વનનો વણજારો
ઠેઠ અમ્દા તે વાદ જઈ થંભ્યો રાજ વનરા તે વનનો વણજારો

આંહીં શહેરની તે લ્હેર્યો શી કહેવી રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ ગલીએ ગલીએ ઘૂમ્યો રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ શેરીએ શેરીએ રવડ્યો રાજ વનરા તે વનનો વણજારો
ભાઈ ભૂંગળે ભૂંગળે ભટક્યો રાજ વનરા તે વનનો વણજારો

ક્યાંક પ્હેર્યાની પાઘડી આલી રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ વીરા કલાલી! એક પ્યાલી હો રાજ વનરા તે વનનો વણજારો
પૂર સાબરનાં બાવડે દોડ્યાં રાજ વનરા તે વનનો વણજારો
ક્યાંક જંતરમાં જીવ જોતરાણો રાજ વનરા તે વનનો વણજારો

એનાં ઓઢ્યાનાં હાડચામ દોહ્યાં રાજ વનરા તે વનનો વણજારો
એને ચીપિયે ચીપિયે ચૂંટ્યો રાજ વનરા તે વનનો વણજારો
એને નાનીશી પ્યાલીમાં ડૂબવ્યો રાજ વનરા તે વનનો વણજારો
એને નિચોવી બ્હારો ફગવિયો રાજ વનરા તે વનનો વણજારો

ફરી હાટડિયે વાટડિયે રઝળ્યો રાજ વનરા તે વનનો વણજારો
ફરી ગલીએ બંગલીએ ઘૂમ્યો રાજ વનરા તે વનનો વણજારો
બધી શેરીએ ને ડેલીએ રવડ્યો રાજ વનરા તે વનનો વણજારો
ભાઈ ભૂંગળે ભૂંગળે ભટક્યો રાજ વનરા તે વનનો વણજારો

કાંઈ કોટનું માદળિયું વેચ્યું રાજ વનરા તે વનનો વણજારો
એક છેવાડું પાવળું ઢીંચ્યું રાજ વનરા તે વનનો વણજારો
જઈ કીધું સાબરને વીનવી રાજ વનરા તે વનનો વણજારો
એક છોરુની આટલીક અરજી રાજ વનરા તે વનનો વણજારો

મારા ડુંગરને આટલું કહેજો રાજ વનરા તે વનનો વણજારો
મારા ડુંગરડા એવું તો દૂઝો રાજ વનરા તે વનનો વણજારો
મારી કુવેલડી એવું તો રોજો રાજ વનરા તે વનનો વણજારો
ભૂંડાં ભૂંગળાંની ડૂબે ટોચો રાજ વનરા તે વનનો વણજારો
–માડી સાબર, સદાય તારે ખોળે રાજ વનરા તે વનનો વણજારો
એમ ક્હૈને ખંખોળિયું ખાધું રાજ વનરા તે વનનો વણજારો

જરી સાબર સવળીને વળી દોડી રાજ વનરા તે વનનો વણજારો
ભૂંડા! નદીઓ વળતી તે હશે પાછી રાજ વનરા તે વનનો વણજારો
કાંઈ છેટા છેટા રહ્યા ડુંગરા રાજ વનરા તે વનનો વણજારો
છેટી છેટી કુવેલડી રૈ ગૈ રાજ વનરા તે વનનો વણજારો

૧૮-૧૦-૧૯૩૫ ['નિશીથ', ૧૯૩૯]

ઉમાશંકર જોશીનું આ ગીત કોઈકોઈના જ સ્મરણમાં ટકી રહેલું હશે. એ ઘણુંખરું અજાણ્યું છે. ગઈ સદીના ઉત્તરાર્ધમાં અમારા જેવા નિશાળિયાઓએ, તે વખતના પાઠ્યપુસ્તકમાં મુકાયેલું આ ગીત વાંચ્યું-લલકાર્યું હશે, ઉલ્લાસપૂર્વક મોટા રાગડા તાણીને! એ રીતે સ્મરણમાં એનો લય તો આજસુધી ટકી રહ્યો છે. પણ એનો મર્મ?

જેમ ન્હાનાલાલનાં કેટલાંક ગીતોના લયઢાળ, અને ઉપાડની પંક્તિની પદાવલિ પણ, લોકગીતોની, ને ક્યાંક તો રંગભૂમિનાં ગાયનોની, પ્રેરકતા-પ્રભાવકતાવાળાં છે એમ ઉમાશંકરના આ ગીતનો લય, ને '...વનરા તે વનનો વણઝારો' એ આવર્તિત પંક્તિ, જૂની પરિભાષામાં કહીએ તો ટેકની પંક્તિ કે ધ્રુવપંક્તિ, મેળામાં કે ભજનમંડળીમાં સાંભળેલાં ગીતોમાંથી જડી હશે. ઉમાશંકરે એક 'પ્રશ્નોત્તરી'('કવિનો શબ્દ'માં સુરેશ દલાલ સાથેની વાતચીત)માં કહ્યું જ છે કે 'સમગ્ર શિક્ષણ-અધ્યયનમાંથી ગીતલેખન અંગે હું નહીં પામ્યો હોઉં એટલું' આ મેળા-ભજનમંડળીનાં ગીતોના લય-સંસ્કારમાંથી પામ્યો છું. 'મારા પૂરતી તો એને ગીતલેખનની યુનિવર્સિટી ગણું.'

પહેલી નજરે, પહેલે વાચને તો ગીત આપણને એક લયરમણામાં જ ખેંચી-પકડી રાખે છે – દરેક પંક્તિનો પૂર્વાર્ધ ગવાતો જાય ને પંક્તિનો એકસરખો ઉત્તરાર્ધ મંડળીના સૌ ગાનાર (કદાચ તાળીઓના તાલે ને પગને ઠેકે) એને ઝીલતા હોય એવું એનું ગાયન-નર્તન આપણને એવી જ પ્રસન્નતામાં રોકી રાખે છે. પણ બીજા–ત્રીજા વાચને કવિ ઉમાશંકરની સર્જકતાનો ને કવિકર્મનો આહ્‌લાદક અનુભવ થતો રહે છે.

દરેક પંક્તિ-પૂર્વાર્ધમાં એક કથા ક્રમશઃ ખૂલતી જાય છે ને દરેક પંક્તિ-ઉત્તરાર્ધમાં કથાનાયક, વનરાવનનો વણજારો, સાક્ષાત્ થાય છે. મને યાદ આવી જાય છે રામનારાયણ પાઠક 'શેષ'નું એક હળવું કાવ્ય 'નટવરલાલજીનો ગરબો' એમાં આનાથી ઊલટી પંક્તિરચના છે – દરેક પંક્તિ-પૂર્વાર્ધમાં કથાનાયક સાક્ષાત્ થાય છે ને પંક્તિ-ઉત્તરાર્ધમાં કથા ખૂલતી-બહેલાવાતી જાય છે :

'નટવરલાલજી રે, ચૌટે શાક લેવા ચાલ્યા; / નટવરલાલજી રે, જાતાં રાધાવહુને કીધું.'

કાવ્યમાં 'સાબરનો ગોઠિયો'-ની કથની છે. સાબરમતી સાથે જેનું મન ગોઠી ગયું છે એવો, સાબરમતી નદીના ઉપરવાસના, ઉત્તર ગુજરાતના જ હશે, એવા કોઈ ગ્રામપ્રદેશનો (કે વણઝારાની જેમ ક્યાંકથી ત્યાં આવી ચડેલો?) કિશોર... એની વિલક્ષણ-કરુણ કથની.

પણ આપણે કથારેખા અને કવિના શબ્દકર્મ કૌશલને એકસાથે માણતાં જઈએ?

જુઓ કે કવિએ પંક્તિઓના ખંડકો(સ્ટાન્ઝા) પાડીને આ કથાના વળાંકોને આલેખ્યા છે. પહેલો ખંડક ૬ પંક્તિઓનો છે, પછી ૪-૪ ખંડકોમાં આગળ વધતી આ કાવ્યકથામાં છેક ઉપાન્ત્ય (last but one) ખંડક ૧૦ પંક્તિઓનો છે – જાણે એક શ્વાસે વેદના ઠલવાય છે! છેલ્લા ૪ પંક્તિના ખંડકમાં કવિ-કથકનું સાબરના આ ગોઠિયાને, વહાલ-વેદનાભર્યું સંબોધન છે. કવિએ સહજ લયપ્રવાહમાં પણ આવું કાવ્યસ્થાપત્ય તો રચ્યું જ છે.

કાવ્યને આરંભે કવિ આપણી, એટલે કે વાચકની સાથે જાણે વાત આદરે છે – 'મારી સાબરને કાંઠડે રમતો, રાજ...' સાબરમતી કાંઠેના કોઈ એક ગામમાં એક કિશોર, એમ નથી, 'મારી સાબર' એમ છે. કથકની નદી સાથેની તદાત્મતા જાણે પેલા ગોઠિયાના જેવી જ છે. બસ, પછી છેલ્લા સંબોધન સિવાય, કથક વચ્ચે આવતા નથી, ગોઠિયાની કથાના પ્રવાહમાં આપણને મૂકીને એ નેપથ્યે રહે છે.

આ કિશોર ચંચળ ને પ્રસન્નતાભર્યો કુદરત-મસ્ત જણ છે–નદીકાંઠે રમે-ફરે છે, ઊંચી ભેખડે એનું ઘર હશે, પણ કંઈ ઘરમાં જ એ થોડો પડી રહે? એ તો (થનગનતો) 'મોરલો' છે ને ઊંચે ડુંગરે અવારનવાર ફરતો રહે છે–અમસ્તો ફરતો નથી, 'રમણે જાતો રાજ...' ભ્રમણ કરે છે પણ રમણીય ભ્રમણ કરે છે. 'રમણ'માં નદી-પર્વત સાથેનો ગાઢ પ્રીતિસંબંધ સૂચવાય છે. રમણ કરનાર જરા અલ્લડ અળવીતરો પણ હોય ને! એટલે કાળી કુવેલડીને, એના જેવી જ કુહૂ કુહૂથી એ પજવે છે – લાડ કરે છે ને ક્યારેક 'બબ્બે પાવા બજાવતો ડોલે છે.' જાણે ઉમાશંકરની જ, ને વળી પન્નાલાલની, વાર્તામાંનો મેળે જતો નાયક આપણી આંખ સામે ઝબકી જાય છે. 'ગોઠિયો' શબ્દ તો, શીર્ષક પછી, આ પહેલા ખંડકને અંતે આવે છે : નાના વહેણવાળી નદીનો નાનેરો મિત્ર – 'છોટી સાબરનો છોટેરો ગોઠિયો, રાજ...'

પહેલા ખંડકમાં જ ધ્યાન પડે છે, ને પછી આખા કાવ્ય પર નજર કરતાં દૃઢ થાય છે કે કવિએ ધ્રુવપંક્તિ પૂર્વેના શબ્દોમાં કોઈ સ્પષ્ટ પ્રાસ મેળવ્યા નથી. ક્યાંક આલી-પ્યાલી, હાર્ટડિયે-વાર્ટડિયે, રવડ્યો-ભટક્યો એવી પ્રાસરચના આવી ગઈ છે કે વધુ ધ્યાનથી સાંભળીએ તો ઘણી કડીઓમાં '–ઓ' અંતવાળા આછા પ્રાસ સંભળાય. એ પણ સર્વત્ર નહીં, ક્વચિત્. આખું ગીત, 'વનરા તે વનનો વણઝારો' એ, ઉછાળવાળી ટેકપંક્તિના જોરે જ ગીતપ્રવાહને વહેતો રાખે છે – લયસંવાદિતા સાચવે છે.

બીજા ખંડકથી દુર્ભાગ્ય પ્રવેશે છે ને પછી અટપટું ને ઘેરું થતું જાય છે. કવિ એને ઝડપી દૃશ્યાંકનોથી કથતા ગયા છે. દુષ્કાળ અને એને કારણે નિર્વાસન – એ જગતભરની, યુગોથી ચાલી આવેલી કથા છે; પણ અહીં તો એક માસૂમ યુવકની કરમકઠણાઈ છે – 'એક ઉનાળે મેવલિયો રૂઠ્યો' ને એ વણજારાએ પર્વતનો – પ્રકૃતિનો ખોળો છોડ્યો. અપાર દુખથી જ – કેમ કે, પેલી કુવેલડી(કોયલ)ને પણ 'એક ટહુકો લીધો, ને દીધો,' ને એમ ગ્રામ-વતનને અલવિદા કહ્યું.

પછી કંઈ ઝડપી ગતિએ કવિએ આ યુવકની વિ-ગતિ-કથાને સાક્ષાત્ કરી છે. એમાં, જુઓ કે, એમણે બેવડાતા શબ્દોની, દ્વિરુક્તોની કથનપ્રયુક્તિ યોજી છે – 'નદીએ નદીએ ઊતર્યો,' ને 'ગલીએ ગલીએ ઘૂમ્યો,' ને 'શેરીએ શેરીએ રવડ્યો'... દરેક દ્વિરુક્તિ પછીનાં ક્રિયાપદો પણ, આ સાદા ગીતમાં ગૂંથાતા કવિકર્મનો પરિચય કરાવે છે. કથક પોતે પણ કથામાં એવા તદ્રૂપ છે કે, કથા-છટા આ રીતે પ્રગટી છે – 'ભાઈ ભૂંગળે ભૂંગળે ભટક્યો' – શું કહું ભાઈ, એની ભાગ્યકથા...

પણ આપણે થોડાક આગળ ચાલી ગયા. વનરાવનના આ વણઝારાની આ ખેપ, ખરેખર તો એની રઝળપાટ બહુ સૂચક છે. એને છોડવી નથી પ્રકૃતિને, ને આ સાબરને,

એટલે નાની નાની નદીઓ વટાવીને, નાનાં ગામ ને થોડાંક મોટાં ગામ (કસબા) વટાવતી વખતે એ સાબરમતીનો છેડો છોડતો નથી 'ક્યાંઈ સાબરનો પાલવ ના મેલ્યો, રાજ' ને નદીના તંતુએ જ પોતાના ગ્રામપ્રદેશનું સંધાન અકસ્માતે જ મોટા શહેર સાથે થાય છે – 'ઠેઠ અમ્દા તે વાદ જઈ થંભ્યો.' લયના ઠેકા માટે 'વનરાવન' શબ્દની વચ્ચે 'તે' (અવ્યય?)નો જેવો પ્રવેશ, એવો જ જાણે 'અમદાવાદ' શબ્દની વચ્ચે 'તે' પ્રવેશે છે – 'અમ્દા તે વાદ,' એમાં લોકલયનો લાક્ષણિક, બલકે સર્જનાત્મક યોગ થયો છે.

હવે આ માસૂમ પ્રકૃતિ-બાળ – એ યુવાન છે પણ રીઢો તો નથી જ ને – એ શહેરમાં અટવાઈ જાય છે, ગૂંચવાઈ જાય છે. તરસનો માર્યો એ વતન છોડીને દોડેલો, હવે તરસ અને ભૂખને પણ સંતોષવા એ 'ભૂંગળે ભૂંગળે' – મિલે મિલે – ભટકે છે. ક્યાંક 'પહેર્યાની પાઘડી' આપે છે; (વેચે છે કે નમે છે?) ભૂખતરસનું શમન હવે 'વીરા કલાલી, એક પ્યાલી'-થી! એ પ્યાલીના જલદ નશાથી, કવિ-કથક કહે છે કે, 'પૂર સાબરનાં બાવડે દોડ્યાં.' જે ગતિ, ને પછી વિ-ગતિ હતી એ હવે દુ-ર્ગતિની દિશામાં. શહેરના શોખનો ચટકો નહીં પણ નરી લાચારી.

પછી ન-છૂટકે, યોગક્ષેમ માટે, પેટિયું રળવા માટે એ પેલાં 'ભૂંગળાં'વાળા યંત્રને શરણે જાય છે – 'ક્યાંક જંતરમાં જીવ જોતરાણો, રાજ..' હવે આ યંત્રપરક શહેરમાં, કોઈ મિલમાં એ જોતરાય છે. બીજી પસંદગી જ નથી એવી એની નિયતિ છે આ. 'ડુંગરડે રમણે' જતો ને 'બબ્બે પાવા બજાવતો' પેલો મસ્ત કિશોર હવે 'શહેરની તે લ્હેર્યો'ની છદ્મલીલામાં સપડાઈ જાય છે – કાળી મજૂરીમાં અને પેલી પ્યાલીની આદતમાં...

છઠ્ઠા ખંડકમાં સાબરના ગોઠિયાનું જે દુર્દશાવર્ણન છે એમાં, 'દરિદ્રની... ઉપહાસલીલા'ને 'જઠરાગ્નિ' કાવ્યમાં, આક્રોશથી આલેખતા કવિ ઉમાશંકરની, એથીય જલદ વાણી પ્રગટે છે! ('જઠરાગ્નિ' ૧૯૩૨નું કાવ્ય છે, આ ૧૯૩૫નું છે – એ જ ઓગણીસસો ત્રીશીની ગુજરાતી કવિતાનો સમય). અહીં કથકની જલદ વાણીમાં સર્જકનું ભાષાસામર્થ્ય પણ અનુભવી શકાય છે. 'શોષણનો એક ઊંડો કરુણ વાચકભાવકને શારી નાખનારો છે. એક-એક પંક્તિ એ દુર્દશાને દઢાવે છે : 'એનાં ઓઢ્યાનાં હાડચામ દોહ્યાં' – શરીરનું ઓઢણ વસ્ત્ર, એ પણ હવે કેવળ ચામડી ને હાડકાં! એ પણ શોષી લઈને જાણે એને કંકાલવત્ કરી દીધો. 'દોહ્યાં' ક્રિયાપદમાં જે દબાવેલો તીક્ષ્ણ કટાક્ષ છે એ શોષણ-કથનીને, કાવ્યરૂપ છોડ્યા વિના, આલેખે છે. ફરી પેલી દ્વિરુક્તિઃ 'એને ચીપિયે ચીપિયે ચૂંટ્યો' – જાણે એની નસેનસ ખેંચી કાઢી. એને સાવ નગણ્ય બનાવીને 'નાની શી પ્યાલીમાં ડૂબવ્યો'ને આ શહેરે એને પૂરેપૂરો નિચોવીને 'બ્હારો ફગવિયો'– ભૂખ્યોતરસ્યો રસ્તે રઝળતો કરી દીધો. પેલું પ્રકૃતિમાંથી નિષ્કાસન એણે પોતે, ભલે રૂઠેલી કુદરતને લીધે પણ જાતે સ્વીકારેલું હતું હવે આ નિષ્કાસન તો એને પૂરેપૂરો નિરાધાર કરી દેનારું...

ફરી રઝળપાટ, થાક અને હતાશાવાળી. કવિ આ સંપૂર્ણ શોષિતની કથની ફરી એક વાર દ્વિરુક્તિઓથી ચીતરે છે! 'હાટડિયે વાટડિયે રઝળ્યો', ને 'ગલીએ બંગલીએ ઘૂમ્યો', ને વળી 'શેરીએ ને ડેલીએ રવડ્યો.' અહીં વાંચો કે, આ દ્વિરુક્તિઓ કેવળ બેવડાતા શબ્દોની નથી. પહેલાં 'શેરીએ શેરીએ' ને 'ગલીએ ગલીએ' એમ હતું પણ હવે

‘દ્વિરુક્તિ અનુપ્રાસવાળા શબ્દોની છે – હાટડિયે વાટડિયે, ગલીએ બંગલીએ, શેરીએ ને ડેલીએ… ગલીએ–બંગલીએ એ દ્વિરુક્તિ અર્થવાહી તો છે જ, ને એ સાથે, લયવાહી પણ છે, પણ આ અનુરણન કરુણને જ ઘેરો કરનારું છે.

વળી પાછી, કરમકઠણાઈને આલેખતી શૈલીવાળી ચોથા ખંડકના અંતની પેલી પંક્તિ સાતમા ખંડકના અંતે ફરી દેખા દે છે : ‘ભાઈ ભૂંગળે ભૂંગળે ભટક્યો, રાજ…’ ભૂખ શમાવવાનો, જીવતા રહેવાનો એક વધુ પ્રયત્ન – મિલને શરણે જવાનો. એ પણ નિષ્ફળ. છેવટે ‘કોટનું માદળિયું વેચ્યું’ ને ભૂખ અને હતાશા શમાવવા ‘એક છેવાડું પાવળું ઢીંચ્યું’. બસ, જિજીવિષાનો પણ અંત.

આઠમા ખંડકમાં હવે આ કાવ્યનાયક(!)ની ઉક્તિ છે. એનું હૃદય ઠાલવવાની હવે એક જ જગા છે – સાબરમતી નદી. એની આ અંતિમ વાણી કે અંતવાણી, એ શાપવાણી છે. સાબરને એ વીનવે છે કે જરા પાછી મારા વતનપ્રદેશમાં જા ને; જઈને કહે કે, એવો વરસાદ પડો, ‘મારા ડુંગરડા એવું તો દૂઝો’, ને હંમેશાં ગાતી મારી કુવેલડી, હવે મારા અંતને કે મેં ઇચ્છેલા સર્વનાશને, એવું તો રોજો કે, એ નદીનાં પૂરથી આ ‘ભૂંડાં ભૂંગળાંની ડૂબે ટોચો’… આક્રોશભર્યા શાપની ચરમ સીમા.

અંતે જલસમાધિ? કવિ-કથક તો જરા ઠાવકાઈથી કહે છે, ‘એમ ક્‌હૈને ખંખોળિયું ખાધું રાજ.’ પણ આ કંઈ આનંદ-સ્નાન નથી, સમાપ્તિ છે. સાબરના ગોઠિયાનું સાબરને ખોળે જ અંતિમ શમન. (એના ભૂસકાથી સાબરનાં પાણી જરા ઊછળ્યાં હશે એનાં બે બુંદ ભાવકની આંખે પણ જાણે બાઝે છે… ડૂબતાં ડૂબતાં ગોઠિયાને એક ઇચ્છિત ભ્રાન્તિ થાય છે – ‘જરી સાબર સવળી’ – પાછી વાળવા માટે જાણે સળવળી! પણ ના, એ તો એના માર્ગે જ આગળ ચાલી છે – ‘જરી સવળી ને વળી દોડી રાજ.’

હવે કવિકથક, સાબરમાં વહી ગયેલા ગોઠિયાને, ખિન્ન થઈને, સંબોધે છે : ‘ભૂંડા! નદીઓ વળતી તે હશે પાછી…’ છેલ્લું ચિત્ર જાણે દૂર વહી ગયેલા ભૂતકાળનું છે – ‘કાંઈ છેટા છેટા તે રહ્યા ડુંગરા’ ને ‘છેટી છેટી કુવેલડી રૈ ગૈ રાજ’…

સ્તબ્ધ કરી દેતો કાવ્યનો અંત મનમાં ફરી ફરી પડઘાય છે ત્યારે વળી એક બીજું સત્ય ઊઘડે છે. આ કાવ્ય વિશે કોઈએ એવું કહ્યાનું સ્મરણ છે કે, આ પેલા ‘પાછા વળો પ્રકૃતિ ભણી’ – ‘back to Nature-ના ઇચ્છિત પણ રંગદર્શી અભિલાષની સામે કઠોર વાસ્તવને – વાસ્તવના સત્યને – સૂચવતું કાવ્ય છે. ‘ભૂંડા, નદીઓ વળતી તે હશે પાછી…’માં, હવે ગમે તેવું કઠોર વાસ્તવ હોય પણ નદીનાં ને સમયનાં વહેણ પાછાં વળતાં નથી હોતાં, હવે એ જ નિયતિ છે.

સાબરનો આ ગોઠિયો, ગામડેથી શહેરમાં આવીને ચૂમાતા-સપડાતા શોષિતનો પ્રતિનિધિ છે – એવું અર્થઘટન પણ થઈ શકે.

પણ આખરે તો કાવ્યોમાંથી કથા ને કોઈ સંદેશો ખોળવાને બદલે, એને કાવ્ય તરીકે માણવું-સમજવું એ જ બહેતર નીવડી રહે.

■

# ‘આજ’ની વિશ્વકવિતાની જાતરા : ‘સર’ સિતાંશુ સાથે

યોગેશ જોષી

## (ઉત્તરાર્ધ)

(૫)

### ખંડ બે

માણસ, ઘર, નગર પણ ખંડ એકની પેટર્ન મુજબ ત્રણ કવિઓ રાઇનર મારિયા રિલ્કે, રવીન્દ્રનાથ ઠાકુર તથા છેયાંગ્લી યૅન્ગની કવિતાઓથી ઉઘાડ પામે છે. મહાકવિ રિલ્કેની વિખ્યાત કૃતિ ‘ડ્યુઈનો એલિજીઝ’ની થોડી પંક્તિઓ જોઈએ :

**‘કેમ કે સૌંદર્ય તો છે કેવળ એક આરંભ આતંકનો,**
**જેને આપણે માંડ વેઠી શકીએ છીએ**
**અને પોતાની પ્રશાંતિમાં એ આપણો ધ્વંસ અવહેલનાપૂર્વક ટાળે છે.**
**એથી તો અંજાઈ જઈએ છીએ આપણે.**
**દરેક દેવદૂત ખે જ આતંકપ્રેરક હોય છે.’** (પૃ. ૧૧૮)

આની સામે (અને સાથે) મહાકવિ રવીન્દ્રનાથની ‘ગીતાંજલિ’ના આરંભની પંક્તિઓ (અનુવાદ : મહારાણી શ્રી નંદકુંવરબા) જોઈએ :

**‘તેં મને અમર બનાવ્યો છે, એવી તારી લીલા છે.**
**આ ભાંગી જાય તેવા પાત્રને તું ફરી ફરીને ખાલી કરે છે, અને**
**નિરંતર નવા જીવનથી ભર્યા કરે છે.’** (પૃ. ૧૧૯)

સવેળા સમાપન કરતાં આ બંને મહાકવિઓની કવિતા વિશે સિતાંશુ કહે છે :

‘ખેર, સમાનતા અને ભેદ બન્નેના તાંતણે જોડાયેલી આ બન્ને મહાકવિઓની કવિતામાં માનવના અસ્તિત્વની એક મુદ્રા રચાય છે : બ્રહ્માંડ-સંકલિત, અભિભૂત માનવ.’ (પૃ. ૧૨૦)

તો ત્રીજી કવિતા કમ્પૂચિયાના કવિ છેયાંગ્લી યૅન્ગની ‘ખુન સ્રુનકાકાને એક પત્ર’ અનોખી નિવાપાંજલિ છે. કંબોડિયાના સ્વતંત્ર મિજાજના લેખક ખુન સ્રુનને સરકારે કેદમાં નાખ્યા હતા, પછી આતંકવાદી સંગઠને એમની હત્યા કરી હતી. આ કવિતાની થોડીક સંવેદનસભર પંક્તિઓ જોઈએ :

**'મને કફનપેટીમાં ન મૂકતા**
**બસ, એમ જ દફનાવજો, પેલા આંબાના ઝાડ નીચે,**
**જેથી મરતાં મરતાંયે હું બચાવી શકું એક વૃક્ષને.**
**કોઈ નવા બનાવેલા કબ્રસ્તાનમાં મારું શરીર ન લઈ જતા,**
**જેથી જમીનનો એક ટુકડો તો બચે, ખેડવા માટે, ખ્મેર ખેડૂતોને,**
**આ વરસના ચોખા રોપવા.'** (પૃ.૧૨૨)

ડૉક્યુમેન્ટરી ફિલ્મ સમી સ્લોવેનિયાના કવિ મિલાન જેસિહની કવિતા 'એક છોકરી ચાલ્યે જાય છે, કાદવકીચડિયા મેદાનમાં'માં ગૃહયુદ્ધની પીડા તારસ્વરે, સ્થાનિક તોયે વૈશ્વિક, કાવ્ય-પ્રત્યક્ષ થાય છે. કાવ્ય-પ્રત્યક્ષ રચતી અન્ય રચના કવિ કો ઉનની 'રસ્તે રઝળતાં છોકરાં'માં ઉત્તર અને દક્ષિણ કોરિયા વચ્ચેના ગૃહયુદ્ધની કરુણાંતિકા રજૂ થાય છે. આ પંક્તિઓ જુઓ :

**'સાબૂરો, પેલો દસ વરસનો રસ્તે રઝળતો છોકરો,**
**જાપાની નામવાળો છોકરો, પેલો સાબૂરો.' (પૃ.૧૨૮)**

એ દસ વરસનો છોકરો જાપાની છે અને એ કોરિયાના રસ્તે રઝળે છે...

આત્મઘાતી ગૃહયુદ્ધના કારણે શ્રીલંકન સમુદાયોના પરસ્પરથી થયેલા વિચ્છેદની વેદના જીન અરસનગયમની કવિતા 'હવે સાવ અજાણ્યાં એકબીજાંથી આપણે'માં રજૂ થાય છે. શ્રીલંકન કવિ જીન અરસાયગમના પરિચયમાં પુનરાવર્તન જોવા મળે છે. (પૃ.૨૨-૨૩ તથા પૃ.૧૭૦) ડાયલસ ટૉમસની કવિતા 'કવિતાની કલા વિશે નોંધો' માટે ગ્રંથકીટ સમા યુગપ્રધાનજીની કૉમેન્ટ જુઓ : 'પૂર્વ ભવે આ કવિ કોઈ યતીન્દ્ર હશે. પુસ્તક માટે આવો પ્રેમ! ખરે જ, ગ્રંથ, જો વાંચતાં આવડે તો, માણસને નિર્ગ્રંથ બનાવી શકે!'

ઍન સેકસ્ટન બોસ્ટનનગરના પરામાં સમૃદ્ધ કુટુંબમાં જન્મેલી. ૧૯ વર્ષની વયે એણે ભાગીને લગ્ન કર્યાં. ૧૯૫૩ અને '૫૫માં બે પુત્રીઓને જન્મ આપ્યા પછી, બંને વાર એણે સાઇકિયાટ્રિસ્ટ ડૉક્ટરોની સારવાર લેવી પડી હતી. ૧૯૫૬માં એણે આત્મહત્યાનો પ્રયાસ કરેલો. ડૉક્ટરે એને ઉપચાર રૂપે કવિતાલેખનની સલાહ આપી. ઍન 'પોએટ્રી વર્કશૉપ્સ'માં જોડાઈ હતી. ત્યાં બીજી વિદ્યાર્થિની હતી સિલ્વિયા પાથ. એ પણ આત્મઘાતી મનોવિક્ષિપ્તતાના ઉપચાર માટે કવિતાલેખન પાસે આવી હતી. એની પાસેથી ઉત્તમ કાવ્યો તો મળ્યાં, પણ ૧૯૬૩માં એણે આત્મહત્યા કરી હતી. ઍન સેકસ્ટનની કવિતા 'તારાખચિત રાત્રિ'ની શરૂઆત 'શહેર તો ક્યાંય છે જ નહીં' પંક્તિથી થાય છે, ને આ કાવ્યમાં ધ્રુવપંક્તિની જેમ પુનરાવર્તન પામતી પંક્તિ છે : 'ઇચ્છું છું આમ જ મોત પામવાને હું.' આ કવિતા આ યુગની એક આંતરછબિ પણ આલેખે છે. વિલયમ કાર્લોસ વિલિયમ્સની અનોખી કવિતા 'એક ઘરડી બાઈ માટે'માં આ કવિ 'અદના આદમીની અદ્ભુત મોજનાં ચિત્રો આલેખી બતાવે છે, સ્વાદની કલ્પના થકી! તો ભુતાનના કવિ ચાડોર વાङ्મો 'બાળક આયાનનો શાંતિસંદેશ' કવિતામાં આજની વેરણછેરણ માનવજાતના કૉલાજનો એક ટુકડો પ્રત્યક્ષ કરાવે છે.

વિશ્વયુદ્ધ અને એ પછીનાં યુદ્ધો, ગૃહયુદ્ધોના કારણે માણસ છિન્નભિન્ન થતો ગયો. એની પીડા, એકલતા, હતાશા-નિરાશા, વિષાદ, ઈશ્વર સામે વિદ્રોહ વગેરે 'આજ'ની,

'માણસ' તથા 'ઈશ્વર' વિશેની કવિતાઓમાં પ્રગટ થાય છે. આમિર ઓરની કવિતા 'જ્યારે હું પહોંચ્યો પરમાત્મા પાસે'માં પરમાત્મા પણ સાવ એકલો, હાંકી કઢાયેલો, ભાગેડુ, ભટકતો જોવા મળે છે! તો ચિંતક કવિ ચેશ્લોફ મીવોશ (એમનાં કાવ્યોનો અનુવાદ હેમંત શાહે કર્યો છે.) કહે છે, 'કદાચ ઈશ્વર નથી.' તો, તીખા ઇઝરાયલી કવિ આલ્મોગ બેહારની કવિતા 'પ્રિમો લેવી માટે'માં – 'આઉશિવત્ઝ' (હિટલરનો કોન્સરટ્રેશન કૅમ્પ-યાતનાશિબિર)ના દરવાજા ખૂલે છે અને એમાંથી 'લોકોના પડછાયા' બહાર નીકળે છે ત્યારે ત્યાં દરવાજે ઊભેલો ભગવાન રોઈ રોઈને માફી માગે છે! આ કવિતાની અંતિમ પંક્તિઓ –

**'માણસ માણસને માફ કરી દે એ તો બરાબર**
**પણ ભગવાનને માફ કરવા જેવું ભૂંડું બીજું કશું નથી.'** (પૃ. ૧૩૮)

અહીં પણ ભગવાનનો અસ્વીકાર નથી; માફી માગવા માટેય દરવાજે ભગવાન તો ઊભા જ છે, સાક્ષાત્!

ભારતીયોને આ પીડાનો, એકલતાનો, શૂન્યતાનો, વિષાદનો સીધો અનુભવ નથી. ભારતીય મનુષ્ય ઈશ્વર સાથે જોડાયેલો હોઈ એકલો-અટૂલો પડી શકતો નથી. પ્રવીણ પંડ્યાએ હિન્દી કવિ મૈથિલીશરણ ગુપ્તની કવિતા 'મનુષ્યતા'નો છંદોબદ્ધ, સુંદર અનુવાદ કર્યો છે. એની આ છંદમાં ગુંજતી પંક્તિ સાંભળીએ :

**'અનાથ કોણ છે અહીં? ત્રિલોકનાથ સાથ છે,**
**દયાળુ દીનબંધુના ઘણા વિશાળ હાથ છે.'** (પૃ. ૧૮૩)

જો કે, આ કાવ્ય વાંચતાં સવાલ જાગે – આ 'આજ'ની કવિતા છે કે 'ગઈ કાલ'ની?! યુગપ્રધાન ઉત્તેજિત અવાજે કહે છે :

'બ્રહ્માંડ ભલે ગમે એટલું બૃહદ કે ઍબ્સર્ડ હોય, ઈશ્વર ભલે સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન હોય અથવા નિષ્ફળ ગયેલો અને માનવની માફી માગનાર હોય પણ આજની કવિતામાં જે માણસ આલેખાયો છે, એ હાર ખાધેલો, નિષ્ક્રિય, વાણીવિહીન માણસ નથી. વર્ષ ૨૦૦૩માં જન્મેલી સ્વીડનની કર્મશીલ બાલિકા ગ્રેટા થૂન્બેર્ગ જે કહે છે તે સાંભળો : એ કહે છે તેમ No one is too small to make a difference.' (પૃ. ૧૫૪)

સંસ્કૃત પરંપરામાંથી કોવિટે કરેલાં થોડાં અનુસર્જનોના અનુવાદ પણ અહીં સમાવાયાં છે. નમૂના રૂપે મુકાયેલાં આ રતિ-કાવ્યો નિમિત્તે મુગ્ધ રસિકને થાય છેઃ 'ગ્રીક પુરાકથાઓમાં બે દેવ આલેખાયા છે : થાનાતૉસ, જે ભારતીય પુરાકથાના યમરાજ જેવા છે. અને ઇરોસ, જે કામદેવ જેવા છે. આ પુરાકલ્પનોની સહાયથી આપણા સમયની કવિતાના આ આંતરવિરોધનું સ્વરૂપ, એનો મર્મ સમજી શકાય?' (પૃ. ૧૫૨) આ નિમિત્તે, આજના બજારમાં જે શૅમ ઇરોસ, કહો કે કૃતક કામદેવ છે, 'જેનું કામ પ્રજાઓમાં જીવનબળ જગાડવાનું નથી પણ એક જાતની નશાખોરીની લત લગાડવાનું છે'–ની વાત પણ કરાઈ છે.

'માણસ' વિશેની સાંપ્રત વિશ્વકવિતાની વાત કરતાં આપણા લા. ઠા.ની દીર્ઘકવિતા 'માણસની વાત'ને પણ આ રીતે યાદ કરાઈ છે.

'સત્ અને સત્તા, બીઈંગ અને પાવર, એ બે વચ્ચેની વાત મીવોશ કરે છે ત્યારે આપણને લાભશંકર ઠાકરની "માણસની વાત" યાદ આવે. આજના માણસની વાત. ચર્ચિલ, હિટલર, મુસોલિની, સ્ટાલિન આદિના સમયમાં, એકવીસમી સદીમાં એ સમાપ્ત થયેલો જણાતો નથી; હિરોશીમા, નાગાસાકી, વિયેટનામ, અફ્ઘાનિસ્તાન અને રાષ્ટ્રોના સીમાડામાં ન માનતો આતંકવાદ, બધાની સાક્ષીએ એલિયેટ અને ઓડનથી મીવોશ, નેરુદા અને ઓક્ટાવિયો પાઝ જેવા સહુ કવિઓ સત્-ને સમય સાથે, હોવાને ઇતિહાસ સાથે સંકળાયેલાં જોઈ શકે છે. ઈશ્વરની વાત અને માણસની વાત હવે અલગ નથી પાડી શકાતી.' (પૃ.૧૫૭)

વિભાગ ૨/૧માં 'માણસ : આજની ભારતીય કવિતામાં, એક ઉત્કૃષ્ટ ગુજરાતી કવિની નજરે'ના નિમંત્રિત કવિ છે પ્રવીણ પંડ્યા. એમનો પરિચય આપતાં સિતાંશુ લખે છે : 'માણસને કોઈ પણ રૂપે એ હોય તોયે પહેચાની લેવો, એને પડખે એની મુશ્કેલીમાં હેતથી ઊભા રહેવું. માણસના ગૌરવ માટે વખત આવ્યે લડત આપવી, એ પ્રવીણ પંડ્યાનું પહેલું કામ. સાથોસાથ પોતાનાં નાટકો અને કવિતામાં પણ માણસને, આજના અદના આદમીને, એના સંદર્ભો સાથે ઓળખવો-ઓળખાવવો, એ એમની સર્જક લેખે એક લગની.

પ્રવીણ પંડ્યાએ બહિણાબાઈ નથુજી ચૌધરી (મરાઠી, 'માણસ'), જીવનાનંદ દાસનાં માતા કુસુમકુમારી દાસ (બંગાળી, 'આદર્શ છોકરો'), સુદામા પાંડેય 'ધૂમિલ' (હિન્દી, 'મોચીરામ') તથા મૈથિલીશરણ ગુપ્ત(હિન્દી, 'મનુષ્યતા')ની કવિતાઓના સુંદર અનુવાદ આપ્યા છે. ખંડ એકમાં ભારતીય કવિતાના વિભાગમાં ચયન તથા અનુવાદ કમલ વોરા, ખંડ બેના આ વિભાગમાં 'માણસ' વિશેની ભારતીય કવિતાનું ચયન તથા અનુવાદ પ્રવીણ પંડ્યા, 'ઘર' વિશેની ભારતીય કવિતાનું ચયન તથા અનુવાદ પીયૂષ ઠક્કર, 'નગર' વિશેની ભારતીય કવિતાનું ચયન અને અનુવાદ પ્રબોધ પરીખ – આમ આ પુસ્તકની સ-રસ પેટર્ન રચાઈ છે.

ઘરવટો, શેરીવટો, નગરવટો, દેશવટો, માણસવટો, ભોગવવો પડે એવી 'આજ'ના માણસની સ્થિતિ છે. આ પરિસ્થિતિમાં આજનો કવિ 'ઘર', 'નગર'ને કઈ રીતે જુએ છે? સિતાંશુ પ્રિય વાચકને કહે છે : 'ઘરને બહારથી ન જોતાં, પાંખો સંકેલી જરા ઘરની અંદર જઈ એને આજની વિશ્વકવિતામાં આલેખાયેલું જોઈએ.' જાપાની નારી-કવિ એમિકો માયાશિટાનાં ત્રણ હાઈકુથી 'ઘર' વિભાગની શરૂઆત થાય છે. એમાંથી બે હાઈકુ નીરખીએ :

'શ્વેત શ્વેત કમીલિયાનાં પુષ્પ/ને આ ફૂલો કાપવાની કાતર/મારા દાદા/મને વારસામાં દઈ ગયા છે, એ' (પૃ.૧૮૪)

*

'રસોઈઘરમાં સાફ કરું પખાળીને પાંદડાં, / લીલી ઇયળોએ જે છોડ્યું'તું જતાં જતાં / એમની સપાટી ઉપર!'

આ જાપાની નારી-કવિ પોતાના અંગત સમયને કોમળતાથી સમજે છે અને કડકાઈ પણ નારીહૈયાની ઋજુતાથી બતાવે છે! આ અનુવાદ બાબતે સિતાંશુએ નોંધ્યું છે – 'ત્રણ હાઈકુ કાવ્યો, લાંબે અનુવાદે!' મને તો 'લાંબે અનુવાદે' ખૂંચ્યું. જાપાની લિપિ, ભાષા એ ચિત્રની ભાષા છે. આથી પાંચ, સાત, પાંચ અક્ષરોના માળખામાં જાપાની હાઈકુનો આત્મા જાળવતો અનુવાદ શક્ય નથી. આ ત્રણે હાઈકુના અનુવાદમાં મને તો એકેય અક્ષર વધારાનો લાગતો નથી. (થાય કે, સિતાનસુભાય પાસેથી જાપાની હાઈકુના હજી વધારે અનુવાદો મળતા રહે તો કેવું સારું!) હાઈકુ પછીની કવિતા જોસેફ બ્રોડસ્કી(રશિયન-અમેરિકન કવિ)ની 'ઓડિસ્યુસ, ટેલેમેક્સને' છે. સમર્થ યૌદ્ધા ઓડિસ્યુસને તો ઘર છોડવું જ નહોતું એટલે પાગલ થઈ ગયાનો વેશ કાઢેલો; પથરાળ જમીન પર ખેતી કરવા એ હળ ચલાવવા લાગ્યો. પણ ચાલાક પેલામેડસે ઓડિસ્યુસના નવજાત પુત્ર ટેલેમેક્સને એ હળના ફળા પાસે મૂકી દીધો! ને ઓડિસ્યુસને હળ છોડી, ઘર છોડી યુદ્ધ માટે જવું પડ્યું. ગ્રીકસેનાના વિજય પછીયે એને ઘરભેગો ન થવા દીધો; સાગરના અફાટ વિસ્તારોમાં વીસ વીસ વરસ રઝળાવ્યો. આથી તો સિતાંશુ કહે છે, 'ઘર' એટલે શું, એ તો બ્રોડસ્કીના ઓડિસ્યુસને પૂછ.' આ કવિતાની થોડી પંક્તિઓ જોઈએ :

'.....ટેલેમેક્સ, મારા દીકરા, / એક રખડુ માણસની નજરે તો બધા ટાપુઓ / સાવ એકબીજા જેવા લાગે. અને મગજ તો / ગોથાં ખાઈ જાય, દરિયાનાં મોજાં એક બાદ એક ગણતાં ગણતાં, / એ આંખો / બળતરા થાય એમાં, દરિયાના દૂર દૂરના સીમાડાઓ દેખી દેખીને, / ને પાણી નીતરવા લાગે એમાંથી. / એના કાનમાં તો થપાટ દઈ પાણી પેસી જાય.' (પૃ.૧૮૭-૧૮૮)

(આપણાય કાનમાં પાણીની થપાટ વાગે છે ને?) ઘર વગરના ઓડિસ્યુસની વાત પછી તરત નગર વિનાના એન્તોનિઓ માચાડોનું નરી નિરાશ્રિતતાનું આલેખન કરતું, પારકાં ઘરો અને નગરચોકનું ચિત્ર આલેખતું કાવ્ય 'ઉનાળુ રાત' મૂક્યું છે; જેની અંતિમ પંક્તિઓ :

'આ પુરાણી નાનકડી નગરીની આરપાર હું ચાલું છું / સાવ એકલો / ભૂત જેવો.' (પૃ.૧૯૧)

અલ્પખ્યાત નારી-કવિ વિકી ફેવરની કવિતા 'બંદૂક'નો સુંદર અનુવાદ કવિ ઉદયન ઠક્કરે કર્યો છે. ઘરમાં લાવેલી બંદૂક આખા ઘરને કેવું બદલી નાખે છે! – નારી-કવિ જ લખી શકે એવી, નારી-ચેતનાથી રણઝણતી આ કવિતાની થોડી પંક્તિઓ જોઈએ :

'પછી ફ્રીજ ઊભરાવા લાગે પ્રાણીઓથી, / જે કદી દોડ્યાં હતાં, ઊડ્યાં હતાં, / તમારા હાથ ગંધાય ગંધકથી / અને આંતરડાથી. તમે કચડતાં ચાલો / રુવાંટીને અને પીંછાંને તમારાં પગલાં / ઉતાવળાં ઊપડે, તમારી આંખો ચમકે / જાણે તાજા સંભોગ પછી. / બંદૂકથી ઘર જીવતું થઈ જાય છે. / હું જોડાઉં છું રાંધવામાં : છોલવામાં / અને છીણવામાં, સાંતળવામાં અને ચાખવામાં – / ઉત્તેજના વ્યાપી વળે છે મને, મહાકાળ / આવ્યો છે ઉજાણીએ, પગેરું દબાવતો / શિયાળુ વગડામાંથી.' (પૃ.૧૯૨-૧૯૩)

પાકિસ્તાનના કવિ અખ્તર હુસૈન જાફરી ઇચ્છે છે આકાશમાં એક તારા ઉપર ઘર બાંધવા! આમ, ઘર આંખ સામે જ ને આમ કેટલું દૂર?! આતંકવાદીઓએ અફઘાન લોકો પર કરેલા 'ઉપકાર' વિશેની અફઘાન કવિ મોહમ્મદ અફસર રાહબીનની કવિતાની આ પંક્તિઓ સંવેદીએ :

'કયા આતંકવાદી સંગઠને / સાગરના પેટાળમાં મોટો બૉમ્બવિસ્ફોટ કર્યો? / બસ એક જબરજસ્ત દરિયાઈ મગરમચ્છ / ડાચું ફાડતો ધસી આવ્યો / ને ઘસડી ગયો અમારા આખાયે કાંઠાને.' (પૃ. ૧૯૭)

આટલી પીડા-વેદના છતાંય આ કવિ કહી શકે છે :

'વસંત ફરી આવશે

... ...

મારા મનમાં સાચવેલી તારી મીઠી સ્મૃતિઓનો ભારો / હું માથે મૂકી વાડીએ લઈ જઈશ / જેથી, પછી, / વાંસના પેલા મોટા ઝુંડમાંનો દરેક સૂકો વાંસ / બની જશે શેલડીનો સાંઠો.' (પૃ. ૧૯૯)

થાઇલૅન્ડના યુવા કવિ અઙ્ગકર્ણ છન્તાતિપની કવિતા 'ઘરો અને માણસો' તથા બાંગ્લાદેશના કવિ નિર્મલેન્દુ ગૂનની કવિતા 'આજે હું લોહી વહેવડાવવા નથી આવ્યો' ભાવકચેતનામાં વસી જાય છે.

સર્બિયાના વિખ્યાત કવિ વાસ્કો પોપાની, 'The Little Box' શ્રેણીનાં સાત કાવ્યોનું ગુચ્છ – 'ડબ્બી સપ્તક' અહીં સમાવ્યું છે. આ કાવ્યો અગાઉની નોંધ જોઈએ : 'The Little Box' શ્રેણીની રચનાઓ વિખ્યાત છે. આપનાં દીવાસળીની પેટી જેવાં ઘરોની વાત એમાં છે, એવું કશું કહેતાં તો એમની વ્યંજનાઓ સાવ સમેટાઈ જાય અને એની સર્-રિયાલિટી કે એનું અતિવાસ્તવ. પણ 'ઘર' એયે એનો એક કાવ્યાર્થ નથી, એવું ન કહી શકાય.' (પૃ. ૨૦૪)

'આજે' જો આપણે ઘરનું ઘર બાંધવું હોય તો એ કેવું અને ક્યાં બાંધવું જોઈએ એની સલાહનું કાવ્ય દક્ષિણ કોરિયાઈ કવિ કો ઉન પાસેથી મળે છે – 'ઘરનું મકાન' એની પંક્તિઓ સમજીએ :

'ઘણે ઊંચે બાંધજો, / જેથી પેલા કોઈ મારને એની જાણ ન થાય. / ઘણે ઊંડે બાંધજો, / જેથી કોઈ બુદ્ધને એની જાણ ન થાય.' (પૃ. ૨૧૨) અંગ્રેજીમાં પાઠ છે : 'Build it high so no devil will know. / Build it deep so no Buddha will know.'

આ કવિએ યુવાનીનાં દસ વરસો એક બૌદ્ધ મઠમાં આશ્રય શોધ્યો હતો! 'પણ ક્યાં ક્યાં નહોતાં આ માણસનાં ઘર? નાનકડા ગુનસાન ગામના ખેતરમાં, પેલા આઘે આઘેના જેજુઠો ટાપુમાં, સત્તાધીશોની રાજધાની સોઉલમાં અને મારપીટ અને ટૉર્ચરથી ભર્યા કારાગારમાં પણ.' (પૃ. ૨૧૨)

'કવિ-ચિત્રકાર, એવા સહજ શક્તિમંત સર્જક 'વળી એ 'બહાર'-ના ઘૂમનારા નહીં. 'અંદર'-માં વસનાર માણસ છે' - એવા પીયૂષ ઠક્કરે 'ઘર' વિશેની ભારતીય કવિતાના વિભાગમાં ચયન તથા અનુવાદ કર્યા છે. એમણે અરુણ કમલ ('નવા ઇલાકામાં'), મંગલેશ ડબરાલ ('ઘર', 'ઘરનો રસ્તો', 'ઘર શાંત છે', 'ઘરનો દેહ', 'ઘર હરહંમેશ દૂર હોય છે' તથા વિનોદકુમાર શુકલ ('ખૂબ આઘેથી પોતાનું ઘર જોવું જોઈએ')ની કવિતાઓના સહજ-સુંદર અનુવાદો આપ્યા છે. એમાંથી અરુણ કમલની કવિતાની અંતિમ પંક્તિઓ જોઈએ :

'હવે આ જ એક ઉપાય છે દરેક દરવાજે ટકોરો મારો / અને પૂછો – / શું આ જ એ ઘર કે?' (આપણા ગુલામમોહમ્મદ શેખ યાદ આવે છે? – 'હળવે રહી / આ ઘર ઉતારી / તે ઘરે પેલા ઘરે / હજી પામ્યો નથી તેવા ઘરે / નીકળી પડું.')

'નગર : આજના જગતની કવિતામાં' વિભાગની શરૂઆત પણ ત્રણ કવિ સૅન્ડબર્ગ, કેવેફી, એલેક્સી એવા ક્રમને ઉથલાવીને થાય છે, ક્રમભંગથી પ્રવાસની મઝા વધે એથી સ્તો. કાર્લ સૅન્ડબર્ગની જાણીતી કવિતા 'શિકાગો'નો ઉત્કર્ષ મઝુમદારે 'નિનાદ સમર્થ' અનુવાદ કર્યો છે. જેમાં કવિએ ઉત્સવ કર્યો છે એક શ્રમજીવી નગરનો, અડીખમ મજૂરોનો, જેમને મન મૂડીવાદે જન્માવેલા મધ્યમવર્ગનાં મૂલ્યોની ઝાઝી કિંમત નથી.' બીજી કવિતા છે આફ્રિકન કવિ મોંગાને સેરોટેની 'શહેર જોહાનિસબર્ગ'. એમાંથી કેટલીક પંક્તિઓ જોઈએ :

'જોકે મોત તો મારું એટલું નજીકનું સગું થાય / જેટલો પોપચાંનો પલકારો આંખનો.' (પૃ. ૨૩૧) 'જ્યાં માંસમાં ઘૂસતા છરાની જેવું લપકતું હોય મરવું, / ત્યારે હું અડકીને અનુભવું છું ઊંડાં ઊંડાં મૂળિયાં તારી તાકતનાં, / અને મારી નિર્બળતાનાં' (પૃ. ૨૩૧) 'આંસુઓના રેલા ચુપચાપ વહે છે એ ચહેરાઓ પર, જેમ દડૂડા / પાણીના જમીનને કાપતા વહે માટી સોંસરવા. / શહેર જો'બર્ગ, તું કોરુંકટ છે, મોત જેવું.' (પૃ. ૨૩૩)

'રેડ ઇંડિયન' કવિ શેર્મન એલેક્સીની કવિતા 'દુનિયાના અંત ટાણેનું ઉજવણું'માં પર્યાવરણનો ને આદિવાસી જીવનનો હ્રાસ કરતું કરાલ, વિકરાળ રૂપ જોવા મળે છે. એની પંક્તિઓ જોઈએ :

'એ સાલમન માછલી રાતના અંધારામાં હવામાં ઊંચી કૂદે અને ફેંકે / વીજળીનો એક કડાકો મારા પગ પાસેના ઘાસફુસ પર અને કરે / એક ભડકો આગનો જે ફેલાય અમારા / સહુ, અહીંના આદિવાસીઓના હવે તો ખોવાઈ ચૂકેલા એકેએક ઘર સુધી.' (પૃ. ૨૩૬)

*

'હું નાચું, મારા આદિવાસી ભાંડરાં ભેળો, / આખી દુનિયાનો અંત આવ્યાના ઉજવણામાં.' (પૃ. ૨૩૭)

તળેગાંવકર પ્રતિભાવ આપે છે : 'બાપ રે બાપ! એ તો રાવણબાણ વાગ્યાં હોય તે જાણે! આણે તો શું શું સહ્યું નથી?' 'રામબાણ'ના બદલે 'રાવણબાણ'! આખા ગ્રંથમાં સિતાંશુની સર્જકતા છલક્છલક છલકાતી, મરકમરક મલકાતી અનુભવાય છે.

ઇથાકાઓનો મૂળ અર્થ શો થાય છે એની વાત કરતી કેવેફીની જાણીતી કવિતા ‘ઇથાકા’ની આ પંક્તિઓ જોઈએ :

‘ઇથાકાએ તો તને આ અદ્ભુત પ્રવાસ આપ્યો. / એના વિના તેં ક્યાંથી કર્યું હોત પ્રસ્થાન? / એની પાસે બીજું કશું બચ્યું નથી તને આપવા સારું, હવે.’ (પૃ. ૨૪૧)

આ વિભાગમાં યેવ્તુશેન્કોની વિખ્યાત કવિતા ‘બાબી યાર’નો ઉત્કર્ષ મઝુમદારનો સુંદર અનુવાદ ઉપરાંત મનાલ મુબારકની ‘ચોખ્ખાં પાણીનો ટાપુ’, ગોલ્વે કિનલની ‘પરોઢિયે’, કો ઉનની ‘ઘર’ તથા ‘માનનીય બાનુ ચોઈ કુમ્જા’ તથા ઍડમ ત્ઝાગાજવ્સ્કીની ‘તીતીઘોડા’નો સમાવેશ થયો છે. ઍન સેકસ્ટનનો પરિચય તથા કવિતા ‘તારાખચિત રાત્રિ’ અગાઉ ખંડ બેના વિભાગ ૧ : માણસ અંતર્ગત પેજ ૧૬૨-૧૬૩ પર આવી ગઈ છે એ અહીં પણ મુકાઈ છે. (પૃ. ૨૫૪-૨૫૫)

બહેન ભાવયિત્રી કહે છે : ‘માણસ, ઘર, નગર – આ ત્રણ વચ્ચે એક પોલિફની, સ્વરબહુલતા તો હોય. પણ એમાંથી કોઈ સિમ્ફની નીપજે છે કે કેકફની, સંગીતનો કોઈ (ભલે બહુતાલ પણ) રાગ કે માત્ર કોલાહલ, એ સવાલ આજે વિશ્વ સામે, વિશ્વકવિતા સામે ખડો છે. (પૃ. ૨૬૧)

સિતાંશુ કહે છે : ‘ઘર અને નગર, એ બે વચ્ચેનો તાલમેલ તૂટે ત્યારે પેલી સિમ્ફની અસ્તવ્યસ્ત થઈ જાય. કેટલાંક ઘરને નગરની લગભગ બહાર ફેંકી દીધાં હોય ત્યારે કવિવર નરસિંહ આવે અને ત્યાં જઈ ભોર થાય ત્યાં સુધી જાગીને ભજન કરે. અથવા ગાંધી આવે ને એ જ હરિના જનોને પોતાના આશ્રમમાં ઘર આપે.’ (પૃ. ૨૬૨) નરસિંહ, ગાંધી ઉપરાંત આ નિમિત્તે તેઓ માર્ક્સ, લોહિયા, રવિશંકર મહારાજ તથા આંબેડકરને પણ યાદ કરે છે.

‘નગર : આજની ભારતીય કવિતામાં’ વિભાગમાં ચયન તથા અનુવાદ માટે નિમંત્રિત કવિ છે પ્રબોધ પરીખ. – ‘આપણા એક અને અજોડ પી પી દાદા, કવિ-ફિલ્મકાર-સહૃદય ચિત્રકાર,’ ‘નિરંતર પ્રવાસી દેશ-દેશાવરના અને પુસ્તકોની વ્યાપક દુનિયાના. આ વિભાગમાં શક્તિ ચટોપાધ્યાય (‘વહેલી સવારે કલકત્તા’, ‘મારી ગેરહાજરીનો લાભ લઈને’, ‘પર કાન માંડો તો’, ‘દુઃખ’), કે. સચ્ચિદાનંદ (‘મારું શરીર, એક શહેર’), મલ્લિકા અમર શેખ (‘મહાનગર’માંથી પાંચ રચનાઓ) તથા નીરેન્દ્રનાથ ચક્રવર્તી (‘કલકત્તાનો જિસુ’)નો સમાવેશ થયો છે.

આ કાવ્ય-પ્રવાસમાં હળવી રમૂજ તો સતત ચાલતી રહે છે. એક ઉદાહરણ આપું–મુગ્ધજી સિતાંશુને કહે છે : ‘તમે સમજાવો છો એટલે મને વધારે ગૂંચ પડે છે.’

(ભગતસાહેબના શિષ્યો કહેશે : ‘નગર’ વિશેના આ વિભાગમાં બૉદલેર અને નિરંજન ભગત કેમ નથી?!)

(૬)

‘માણસ, ઘર, નગર ત્રણે અને ચોથી આ પૃથ્વી. એને કેવી કેવી સાર્થકતાથી ભારતની ભાષાઓ ‘ધરણી’ કહે છે. આ ચારે વચ્ચે સંવાદ રચી શકાય કે વિસંવાદ, એ વિશે હવે ત્રીજો ખંડ, આ પુસ્તકનો.’ (પૃ. ૨૬૧)

ખંડ ત્રણ : આત્મહત્યા કે નવજીવન? ખંડ ત્રણની શરૂઆતમાં મધુ રાયની નાટ્યાત્મક એન્ટ્રી થાય છે, 'કલ્પતરુ' નામના યુગવિમાનમાં! મધુ રાય અને સિતાંશુ વચ્ચે હળવી રમૂજ(પણ આંતરવહેણમાં ગંભીર)ની છોળો ઊડે છે. – જેમ કે, મધુ રાય : 'કેટલાંક કરમો વિશે ઢીલ નવ ચાલે.' 'હેહ, હેહ, હેઠે તો દુવારકાધીસનો દરિયો છે ને મને તમારી ચિંતા નથી, ગમે તે સુનામીને તમે પોંચી વળો એવા છો', 'કોક કવિતા ફટકારો ને, ન્યુમેરો ઉનો, કે બધી બબાલ બંધ થાય.'

આ ખંડનો ઉઘાડ અલ્પખ્યાત નાઈજિરિયન કવિ તાનુરે ઓજાઈદેની કવિતા 'એ કાંઈ જરૂરી નથી કે...'થી થાય છે. જેની અંતિમ પંક્તિઓ જોઈએ :

**'તમે માત્ર માણસ હો એ જરૂરી છે,**
**બીજા માણસની દશા જાણવા માટે.'** (પૃ. ૨૮૮)

(પંડિતજી, હવે ફટકારો સુંદરમ્! 'હું માનવી માનવ થાઉં તો ઘણું.')

ખંડ-ત્રણના પહેલા વિભાગનું નામ 'પલટન રોડ' શા માટે? – "'પલનટ રોડ' એટલા માટે કે અગાઉ ત્યાંથી અંગ્રેજોના આર્મીની પ્લેટૂનો કૂચકદમ કરતી... દશકો પછી ત્યાં જવાનું થાય છે ત્યારે ક્યારેક આંખમાં કવિતા હોય તો મને એ પલટન રોડ પર કૂચકદમ કરતી પલટનો દેખાય છે." (પૃ. ૨૯૧)

આવી ભૂમિકા પછી ત્રણ કાવ્યોએ રચેલો ત્રિભેટો – શ્રીલંકન કવિ રૂવાન બંધુજીવાની વક્રોક્તિ થકી ઘણું બધું ધ્વનિત કરતી કવિતા 'રેશમ રસ્તો', ચીની કવિ યાન્ગ લીઆનની પર્યાવરણ વિશેની કવિતા 'વનમાં હિંસા' તથા સ્પેનિશ નારી-કવિ એન્રિક મોયાની કવિતા 'મારો જીવ પાંદડાનો છે'. (અનુ. કમલ વોરા) આ કવિતા માટે તળેગાંવકર કહે છે :

'જીવનનું એક સળંગ વહેણ અને હિંસાની એક સળંગ સાંકળ, બન્નેને એક લાઘવયુક્ત કાવ્યમાં મૂકી આપતી આ રચના પર્યાવરણ અંગેની સાચી સમજણને કેવી કવિતાની રીતે પહોંચાડે છે. (પૃ. ૩૦૦)

ખંડ ત્રણ, વિભાગ-૨ : કિલર ફીલ્ડ્ઝની શરૂઆત કવિવર ડબ્લ્યુ. એચ. ઑડનની અમર કવિતા 'સપ્ટેમ્બરે ૯, ૧૯૩૯'થી થાય છે. જેની અંતિમ પંક્તિઓ છે: 'એકમેકને ચાહીએ આપણે, અથવા પામીએ મોત.' (પૃ. ૩૦૨)

ત્યારબાદ જીવલેણ યુદ્ધમોરચે લડેલા ત્રણ યુવા કવિઓની કવિતા : ઝીગ્ફ્રીડ સાસૂનની 'સોલ્જર', માત્ર ૨૯ વર્ષની વયે યુદ્ધમાં ખપી જનાર, પહેલા વિશ્વયુદ્ધના સોલ્જર, અલ્પખ્યાત કવિ ઇસાક રોઝેન્બર્ગની 'યુદ્ધની ખાઈઓમાં પરોઢ' અને ત્રીજી કવિતા ઈરાનના કવિ ગારૂસ અબ્દોલમાલેકિયાનની 'સ્તબ્ધતા' (અનુ. : જેલમ હાર્દિક)

યુવા સૈનિક કવિઓનાં આ ત્રણ કાવ્યોમાં તો ત્રણ જ પરિમાણો દેખાયાં, પરંતુ યુદ્ધનાં અનેક પાસાં – વિવિધ દૃષ્ટિકોણથી બતાવતાં કાવ્યો – સીમસ હીનીનું 'આઝાદીના મતવાલાઓ માટે નિવાપાંજલિ', વોલ સોમિન્કાનું 'સિવિલિયન અને

સોલ્જર', મહમૂદ દરવિશનું 'મિલિટરી કોર્ટ સામે બર્ટોલ્ટ બ્રેખ્ટનું નિવેદન' (અનુ. હેમંત શાહ), મેરિલ ગ્લાસનું 'પણ તું ન આવ્યો'નો સમાવેશ થયો છે.

સિતાંશુ કહે છે : 'મધ્યકાલીન કવિતામાં માનવજીવનની ભંગુરતાની પડછે એક ટ્રાન્સેન્ડેન્ટલ કે પરાત્પર શક્તિની નિત્યતા આલેખાતી હતી. એ શક્યતા આસ્તે આસ્તે ઝાંખી થવા લાગી, તૂટવા લાગી, ગરક થવા લાગી અને પછી લુપ્તવત્ થઈ ગઈ જણાય છે, આજે, વિશ્વકવિતામાં.' (પૃ. ૩૨૫)

શ્રદ્ધાલોપની એ પ્રક્રિયાને દરિયાકાંઠે કાદવમાં ફસાયેલી થોડી સ્ટાર ફિશના કલ્પનથી વ્યક્ત કરતું ગોલ્વેકિનલનું કાવ્ય 'પરોઢિયે' આ વિભાગમાં પણ મુકાયું છે. (પૃ. ૨૫૩, પૃ. ૩૨૬) આ વિભાગના અંતે એલ્વિન પૅન્ગનું લઘુકાવ્ય 'વિપળ' મુકાયું છે:

**'એક એવી હોય છે વિપળ**
**જ્યારે પરિચિત બધુંયે ખોવાઈ જાય છે**
**અને હું એને ખોળી કાઢવાને મથું છું.'** (પૃ. ૩૨૯)

બહેન ભાવચિત્રી કહે છે : 'આ નાનકડો કવિ એલ્વિન પૅન્ગ જે મૉમેન્ટની વાત કરે છે, એ આ પુસ્તકની તો વિપળ છે. અને એ વીજળીના ઝબકારે આપણે પણ 'એને ખોળી કાઢવાને' મથીએ.'. (પૃ. ૩૨૯)

કવિતાની અને જીવનની, 'પોતપોતાની સમજણનાં મોતી પોતાના ચિત્તમાં રચાય' એ માટેનો અવકાશ સિતાંશુએ આ ગ્રંથમાં કરી આપ્યો છે.

ખંડ ત્રણનો ત્રીજો વિભાગ છે 'પ્રેમપંથની પાવક જ્વાળા'.

આ વિભાગની શરૂઆતમાં સિતાંશુ આફ્રિકાખંડની પ્રજાની પીડા અને અવહેલનાને યાદ કરતાં કહે છે : 'પીડા, પ્રતિકાર, સાધના, નવો પ્રતિકાર, જાનફેસાની, અણનમ લડત અને નવું પરોઢ – એ પ્રલંબ પ્રક્રિયા જો કોઈ કવિતામાં જોવી હોય તો એ આફ્રિકા ખંડના વિવિધ દેશોના કવિઓની કવિતામાં જોવા મળે.' (પૃ. ૩૩૦)

આફ્રિકન કવિ વોનાની બિલાની કવિતા 'મને પ્રેમ આપ, રુવાણ્ડા!'થી આ વિભાગનો ઉઘાડ થાય છે. એની આ પંક્તિઓ જોઈએ :

'રુવાણ્ડાનાં છોકરાં અલોપ થઈ ગયાં છે / જીવજંતુ જેવાં. / ક્યાં છે ઓએયુ? ક્યાં છે યુએન? / પણ આફ્રિકા શા કારણે છે આમ એક કરુણાંતિકા?'

ત્યારબાદ ત્રણ કાવ્યોનું ગુચ્છ. નાઇજિરિયન કવિ ઓકિગ્બો બીયાફ્રાની સ્વતંત્રતા માટેની લડતમાં યુદ્ધમોરચે મરણ પામ્યા હતા. એમના વિશેની ચિન્વા આચેબેની ઉત્તમ કવિતાનો સુંદર અનુવાદ સિતાંશુની કલમે. અનુવાદમાં ભાષાની સાદગી, લોકબોલી, મરસિયાની શૈલી તથા લય ધ્યાનાર્હ બની રહે છે. થોડી પંક્તિઓ જોઈએ :

**'એ તો ગયો છે ઇંધણ આણવા, પાછો આવવા દો એને.**
**એ તો ગયો છે પાણીડાં આણવા, પાછો આવવા દો એને.**
**એ તો ગયો છે હટાણું ભરવા, પાછો આવવા દો એને.**

**ઓકિગ્બોને આપણે તો ખોળીએ છીએ.**
**નોમાલીઝો!!'** (પૃ. ૩૩૭)

*

**'શૂરા હો શૂરા મારી લોહીની સગાઈના!**
**શૂરા હો શૂરા મારી ઇગ્બોની ભોમકાના!**
**શૂરા હો શૂરા રગત નદિયું વચાળ ખડા!**
**માલિક સાચા હો બધી બાપીકે સંપદાના!**
**એવા ઓકિગ્બો, અમે તુંને ખોળીએ છીએ.**
**નોમાલીઝો!'** (પૃ. ૩૩૮)

'નોમાલીઝો' એટલે be charitable to others, જે 'પરદુઃખે ઉપકાર કરે' તેવા બનો.

તો, ક્રિસ્ટોફર ઓકિગ્બોની કવિતા 'ગાજવીજ તોફાન કી જે!'નો અનુવાદ તો સિતાંશુએ એવા લય-તાલમાં કર્યો છે કે ઉત્કર્ષ મઝુમદાર જેવા કલાકાર ગાઈને, નાચીને એનું મંચન કરી શકે. થોડી પંક્તિઓ જોઈએ :

**'પેલા ગજરાજોનું સૂં થ્યૂં?**
**ગાજવીજ તોફાન કી જે!**

**ગજરાજો સહુ વનના રાજ્જા**
**સૂંઢ ઊંચકે, હાથ ઊંચકે, એક થપાટે**
**ચાર ઝાડવાં થયાં જ જાણો ભોંયભેગલા!'** (પૃ. ૩૪૧)

*

**'પણ હું, આ ઓકિગ્બો!?**
**લઈ લોઢાનો ઘંટ હાથમાં શેરી શેરી ફરતો,**
**'જાગતે રહો, જાગતે રહો' બોલું.**
**ને એયે મોટેથી!** (પૃ. ૩૪૨)

મુગ્ધ રસિક પૂછે : 'આ હાથી અને શિકારી અને એ બધું શું છે, આંય કણે, સીતાનસુભાય?' જવાબ : 'હાથી એટલે આફ્રિકાના જુલમી રાજ્યકર્તાઓ, શિકારીઓ એટલે આ રાજ્યકર્તાઓના મળતિયાઓ. ગાજવીજ તોફાન, તે અલબત્ત ક્રાન્તિનો પવન.'

અદ્‌ભુત અનુવાદો ઉપરાંત, કવિતા વિશેની વાત્યુંમાંય સિતાંશુએ ગુજરાતી ભાષા પાસેથી, બોલી પાસેથી કેવું કામ લીધું છે! 'આંય કણે' જેવા શબ્દો આ પ્રકારના ગ્રંથમાં, આ પૂર્વે કદી ભાળ્યા નથી. ખરું ને! તથા હળવી વેઇનમાં રમૂજની લહેર તો સતત વહેતી જ હોય – 'ક્યારેક થાય છે કે મુગ્ધની વાત વિદગ્ધની વાત કરતાં ક્યારેક વધારે સાચી હોય છે.' (પૃ. ૩૪૨)

આમા આતા આઇડૂની કવિતા 'જાણકાર માણસની નજરે'ની શરૂઆતની તથા અંતિમ પંક્તિ જોઈએ :

**'જાતે લીધેલો દેશવટો પણ**
**આખર કોઈક કેદખાનું જ તો છે.'** (પૃ.૩૪૪)

*

**'ઘેર પાછા જવું, એ એક અલગ વાત છે.'** (પૃ.૩૪૫)

નાઇજિરિયાના કવિ વૉલ સોયેન્કાની પ્રેમ વિશેની આ પંક્તિઓ ચિત્તમાં વસી જાય છે :

'જરીક અમથા પ્રેમ વડે / જરીક અમથા પ્રેમ વડે, એક વાર, મેં ઇચ્છા કરી : / પીડા પર અંકુશ રાખવાની. / એક નાનકડી પાળ, છોટાં છોટાં છીપલાંની બનેલી, / કઈ રીતે ખાળી શકી પૂરનાં પ્રચંડ પાણીને?' (પૃ.૩૪૬)

કવિ સિતાંશુના બદલે આ અનુવાદ અન્ય કવિએ કર્યો હોત તો, 'છોટાં છોટાં છીપલાં'ના બદલે 'નાનાં નાનાં છીપલાં' હોત. આ ગ્રંથની મોટા ભાગની કવિતાઓના અનુવાદ સિતાંશુએ કર્યા છે. (આ લેખમાં સિતાંશુ સિવાયના અનુવાદકોના અનુવાદ ઉદાહરણરૂપ મૂક્યા છે એમાં તેમનાં નામ લખ્યાં છે, એ સિવાયના અનુવાદો સિતાંશુના છે.) આ કાવ્યાનુવાદો માટે સિતાંશુએ એમની સર્જકતાનો પૂરેપૂરો રસકસ કાઢ્યો છે. કાવ્યાનુવાદમાં વાવડો, પાણીડાં, ભાંડરાં, ભોંયભેગલાં જેવા શબ્દો, લય, ભાષાકર્મ આદિ જોતાં આ અનુવાદોય અનુસર્જન સરીખા થયા છે. કેટલીક કવિતાઓના અનુવાદ એમણે ઉદયન ઠક્કર, કમલ વોરા, પ્રબોધ પરીખ, પીયૂષ ઠક્કર, ઉત્કર્ષ મઝુમદાર, હેમંત શાહ, પ્રવીણ પંડ્યા, જેલમ હાર્દિક, અભિમન્યુ આચાર્ય, અલકા દેસાઈ-શર્મા તથા અનિલ જોશી પાસે કરાવ્યા છે.

પ્રેમનાં અનેકવિધ રૂપો દર્શાવતી, વ્યાપક અર્થ ઉઘાડતી ઉત્તમ કવિતાઓના સુંદર અનુવાદો આ વિભાગમાં સમાવાયા છે. આ વિભાગમાં ઓછું જાણીતું નામ – અલકા દેસાઈ-શર્મા ધ્યાન ખેંચે છે. અલકા દેસાઈ અસમ ગણ પરિષદના સંઘર્ષશીલોની સહાયમાં તરુણવયે ગુવાહાટી ગયેલાં, ત્યાં સંઘર્ષમાં સક્રિય ભાગ લીધો, યુવા નેતા નગેન શર્મા સાથે સ્નેહલગ્ન કર્યાં, ઉલ્ફાના આતંકવાદીઓએ નગેન શર્માની હત્યા કરી. ભાંગી પડવાના બદલે અલકા દેસાઈ-શર્માએ પતિનું અધૂરું કામ ઉપાડી લીધું. અલકા દેસાઈ-શર્મા પાસેથી પ્રેમપંથ પ્રવાસી, યુદ્ધવીર હો ચી મિન્હ, ટિક ન્હાત હાન, યેદુર વાંગ્ચુક, અલ મહમૂદની કવિતાઓના સહજ-સુંદર અનુવાદો પ્રાપ્ત થયા છે. વીડિયો કૉન્ફરન્સ થકી અલકા દેસાઈ-શર્મા કાવ્યયાત્રીઓ સાથે જોડાય છે ને આછેરા સ્મિત સાથે કહે છે :

'આ દીર્ઘકાલીન યુદ્ધનો પ્રભાવ વિયેતનામના સાહિત્યસર્જન ઉપર હોય એ સ્વાભાવિક છે. કવિતામાં ત્રણ સ્પષ્ટ ધારાઓ જોવા મળે છે : એક, વિયેતનામના લોકોનો બુલંદ પણ શાંત સૂર, જે હો ચી મિન્હની કવિતાઓમાં છલકે છે; બીજી, અહિંસા તથા કરુણાના વ્રતી બૌદ્ધસમાજની વ્યથા વ્યક્ત કરતી ધારા, જે ટિક ન્હાત હાનની કવિતાઓમાં વ્યક્ત થાય છે; અને ત્રીજી ધારા તે વિયેતનામના યુદ્ધમાં

જોડાયેલા, પોતાના દેશની સરકારના આદેશનું પાલન કરતા અમેરિકન સૈનિકોની, તેમના પરિવારજનોની કહાણી રજૂ કરતી ધારા.' (પૃ. ૩૭૩)

ઉદાહરણ રૂપે આમાંથી એક કવિતા જોઈએ, હો ચી મિન્હની 'મંઝિલના માર્ગે' :

'મારા હાથપગને બેડીઓમાં જકડી શકે, / ડુંગરાઓ પર ગુંજતાં પક્ષીઓના કલરવને કે વસંતનાં ફૂલોની મહેકને / કોઈ રોકી શકે? / એનો આસ્વાદ મારી એકલતાને ટૂંકી કરે, / અને મારી લાંબી યાત્રા સુગમ થાય.' (પૃ. ૩૭૬)

ખંડ ત્રણના વિભાગ-૩નો અંત પણ કેવો દૃશ્યાત્મક! : કાવ્યાકાશમાં શોભી રહ્યાં છે નવે કાવ્યયાત્રીઓના યાનનાં છત્રોના રંગ, મેઘધનુષ જેવા! હવે યાનોને ક્યાંય લઈ જવાના નથી. કારણ? નવ યાનોની સામેના કાવ્યમેઘ પર કવિઓ સ્વયં પધારે છે ને મેઘમંડપમાંથી કાવ્યપાઠ કરે છે! આ કવિઓ છે પાબ્લો નેરુદા, માર્ગારેટ ઍટવુડ અને સેઝાર વાયેજો.

નેરુદાની કવિતા 'સહુથી ઝાઝેરી શોકાકુલ પંક્તિઓ લખી શકું હું આજની રાતે'ની થોડી પંક્તિઓ માણીએ :

> **'લખીશ, જેમ કે, 'રાત તૂટીને ટુકડેટુકડા થઈ ગઈ છે**
> **અને દૂર દૂર સુધી ભૂરા પડી ગયેલા તારાઓ ટાઢમાં થથરે છે.'** (પૃ. ૩૮૬)

*

> **'સાંભળું આ અમેય રાત્રીને, અધિક અમેય એના અભાવમાં.**
> **આ પંક્તિઓ ઝરે આત્મા પર મારા, જેમ ઝરે**
> **ઝાકળનાં ટીપાં ઘાસનાં મેદાન પર.'** (પૃ. ૩૮૬)

માર્ગારેટ ઍટવુડની કવિતા, 'ક્રમે ક્રમે'ની આ પંક્તિઓ સંવેદીએ. (અનુ. ઉદયન ઠક્કર) :

'ક્રમે ક્રમે મારા કિનારા / ઓગળતા જાય છે અને હું બદલાઉં / છું એક ઇચ્છામાં, / ઇચ્છા – તારા સમેત / વિશ્વને મારામાં સમાવવાની, ત્વચા થકી, / કોઈ વનસ્પતિ યુક્તિપૂર્વક પ્રાણવાયુને સમાવીને / લીલા, શાંત દહનથી જીવે, તેમ.' (પૃ. ૩૮૯)

સેઝાર વાયેજોની કવિતા 'ટોળાં (માસીઝ)'ની અંતિમ પંક્તિઓનો કાવ્ય-ચમત્કાર માણીએ :

'પછી પૃથ્વી ઉપરના બધા જ માણસો / એની ફરતે ઊભા રહ્યા. મડદાએ એમની સામું જોયું, દુઃખપૂર્વક, / ખૂબ લાગણીભરી નજરે, એ / ધીમેથી ઊભું થયું, સામે જે માણસ પહેલો ઊભેલો / એને ફરતે પોતાનો હાથ એણે મૂક્યો / ને ચાલવા લાગ્યું.' (પૃ. ૩૯૧)

ત્યાર બાદ અંતિમ દૃશ્ય, કોઈ આર્ટ-ફિલ્મના છેલ્લા દૃશ્ય સમું. જેમાં યાન નથી, છત્રો નથી; કાવ્યાકાશે કેવળ નવે રંગો ઝળહળે છે : રાતો, પીળો, ઘનશ્યામ, શ્વેત

પારદર્શી, દૂધ જેવો સફેદ, મેઘધનુષી, લીલો, ભૂરો અને સોનેરી છાંટણાવાળો રૂપેરી! – જાણે સાંપ્રત વિશ્વ-કવિતાના રંગો! કાવ્યાકાશમાં ને આપણી ચેતનામાં પણ!

ખંડ ત્રણના અંતિમ વિભાગમાં ઉમાશંકર જોશીનું 'વિશ્વશાંતિ' (નિવેદન સાથે) તથા ટી.એસ. એલિયટકૃત કાવ્ય 'The Waste Land'નો હરીન્દ્ર દવેનો અનુવાદ 'મરુભૂમિ'નો સમાવેશ કર્યો છે. અંતે, કાવ્ય, કવિ, ખંડ અને વિભાગ અનુસાર સૂચિ મૂકી છે.

આ ગ્રંથના ઊઘડતા પાને જેમ 'ઇન્યુએટ પ્રજાનું લોકગીત, ધ્રુવ પ્રદેશ' મૂક્યું તેમ ગ્રંથના છેલ્લા પાને 'આપણે મરી જઈએ એ દિવસ : અર્નાન્ગૂ પ્રજાનું લોકગીત, ઑસ્ટ્રેલિયન' મૂક્યું છે, અને આ ગ્રંથની પેટનર્નો એક સુંદર આકાર રચાય છે.

આ લોકગીતના અનુવાદ પૂર્વે સિતાંશુએ નોંધ મૂકી છે : 'પોતાના અંત પછી બીજાઓ માટે એક મોકળી અને ચોખ્ખી જગ્યા મૂકી જવાની વાત જે નિર્મમ સહજતાથી ઑસ્ટ્રેલિયાનો એક આદિવાસી આપે છે, એ સાંભળીને તો સાવ ચૂપ થઈ જઈએ, સુસંસ્કૃત એવા આપણે. એ રચના, આ પુસ્તકના અંત પછીના એક અનોખા નવા ઉઘાડને સૂચવતી આ રચના ગુજરાતી અનુવાદે, જોઈએ.'

**'આપણે મરી જઈએ એ દિવસે**
**વાવડો હેઠો આવે છે**
**લઈ જવા સારુ**
**આપણાં પગલાં.'**

ત્યારબાદ આ ગ્રંથનું અંતિમ વાક્ય : 'એક નવા પુસ્તક માટે એક મોકળી જગ્યા માટેની ખેવનાવાળું આ પુસ્તક બને, તો કેવું સારું!'

આ ગ્રંથમાં આશરે ૧૪૦ જેટલી કવિતાઓ મળે છે, એમાંથી નાના દેશોના અલ્પખ્યાત કવિઓની સંખ્યા ઘણી વધારે છે તથા નારી-કવિઓની કવિતાઓ પણ સારી સંખ્યામાં છે. આ ગ્રંથ આવનારી ગુજરાતી કવિતા માટે પણ મોકળી જગ્યા ચીંધે છે.

(છેલ્લા વિભાગમાં સિતાનસુભૈએ કવિવર ઉમાશંકર જોશીનું 'વિશ્વશાંતિ' મૂક્યું એટલઅ્ અવઅ્ આપડી ગુજરાતી ભાસાનં ખોટું નીં લાગઅ્...

પણ હેં સિતાનસુભૈ, સહિયારી ને તોયે પોતાની આ સફરમોં બઉ મજા પડી. પણ ગુજરાતી કવિતાની સફર ક્યારે? વાટ જોઈએ ને?)

જૂન-જુલાઈ, ૨૦૨૪
અમદાવાદ.

■

# ચાર નવયુવાન વાર્તાકારોના પ્રથમ સંગ્રહ

## (૧)

## 'જાસો' (વાર્તાસંગ્રહ)

– પ્રેમજી પટેલ

[પુસ્તક : 'જાસો' (વાર્તાસંગ્રહ), લે : કિશનસિંહ પરમાર, પ્રથમ આવૃત્તિ : ૨૦૨૪, કિંમત : ₹ ૧૬૦, પ્રકાશક : પોતે, વિક્રેતા : ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ]

વાર્તાકાર કિશનસિંહ પરમારનો હમણાં જ જુલાઈ-૨૦૨૪માં પ્રથમ વાર્તાસંચય 'જાસો' પ્રકાશિત થયો. એમાં તેમણે સોળ વાર્તાઓ સંગ્રહિત કરી છે. આમ તો તેઓ ઈ.સ. ૨૦૧૬થી વાર્તા સર્જનક્ષેત્રે સક્રિય છે. (તેમની 'વગડો' વાર્તા ઈ.સ ૨૦૧૬માં 'એતદ્' સામયિકમાં પ્રગટ થયેલી.) તેમની કળામય નવલિકાઓ પ્રસિદ્ધ સામયિકોમાં ક્યારેક ક્યારેક છપાતી રહેતી હોવાથી વાર્તાકાર તરીકે ગુજરાતમાં તેમની ઠીક ઠીક ઓળખ ઊભી થયેલી છે. આમ અગાઉ ક્યાંક ને ક્યાંક પ્રગટ થયેલી કૃતિઓ 'જાસો'માં મૂકી છે. તે વાર્તાઓને આસ્વાદવાનો તથા તેના સર્જકની કેટલીક વિશેષતાઓનો પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

અંગ્રેજી મથાળું ધરાવતી સંગ્રહની પ્રથમ રચના 'ઑન ધ વે' એકાધિક વ્યંજનાઓ સંકેતતી બળૂકી વાર્તા છે. સમી સાંજે ગાઢ જંગલ અને ડુંગરાળ રસ્તે જતી કાર 'કહોજ' (ખોટકાઈ) પડી છે. તેમાંથી રઘવાયા રશ્મિન અને આરીફ નીચે ઊતરે છે. એકના હાથમાં સિગારેટ છે અને બીજાના હાથમાં મોબાઇલ છે. નેટવર્ક નથી. ગૅરેજ ક્યાં અને કેટલું દૂર છે ? તે પ્રશ્ન છે. રોડની બીજી બાજુ ટીમરુ વેચવા આવેલી કેશી છે. તે આશરે પંદર-સત્તર ગાઉ જેટલું દૂર ગૅરેજ મળે તેવું જણાવે છે. ભલીભોળી કેશી દયાભાવે બંનેને પોતાને ત્યાં રાત રોકાઈ જવા કહે છે. નાછૂટકે એ બે તેની સાથે જાય છે. તેમને ઘરે મૂકી એ થોડે દૂર રહેતી જેઠાણી ભદ્રાને ત્યાં દૂધ લેવા જાય છે. મેલીવિદ્યાની જાણકાર ભદ્રા તેને ઘરે આવેલા શિકારને (બે જણ) ખંખેરી લઈ માંદા પતિની દવા કરાવવા સલાહ આપે છે. કેશીનું મન તે સ્વીકારતું નથી. કેશીની ગેરહાજરીમાં પેલા પીવાના પાણીમાં કોઈ નશાયુક્ત પદાર્થ (અફીણ) ભેળવી દે છે. ત્યાંથી આવીને કેશી પાણી પીએ છે. તેનાથી તેને વેણાચૂંટા થાય છે. થોડી વારમાં તેની અસરથી તેનાં ભાન-સાન લથડી પડે છે. વાર્તાના અંતમાં-અંધકારમાં પેલા તેનું દૈહિક શોષણ કરી તે જાગે તે પહેલાં પલાયન થઈ જાય છે ! જાગ્યા પછી કેશી તે બંનેનું ભલું જ ઇચ્છે છે.

રોડની બે બાજુ બે સંસ્કૃતિનાં પાત્રો જાણે કે સામસામે બે પલડાં મૂકી વાર્તાકારે વાર્તાની દાંડી સ્થિર કરવા પ્રયાસ કર્યો છે. એકમાં ભદ્રા, કેશી અને સુક્રમ આદિવાસી જાતિના લોક છે, તો સામેનામાં સભ્ય સમાજનાં મોટરમાં ફરતાં, સિગારેટ ફૂંકતાં, કાળા માલની હેરાફેરી કરતાં, વ્યાપારી તથા પ્રપંચી માનસિકતાવાળાં પુરુષપાત્રો - રશ્મિન અને આરીફ છે. સર્જકની ઝીણી નિરીક્ષણશક્તિ પ્રાકૃતિક દશ્યનો યથોચિત ક્લોઝ-અપ અને ક્યાંક લૉંગ-શૉટ આપતાં જઈ, ત્યાંના વાસ્તવનો ત્રિપરિમાણીય પરિચય કરાવે છે. જંગલ, રાત્રિ, ડાકણવિદ્યા, તેનો ડર, પશુ-પક્ષીઓના અવાજો અને ક્રિયાઓ વગેરે દ્વારા કૃતિમાં ભય અને રહસ્યમયતાનો પુટ આપે છે. યાને તેમાં આવતું વાતાવરણ વાર્તામાં પ્રાણ પૂરી દેનારું બની રહે છે. અંતે સુજ્ઞ ભાવકને સોય જેવો તીણો અણીદાર સવાલ થાય છે કે આ બેમાં સભ્ય કોણ ? ભાવકચિત્તને ચૂભી જતો આ વિચાર કળાત્મક રીતે વ્યંજિત થાય છે. વાર્તા તેની કળાત્મકતાથી નવી ઊંચાઈને પામે છે.

જે વાર્તાના નામ પરથી સંગ્રહનું 'જાસો' શીર્ષક રાખ્યું છે તે નામની વાર્તા ઈ.સ. ૨૦૧૭માં પ્રકાશિત થયેલી. તે લેખકની શરૂઆતના ગાળામાં સર્જાયેલી કૃતિઓમાંની એક છે. તેને ચાર દશ્યોમાં સંકલિત કરી છે. ગામમાં માતાજીની બાધામાં બકરો વધેરવાની પરંપરા છે. રવજીમુખી, પશો અને મુખીની પત્ની માણેક વગેરે તેનો વિરોધ કરે છે. હમીર, ભાથી વગેરે બલિ વધેરવામાં માને છે. તે બાબતે સામસામે જીદ થાય છે. ભાથીનું જૂથ રાત્રે બોરવઈ ગામે જઈ, ખાનગીમાં સામેવાળા જૂથને પાઠ ભણાવવા નિમંત્રે છે. બીજા દિવસે માના મંદિરની ધજા પર કાળા કપડામાં કશુંક બાંધેલું જોતું ટોળું જોઈને પશો આવે છે. વાત થતાં ઉપર જઈ તે છોડી લાવે છે. તો તે 'જાસો' યાને ચેતવણી અને ધમકી આપતો સંદેશ છે. એમાં રવજીમુખી અને પશાને સંબોધીને લખ્યું છે કે 'તમારા દા'ડા હવે ઢૂકડા છે!' એ વાતની થાણે ખબર પણ કરે છે. વળતા દિવસે ખાખી ડ્રેસમાં પાટીવાળા રૂપે કેટલાક બંદૂકધારીઓ રૂબરૂ આવી રવજીમુખીને તથા પશાને પણ વીંધી નાખે છે. માણેક પોક મૂકે છે. તેનાથી ભાથીને મનોમન પસ્તાવો થાય છે કે 'છાંયડાની લાયમાં આખો વડ કપાઈ ગયો !' પરંપરા સામે નવા વિચારનું ટકરાવું કેવું ભયંકર પરિણામ લાવે છે તે પડઘાય છે. આવા જ વિચારને થોડી અલગ કથાવસ્તુથી 'ધારાવાર' નવલિકામાં વ્યક્ત કર્યો છે. એમાંય બે જૂથો અને ખૂની ખેલ ખેલાય છે !

'માવઠું'ની દીવા ઘઉં પકવવા મથે છે. માલો પાણી આપવાની ના પાડી દે છે. છેવટે પોતાના ખેતરમાં અવાવરું કૂવો છે તે એકલે હાથે ગાળવાની મથામણ કરે છે. જોકે પાટડા પરથી પડી જતાં તેને વાગે છે. તેની આત્મશ્રદ્ધા અને હિંમત જબરી છે. તે જોતાં જાણે પ્રકૃતિ મદદે આવી ચડે છે. માવઠું થવા વાદળાં ઘેરાય છે ને 'હિંમતે મર્દા તો મદદે ખુદા !' કહેવત સાચી પાડતી વાર્તા સુખાંત બની રહે છે. 'માવઠું' શીર્ષક ભાવકચિત્તમાં વિધવિધ અર્થવલયો રચે છે.

'અજાયબ ચહેરો' સાયન્સ ફિક્શન છે. વર્તમાનમાં શરૂ થતી વાર્તા ભૂતકાળમાં અને એમાંથીય જુદા જ અતીતમાં લઈ જાય છે. સમજવામાં ભાવકની કસોટી કરે

તેવી યાને ધીરજ માંગે તેટલી સંકુલ છે. પ્રોફેસર, રૂબી, શૈલી અને અભય - એમ ચાર પાત્રો છે. કેન્દ્રમાં પ્રોફેસર છે. વિજ્ઞાનની 'અજાયબ કણ' શોધવા માટેના પ્રયોગો સાથે જોડાયેલી કથા છે. અહીં મશીન શરૂ થઈને થોડી જ વારમાં અટકી જાય છે. તેની તપાસ કરવા પ્રોફેસર જાતે ટનલમાં ઊતરે છે. તેમની પીઠ પાછળ બોલ્ટ પડવાનો અવાજ આવતાં ટનલમાં બીજું કોઈ છે એનો સંશય જાય છે. એ જ ક્ષણે એક અજાયબ ઘટના ઘટે છે ને તેઓ ભૂતકાળના સમયમાં પરિવર્તિત થઈ જાય છે. પણ તેમની સ્મૃતિ અકબંધ રહે છે. તેમનો ચહેરો યુવાન થઈ જાય છે અને રૂબી સાથેની ક્ષણ આલેખાય છે. તેમને ખબર છે કે રૂબી તો મૃત્યુ પામવાની છે અને શૈલી યુવાન અભયને ચાહે છે. પ્રોફેસર આ જાણતા હોવાથી રડવા લાગે છે - ત્યાં નવલિકા અટકે છે. આવી વિશેષ કલ્પનોત્થ વસ્તુનું સર્જન જે રીતે યથોચિત નિર્વહણ કરે છે તે કાબિલે-દાદ છે. (અંગ્રેજીમાં એચ. જી. વેલ્સે 'ટાઇમ મશીન'ની કલ્પના કરી છે, તે યાદ આવ્યું) અહીં અજાયબ કણ શોધવાનો પ્રયોગ છે. ગુજરાતી સાહિત્યમાં પ્રમાણમાં અલ્પ ખેડાતી આવી વિજ્ઞાનાધારિત વાર્તાઓ જોતાં 'અજાયબ ચહેરો' પ્રથમ હરોળમાં મૂકવી પડે તેવી કળાત્મક કૃતિ છે.

'જનાવર'માં નાયક રમણના રઈ સાથેના લગ્નેતર આડા સંબંધોની વસ્તુ ગૂંથાઈ છે. પત્ની સમુ એ વાત જાણી ગઈ છે. રમણની 'જનાવરવૃત્તિ' અહીં સુપેરે વ્યંજિત થઈ છે. 'વંતરી'માં સંતાનવિહોણી લખી અને પતિ ધૂરાની કથા છે. સમાજ એમાં સ્ત્રીની જ ક્ષતિ જોતો હોય છે. અઘરાંમ ભૂવાનો વિરોધ કરતી લખી છેવટે ટ્રેન નીચે આપઘાત કરી લે છે. પાડાના વાંકે પખાલીને ડામ - જેવો ધ્વનિ પ્રસરી રહે છે.

'ભેખડ'માં શમુના લગ્નેતર સંબંધોની કથા વણાઈ છે. ભાત આપવા નીકળેલી શમુ પિયરના જગા જોડે બજારે ફરી આવે છે. સરસ બહાનું ગોઠવી લે છે. વાર્તાના અંતે દામજી છાશ કૂતરીને પાઈ દે છે. 'ભેખડ' ક્યારે ધસી પડે કશું નક્કી નહીં! 'તણખ' નાયક પરબતના સપનામાં વહે છે. અવચેતન મનમાં પડેલ રમા તરફના ખેંચાણની વાત સપના રૂપે આવે છે. છેલ્લે ગજી તેને જગાડે છે ત્યાં વાર્તા વિરમે છે. 'સ્લો-બૉલર'માં મિત્રની પ્રેયસીને દગો આપતા શ્યામની વાત છે. 'રાંઝણ'માં ડઈ (ડાહી) દર્દથી પીડાતી સૂઈ રહી છે. સોમો તેને રાંઝણ (એક રોગ) હોવાનું કહે છે. મૂળ તો એ જાણે છે કે મિત્ર ગલબાનાં ચેડાંથી ડઈને દર્દ થયું છે. સોમો ખાનગીમાં ગલબાને ચેતવવા ખેતરે જાય છે. ગલબા સાથે વાતો કરે છે. ત્યાં અંધારામાં પીઠ પર કોઈ ઊંધું ધારિયું ફટકારે છે અને ગલબાને તો સીધો જ ઘા કરીને જતો રહે છે. દીકરીની આબરૂ જેણે લીધી છે એ નરાધમનો ડઈનો પિતા આ બદલો લે છે.

'વાઢ'માં સંતાનવિહોણી રૂપાળી સોવનની કથા છે. દવા માટે એ રૂપાં ડોશીને મળે છે તો તે 'ખૂંટો બદલવાની' સલાહ આપે છે. મંગો તેના રૂપથી આકર્ષાઈ એક દિવસ શિકારી કૂતરાની જેમ તેને ઘરમાં ઢસડી જાય છે. પરંતુ સોવન તેને વશ થતી નથી. સોવનનો પતિ પરબત તેને મંગાની બાબતે પૂછે છે, પણ 'આદમીની જાત અવળું વિચારશે' એ બીકે એ કશું કહેતી નથી. એ વાતને નવ માસ જેટલો સમય થયો છે.

એ રાત્રે વાવાઝોડું અને વરસાદનું જોર ભયંકર ઊપડ્યું છે. બીજી તરફ સોવનને દુ:ખાવો ઊપડે છે. પરબત નોકરીથી આવ્યો નથી. મંગો રૂપાંમાને બોલાવી લાવે છે. તે બે જીવ છૂટા પાડી ઘરે જાય છે. વાવાઝોડા ને વરસાદના જોરે આખી ભીંત પડી જતાં સોવન અને બધું ઘર દટાય છે. પરબત આવા વાતાવરણમાં નોકરીથી ઘરે આવે છે. સોવનના કણસવાનો અવાજ સંભળાય છે. સોવનને બચાવવા બધાં મથે છે. ત્યાં પાછલા ઓરડામાંથી બૂમ પડે છે. પરબત પાવડો નાખી એ તરફ જુએ છે. કોઈના શરીરમાંથી અણિયારો વાંસ આરપાર નીકળી ગયો છે. એ જોતાં જ પરબત ત્યાંથી આઘો ખસી જઈ હાથમાં ધારિયું લઈ કરાંજે છે, 'ખબરદાર જો ઈનં બા'ર કાઢ્યો સઅ તો!' તેનું બદલાયેલું રૂપ જોઈ સૌ ડઘાઈ જાય છે. સોવન કરગરે છે. પરંતુ એનો અવાજ જાણે પરબતના કાને પહોંચતો જ નથી. અંતે એકેય ઉપાય ન સૂઝતાં સોવન પોતાના ગળા પર દાતરડું ફેરવી દે છે! તેજુ સોવનના દીકરાને લઈ પરબતના ખોળામાં ધરે છે. ને એ જોતાં જ પરબત જાણે ઊંડી ખાઈમાં ધસી પડ્યો હોય એમ બહાર આવવા મથવા લાગે છે. આખી વાત વસ્તુસંકલનાની દૃષ્ટિએ નોંધપાત્ર છે. 'ઝરખ' પણ આ જ વર્ગની છે. રજુ, મખલા અને અમજીની ખોટી દાનત સમજી જઈ ફટકારે છે. થોડા સમય પછી નજીકમાં અમજીના ઘરેથી ચીસ સંભળાતાં રજુ જોવા જાય છે તો અમજી લોહીથી લથબથ થઈ પડ્યો છે. એટલામાં જમાદાર અમજીનું ઘર પૂછતા આવે છે. તખુભાની ગાય ચોરાઈ છે, એમાં તે આવ્યા છે. રજુના ઘરે ભૂપત અને મંગળ ખેતરેથી આવી ગયા છે. રજુ કૂંડીએ ડોલ ભરવા જાય છે ત્યારે તેની નજર લોહીથી ખરડાયેલા પાવડા પર પડે છે. એ જોઈ તે ખળભળી ઊઠે છે. જમાદારને આ તરફ આવતા જોઈ રજુ પાણી ભરેલી ડોલ પાવડા પર રેડી દે છે. ભૂપત મા રજુ આગળ ફોડ પાડે છે. ત્યાં વાર્તા પૂરી થાય છે. અહીં પણ ગૂંથણી યથોચિત થઈ છે.

'ચોઘડિયું' લેખકની પ્રારંભ કાળે રચાયેલી નવલિકા છે. માંદી દીકરીને સાજી કરવા એક દંપતી ભૂવાની બાધા રાખે છે. ભૂવો એ બાધા પૂરી કરવા માટે બકરાનો બલિ ચઢાવવો પડશે એવું કહે છે. ગરીબ દંપતી પાસે બકરો નથી. પોતાની દીકરીને જિવાડવા માટે તે એક બકરી લાવ્યાં છે. પણ ભૂવો એનેય પ્રપંચથી પડાવી લે છે. ભીખો આ બધું જાણીને ભૂવાના ઘરે જઈ ધમકાવીને બકરી પાછી છોડી લાવે છે.

'ગાંઠ' મરણાસન્ન રેવા ડોશીની કથા છે. તેને સંતાનો નથી. નજીક રહેતો લખમણ પંડ્યના દીકરાની જેમ સેવા કરે છે. ડોશી મરણ પામે છે. સ્મશાનમાં તેમના સાડલે લબડતી ગાંઠ કુતૂહલવશ લખમણ છોડે છે. એ ગાંઠમાં દાબડી અને ચિઠ્ઠી છે. લખમણને જણસ આપવા ચિઠ્ઠી લખી છે. ત્યાં ભણેલા પાસે વંચાવડાવે છે. ચિઠ્ઠી પૂરી થાય તે પહેલાં લાગણીવશ લખમણ પોક મૂકી રડવા લાગે છે. પેલો વાંચનાર આગળની વાત મનોમન વાંચી ઘર તરફ ભાગી જાય છે. (અને એમાં ઉલ્લેખાયેલા સ્થાનેથી જણસ મેળવી લે છે.) આમ, સેવા કરનાર વંચિત રહે છે ને ચાલાક લાભ ખાટી જાય છે!

'ઉજાણી'માં વિધવા જમુનો ચાર-પાંચ વરસનો દીકરો મંદિર તરફ રમવા ગયો છે. ત્યાં પાડા લડ્યા છે તેવી બૂમ સાંભળી જમુ ચિંતા કરે છે. કોદો તપાસ કરીને આવું કહીને જાય છે. એ વળતો આવી કહે છે કે 'વેલજીને તો માધાકાકા મંદિરે પરસાદ ખાવા લઈ ગયા છે.' જમુ કોદા માટે પાણી ભરવા ઘરમાં જાય છે. ત્યાં એની કેડે કશોક સળવળાટ થાય છે. એ અંધારમાં જ કાળઝાળ થઈ કોદાને ભગાડે છે. એટલામાં શંકો વેલજીને મૂકવા આવે છે. તે પાણી પીતાં એકીટશે જમુને જોઈ રહે છે ને પૂછે છે, 'ભાભી આજે ઉજાણી છે તે કાંઈ રાંધ્યું કે નૈ?' જમુને આ શબ્દો ગોફણની જેમ વાગે છે. એ તરત જ પરખાવી દે છે, 'બુઝારું હજી હાથમાં જ છે, શંકા! ખુલ્લા માટલાનું પાણી હજું મેલું નથી થયું... હમજી લેજે!' સમાજમાં યુવાન વિધવા માટે આસપાસના પુરુષોની દૃષ્ટિ કેવી લાલસામય હોય છે તે અહીં વ્યંજિત થાય છે.

'જાસો' સંગ્રહની મોટા ભાગની વાર્તાઓ ગામડાના વાસ્તવ જીવનની ભોંય પર રચાઈ છે. વાર્તામાં ગામડાની હવા અને એમાં શ્વસતાં માનવીઓનાં સંવેદનો કેન્દ્રમાં છે. વાર્તાકાર 'ગામડાની વાસ્તવિકતાને અંદર અને બહારથી જાણે છે.' (કિરીટ દૂધાતનો પ્રસ્તાવના લેખ) કથાનો પરિવેશ તેમાંની કથાને, પાત્રને - સ્થળ - સમયના પરિમાણમાં સચોટ રીતે ચિત્રિત કરી દે છે. અહીં ઘણીખરી વાર્તાઓમાં પાંચ-છ દાયકા અગાઉનું ગામડું રજૂ થયું છે. દીવો, ફાનસ, હાથે દળવાની ઘંટી વગેરે ચીજોનાં વર્ણનો તો ખરાં જ પણ સાથે સાથે જૂની પરંપરાઓ, માન્યતાઓ, બાધાઓ, અંધશ્રદ્ધા અને ભૂવાઓ વગેરે પણ ચાલકબળ બનીને આવે છે. પરંપરાને તોડવાની કે અવગણવાની વાત સ્થાપિત - જુનવાણી સમાજ ભલે રજૂ થાય પણ મૂળ વાત એ છે કે તે કેવી કળાત્મક રીતે વિનિયોગ પામ્યો છે - તે મહત્ત્વનું છે. અહીં તો જે તે સમાજ, જે તે સમય અને સ્થળનો કળાત્મક વિનિયોગ કરી તેમાંથી ધ્વન્યાર્થ પ્રગટાવવામાં સર્જક સફળ રહ્યા છે, તે અગત્યનું છે.

બીજી વાત એટલી કે મોટા ભાગની કૃતિઓમાં સર્જકે સર્વજ્ઞના કથનકેન્દ્રથી કથાને કથી છે. કથન સૂઝ અને તેમની કથા-સંકલનાની કળાદૃષ્ટિ ધ્યાનપાત્ર છે. પાત્રોના સંવાદો - સાબરકાંઠાની પ્રાદેશિક બોલીમાં પ્રગટ્યા છે. બોલીની શક્તિનો અનુભવ કરાવતા આ બોલ સર્જકતાના દ્યોતક છે. તેમાં વાર્તાકારનું સબળ કલ્પના સમૃદ્ધ ભાષાપોત તેમની કલમનો વિશેષ છે. જે તે દશ્યોનાં બારીક વર્ણનોમાં પ્રયોજાયેલ તળનો શબ્દવૈભવ, અલંકારવૈભવ ઇ. ખૂબ જ અસરકારક બની રહે છે. એનાથી ધબકતાં પ્રાકૃતિક દશ્યોના ક્લોઝ-અપ ભાવકને વાર્તાકાર કથ્યના સાક્ષી બનાવી દે છે. લેખક એમાં છબીકારની તટસ્થતાથી પાત્રોના મનોભાવોને, તેમાંના ધ્વનિને કળાત્મક રીતે પડઘાવી શક્યા છે એ કલમની વિશેષતા ગણાય. સાથોસાથ 'અજાયબ ચહેરો' જેવી વિજ્ઞાન-કથામાં જે પારિભાષિક શબ્દાવલિ પ્રયોજાઈ છે તે કથાની સબળ અભિવ્યક્તિ, સફળ રીતે સાધે છે. આ વાર્તાસંગ્રહની પ્રથમ કક્ષાની વાર્તાઓમાં અચૂક સ્થાન પામે એમાં સર્જક પ્રતિભાનો વિશેષ સ્પર્શ અનુભવાય છે. બીજું એકંદરે દરેક વાર્તામાં વાર્તાકાર જે કલાત્મક વસ્તુસંકલના રચે છે તે નોંધપાત્ર છે. તેનાથી વાર્તામાં એ એક ચોટ-Single Effect નિર્માણ કરી શક્યા છે. વાર્તાકારનો

કળાશ્રમ એ અર્થમાં મહદંશે સફળ રહે છે. યાને આ સંગ્રહની વાર્તાઓ મોટે ભાગે કળાત્મક બની છે. તેથી સુંદરમ્‌ના શબ્દોને આ વાર્તાકારની કૃતિઓ સંદર્ભે પ્રયોજું તો સર્જક કિશનસિંહ પરમારની નવલિકાઓ 'હવાદાર' બની છે. તેઓ પ્રસ્તાવનામાં નોંધે છે, 'મારે મન વાર્તા લખી નાખવાની ચીજ નથી' - એ તેમની કૃતિઓ જોતાં તદ્દન સાચું જણાય છે. તેઓ ગંભીરતાથી વાર્તાસર્જન કરી રહ્યા છે, તેથી તેમની વાર્તાઓમાં એક 'આશાસ્પદ અવાજ' પ્રગટ્યો છે, જો કાન માંડીને સાંભળો તો...

કિશનસિંહની આ તો પાશેરામાં પહેલી પૂણી છે. સર્જક પાસેથી ઉત્તરોત્તર વધારે સારી, કલાત્મક વાર્તાઓ મળતી રહેશે એમાં મીનમેખ નથી. વાર્તાસર્જકની વાર્તાકળાને અમારા દિલથી અભિનંદન!

## (૨)
## 'ન હકાર, ન નકાર' સંવેદનાઓથી સભર વાર્તાઓનો સંગ્રહ

– જગદીશ કંથારીઆ

[પુસ્તક : ન હકાર, ન નકાર, લે. : ધર્મેશ ગાંધી, પ્રથમ આવૃત્તિ : ૨૦૨૪,
કિંમત : ₹ ૨૦૦, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ]

ગુજરાતી ટૂંકી વાર્તા ક્ષેત્રે વીસમી સદીની ત્રીસીની વાર્તાઓનો પ્રવાહ ઘણો આશાસ્પદ રહ્યો છે. બરાબર સો વર્ષ પૂર્વે ગુજરાતી સાહિત્યને ઉત્તમ વાર્તાઓ અને વાર્તાકારો તે સમયગાળામાં મળ્યાં હતાં. આજેય અચૂક નોંધ લેવી જ પડે એવી કળાત્મક વાર્તાઓ ગુજરાતી સાહિત્યને આ સમયગાળામાં મળી છે. વીસમી સદીની ત્રીસીનાં આ શતાબ્દી વર્ષોમાં આજની ગુજરાતી ટૂંકી વાર્તા ક્યાં છે? છેલ્લા ચારેક દાયકાથી વણખેડ્યા વિષયો અને રચનારીતિના પ્રયોગો ગુજરાતી ટૂંકી વાર્તાની વિશેષતા રહી છે. ત્યારે એકવીસમી સદીના ત્રીસીના દાયકામાં ગુજરાતી ટૂંકી વાર્તા ક્યાં? વીસમી સદીના નવમા દાયકાથી ગુજરાતી ટૂંકી વાર્તાને સમૃદ્ધ કરી રહેલા અને ભારતીય વાર્તાકાર તરીકની ઓળખ પામેલાં હિમાંશી શેલતનો અગિયારમો વાર્તાસંગ્રહ 'કોતરમાં રાત' જૂન-૨૦૨૪માં પ્રગટ થાય છે. આ જ સમયગાળામાં છેલ્લાં થોડાં વર્ષોથી ગુજરાતી ટૂંકી વાર્તા ક્ષેત્રે સક્રિય ધર્મેશ ગાંધી, બાદલ પંચાલ, સમીરા પત્રાવાલા, કિશનસિંહ પરમાર જેવા આશાસ્પદ વાર્તાકારોના પ્રથમ વાર્તાસંગ્રહો પણ પ્રગટ થાય છે. જ્યારે એકસાથે પાંચેક પેઢી ગુજરાતી ટૂંકી વાર્તા સર્જન ક્ષેત્રે સક્રિય હોય ત્યારે સ્વાભાવિક થાય કે મારી ભાષાની આજની પેઢી ટૂંકી વાર્તાને કઈ કક્ષા- દિશા તરફ લઈ જઈ રહી છે. આવા કેટલાક વિચારો વચ્ચે એમ પણ થાય કે ગુજરાતી સાહિત્યનાં પ્રતિષ્ઠિત સામયિકોમાં સંપાદકોની (કડક) નજરમાંથી પ્રસાર થઈને પછી પ્રગટ થયેલી અને સંગ્રહમાં સ્થાન પામેલી આ વાર્તાઓ વિશે બહુ વિચારવાનું હોય કે!? ૨૦૧૭થી લખતા ધર્મેશ ગાંધી સાતેક વર્ષના સમયગાળામાં ગ્રંથસ્થ-અગ્રંથસ્થ અઢાર વાર્તાઓનો સંગ્રહ 'ન હકાર, ન નકાર' ૨૦૨૪માં લઈને આવે છે. વાર્તાસંગ્રહના મુખપૃષ્ઠ પર 'તાજગીના મેઘધનુષ જેવી નવલિકાઓ' વાંચતાં સ્વાભાવિક જ આ લોકપ્રિય વાર્તાઓનો સંગ્રહ હોવાનો વિચાર આવે. જોકે આ

સંગ્રહની વાર્તાઓમાંથી પસાર થતાં વિષયવસ્તુમાં અચૂક તાજગી અનુભવાય. અહીં સંવેદનાસભર વાર્તાઓ છે. વિષયનું નાવીન્ય અને રચનારીતિ ભાવકનું ધ્યાન ખેંચે છે. અહીં વિષયવૈવિધ્ય છે. જોકે ભગ્ન દામ્પત્યજીવનની એકાધિક વાર્તાઓ અહીં છે. પરંતુ સન્નિધીકરણની પ્રયુક્તિના ઉચિત વિનિયોગને કારણે તેમાં એકવિધતા જોવા નથી મળતી. ‘જીર્ણોદ્ધાર’, ‘અનુસંધાન’, ‘જૂના ઘરનો અજાણ્યો ખૂણો’, ‘કાટમાળ તળે રોશની’ જેવી વાર્તાઓમાં લગ્નવિચ્છેદની વાત જરા જુદી રીતે આલેખાય છે. ધર્મેશ ગાંધીની વાર્તાકાર તરીકેની હથોટીનાં દર્શન સંગ્રહની પહેલી જ વાર્તા ‘જીર્ણોદ્ધાર’માં થાય છે. કોનો જીર્ણોદ્ધાર-ખખડધજ થઈ રહેલા મંદિરનો કે તૂટવાની અણી પર પહોંચેલા વાર્તાનાયિકાના દામ્પત્યજીવનનો! સહોપસ્થિતિના માધ્યમથી લેખકે આ વાતને સરસ રીતે રજૂ કરી છે. વાર્તાનાયિકા બાળપણમાં જે મંદિર પાસે રમી હતી, યુવાનીમાં જે મંદિર પાસે મલ્હારે હાથ પકડ્યો હતો. અતિવૃષ્ટિને કારણે જર્જરિત થઈ ચૂકેલા આ મંદિરને તોડી અન્યત્ર ખસેડવું કે જીર્ણોદ્ધાર કરવો! આ નિર્ણય હવે ગામની મીરુંમાંથી અધિકારી બનેલી મીરાંના એક નિર્ણય પર, એક સહી પર છે. વાત માત્ર તૂટી રહેલા મંદિર અંગેના નિર્ણયની હોત તો વાર્તા સામાન્ય સ્તરની બની રહે, પરંતુ લેખક તૂટેલા મંદિરના પ્રશ્ન સાથે મીરાંના દામ્પત્યજીવનના પ્રશ્નને જોડાજોડ મૂકી દે છે. મંદિરને યથાસ્થાને રાખવા મક્કમ પૂજારીકાકા ‘મંદિરને તળથી જ થોડું ઊંચું કરવામાં આવે... હજી મોડું નથી થયું, મીરું! જીર્ણોદ્ધાર થઈ શકે એમ છે.’ (પૃ.૦૯)

મીરાંને પૂજારીકાકાની જીર્ણોદ્ધારની વાત સ્પર્શી જાય છે. એ રિપોર્ટમાં મંદિરને ‘જીર્ણોદ્ધારની જરૂર’ હોવાનું લખી, છૂટાછેડાના કાગળ પર સહી કરવા વકીલની ઑફિસ જવાને બદલે પોતાના દામ્પત્યજીવનના જીર્ણોદ્ધાર માટે મલ્હારને મળવા નીકળી પડે છે. ત્યારે તેને મંદિરનો કાટમાળ ધીમે ધીમે ઊભો થતો અને મંદિરની ધજા ટોચ પર લહેરાતી દેખાવા લાગે છે. તૂટી રહેલાં મંદિર અને દામ્પત્યજીવનને ટકાવી રાખવા લેખકે નાયિકાના મનોસંઘર્ષને બખૂબી રજૂ કર્યો છે. આ સંગ્રહની વાર્તાઓમાંથી પસાર થતાં ભાવક નોંધી શકે છે કે લેખક સીધેસીધું, ખૂલીને કશું કહી નથી દેતા. તૂટી ગયેલા મંદિરને અન્યત્ર ખસેડવાનો નિર્ણય લેવા અંગેના પ્રસંગની સાથે જ મીરાંના વ્યક્તિગત જીવનના પ્રસંગને જોડી દે છે. બહુ ઓછા શબ્દમાં આયાસ વગર એક પ્રસંગ સાથે બીજા પ્રસંગનું અનુસંધાન કર્યું છે. ‘અનુસંધાન’ વાર્તા જ જુઓ – વાર્તાના કેન્દ્રમાં અંગિરા અને આકાશનું ભગ્ન દામ્પત્મજીવન જ છે! જેમ ‘જીર્ણોદ્ધાર’માં મલ્હાર પ્રત્યક્ષ પાત્ર નથી, તેમ અહીં પણ આકાશની પ્રત્યક્ષ ઉપસ્થિતિ નથી. આકાશ અંગિરાને છોડીને ચાલ્યો ગયો છે. યશોધર માટે આ સહજ છે, કેમ કે આકાશનું દાદા સાથેનું આ અનુસંધાન છે. યશોધરના પિતા પણ પત્નીને છોડીને ચાલ્યા ગયેલા. એટલે જ યશોધર દીકરીનો ટેગ ધરાવતી પુત્રવધૂ અંગિરાને બીજાં લગ્ન કરી લેવા કહે છે. પરંતુ અંગિરાની નજર સમક્ષ તો કામવાળી રેણુ છે. જેના દારૂડિયા પતિને ઠંડી ઉડાડવાના ઘણા ઑપ્શન છે, પણ છેલ્લે તો હૂંફ મેળવવા રેણુ પાસે જ આવે છે. યશોધર અંગિરાને આકાશના શૈશવના વર્તનના પ્રસંગ કહે છે અને અંગિરાના ચિત્તમાં વર્તમાન ઘટના સાથે એનું અનુસંધાન જળવાય છે. અંગિરાને આકાશની માનસિકતા સમજવામાં વાર નથી લાગતી. એટલે

જ છેલ્લે આવતું અંગિરાનું imagination વાર્તાને આસ્વાદ્ય બનાવે છે. 'જીર્ણોદ્ધાર' અને 'અનુસંધાન' વાર્તામાં નાયિકાના મનોભાવોનું 'જૂના ઘરનો અજાણ્યો ખૂણો' વાર્તામાં નાયક પથિકના મનોભાવનું આલેખન છે. વાર્તા 'ભગ્ન દામ્પત્યજીવન'માં વાર્તાનાયકના અપરાધભાવને સૂક્ષ્મ રીતે વ્યક્ત કરાયો છે. મુંબઈથી નવસારીમાં નવી શરૂ થયેલી શાખાના મૅનેજરને ટ્રેનિંગ આપવા આવેલા ઉપરી અધિકારી પથિક અતિ વરસાદને કારણે પોતાના જુનિયરને ત્યાં રોકાવું પડે છે. પરંતુ આ એ જ ઘર છે, જ્યાં પથિક અગાઉ પૂર્વપત્ની કથા સાથે રહેતો હતો. પોતાના વ્યવસાયની દુનિયામાં સતત વ્યસ્ત રહેતો વાર્તાનાયક સંગીતની દુનિયામાં રત રહેતી કથાના સંવેદનજગતને પામી શકતો નથી. અને નવસારીનું ઘર વેચી એ પૈસા કથાને આપી છૂટો પડે છે અને મુંબઈમાં નવી જિંદગી શરૂ કરે છે. અહીં પણ સાહિત્યપ્રેમી વિદ્યાના ભાવવિશ્વને પામી શકતો નથી. અતિ વરસાદને કારણે જ્યારે તે પોતાના જુનિયરને ત્યાં રોકાય છે એ દરમિયાન તે એક સમયના પોતાના ઘરનું બદલાયેલું વિશ્વ જુએ છે. એક સમયનું કાતરિયું હવે સૌમિલની પત્ની શિખાનો સંગીત રૂમ બની જાય છે. વાર્તાનાયક પથિક અતીતમાં ડોકિયું કરી લે છે. કથાએ પણ અહીં ખૂણામાં બેસી, એકલતામાં કશુંક ગણગણી લીધું હશે અને પોતાની વીડિયોકૉલ પર ચાલતી બિઝનેસ મિટિંગના શોરમાં એનો અવાજ દબાઈ ગયો હશે! એક રાતનું આ વાતાવરણ, સૌમિલ અને શિખાએ પોતાના જૂના ઘરના આ વણસ્પર્શ્યા ખૂણાને જ જીવંત નથી કરતું, પણ વાર્તાનાયકના સંવેદનવિશ્વને પણ જાગૃત કરી દે છે. લેખકે અહીં વાર્તાનાયકને પોતાના પૂર્વવર્તન બદલ અપરાધભાવ અનુભવતો દર્શાવ્યો છે. જોકે વિદ્યા સાથેના સંબંધની ખાઈ વધે તે પહેલાં એ સુધારી લેવા સવારે સૌમિલને ત્યાં નાસ્તો પણ કરવા રોકાતો નથી. લેખકે અહીં Motivational વિધાન મૂક્યું છે. 'જે લોકો જૂનું ઘર ખાલી કરીને નવા ઘરમાં સ્થાયી થઈ ચૂક્યા હોય, એમણે હવે નવા ઘરને અપનાવી લેવું જોઈએ, મનથી.' (પૃ.૫૨) સૌમિલના ઘરેથી નીકળતાં વાર્તાનાયકના પત્ની વિદ્યા સાથેના મોબાઇલ ફોન પરના સંવાદ લેખકે બહુ સૂચક રીતે મૂક્યા છે. વાર્તાનાયક હવે વિદ્યાના લિટરેચર ફેસ્ટિવલમાં જવાનો વિચાર કરે છે. ને વિદ્યા ફોન પર કહે છે- 'હું ઘરે જ છું. આ તરફ વાતાવરણ હજી ખાસ બગડ્યું નથી.' (પૃ.૫૨) પથિક આકાશ તરફ જુએ છે. 'થોડાં વાદળાં હતાં એ પણ હવે સૂરજ નીકળતાં હટવા માંડ્યાં હતાં.' (પૃ.૫૩) વાર્તાનાયક પથિકનો અંતે આવેલો બદલાવ વાર્તાને હૃદયસ્પર્શી બનાવે છે.

સંગ્રહની 'ઉપર રહેતી સ્ત્રી', 'ઘાટબંધન', 'કૃતિ' જેવી વાર્તાઓમાં લેખકે રચનાપ્રયુક્તિ દ્વારા પાત્રોની તીવ્રતમ સંવેદનાને વ્યક્ત કરી છે. 'ઉપર રહેતી સ્ત્રી' નારીસંવેદનાની વાર્તા છે. વાર્તાના કેન્દ્રમાં આમ તો બે નાયિકા છે. એક મેક-અપથી ભરેલો ચહેરો, ટૂંકાં વસ્ત્રો, કમર લચકાવતી ચાલ, હોઠ દાબીને હસવું ખાળતી અદા, ને પર્ફ્યુમની જલદ વાસ સાથે લોકોનું ધ્યાન ખેંચતી, સમાજ જેને બજારુ સ્ત્રી કહે છે એ પ્રકારની. બીજી જેની સામે કોઈએ આંખ ઉઠાવીને પણ જોયું નથી, એવી પગથી માથા સુધી ઢંકાયેલી રહેતી, સવાર-સાંજ આરતી ગાતાં ચંદનની અગરબત્તીની સુવાસ ફેલાવતી, દિવસરાત ભક્તિમાં જ લીન રહેતી અનિકેત ભગતની પત્ની.

ઘર-પરિવાર લઈને બેઠેલા લોકોની વસ્તીમાં ઉપરના ફ્લૅટમાં રહેતી સ્ત્રી સામે ભગતની પત્નીને અકળામણ છે. પરંતુ આ સ્ત્રીની પર્ફ્યુમની ગંધ ભગતની પત્નીને પોતાનો અતીત યાદ કરાવતી રહે છે. એક તરફ તે ઉપર રહેતી સ્ત્રીને ધુત્કારતી રહે છે. બીજી તરફ એનો ભૂતકાળ અને ગોપિત ઝંખના પ્રગટ થતી રહે છે. પતિનો શરીરસ્પર્શ ઇચ્છતી તે પતિ ભક્તિભાવમાં લીન રહેતાં જાતને સતત રૂંધતી રહે છે. લેખક નોંધે છે – 'એ રાત પણ એક સંયોગની જેમ, એક કાળ-ચોઘડિયાની જેમ પડખાં બદલતાં બદલતાં રૂંધતી-રિબાતી પસાર થઈ જતી.' (પૃ. ૨૦)

પતિની અનુપસ્થિતિમાં નાયિકા એક દિવસ ઉપર સ્ત્રીના રૂમ પર પહોંચી જાય છે. નાયિકાએ ધારેલું કે રૂમમાં એ સાવ આંતરવસ્ત્રોમાં હશે, દીવાલ પર કામુક ચિત્ર હશે, કદાચ એના ક્લાયન્ટ પણ હોય. પરંતુ ધારેલું એના કરતાં ઊલટું આંખોને ઠંડક આપે એવું વાતાવરણ તે જુએ છે. રૂમમાં જીવંત વાતાવરણનો અનુભવ થાય છે. પોતાના એકવિધતા ભર્યા જીવનને ઉપર રહેતી સ્ત્રી નવી દિશા આપે છે. એ બંધ કબાટમાં ચૂંથાયેલાં, ગૂંગળાયેલાં વસ્ત્રો જેવી પોતાને બંધિયાર અનુભવે છે. એ ડેનીમ જિન્સના શૉર્ટ્સ પરની કરચલીઓને જ હળવેથી દૂર નથી કરતી, પરંતુ પોતાની બંધિયાર જિંદગીને હળવેથી હડસેલે છે અને કબાટમાં પડેલી ત્રણેક વર્ષ જૂની પર્ફ્યુમની બૉટલમાંથી બે-ચાર ફુવારા પોતાના શરીર પર છોડે છે. ત્રણેક વર્ષથી વણપહેર્યાં પેન્સિલ હિલ સેન્ડલ એ પગમાં નાંખે છે. ધીમી પરંતુ મક્કમ ચાલે એ દરવાજા ભણી આગળ વધવા લાગે છે. 'ચંદનની અગરબત્તીની ગંધ ઉપર મંદ પડી રહેલી પર્ફ્યુમની મીઠી સુવાસ ધીમે ધીમે હાવી થવા માંડી.'(પૃ.૨૨) કોઈ પણ જાતના ધમપછાડા વગર નાયિકા પતિઘર છોડી દે છે. કથાનાયિકાના તીવ્ર સંવેદન-વિશ્વને આલેખતી કળાત્મક વાર્તા છે. એવી જ તીવ્ર સંવેદના 'ઘાટબંધન' વાર્તામાં છે. 'ઘાટબંધન' વાર્તામાં કથાનાયક મુરલીધર પુત્ર યશ અને પુત્રવધૂ સ્મૃતિ સાથે પત્નીના અસ્થિવિસર્જન માટે ગંગાઘાટે આવ્યા છે. યશ અને સ્મૃતિ મંદિરે પ્રસાદ લેવા જાય છે અને મુરલીધર અતીતમાં સરી પડે છે. તેને ભૂતકાળમાં પિતા સાથે કરેલ કૃત્યનું પ્રાયશ્ચિત્ત કરવાની તક મળે છે. યશ અને સ્મૃતિ આવે તે પહેલાં સાધુઓનાં ભગવાં ઉપવસ્ત્રો પહેરી લઈ સાધુઓના ઝુંડમાં ભળી ગાયબ થઈ જાય છે. 'કૃતિ' અતીતરાગને નિરૂપતી સુંદર વાર્તા છે. અહીં આંગળીઓ અને ટેરવાંના સંદર્ભથી લેખકે કથાનાયકની તીવ્ર સંવેદનાને વ્યક્ત કરી છે. બાર વર્ષે કૅનેડાથી આવેલો નાયક સીધો જૂના ઘરે જવાનું પસંદ કરે છે. જૂના ઘરના ખૂણાનો એ ઓરડો, પુસ્તકો અને ડાયરી નાયકનો કિશોરાવસ્થાની મિત્ર કૃતિ સાથેનો ભૂતકાળ તાજો કરે છે. પરંતુ આ બધું હવે ઑનલાઇન ઉપલબ્ધ થવા જઈ રહ્યું છે. ભત્રીજી અને ભત્રીજો સૃજનને આ બાબતે માહિતગાર કરે છે, ત્યારે નાયકને "કૃતિનું અસ્તિત્વ માત્ર 'ડિજિટલ' બનીને રહી ગયું" હોવાની અનુભૂતિ થાય છે. વિદેશમાં રહ્યો હોવા છતાં તે આંગળીના સ્પર્શને ઝંખે છે એટલે એક 'ક્લિક'ની આ દુનિયામાં પોતાનું અસ્તિત્વ 'કંતાઈ' રહેલું અનુભવે છે.

લેખકે સાંપ્રત જીવનની વરવી વાસ્તવિકતા 'બિલ્વપત્ર' અને 'અજ્ઞાતવાસ' વાર્તામાં રજૂ કરી છે. ઉપરાંત 'હે રામ' વાર્તામાં સાંપ્રતને મૂક રીતે આલેખ્યો છે.

ત્રણેય વાર્તાની વસ્તુ ધ્યાનાર્હ છે. 'ઘાટબંધન' તેમ 'બિલ્વપત્ર' વાર્તામાં સમાજમાં જાહેર થયેલી વાતો અને હકીકત જુદી હોવાનું લેખક ખૂબીથી દર્શાવી શક્યા છે. 'બિલ્વપત્ર' વાર્તામાં સાધ્વી અહલ્યા બનેલી અવનિના જીવનની વાસ્તવિકતાનું આલેખન છે. જીવવિજ્ઞાનના શિક્ષક અનુરાગ પાસે રિવિઝન માટે આવતી સત્તર વર્ષીય અવનિને સાડત્રીસ વર્ષના અનુરાગે પોતાના તરફ આકર્ષિત કરી છે. એક વખતના મરજીપૂર્વક મિલન પછી અવનિની અતૃપ્તિ પ્રબળ બને છે. એ અનુરાગનો સહવાસ નિયમિત ઝંખે છે. પરંતુ અનુરાગ એના આ પ્રસ્તાવનો અસ્વીકાર કરતાં કામાંધ અવનિ આખી ઘટનાને દુષ્કર્મમાં ખપાવી દે છે. બદનામીથી દુઃખી તેની પત્ની મૃત્યુ પામે છે. આજીવન કેદની સજા પામેલો અનુરાગ આત્મહત્યા કરી લે છે. એનો પુત્ર સંયમ ઘણાં વર્ષ પછી પિતાની ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવા શોધતો શોધતો સાધ્વી અહલ્યા બનેલી અવનિ પાસે આવે છે. ત્યારે અવનિના કેન્દ્રથી હકીકત ભાવક પામી શકે છે. પરંતુ અનુરાગનો દીકરો તો માફી રૂપી બિલ્વપત્ર અહલ્યાદીદીના ચરણોમાં મૂકે છે અને સાધ્વી અહલ્યાનો 'હાથ લંબાય તે પહેલાં હવાની એક તેજ લહેરખી આવી અને બિલ્વપત્ર ધૂળમાં મળી ગયું' (પૃ.૧૦૩) જેવા વ્યંજનાત્મક વિધાન સાથે વાર્તા પૂરી થાય છે. લેખકે બહુ સંયમિત રહીને વાર્તા નિરૂપી છે. હકીકત જાણ્યા વગર આવા કેસમાં આંદોલન કરનારા અને કેસમાં ધારેલું પરિણામ મળતાં ખુશાલી વ્યક્ત કરતાં કેન્દ્રો તરફનો લેખકનો કટાક્ષ અહીં સહજ રીતે જોવા મળે છે. વાર્તાનું વસ્તુ સરસ છે, પરંતુ નિરૂપણરીતિ સંદિગ્ધ છે.

'અજ્ઞાતવાસ' વાર્તામાં કરુણાંતિકા છે. દીકરી ચાર્વી અંગ્રેજી માધ્યમમાં ભણાવવાના પૈસા ભરવા જીવિત હોવા છતાં આદિ અકસ્માતમાં અન્યના મૃતદેહને પતિનો દર્શાવી પતિને અજ્ઞાતવાસમાં રાખી વળતરમાં રૂપિયા મેળવવામાં સફળ રહે છે. એક દિવસ આ અકસ્માત વાસ્તવિક રૂપમાં એમના જીવનમાં આવી પડે છે. જે દીકરી માટે અજ્ઞાતવાસ ભોગવતા હતા એ જ દીકરીનો એક અકસ્માત ભોગ લઈ લે છે. 'હે રામ' વાર્તા જેલમાં બંધ કાશીમાઈના દીકરાની વિશ્રંભકથા છે. લેખકે કાશીમાઈની સંવેદનાને વ્યક્ત કરવા સંનિધીકરણની પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે. વાર્તાના કેન્દ્રમાં કાશીમાઈને જેલમાં બંધ દીકરાની પ્રતીક્ષા છે. કાશીમાઈના ગામ ભેંરતખાડામાં રામ-આગમનના ઉત્સવનું આયોજન થયું છે. થર્મોકોલના કૃત્રિમ મહેલમાં રામના આગમન સાથે આતશબાજીથી આકાશ ઝગમગી ઊઠે છે. ભગવાન રામ અને કૌશલ્યાના મિલન સાથે અવિરત અશ્રુધારા વહે છે. બીજી તરફ ગામમાં રામમંદિરમાં રામકથા કહેનારી કાશીમાઈના ખોરડાનું દશ્ય છે જ્યાં દીકરો આ વર્ષે પણ જેલમાંથી મુક્ત નથી થયાની વેદના છે. 'કાશીમાઈના મુખેથી ખરેલા શબ્દો દીવાની ધ્રૂજતી જ્યોત સાથે ટકરાયા, 'હે રામ'-ને ઝૂંપડીમાં અંધકાર છવાઈ ગયો!' (પૃ.૧૦૮) લેખકે અહીં કશોય ઘટસ્ફોટ કર્યો નથી. વાર્તાના અંત સુધી કાશીમાઈના દીકરાના જેલ જવાના કારણની વાત ગોપિત રાખી છે. એક તરફ કાશીમાઈનું ગામમાં માન, ગામમાં દર વર્ષે રામકથા કહેવી. બીજી તરફ જેલમાં બંધ દીકરાની રાહ જોતી આંખો. લેખકે કશું ખૂલીને પ્રગટ કરવું નથી. કાશીમાઈના વિધાનમાં જ હકીકતને પામવાનું ભાવક પર છોડી દીધું છે. પરિણામે ભાવક પોતાની રીતે અનુમાન કરી શકે છે. વાર્તાસંગ્રહના

નામવાળી 'ન હકાર, ન નકાર' વાર્તામાં આશાવાદ છે. એક સમયના ભણવામાં તેજસ્વી તેજસની આર્થિક પરિસ્થિતિને કારણે અનુભવાતી લઘુતાગ્રંથિનું નિરૂપણ છે. જોકે વાર્તાનો અંત સુખદ છે.

'પ્રોજેક્ટ ઓ', 'સ્વપ્ન સમાધિ', 'ક્ષિતિજ' જેવી વાર્તામાં વિજ્ઞાનકથાનો પ્રભાવ છે. 'ઉપર રહેતી સ્ત્રી', 'જીર્ણોદ્ધાર', 'હે રામ' જેવી સંવેદનાસભર વાર્તા આપનારો સર્જક નાવીન્યસભર વાર્તાઓ આપવાના મોહમાં સંગ્રહની પાછળની વાર્તાઓમાં વાચકની પકડ ગુમાવી દે છે. 'ક્ષિતિજ', 'હોનારત', 'બ્લોક' જેવી વાર્તામાં પ્રતીતિકરતાના પ્રશ્નો ઊભા થાય છે. 'બિલ્વપત્ર' વાર્તામાં નિર્દોષ હોવા છતાં આજીવન કેદની સજા પામેલાને આત્મહત્યા કરનાર મૃતક અનુરાગને કથક તરીકે રજૂ કર્યો, એમાં કપોળકલ્પના છે. પણ આ રચનાપ્રયુક્તિ પ્રતીતિકર લાગતી નથી. વસ્તુસામગ્રી જોતાં લેખક ટૅક્નિકનો સહારો લીધા વિના પણ આ વાર્તાને સારી રીતે માંડી શક્યા હોત. સંજય સ્વાતિ ભાવે 'દિવ્ય ભાસ્કર'ની 'પુસ્તક નિર્દેશ' કૉલમમાં (૧૫/૦૯/૨૦૨૪) યોગ્ય જ નોંધે છે - 'સર્જનાત્મક ગદ્ય અનેક વાર્તાઓમાં મળે છે. જોકે એ વાર્તાતત્ત્વ પર હાવી થાય એવું પણ બને છે. કલ્પના અને વર્ણનોની વચ્ચેથી કથાસૂત્ર શોધતા રહેવું પડે છે. માર્મિકતા અસ્પષ્ટતા કે સંદિગ્ધતા લાવતી જણાય છે.' લેખકનો આ પહેલો સંગ્રહ છે એટલે થોડી કચાશ રહી જવાની શક્યતા રહે. છેલ્લે લેખકે નિરૂપણરીતિ સાથે સંગ્રહની પ્રસ્તાવનામાં કિરીટ દૂધાતે કરેલી ટકોર ' સામાજિક વાસ્તવવાળી વાર્તાઓ લખવા તરફ વધારે ધ્યાન આપે તો....' ઘણી યાદગાર વાર્તાઓ ધર્મેશ ગાંધી પાસેથી મળે એવો કિરીટ દૂધાતની જેમ મને પણ વિશ્વાસ છે.

## (૩)
## જિવાતાં જીવનની વિડંબના વ્યક્ત કરતી વાર્તાઓ....

– જગદીશ કંથારીઆ

[પુસ્તક : 'છાપરા પર પાંખો', લે. : બાદલ પંચાલ, પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૨૦૨૪, કિંમત : ₹ ૨૦૦, પ્રકાશક : ઝેન ઓપસ પ્રકાશન, અમદાવાદ]

'છાપરા પર પાંખો' જુલાઈ-૨૦૨૪માં પ્રગટ થયેલો બાદલ પંચાલનો પહેલો વાર્તાસંગ્રહ છે. લેખક જ્યારે મુંબઈ જેવા મહાનગરમાંથી આવતા હોય ત્યારે સ્વાભાવિક જ ભાવક આ વાર્તાઓમાં શહેરીજીવનનો એક જુદો ચહેરો જોવાની ઇચ્છા રાખે. મુંબઈ જેવા શહેરને બહુ મોટું પેટ છે. એમાં ઘણું પડ્યું છે. અહીં ટ્રેનની જેમ દોડતી જિંદગી છે. સવાર સ્વપ્ન અને કલ્પના સાથે ઊગે છે અહીં, ને રાત વાસ્તવિકતાની ચાદર ઓઢી ગાઢ નિદ્રામાં લીન થઈ જાય છે. બાદલ પંચાલ મહાનગરના આ ચહેરાથી સારી રીતે વાકેફ છે. બીજું કે નવી પેઢીના આ સર્જક અંગૂઠાના ટેરવે જિવાતી જિંદગીથી પણ પરિચિત છે. એકવીસમી સદીની આ જિંદગીને શું ગમે છે? એ પણ લેખક જાણે છે. બાદલ પંચાલની વાર્તાઓમાંથી પસાર થતાં આ બંનેનો પ્રભાવ દેખાય છે. કશુંક નવું, જુદું આપી અલગ તરી આવવા કરેલો પ્રયાસ પણ કેટલીક વાર્તામાં દેખાઈ આવે છે. નવી પેઢી પોતાના સમયને આધીન કશુંક નવું

કરવા પ્રયત્ન કરે એમાં ખોટું નથી. જોકે એમાંથી વાર્તા નીપજવી જોઈએ. ‘છાપરા પર પાંખો’ વાર્તાસંગ્રહમાં જિવાતાં જીવનની વિડંબના છે. લેખકે મુંબઈની ભાગદોડની જિંદગીને નિરૂપવા કરતાં પાત્રોના આંતરમનની ગડમથલને તાગવાનો પ્રયાસ વિશેષ કર્યો છે. એટલે અહીં અધૂરપ, છોડી દેવું, ભાગી છૂટવું, ચાલ્યા જવું છે. સ્વપ્ન અને વાસ્તવ વચ્ચેનું અંતર આ વાર્તાઓમાં છે. આધુનિક શૈલીની વાર્તાઓનો પ્રભાવ પણ અહીં જરૂર છે ને સંદિગ્ધતા પણ છે.

‘મથામણ’ દિવસે વાસ્તવિક અને રાતે કાલ્પનિક દુનિયામાં વિહાર કરતા કથાનાયક સંકેતની અલાયદી દુનિયાની વાર્તા છે. સવારથી સાંજ ઑફિસ અને રાતે મોબાઇલ કે લૅપટૉપ ઇન્ટરનેટની આભાસીથી કંટાળે છે. એને આ દુનિયાનો દરેક માણસ પરાધીન લાગે છે. અને ‘એને આધીનતાની ઓથ તળે જીવવું નહોતું.’ (પૃ.૫૩) સંકેતને તો ‘ આ દુનિયા ફેક લાગતી.’ (પૃ.૫૩) જગતને પામવા એ રખડ્યો, પુસ્તકો, સંગીત, આધ્યાત્મ, ધ્યાન, સોશિયલ મીડિયા, પ્રેમના શરણે સુધ્ધાં જઈ આવે છે. પણ એને ‘જૂઠાણાના ઝાકઝમાળ સિવાય કશું જ હાથ લાગ્યું નહીં’ (પૃ.૫૩) અને નાયક દૂર સુદૂર જંગલમાં ચાલ્યો જાય છે. જંગલમાં એને ‘પોતાનો રસ્તો કરીને વહેતું ઝરણું ગમે છે.’ (પૃ.૫૪) ભૂખની બાબતે વાઘ અને હરણના ઉદાહરણ દ્વારા એને એટલું સમજાય છે કે ‘જે ફિટ છે એ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે એવું નથી, પણ જે સૌથી વધુ ભયમાં છે, જે ડરે છે એ પોતાનું અસ્તિત્વ ટકાવી શકશે.’ (પૃ.૫૪) પછી તો એના વિચારોને પાંખ ફૂટે છે. એનું ચૈતસિક શરીર બળવાનોની દુનિયાના વિચારે ચડી જાય છે. અહીં બળવાનોની દુનિયાને કપોળકલ્પના દ્વારા રજૂ કરી છે. નાયક દિવસ અને રાત બે દુનિયા વચ્ચે ઝોલાં ખાય છે. ‘સંકેતનું શરીર સવારે આ જંગલોમાં ઘૂમી રહ્યું છે અને એની ચેતના રાતે વાસ્તવિકતાને વળોટીને કોઈ કાલ્પનિક દુનિયાની સફર ખેડે છે અને સંકેત આ બંને દુનિયાની વચ્ચે જીવવા મથી રહ્યો છે.’ (પૃ.૫૮) ‘કોઈ પૂછે કે...’ સરસ વાર્તા છે. અહીં મુંબઈની પરાની ટ્રેનના ડબાનું વિશ્વ છે. ટ્રેનના ડબાના વાસ્તવિક જગત વચ્ચે કોઈક કારણસર નોકરી ગુમાવી ચૂકેલાં, ને ઘરમાં નોકરી ગુમાવ્યાની જાણ કર્યા વગર રોજ ટિફિન લઈ નવી નોકરીની આશા સાથે ઘરથી નીકળતા અને નિયમિત ઘરે પહોંચતા નાયક મંદારના આંતરમનનું ચિત્રણ છે. દેખીતી રીતે ડબાનું આગવું ભાવવિશ્વ નાયકની માનસિક અવસ્થા માટે ઉપકારક નીવડે છે. ડબામાં બેઠેલી એક અજાણી વ્યક્તિ ફોન પર કોઈ સાથે વાતચીતમાં નોકરી ગુમાવી દીધાની વાત છુપાવ્યા પછી પત્નીને જાણ થતાં એ ઘરમાં પ્રવેશવા નથી દેતી. નાયક મંદારની પીડા એ છે કે એ પત્ની અદિતિને નોકરી છૂટી ગયાની જાણ કરી શકે એમ નથી. ને કરે તો કારણ જણાવવું પડે. જે એના માટે અસહ્ય છે. બીજી તરફ બાબુભાઈ જેવી વ્યક્તિ પણ નાયકને મળે છે. જે નોકરીની શોધમાં તો રહે છે સાથે રસ્તે મળતી ભિખારણને દાન આપવાનું પણ ચૂકતા નથી. અહીં વસ્તુગૂંથણી સુંદર રીતે થયેલી છે. મંદારની નોકરી ગુમાવવાના કારણને અપ્રગટ રાખી લેખકે વાર્તાને બોલકી બનતી અટકાવી છે. વાર્તાનો અંત હકારાત્મક છે. નોકરી ગુમાવી, નવી નોકરીની શોધમાં રોજ ટિફિન લઈને દોડભાગ કરતા હજારો યુવાનોની સંવેદનાને મંદારના પાત્ર દ્વારા લેખકે વાચા આપી છે. બાદલ

પંચાલની સર્જકતાનો ઉન્મેષ સંગ્રહના નામવાળી 'છાપરા પર પાંખો' વાર્તામાં જોવા મળે છે. વર્ણનોના અતિક્રમણ વગર સીધીસાદી સરળ ભાષામાં સુરેખ આલેખનને કારણે વાર્તા ભાવક હૃદયને સ્પર્શી જાય છે. વાર્તામાં ઝૂંપડપટ્ટીનો પરિવેશ છે. બાંદરા રેલવેસ્ટેશન પાસેની વસાહતમાં જિવાતી જિંદગી, ભીખ માંગી, કચરામાંની વસ્તુ વીણી ગુજરાન ચલાવતા પરિવારોની નકરી વાસ્તવિકતાનું તાદશ ચિત્રણ છે. વાર્તાનો ઉઘાડ કિશોરી મંજુની માના 'ભાગી' જવાની વાત સાથે થાય છે અને અંત કિશોરી મંજુના ટ્રેનમાં ઊડી જવા-ચાલી નીકળવા સાથે આવે છે. માના સંદર્ભે 'ભાગી ગઈ, ભાગી ગઈ...'નો અર્થ સમજવા મથી રહેલી મંજુ 'ઊડી ગઈ... ઊડી ગઈ...'ની બૂમો મારતી દોડવા લાગે છે. મંજુનું દોડવું સહજ છે. સહેલી જયુના મામા સાથે માના અનૈતિક સંબંધો, રેશમા પરના બળાત્કાર અને હત્યામાં જયુના ભાઈ મોન્ટી અને મનુમામાનું સામેલ હોવું, મોન્ટીની મંજુ પરની નજર, માનું મંજુને મોન્ટીથી દૂર રહેવાનું કહેવું અને પોતાનું ધ્યાન રાખનારી માનું જ હવે ન હોવું. મંજુના ઊડી જવા માટે સૂચક છે. બ્રિજ પાસેના છાપરા પર બૉટલો વીણતાં વીણતાં મંજુ પોતાના છાપરે ચઢી જાય છે. છાપરા પરથી એના હાથમાં આવેલી માની સાડીને ઝાટકી સાફ કરીને તે પીઠ પાછળ હાથ પાંખોની જેમ પહેરી બે હાથ ફેલાવી રહે છે. મંજુને પાંખો ફૂટે છે. ફૂંકાતા પવનથી સાડીમાં જ નહીં, મંજુમાં નવચેતન આવે છે. એના ચિત્તમાં ઊડી જવાની ઇચ્છા જાગે છે. આ જ સમયે દૂરથી આવતી ટ્રેનના ડબા ગણે છે. એણે એક વાર માને પૂછેલું - "આ ટ્રેન ક્યારે ઊભી રહે? એમાં ક્યારે બેસાય?'' માએ કહ્યું હતું, "જ્યારે તું બધા ડબ્બા ગણી લે ત્યારે" મા ભાગી ગઈ ત્યારે મંજુ વિચારી રહી કે - 'માએ ક્યારે બધા ડબ્બા ગણ્યા, મને કહ્યું પણ નહીં.' (પૃ.૦૨) વાર્તાના અંતે મંજુ ટ્રેનના ડબા ગણી લે છે. ત્યાં જ ટ્રેન બાંદરા સ્ટેશને ઊભી રહી જતાં મંજુ બૉટલોની ગૂણ અને હાથમાં રહેલો કટાઈ ગયેલો સળિયો છાપરે ફેંકી દૂર જતી ટ્રેનમાં ઊડી ગઈ. મંજુ કચરામાંથી વીણેલી બૉટલો અને કટાઈ ગયેલો સળિયો નથી ફેંકતી. એ ઝૂંપડપટ્ટીની કચરા જેવી ને કટાઈ ગયેલી જિંદગીને પાછળ છોડી આગળ નીકળી પડે છે. એ બાંદરા રેલવેસ્ટેશનની વસાહતનો પરિવેશ, મા અને મંજુ તથા મંજુ અને જયુના સંવાદ વાર્તાને અસરકારક બનાવે છે. 'અનુમાન', 'એ રાત', 'તું મારો સાથ આપીશ?' જેવી પ્રણયભગ્નની વાર્તાઓ છે. 'અનુમાન' પ્રણયભગ્નને વિષય બનાવતી સુંદર વાર્તા છે. વાર્તાના કેન્દ્રમાં અલ્લડ યુવતી મિષ્ટિનું પાત્ર છે. દસેક વર્ષની વયે ગામડાની ઘર છોડીને ચાલી આવેલી આ યુવતી પોતાની અલાયદી દુનિયામાં મસ્ત રહે છે. તે અનિશના પ્રેમમાં તો પડી છે પણ અનિશ સાથે પોતાની રીતે જ જીવે છે. અનિશની પીડા એ છે કે મિષ્ટિનું વર્તન એને સમજાતું નથી. 'જે વસ્તુથી આજે એને ચીડ ચડતી, કાલે એ જ વસ્તુ એને ગમવા લાગતી. ક્યારેક એ અનિશને મળવા આવતી તો કશું જ બોલતી નહીં, તો ક્યારે અનિશને બોલવા ન મળે એટલું બોલતી.' (પૃ.૪૫) અનિશની ઇચ્છા મિષ્ટિ સાથે લગ્ન કરવાની છે. બે -ત્રણ દિવસ સુધી ફોન બંધ કરીને ગાયબ રહેલી મિષ્ટિ પર તે અધિકારભાવથી ગુસ્સે થઈ જાય છે. આ સમયે અનિશ મિષ્ટિનો સ્વતંત્ર અને વિપ્લવી મિજાજનો અનુભવ કરે છે. 'મારી પાંખો ધારદાર છે. મારી આસપાસ પીંજરું બાંધવાની કોશિશ

ન કરતો.' (પૃ.૪૬) અને તે અનિશ સાથે પણ બંધનાવસ્થામાં રહેતી નથી. જંગલ, પર્વત, નદી, ફૂલ, પતંગિયાંના સપનાની દુનિયામાં રહેતી મિષ્ટિ વિશે અનિશ માત્ર અનુમાન જ લગાવી શકતો હતો. મિષ્ટિની રહસ્યમયી દુનિયામાં પ્રવેશી ન શક્યો. લેખકે મિષ્ટિ સાથેના પ્રણયભગ્ન પછી અનિશના કેન્દ્રથી વાર્તા રજૂ કરી છે. નામ વગરની દુનિયામાં જીવવા ઇચ્છતી મિષ્ટિને આ નામ પણ કદાચ અનિશે જ આપ્યું હતું. એટલે છૂટા પડ્યા પછી અનિશને પ્રશ્ન થાય છે કે 'એનું મીઠડું લાગતું નામ–મિષ્ટિ–એની સાથે જોડાયેલું હશે કે પછી...' (પૃ.૫૧) ટ્રેનમાં મુસાફરી કરી રહેલા અનિશને સામેની ટ્રેનમાં લેડીઝ કમ્પાર્ટમેન્ટના દરવાજા આગળ ઊભેલી દેખાય છે. તે નિષ્ટિને નેક્સ્ટ સ્ટેશન શિવાજી પાર્કના ગાર્ડનમાં પતંગિયા જોવા આવવાનું કહે છે. પછી અનિશને થાય છે કે 'હું રાહ જોઈશ, પણ શું એણે મારી રાહ જોઈ હશે...' છેલ્લે પણ અનિશ મિષ્ટિ વિશે અનુમાન જ લગાવી રહ્યો હતો. લેખકે મિષ્ટિને રહસ્યમયી રાખી. કથાનાયિકાના વ્યક્તિત્વનું લેખકે એ રીતે નિરૂપણ કર્યું છે જાણે 'છાપરા પર પાંખો' વાર્તાની મંજુ અહીં 'મિષ્ટિ' રૂપે પ્રગટ થઈ હોય અને અનિશ એની પાંખોને બાંધે તે પહેલાં એ ઊડી ગઈ... અનિશના કેન્દ્રથી મિષ્ટિના પાત્રને ઉપસાવવામાં લેખક સફળ રહ્યા છે. આટલા સફળ 'તું મારો સાથ આપીશ?' અને 'એ રાત' વાર્તામાં નથી રહ્યા. 'તું મારો સાથ આપીશ?' વાર્તામાં નિયમિત દરિયાકિનારે આવતાં ને મૂકસંવાદમાં રહેલાં પ્રેમીયુગલમાં યુવક નાયિકાને 'તું મારો સાથ આપીશ?', 'તું મારો સાથ આપીશ?' વિચારવંત અગિયાર સવાલ સાથે નાયક પ્રેમિકાને અગિયાર અગિયાર વાર પૂછે છે 'તું મારો સાથ આપીશ?' વારંવાર પુછાતા આ પ્રશ્નમાં રહેલો સંશય જ પ્રેમિકાને કોઈ પણ જાતના જવાબ આપ્યા વગર ચાલતી કરી દે છે. નાયિકાના મૌનમાં રહેલી વ્યંજનાને નાયક પામી નથી શકતો. લેખકે દરિયા, આકાશ, પવન, અંધારાના સંદર્ભે કરેલું સજીવારોપણ વધારે પડતું છે. ગદ્યની નવી છટાઓ વાર્તામાં વ્યક્ત થાય એ જરૂરી, પરંતુ એનો અતિરેક ટાળવો રહ્યો. લેખકે તો ઘણું બધું કહેવું છે, પણ ભાવક પચાવી શકે એ પણ જરૂરી હોય છે. લેખકની એકાધિક વાર્તાઓના સંદર્ભમાં આ વાત નોંધી શકાય. લેખકે ઘર, પરિવારથી દૂર હૉસ્ટેલ, રૂમ ભાડે રાખી રહેતા યુવાની જિંદગીને પણ વાર્તાવિષય બનાવી છે. 'તું પણ 'એ' જ છે', 'ચહેરા વિનાનું શરીર' અને 'વાર્તાની બહાર' વાર્તાઓમાં હૉસ્ટેલ, રૂમ ભાડે રાખી રહેતા યુવકોમાં જોવા મળતું સિગારેટ-દારૂનું વ્યસન, ઉપરાંત પોર્ન ફિલ્મ જોવી, સેક્સના વિચારોમાં રહેવું, સજાતીય સંબંધ વગેરેનું આલેખન છે. લેખકે જે રીતે ઘરથી દૂર રહી ભણતા વિદ્યાર્થીઓનું ભયાવહ જીવન દર્શાવ્યું છે કે સમાજે ચિંતા કરવી પડે. આ વાર્તાઓમાં સ્થળ મુંબઈથી દૂર પુણેની હૉસ્ટેલ, ભાડેના રૂમ છે. 'તું પણ 'એ' જ છે' વાર્તામાં યુવકમાં જોવા મળતા સજાતીય-વિજાતીય સંબંધની વાત છે, 'ચહેરા વિનાનું શરીર' વાર્તામાં સેક્સ મેનિયાક અનંતની વાત છે. અનંત એટલો બધો સેક્સ મેનિયાક બની જાય છે કે એને સ્ત્રીઓના ચહેરા નહીં પણ શરીર જ દેખાતું. કીર્તિ સાથે લગ્નની પહેલી રાતે પણ એની આ વિકૃતિ પ્રગટ થઈને રહે છે. એ કીર્તિને હૂંફ આપવાને બદલે હિંસક બની તૃપ્ત થાય છે. આ બંને કરતાં 'વાર્તાની બહાર' અંતને કારણે સારી વાર્તા છે. નાયક સંચાર પોતાની પ્રેયસીને સહપાઠી

મોન્ટીથી દૂર રાખવાનો પ્રયત્ન કરતો હતો, સંજોગવશાત્ પાર્ટીમાં બિયર પીને ટલ્લી થયેલી રેશ્મા મોન્ટી પાસે એકલી પડે છે. નાયક આ જાણે છે ત્યારે કશુંક અઘટિત બનવાના ભયે વીલા તરફ દોડ લગાવે છે. સંગ્રહમાં 'બેડ નંબર ૧૫' પરંપરાગત શૈલી વાર્તા પણ છે. તો 'અનંત પ્રવાસી', 'વાર્તાકાર ક્યાંય નથી' જેવી આધુનિક શૈલીની વાર્તા છે. 'વાર્તાકાર ક્યાંય નથી' વાર્તામાં રોજિંદા જીવનની નિરર્થકતા અને એની પાછળની માણસની દોડ. છેલ્લે એ હાંસલ ન થતાં, નિરાશા ને આત્મહત્યા. માનવજીવનની વિડંબનાનું આલેખન છે. બાદલ પંચાલનો આ પહેલો વાર્તાસંગ્રહ છે. કેટલીક વાર્તાઓ સંગ્રહમાં સ્થાન પામવા પૂર્વે જાણીતાં સામયિકોમાં પ્રગટ થઈ આશાસ્પદ વાર્તાકાર તરીકેની લેખકની છાપ ઊભી કરી શકી છે. 'છાપરા પર પાંખો', 'અનુમાન', 'કોઈ પૂછે કે...' જેવી માવજત પામેલી વાર્તા આપનાર આ સર્જકે સર્જનાત્મક ગદ્યના અતિરેક ન થાય એનું ધ્યાન રાખવું રહ્યું. અહીં સંદિગ્ધતા કઠે છે. આમ છતાં લેખકની વાર્તાસર્જન તરફની મથામણ ધ્યાન ખેંચે છે.

## (૪)
## સિગ્નલ વગર જિંદગીને વ્યક્ત કરતી વાર્તાઓનો સંગ્રહ 'ફકીરની પાળ'

– જગદીશ કંથારીઆ

[પુસ્તક : 'ફકીરની પાળ', લે. : સમીરા દેખૈયા-પત્રાવાલા, પ્રથમ આવૃત્તિ : જુલાઈ-૨૦૨૪, કિંમત : ₹ ૨૨૫, પ્રકાશક : ઝેન ઓપસ પ્રકાશન, અમદાવાદ.]

એકવીસમી સદીના ત્રીજા દાયકામાં ગુજરાતી ટૂંકી વાર્તા સર્જન ક્ષેત્રે સક્રિય વાર્તાકારોમાં વધુ એક આશાસ્પદ નામ સમીરા દેખૈયા-પત્રાવાલા છે. જુલાઈ-૨૦૨૪માં પ્રગટ થયેલો 'ફકીરની પાળ' ૧૭ ટૂંકી વાર્તાઓનો એમનો પહેલો વાર્તાસંગ્રહ છે. સંગ્રહની વાર્તાઓમાંથી પસાર થતાં નોંધી શકાય કે આ નોખી શૈલીની વાર્તાઓ છે. સંગ્રહના નામધારી 'ફકીરની પાળ'માં વાર્તા કથક દીવાલ છે, તો 'રસ્તો' વાર્તામાં રસ્તો. વૈવિધ્યસભર સંવેદનવિશ્વ એ સમીરા દેખૈયા-પત્રાવાલાની વાર્તાની વિશેષતા છે. ઇચ્છા, અપેક્ષા, ઉપેક્ષા, અભાવ, જડતા, પીડા, શાંતિની શોધ વચ્ચે જીવતાં પાત્રો અહીં છે. પણ એમાંથી રસ્તો તો નીકળે છે. ક્યાંક પાત્રોના સંવેદનવિશ્વને ઉઘાડ આપવા લેખિકાએ આડકથાનો સહારો લીધો છે, તો ક્યાંક અંતે રૂપક મૂકીને મૂળ વાતનાં તત્ત્વોને એની સાથે જોડવાનો પ્રયાસ કર્યો છે. અહીં કોઈ ભાષા-આડંબર નથી, ને છતાં સીધું ને સાદું વસ્તુ નથી. વાર્તાના ગૂઢાર્થને ભાવક અંતે જ પામી શકે છે. 'સિગ્નલ વગરની જિંદગી' વાર્તા જુઓ. લેખિકાએ કથાનાયકની સંવેદનાના સાર્થક્યના અનુસંધાનમાં બીજી કથાઓ મૂકી છે. ફિલ્મ સ્ટાર રજનીકાંત જેના માટે 'રજનીદેવા' હતો, એ કટપ્પાને માટે વાર્તાને અંતે બાહુબલીનો પ્રભાસ પૂજનીય બની જાય છે. રજનીકાંતથી પ્રભાસ સુધીના કથાવિસ્તારમાં લેખિકાએ બીજી છ-સાત કથાઓ મૂકી છે. એ આડકથા ન બની રહેતાં મૂળ વાત સાથે જોડાયેલ તંતુ બની રહે છે.

ફિલ્મસ્ટાર રજનીકાંતના પ્રભાવમાં રહેતાં નન્દુમૂરી કટપ્પા બોડ્ડુ નાગાર્જુના લિન્ગમ્‌ના ચિત્તમાં રેસ્ટોરન્ટમાં જમવા આવતી શિક્ષકા ઐશ્વર્યા પ્રણયભાવ જગાડી જાય છે. પણ તેની બદલી થતાં કટપ્પાનું હૃદયભંગ થઈ જાય છે. કટપ્પાથી લઈને માને જિવાડવાના ઉદ્દેશ્ય સાથે જીવતી તિબેટિયન છોકરી છે. તો પેલેસ્ટાઇનમાં યુદ્ધના દિવસોમાં એક બાળક ભૂખ્યું છે. એ એક સામાન્ય બ્રેડ ઝંખે છે. અબજોપતિ પતિ હોવા છતાં કેથરિન દુ:ખી છે. એના જીવનમાં અંધકાર છે. અજવાળાની શોધમાં એ નનને મળે છે ને પ્રેમનું સત્ય પામે છે તો નન પણ જીવનના સત્યથી ઉજાગર થાય છે. કાકા દ્વારા છેતરપિંડીથી મરેલો રાજા છેલરાવના આત્માને હજી શાંતિ નથી મળી. કૌમાર્ય ગુમાવવાને કારણે પસ્તાવો કરતો કિશોર ગણિકાના રૂમમાંથી ભાગે છે. ઍમેઝૉનના જંગલમાંથી પહેલી વાર એનાકૉન્ડાને પકડી, સફળ રિસર્ચ કરી ધન્યતા અનુભવતો, પરંતુ દુનિયાના સૌથી મોટા એનાકૉન્ડાને પકડવાનો ને એના પર રિસર્ચ બાકી છે. પેલા બાળકને પત્રકાર બ્રેડ આપવા તો જાય છે પણ રોઝો છે એટલે મા ઇફ્તારમાં ખાવા કહે છે. બાળક એ વિચારી ધન્યતા અનુભવે છે કે ઇફ્તારમાં બ્રેડ ખાશે. મૃત્યુને માત આપી તિબેટિયન યુવતીની મા દેવીપણાના પરચા, ચમત્કાર બતાવવા લાગે છે ને મંદિર બની બેઠેલા ઘરમાં મા-દીકરી સુખેથી રહે છે. પોતાનો નાનકડો કસબો ડાંબા હવે સહેલાણીઓનું આકર્ષણ બને છે પણ જુવાન થતી જતી છોકરીને તો દેવી બની પૂજાવું નથી, લગ્ન કરી બાળકો પેદા કરવાં છે. અહીં દરેકનું સત્ય જુદું છે, દરેકનાં દુ:ખસુખ જુદાં છે. માણસ પરિસ્થિતિવશ જીવતો રહે છે. જિંદગી જ સિગ્નલ વગરની છે. એટલે જ લેખિકાએ દરેક કથાનાં પાત્રોની ઇચ્છા પૂર્ણ થઈ હશે – અંગેના પ્રશ્ન મૂકે છે. પરંતુ મૂળ કથા જેની છે એ હૃદયભંગ કટપ્પામાં હૃદયપલટો થાય છે. હવે રજનીકાંતની જગ્યાએ એ પ્રભાસને માનતો થઈ જાય છે. ઐશ્વર્યા નહીં તો લક્ષ્મીને પરણી હવે એ ખુશમખુશ છે.

મુખ્ય કથાને પકડી રાખીને બીજી કથાઓ જોડાઈ છે. વાર્તારસ છેલ્લે સુધી જળવાઈ રહે. વાર્તામાં આમ રચનારીતિમાં પ્રયોગ છે. પરંતુ એ દ્વારા લેખિકાએ સમાજજીવનની વાસ્તવિકતાનું તાદશ ચિત્રણ કર્યું છે. લેખિકાની ઓળખ બનેલી ‘ફકીરની પાળ’ વાર્તાને પણ આ દૃષ્ટિએ તપાસી શકાય. ‘ફકીરની પાળ’ વાર્તામાં વાર્તાકથક એક દીવાલ છે. લેખિકાએ દીવાલના સંવેદનવિશ્વને માર્મિક રીતે આલેખ્યું છે. ‘હવે તો હદ જ થઈ ગઈ છે. હવે આ લીમડો શું ચૂંદડી અને ચાદર પણ ઓઢશે? એ પણ શું કરી શકે એમ છે? મારી જેમ એ પણ ક્યાં કશું બોલી શકે છે? આ લોકો સમજે તો સારું, મારે તો કંઈ શ્વાસ ન લેવાનો હોય, પણ લીમડો તો શ્વાસ લે છે. બળી મરશે, જો રોજેરોજ આમ ચૂંદડી અને દોરામાં વીંટળાતો રહ્યો તો! આ બધી કરામત આ ફકીરની છે; જ્યારથી એણે આ કબ્રસ્તાનનો આશરો લીધો છે, ત્યારથી હું હાજરાહજૂર બની ગઈ છું.’ (પૃ.૦૧) આપણી આસ્થાનાં સ્થાનકો કઈ રીતે ઊભાં થાય છે, આ સ્થાનકોના વિકાસ અને વિસ્તાર, ગતિવિધિઓ વગેરેનું યથાતથ ચિત્રણ લેખિકાએ દીવાલના કેન્દ્રથી કર્યું છે. સુખની શોધમાં ને દુ:ખથી દૂર રહેવા માણસ એક સામાન્ય દીવાલ, કબ્રસ્તાનની હદ બાંધવાની દીવાલને આસ્થાની, માનતાની દીવાલ, ફકીરની પાળ બનાવી દે છે. એક ત્રીસેક વર્ષનો ચીંથરેહાલ

અસ્તવ્યસ્ત દેખાતો ફકીર કોમી તોફાન પછી કબ્રસ્તાનમાં આશરો લે છે. દુઃખથી ભાગતા લોકો સુખની શોધમાં ફકીર પાસે આવે છે. ધીમે ધીમે લોકોનાં દુઃખ દૂર થતાં જણાતાં જર્જરિત દીવાલ ફકીરની પાળની ઓળખ પામે છે.

લેખિકાએ અહીં વસ્તુવિન્યાસ સુંદર રીતે કર્યું છે. આખા ગામને વંટોળે ચડાવનાર એક નમણી બાઈ મેળાવડામાં આવી ચડે ને વાર્તા વળાંક લે છે. આ બાઈ સદકાની શાલ અને પૈસા આપવા ફકીર તરફ હાથ લંબાવે અને એના હાથનું છૂંદણું જોતાં ફકીર બેચેન થઈ જાય છે. રાતે એનું મન ચીસો પાડીને દીવાલને ફરિયાદ કરતું હતું- 'નૂરી, મારી દીકરી... નૂરી...' (પૃ.૦૪) એ રાતે ફકીર કાયમ માટે ગાયબ થઈ જાય છે. લોકોમાં ફકીર વિશે વાયકા સાંભળવા મળે છે - 'ફકીરમાં જીન હતો.' લેખિકા અહીં અટકતાં નથી. વાર્તાને અંતે એક મેલો હાથ આ દીવાલને અડકી રહ્યો હતો ને ત્યાં જ 'એ ગાંડા... એ પાગલ' (પૃ.૦૫) કહી ફકીરની આ પાળને અભડાવતાં અટકાવવા કોઈ તોફાની બાળકે પેલા મેલા ચીંથરેહાલ માણસને પથ્થર માર્યો ને એના માથેથી લોહી ચૂસતો પથ્થર સીધો જ દીવાલ પર ઝીંકાયો. દીવાલનું કથન છે - 'એ ધગધગતા લોહીનું આલિંગન મળે એ પહેલાં જ માથે એક વજનદાર અરજ પછડાઈને મને મારા હોવાપણાના વાસ્તા દેતી રહી. એનો ઝીણો અવાજ મને કરગરી રહ્યો હતો, 'નૂરી... નૂરી...' લીમડો ડાળ પરથી ચાદર ખેરવવાની નાકામ કોશિશ કરતો રહ્યો.' (પૃ. ૦૫)

'રોજ રાતે' વાર્તામાં શ્રદ્ધા-આસ્થાની વાત જુદી રીતે થઈ છે. ઑફિસની એકવિધતાવાળી જિંદગીથી પર શાંતિની શોધમાં નીરજ રોજ રાતે ઘરથી દૂર ચાલવા નીકળે ને એક પાળી પર બેસી માઝા પીણું પીએ. ત્યાં એને ફૂલવાળા પાસેની મોગરાના ગજરાની સુગંધ ગમી ગઈ ને એ રોજ ગજરો લેવા આવ્યો. પછી નીરજની ન ચા ઊભરાઈ, ન દિવસ ખરાબ ગયો. ન મોડા પહોંચાતું, ન ગ્રેસમાર્ક લાગતો. પછી એને ગજરાનું વળગણ લાગ્યું. ગજરો એના જીવનમાં નવા જ રંગ પૂરવા લાગ્યો. નીરજને ગજરાથી હૂંફ મળતી. પરંતુ મિત્રોમાં ને સોસાયટીમાં જુદી જ રીતે વાત પ્રસરવા લાગી. ઑફિસની મિત્ર નિધિએ એને 'સાઇકોલૉજિકલ ઑબ્સેશન' કહ્યું. આખરે નીરજે આ વાત સ્વીકારી, હવે ગજરાથી દૂર રહેવા લાગ્યો. પણ બીજા દિવસે 'ગ્રેસમાર્ક' લાગ્યો. ખરેખર હવે ગજરો કોયડો જ બની રહ્યો. એને જિંદગી પાછી 'એ જ ગધેડા' જેવી લાગવા લાગી. પછી તો નીરજ માંદગીમાં સપડાય છે. એના મનમાં અજંપો એક દીવા રૂપે પ્રજ્વલિત થયો. નીરજની સંવેદનાને વ્યક્ત કરવા લેખિકાએ અંતે પ્રતીકાત્મક રૂપમાં મા અને બાળકનું ચિત્રણ મૂકે છે - 'ઘરના નાનકડા મંદિરમાં સુવાસતાં ધૂપ-અગરબત્તીની હાજરીમાં કોઈ સ્ત્રીના કંઠે ગવાતી જગદંબાની આરતી બધું જ શાંત કરી દે છે. પીળી સાડીની પાટલીઓ વચ્ચે ઊપસતા ઘૂંટણને અડકીને ઊભેલું બાળક ધીરેકથી નજર ઊંચી કરે છે અને સ્ત્રીના હોઠો પર મમતા સળવળે છે. સ્ત્રીના અંબોડે વીંટેલા ગજરામાંથી મોગરાની ધવલ મહેક વરસી રહી છે.' (પૃ. ૮૬) વાર્તાના અંતના આલેખનમાં વાર્તાકારની કુશળતાનાં દર્શન થાય છે.

આ જ પ્રકારનું આલેખન 'જોયું ન જોયું' વાર્તામાં પણ જોવા મળે છે. સમાજનો કદરૂપો ચહેરો લેખિકાએ અહીં ચિરંજીવીના માધ્યમથી દર્શાવ્યો છે. વાર્તાની શૈલી આધુનિક છે. પરંતુ હેતુ સામાજિક ચેતના તરફનો છે. ચિરંજીવી જે મકાનમાં ભાડેથી રહેતા હતા એ મકાનની સામેના એક મકાનની ઓરડીમાં મકાનમાલિકનો મવાલી જેવો ભત્રીજો અને એનો દોસ્ત ઘરમાં રહેતી મૂંગી કામવાળી પર બળાત્કાર કરે છે. ચિરંજીવી આ જુએ છે. પણ માથાભારે મકાનમાલિક સાથે પંગો ન લેતાં જોયું ન જોયું કરે છે. પણ સમાજમાં જોયું ન જોયું કરવાની વૃત્તિએ આ વિકૃતિને પોષી છે. જે ઘર સુધી પહોંચે છે. ચિરંજીવી સવારે વહેલો ઊઠીને જે દુનિયા જુએ છે, એ આખી વિચિત્ર બની ગઈ હતી. એને પુરુષો નિર્વસ્ત્ર અને સ્ત્રીઓ વિવિધ રંગમાં દેખાય છે. જે સૂચક રૂપ આલેખાયાં છે. વાર્તાનો અંત સ્તબ્ધ કરી દેનારો છે. બહાર જેને આપણે જોયું ન જોયું કરીએ એ ઘર તરફ આવે તો... નાનકડી બાળકી મીનુ તરફ જોતાં જ જિગરીજાન દોસ્ત 'જિગરનાં વસ્ત્રો ગાયબ થઈ રહ્યાં હતાં. ચિરંજીવીને ચીસ તો પાડવી હતી, પણ અવાજ તેના ગળામાં જ ફસાઈ ગયો હતો.' (પૃ.૯૨)

'ચંપાનો ગજરો' વાર્તા સરસ રીતે રજૂ થઈ છે. એક તરફ વાર્તાકથકનું વહેવાર વર્તન અને બીજી તરફ વાર્તાકથક દ્વારા ચંપા વિશેની, એના શણગારની વાતો. વાર્તાકથકના વ્યક્તિત્વથી પર ચંપાનું વ્યક્તિત્વ એ રીતે આલેખાયું છે કે વાચક અંત સુધી આ બંનેના સંબંધ વિશે વિચારતો જ રહી જાય છે. રિસાઈને પિયર ચાલી જાય છે ત્યારે 'આખરે મારો ભાઈ ઘરે આવી જ ગયો એની ચંપાને લઈને! ચંપારાણીને માથે આજે ફરી ગજરો સજ્જ થયો હતો.' (પૃ.૩૦) લેખિકાએ અંત સુધી પાત્રોના સંબંધનું રહસ્ય રાખ્યું છે. જે અંતની મજા છે. આરંભે લોકો વાર્તાકથકને 'ભાયડાછાપ સ્ત્રી' કહે છે. આ અપમાન વાર્તાકથકને ખિન્ન કરી દેનાર છે. પણ આ જ વાર્તાકથકને અંતે લાગે છે કે 'ચંપાની હાજરીમાં ઓલવાતી તકવાદી બત્તી મારા ચિત્ર પર મારો ૬ ફૂટનો કાળો પડછાયો ફેંકતી ગઈ. જાણે મને પૂછતી કેમ ન હોય, 'કોણ છે તું? મોનાલિસા કે વિન્ચી?' (પૃ.૩૦)

'રસ્તો' અને 'બાબુ ઘડિયાળીની પ્રેમકથા' વાર્તાઓમાં સજીવારોપણ છે. 'રસ્તો' વાર્તાનો કથક રસ્તો છે. આપણા વ્યવસ્થાતંત્ર તરફનો કટાક્ષ ધ્યાન ખેંચે છે. 'ફકીરની પાળ' વાર્તામાં દીવાલ, લીમડોની જેમ અહીં રસ્તો, ધરતી, ઝાડ, સૂર્ય પાત્રો છે. આ પાત્રો દ્વારા મનુષ્ય પ્રત્યેની અનુકંપા વ્યક્ત થઈ છે. વાર્તાનો અંત કરુણ છે. 'બાબુ ઘડિયાળીની પ્રેમકથા' વાર્તામાં કથાનાયકનો ઘડિયાળ સાથેનો અનુબંધ વ્યક્ત થયો છે. ઘડિયાળ અહીં પાત્ર રૂપે નિરૂપાય છે. કથાનાયક આ બાવન વિવિધ સ્ત્રી નામધારી ઘડિયાળો સાથે સંવાદ જાળવે છે. તેથી જ ઘડિયાળો પણ કથાનાયકને વારસદાર આપી જવા કહે છે. વાર્તામાં મનુષ્ય કરતાં પ્રાણીઓ વચ્ચે જીવતી, એન.જી.ઓ. ચલાવી પ્રાણીઓને રેસ્ક્યુ કરતી તાન્યા સરકારના સંપર્કમાં આવતાં કથાનાયકના ચિત્તમાં ઘડિયાળ સાથે બિલાડી પ્રત્યે પ્રેમભાવ જાગે. આરંભે બિલાડીને ચંપલ મારી ભગાડતાં કથાનાયકને ત્યાં અંતે બિલાડીઓની આવનજાવન રહે છે. વાર્તાનું વસ્તુ અને નિરૂપણરીતિમાં નાવીન્ય છે. વાર્તા આરંભે સર્જકપ્રવેશ છે. 'ફકીરની પાળ',

'રસ્તો' વાર્તા સર્જકપ્રવેશ વગર સહજ રીતે નિરૂપાઈ હોય ત્યારે લેખિકા આવા પ્રયોગોથી દૂર રહે એ વધારે સારું છે.

'ખોળો' પુરુષ સંવેદનાની વાર્તા છે. પુરુષને માતૃત્વ ધારણ કરવાની ઇચ્છામાંથી આ વાર્તા સર્જાય છે. સુહાનીને જ્યારથી પ્રેગ્નન્સી રહે છે ત્યારથી માનસિક રીતે વિવેક પણ પ્રેગ્નન્સીનો અનુભવ કૂંડા દ્વારા કરે છે. એટલે વાર્તાને અંતે જન્મ પછી વિવેક પાસેથી બાળકને ફીડ કરવા સુહાનીને આપવામાં આવે ત્યારે વિવેકને ખોળો બદલાયાનો અનુભવ થાય છે. 'વાસ' વાર્તામાં પભુના મૃત્યુ પછી આર્થિક સંકળામણને કારણે એના દીકરાએ પભુ ચલાવતો હતો એ દારૂનો અડ્ડો, વાસમાં, કેશીના ઘરે જવું પડે છે. અહીં કેશીનું વાર્તાકથકનો પરિચય પોતાનાં સંતાનોને આપતાં જે રીતે 'ભાઈ' શબ્દ પ્રયોજે છે કે નાયકને સંશય થાય છે અને કેશીના ઘરમાં પોતાના પિતાનાં પૅન્ટ અને તસવીર જોઈ પિતાના કેશી સાથેના લગ્નેતર સંબંધની વાસ આવે છે. લેખિકાએ બોલકી બન્યા વગર એક પૅન્ટના માધ્યમથી કેશી અને પભુના દારૂના ધંધા સિવાયના સંબંધની વાત વણી લીધી છે.

'દરવાજે કોઈ આવ્યું હતું, કોણ એ ખબર નહીં' અને 'ઘા' વાર્તામાં સાંપ્રત સમસ્યાનું આલેખન છે. ગામમાં હિન્દુ, મુસ્લિમ, દરેક જ્ઞાતિ ધર્મના લોકો સાથે મળી બધા જ તહેવારો ઊજવતા હતા. આ માહોલમાં જીવેલી નાયિકાને 'સોસાયટીમાં મુસ્લિમ અલાઉડ નથી' એવું એજન્ટ કહે છે ત્યારે તેની સંવેદનાને આહત કરે છે. એણે ઘર બદલતાં સામાન ગોઠવવામાં એને આગંતુકનો સધિયારો મળે છે. જે આ સમસ્યાઓ વચ્ચે સંબંધોને ટકાવી રાખનાર કડી બને છે. લેખિકાએ દસ પૅરેગ્રાફમાં દસ વખત 'દરવાજે કોઈ આવ્યું હતું, કોણ એ ખબર નહીં' વિધાન મૂકી નાયિકાના આંતરમનની સંવેદના જ વ્યક્ત કરી છે.

'રોટલી', 'છાંટા', 'સિલવટ' વાર્તાના કેન્દ્રમાં નારી છે. 'સિલવટ' વાર્તાના શીર્ષકમાં વ્યંજના છે. અહીં કરચલી પલંગ પરની ચાદર પર નહીં, ચિત્તમાં પણ પડેલી છે. નાયિકાની અધૂરપ લેખિકાએ તીવ્ર સંવેદનાથી વ્યક્ત કરી છે. કરચલી પ્રતીકાત્મક રૂપ છે. 'છાંટા' લેખિકાની સુંદર વાર્તા છે. સ્ત્રીના માસિક ધર્મની બાબતમાં રૂઢિચુસ્તતાને કારણે જાતીય જીવનથી અતૃપ્ત સ્ત્રીની સંવેદના અહીં છે. લેખિકાએ મૂળ વાત કહેવા સુધીમાં ઘણું ઝીણું કાંત્યું છે. માસિક ધર્મ દરમિયાન વહુ નૈના અને પ્રિયા જ નહીં, સાસુ પણ અલાયદી ઓરડીમાં રહે છે. નૈનાની નિકટ તો યજુર છે, ફોજમાં ભરતી થયેલો અવધ જ્યારે આવે છે ત્યારે માના ચુસ્ત નિયમ પાળનારો તે પ્રિયાના હાથને પણ સ્પર્શી નથી શકતો અને પ્રિયા જાતીય સુખથી વંચિત રહે છે. આ અતૃપ્તિ પ્રિયાને યજુર તરફ ખેંચી જાય છે, જ્યારે નૈના પિયર હોય છે ને બા ઓરડીમાં. આ અનૈતિક સંબંધ નથી પણ પરિસ્થિતિવશ પીડાતાં પાત્રોની તૃપ્તિ છે. એટલે જ લેખિકા છેલ્લે નોંધે છે – 'જોકે બધા દિવસો સરખા નથી હોતા, અમુક દિવસો સારા પણ હોય છે. બા હમણાં ઓરડીમાં રહેતાં હતાં. બીજા દિવસની સવાર મોસમનો પહેલો વરસાદ ઝીલી તડકામાં તપેલી ધરતીને તૃપ્ત કરી રહી હતી. યજુર

અને પ્રિયાના બે અલગ અલગ ઓરડાઓ એક થઈ તૃપ્તિના તરંગો વેરી રહ્યા હતા. ઓરડામાંથી બહાર નીકળતી પ્રિયાના ભીના વાળમાંથી ઊડતી વાછટ નૈનાનાં સુક્કાં કપડાં પર સુખના છાંટા વેરતી હતી.' (પૃ. ૫૩)

સંગ્રહની મને સૌથી વધુ સ્પર્શી ગયેલી વાર્તા 'રોટલી' છે. રોટલી અહીં ખાદ્ય પદાર્થ નહીં, પણ વાર્તાનાયિકાના આંતરચેતનામાં રહેલા પુરુષપ્રધાન સમાજ સામેના વિદ્રોહને વ્યક્ત કરનાર માધ્યમ તરીકે આવે છે. પુષ્પા ભણી ન હોવાને કારણે કાચી વયે દારૂડિયા પતિને પરણી બદતર જિંદગી જીવી રહી છે ને એની બહેન ભણીને શિક્ષક તરીકે સારું જીવન વ્યતીત કરે છે. પુષ્પાની ઇચ્છા આઠ વર્ષની દીકરી ચકુને ભણાવવાની છે. ચકુની ઇચ્છા પણ માસીની જેમ શિક્ષક બનવાની છે. પુષ્પાને વિશ્વાસ હતો કે જેઠને વાત કરીશ તો ચકુને ભણવા મોકલશે. પરંતુ જેઠ જ ચકુનું સગપણ ગોઠવીને આવે છે ને ચકુએ નિશાળમાં કક્કાની જગ્યાએ રસોડામાં રોટલી બનાવતાં શીખવું પડે છે. એણે રોટલીને બરાબર આકાર આપ્યો છે કે નહીં, કાચી રહી ગઈ છે કે કેમ એ ચકાસણી કરતા જેઠ બોલે છે – 'પુષ્પાવહુ, જરા સરખું શિખવાડો છોકરીને કામકાજ! આવડી મોટી છોકરી હજુ રોટલી શીખી નથી.' (પૃ. ૩૬) આ વાક્યની ચોટ પુષ્પાને એટલી બધી લાગે છે કે 'રોટલી કેમ ન આવડે તને રાંડ!' ઊંચા અવાજે બોલતી ચકુને રસોડામાં પૂરી મારતી હોવાનું નાટક કરતી. ઘર પરિવાર, પતિ, જેઠ જેને સીધા શબ્દોમાં કહેવાતું ન હતું તેને ચકુને મારવા નાટક દરમિયાન જેટલા પણ ટોન મારવાના હતા તે, પોતાના આંતરમનમાં સંગ્રહી રાખેલી પીડા, ઉપેક્ષાને કહી સંભળાવે છે. એ એટલી હદે આકર્ષક વલણ અપનાવે છે કે જેઠ ભાગી જાય છે, પતિનો નશો ઊતરી જાય છે ને પતિ બોલી દે છે- 'માંય ગઈ રોટલી મારે કોઈને નથ દેવી... બારૈ નીકળ તું.... માંય ગઈ રોટલી.' (પૃ. ૩૯) લેખિકાએ પુષ્પાના પાત્રને એ રીતે આલેખ્યું છે કે પુષ્પા આ સમયની ગુજરાતી વાર્તાનું એક જીવંત પાત્ર બની રહે છે. અહીં પાત્રોચિત ભાષા છે. પુષ્પાની સંવેદનાને વ્યક્ત કરવા આ ભાષા ઉપકારક નીવડી છે.

ક્યારેક સીધા કથનથી, ક્યારેક પ્રથમ પુરુષ એકવચનમાં, ક્યારેક દીવાલ, રસ્તાના માધ્યમથી સમીરા દેખૈયા-પત્રાવાલાએ વાર્તાઓ નિરૂપી છે. એક તરફ નવતર પ્રયોગ કરવા તરફનો એમનો અભિગમ છે. બીજી તરફ પરંપરાગતરીતિએ વાર્તાઓ લખી છે. વાર્તાના રહસ્યને અંત સુધી જાળવી રાખવું કે વાર્તામાં અંતે નવું પરિમાણ લાવવાની એમને ફાવટ હોવાનું અહીં એકાધિક વાર્તામાં જોવા મળે છે. માત્ર નારીકેન્દ્રી વાર્તાઓ આપવા કરતાં વૈવિધ્યસભર સંવેદનવિશ્વવાળી વાર્તાઓ આપવા તરફનો એમનો ઝોક રહ્યો છે. આ સમયના સર્જકોમાં છવાઈ જવાપણું જોવા મળે એનાથી પર રહ્યાં છે, ને રહેવું જોઈએ. નવતર પ્રયોગ કરતાં લેખિકા સામાજિક નિસબત તરફનો ઝોક વધુ રાખશે તો હજી ઉત્તમ વાર્તાઓનો ફાલ એમની પાસેથી મળશે. 'ફકીરની પાળ'ની વાર્તાઓ મને ગમી છે, આશા રાખું ઘણા વાચકોને ગમશે. ને 'રોટલી' વાર્તા માટે સાનંદ અભિનંદન.

■

# 'રાતભર વરસાદ' : અશ્લીલ નહિ, અનૈતિક

– નરોત્તમ પલાણ

બુદ્ધદેવ બસુની ૧૯૬૭માં પ્રસિદ્ધ થયેલી કથાને નીચલી કોર્ટ 'અશ્લીલ' કહી તેનું વિતરણ અટકાવ્યું હતું. આજે આટલાં વર્ષે ભાઈ શૈલેશ પારેખ દ્વારા તેનું ગુજરાતી 'રાતભર વરસાદ' (૨૦૨૩) વાંચીને આને અશ્લીલ ન કહી શકાય – એમ લાગે છે. કદાચ જજ, આપણા ડોકાકા જેવા અતિ શિષ્ટ હશે, જેમણે 'ખડકાળ પ્રદેશ' જોઈને 'રાત રોકાઈ જવું હોય તો રોકાઈ જા-' એવું નિમંત્રણ પેલા પ્રવાસીને આપ્યું હતું! ડોકાકાએ આ શ્લોકમાં અનૈતિક નિમંત્રણ જોયું હતું. નગીનદાસ પારેખે કહ્યું કે 'આ નીતિગ્રાહે ઊભો થયેલો ગોટાળો છે.'

'રાતભર વરસાદ' વિશે પણ નીતિગ્રાહે ઊભો થયેલો ગોટાળો અમને લાગે છે. પરિણીત સ્ત્રી પતિ સિવાય બીજા પુરુષ સાથે શરીરસંબંધ બાંધે તે અનૈતિક છે. કથાના આરંભે જ માલતી પરપુરુષ જયંત સાથે સંબંધ ઊજવે છે. એને લાગે છે કે મેં 'ઘણા વખત સુધી સંયમ રાખીને બરાબર કર્યું ન હતું!' માલતી પોતાના પતિ નયનાંશુ સાથે સુખી છે, એક પુત્રી પણ છે. આ પછી રૂખડ (રફટફ!) લાગતા મિત્ર જયંત સાથે રતિ માણે અને એને જે 'રફનેસ'નો અનુભવ થાય તે પતિ સાથેના સંબંધ કરતાં વધારે મીઠો લાગે છે. આ 'મીઠાશ'ની આજુબાજુનું મંથન, દક્ષાબહેન પટેલ કહે છે તે 'મનોજન્યભાવો'નું વિશ્લેષણ આ કથાનો વિશેષ છે. પતિ પોતાને બાથમાં લેતો ત્યારે માલતીને પતિનું 'બેબાકળાપણું' નહિ, 'કોઈ પુસ્તકનો અનુવાદ' કરી રહ્યો હોય-એવી કાળજી અથવા સભાનતાનો અનુભવ થતો!! (પતિ મોટો પત્રકાર અને અનુવાદક છે!) માલતી જયંત પર ખુશ છે, એની રતિ અને આક્રમક આવેગ પર! પેલી 'લેડી ચૅટરલીજ' પોતાના 'લવર્સ'માંથી રફટફ રસોયાને સદૈવ યાદ કરે છે-એવું કંઈક માલતી-જયંત સાથે છે.

ખેર, આખી કથામાં અશ્લીલ કહેવાય એવું વર્ણન ક્યાંય નથી. એક વખત માલતી સૂતી છે અને એનો ખુલ્લો પગ તથા ખુલ્લો સ્તન અંશુની નજરે પડે છે તેનું વર્ણન છે. આમ આ કથા સામાન્ય છે અને સામાન્ય માનીને જ શૈલેશભાઈએ આનો વિશેષ ચીવટ રાખ્યા વિનાનો અનુવાદ કરી નાખ્યો એમ લાગે છે. જુઓ, 'શો-શી-શું-શા'નો ભેદ ક્યાંય-સચવાયો નથી. શું ફેર છે તે સમજાવશો?' (પૃ.૧૧) અહીં 'શો ફેર છે' - એમ નરજાતિ જોઈએ. તને શું સમજ પડે? (પૃ.૧૪) અહીં 'શી સમજ' એમ નારી જાતિ યોગ્ય રહે! 'આખું સ્તન દેખાઈ રહ્યું હતું.' (પૃ.૧૯) શું સ્તન નાન્યતર જાતિ છે?

લગભગ દરેક ઘટનામાં વરસાદ છે તે આ કૃતિને આકાર આપે છે. ક્યારેક ધોધમાર વરસાદ જયંતની આક્રમકતાનું પ્રતીક બની રહે છે. અંશુ-ના, જયંત (પૃ.૪૩) અને દ્વિધા પણ કૃતિને ઊંડાણ અર્પે છે. સ્ત્રી કે પુરુષ – દરેકને પોતાનો અહમ્ છૂટા પાડે છે અને દુઃખદાયી બની રહે છે. કથાનું પાંચમું અને છેલ્લું લખાણ, કૌંસમાં માલતી-અંશુની ઉક્તિની ગૂંથણી લેખકનો કલાકસબ છે અને આ સામાન્ય રચનાને અસામાન્ય બનાવે છે. સંધ્યાબહેન ભટ્ટના શબ્દોમાં છોછ વગર લખાયેલી આ કૃતિ ગુજરાતીમાં લાવવા માટે આપણે શૈલેશ પારેખના આભારી છીએ.

■

# ‘ભૂમિસૂક્ત’ એટલે ACTIVIST - સૂક્ત

સંજય સ્વાતિ ભાવે

[**ભૂમિસૂક્ત** : લેખક : હિમાંશી શેલત, પ્રકાશક : અરુણોદય પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : જૂન ૨૦૨૪, પૃ.૧૬૦, કિં. રૂ. ૨૨૫/-]

હિમાંશી શેલતની નવી નવલકથા ‘ભૂમિસૂક્ત’ દેશકાળના સાંપ્રત માટે નિસબત ધરાવતા વાચક પર છવાઈ જાય અને તેને વલોવી નાખે તેવી સાહિત્યકૃતિ છે.

કર્મશીલ અને કર્મશીલતા - activist and activism વિષય પરની આ સંભવતઃ પહેલી ગુજરાતી નવલકથા છે. જનમાનસમાં એકંદરે ઓછા જાણીતા અને ઉપેક્ષિત એવા મૂલ્યવાન ક્ષેત્ર activismનાં સાંગોપાંગ દર્શન હિમાંશીબહેન પ્રવાહી શૈલીમાં વેધક દૃષ્ટિ અને તીવ્ર સંવેદનાથી કરાવે છે.

લેખિકાનો વ્યાપ, તેમની લાક્ષણિક ઉત્કટતા અને દેશમાં માનવ-અધિકારભંગના બનતા સંખ્યાબંધ બનાવોની તેમની સતત સભાનતાનો અહીં સમન્વય છે.

આવા સંખ્યાબંધ બનાવોનો નવલકથામાં સીધો કે આડકતરો સંદર્ભ છે. પૂર્વાંચલમાં આસામ તેમ જ છત્તીસગઢમાં બસ્તર જેવી જગ્યાએ માઓવાદીઓ અને રાજ્યનો હિંસાચાર, દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી(જે.એન.યુ.)માં વિદ્યાર્થીઓ પર દમન, નિર્દોષોનું લિન્ચિન્ગ એટલે કે ટોળા દ્વારા મારણ, જસ્ટિસ લોયાની હત્યા, કઠુઆ અને હાથરસમાં બળાત્કાર, ઉચ્ચશિક્ષણ સંસ્થાઓમાં અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય પર તરાપ, સરકારે બળાત્કારીઓને આપેલી માફી અને તેની ખુશીમાં કેટલાક લોકોએ વહેંચેલી મીઠાઈ – આવા બીજા પણ દાખલા નવલકથામાંથી આપી શકાય. આ પ્રકારના સમકાલીન બનાવોને ઓછા ગુજરાતી સાહિત્યકારો સ્પર્શ્યા છે.

આ બધાંની વચ્ચે કાર્યરત એવી કર્મશીલ નામની મોંઘેરી જણસને હિમાંશીબહેન પુસ્તકમાં ચોટદાર ગદ્યાંશો થકી વારંવાર ઉપસાવે છે. આ દોહ્યલા કુળનાં મૂળ, તેમની પ્રેરણા, તેમનાં આધાર અને ઊર્જા, તેમની વિમાસણો અને વેદના, તેમને મદદ કરનારા પત્રકારો, કાનૂનવિદો અને ક્વચિત સરકારી અધિકારીઓ કે સંપન્ન નાગરિકો એવી અનેક બાબતો આપણી સામે આવતી રહે છે.

આ એવાં સ્ત્રી-પુરુષ કાર્યકર્તાઓ છે કે જે ઘણું કરીને દેશના દુર્ગમ ખૂણામાં અથવા શહેરોના બદનામ વિસ્તારોમાં ન્યાય અને સમાનતાભર્યા સમાજ માટે અહિંસક તેમ જ રચનાત્મક માર્ગે સંઘર્ષમાં જાત આખી ખરચી કાઢે છે. તેમાં લોકઆંદોલનો, અદાલતી લડત, પોલીસટૉર્ચર, જેલ અને ક્યારેક મોત પણ આવી જાય. કર્મશીલો સમાજસેવકો કે કાર્યકર્તાઓ કરતાં અનેક રીતે જુદા છે. તેમનું કામ ખુદનો હાથ ઉપર રાખીને અભાવગ્રસ્તોને સેવા આપવાનું નથી પણ માણસાઈની સમાનતાભરી લાગણીથી તેમનો હાથ પકડવાનું, તે હાથને મજબૂત બનાવવાનું છે. સેવાકાર્ય મહાન

હોઈ શકે છે, પણ કર્મશીલતામાં જે રાજકીય સમજ તેમ જ સભાનતા છે, એનાથી સેવાકાર્ય છેટું રહેતું હોય છે. સેવામાં દયા, ઉદારતા, ધાર્મિકતા જેવી લાગણીઓ સહાય અને દાનમાં પરિણમે છે. કર્મશીલતા સ્વાતંત્ર્ય-સમતા-બંધુતાના આદર્શો સાથે સંઘર્ષ અને નવરચનાના માર્ગે ચાલે છે.

કર્મશીલ કુળનાં ઘણાં સ્ત્રી-પુરુષો તેજસ્વી બુદ્ધિવાળાં હોય છે. દેશની ઉત્તમોત્તમ સંસ્થામાં ભણતરને પગલે મળવાપાત્ર તગડા પગાર અને સુખી જીવનને જતાં કરીને સમાજકાર્યમાં લાગે છે. સેવાબેવાનું નામ આપ્યા વિના, આધ્યાત્મિકતાના લેશમાત્ર સ્પર્શ વિના, રાજકીય સભાનતા સાથે અદમ્ય પૅશનથી નક્કર કામ કરતાં હોય છે. પગ ખોડીને આ ભૂમિમાં ઊભાં તે લેખે લાગે એવું કશુંક કરતાં રહેતાં હોય છે.

આવાં આસ્થાવાનોના સમાંતરે નવલકથામાં ગુનાઇત માર્ગો સહિત યેનકેનપ્રકારેણ વિદેશ જતા અને ત્યાં કાયમી વસવાટ કરતા હજારો પરિવારો છે. આ બિનનિવાસી ગુજરાતી/ભારતીય એન.આર.જી./એન.આર.આઈ. બનવાની પ્રક્રિયાનાં અનેક પાસાં લેખિકા આલેખે છે. આખાં ને આખાં કુટુંબો વડવાઓની મિલકતો વેચીને, પેઢીઓના ઇતિહાસને ભૂલીને પરદેશ ચાલ્યાં જાય છે. ઘણા પરિવારોમાં યુવક-યુવતીઓ વિદેશમાં સંપન્ન બને છે. તેમના વડીલોની પેઢી ભારતમાં સંપત્તિ અને સગવડો વચ્ચે સંતાનવછોયાં હોવાની પીડા સાથે દા’ડા ટૂંકાવે છે. દેશ છોડી ચૂકેલા ભારતીયો દ્વારા દેશના માવતરની મોબાઇલી ચિંતા, વિદેશમાં દેશભક્તિ અને સંસ્કૃતિસંવર્ધન, વાર્ષિક વતનમુલાકાતો જેવી બાબતો લેખિકાના અચૂક યથાર્થ અણગમા સાથે વ્યક્ત થઈ છે.

નવલકથાનાં મુખ્ય પાત્રો ત્રણ પ્રકારના કર્મશીલોને આવરી લે છે. એક, અગન-આરંભ-અવઢવ અને પરિવાર સાથેનાં જોડાણ ન છોડી શકતા નવોદિતો; બે, સંપૂર્ણ સમર્પણ-સ્પષ્ટતા-નિર્ધાર-સાતત્ય-નક્કર કામ કરનારાં સમર્પિતો; અને ત્રણ, હતબલ-હતાશ કર્મવૃદ્ધો. નિરીક્ષકો ઘરઆંગણે અને દેશમાં અત્યારના કર્મશીલોમાં પણ આ ત્રણેય પ્રકારના કર્મશીલોની વ્યક્તિરેખાઓ જોઈ શકે.

નાયિકા લતિકા પહેલા પ્રકારના કર્મશીલોનું પૂરેપૂરું પ્રતિનિધિત્વ કરે છે. એક પર્યાવરણ કેન્દ્ર વતી કામ કરવામાં તે પ્રદૂષણ કરતી ફૅક્ટરીઓ સામે સર્વેક્ષણ અહેવાલો લખે છે. શાહીનબાગ વિરોધ તેમ જ ખેડૂત આંદોલનમાં જઈને ફોટા અને લેખો અખબારોને મોકલે છે. નર્મદા બંધના વિસ્થાપિતો સાથે કામ કરે છે. સમગ્ર કુદરતને દિલોજાન ચાહે છે. પતંગિયાં પાછળ પાગલ છે. સાપને પોતાનાં સગાવહાલાં ગણીને બચાવે છે. પ્રચંડ ઘોંઘાટથી રસ્તા પરની બે હૉસ્પિટલોના દરદીઓ માટે તકલીફકારી શોભાયાત્રા વિરુદ્ધ અખબારમાં લખીને લોકોની ધમકીઓ વહોરે છે, રમખાણ-પીડિતો માટે રાહતકાર્યમાં જોડાય છે - તે આવું બધું કરતી જ રહે છે. લતિકાના પિતા પણ વર્ષોથી ધરણાં-દેખાવોમાં જોડાતા રહેનારામાં સાચકલી માણસાઈ ધરાવતા આદર્શવાદી છે. લતિકાનો ભાઈ અમર અને તેને ‘ઘણો ગમતો’ સખા અખિલ વિદેશઘેલા છે. અમર તો તેના માટે ઝૂરતી કૅન્સરગ્રસ્ત માને છેક સુધી મળવા આવતો જ નથી. સમવિચારી પિતા લતિકાનો મજબૂત આધાર છે. લતિકાને તેમની ઉંમરની સતત ચિંતા રહે છે. તેમના મૃત્યુ બાદ લતિકા વિચારવમળોમાં સતત ઘેરાયેલી રહે છે : તેનું ભવિષ્ય, પરિવાર માટેનો લગાવ, માનવસહજ ડર અને

જાતને બચાવવાની વૃત્તિને કારણે પૂરા સમયની સમાજકાર્યકર બની નથી શકતી તેનો અપરાધભાવ, આજુબાજુના હિંસક અન્યાયકારી સાંપ્રતના વિચારોનું આત્યંતિક ચિંતન, સુખશાંતિની જિંદગી જીવવા માટેનો કંઈક મોહ અને તેના માટેના વિકલ્પો વચ્ચે તે અટવાતી રહે છે. આખરે તે ગંભીર પ્રકારના અવસાદ-ડિપ્રેશનમાં સરી પડે છે. લેખિકાના ખુદના દર્શનનો ઘણો હિસ્સો લતિકાના જીવન અને તેના ચિત્તપ્રવાહોના બયાન થકી વાચક સુધી પહોંચે છે.

દેવાંગના સર્વેક્ષણ અને દસ્તાવેજીકરણમાં માહેર છે. તે સિવિલ સર્વિસની તૈયારી જતી કરીને મોટા ભાઈની નાખુશી છતાં સમાજકાર્યમાં જોડાઈ છે. તેનાથી નાની બહેન શિવાંગી આત્મહત્યા કરે છે. કૉલેજકાળથી જ આત્મવિશ્વાસી અને પછી પૈસાદારને પરણીને જિંદગીનો આનંદ માણતી બહેનનો બત્રીસમા વર્ષે આવેલો અંત દેવાંગનાને કોરી ખાય છે. તે મહિલા સંગઠન છોડીને હોનહાર યુવાન અમોલ સાથે જોડાય છે.

અમોલ આસામમાં સુરક્ષાદળોના અત્યાચારોના ભોગ બનેલાના પરિવારોને ન્યાય મળે તે માટે દૂરદૂરના વિસ્તારોમાં મોટાં જોખમો ખેડે છે. મનોરમાની ૨૦૧૪માં જઘન્ય હત્યા અને બીજા બનાવો સાથે પૂર્વાંચલની ઝાંખી તેની વાતમાં મળે છે. અમોલની મહેનત થોડીક ફળતી પણ હોય છે. એક વખત પીડિતોના જૂથને ઘોર રાત્રે દૂરનાં ગામે મળવા જવામાં અમોલ અને તેનો સાથી વિષ્ણુ લાપતા થઈ જાય છે, સંભવતઃ કાવતરાનો ભોગ બને છે. તેનું કારણ આંત્યતિક ઉન્મેષમાંથી આવતી અધીરાઈ અને વ્યૂહરચનાનો અભાવ હોવાનું ખૂબ દિલગીરી સાથે કહેવાનું થાય છે. દેવાંગના તહસનહસ થઈ જાય છે. તેને સતત અમોલના ભણકારા વાગ્યા કરે છે. તે ક્યાંય ઠરી શકતી નથી.

મદન ક્રાન્તિનો સંદેશો ફેલાવતાં શેરીનાટકો કરે છે. તેના પિતા એમ.બી.એ. થયેલા આ દીકરાને અમેરિકા ગયેલા તેમના ભાઈને ત્યાં ગોઠવાઈ જવા માટે દબાણ કરે છે, જેને પરિણામે તે ઘર છોડીને જાય છે, પણ દિશા જડવાની બાકી છે.

સુજૉય તીર્થસ્થાનોની ભીડને કારણે તેના ‘બાપ’ હિમાલયના થતા નાશને રોકવા માટે ફોટો પ્રદર્શનો દ્વારા જાગૃતિ ઝુંબેશ ચલાવે છે. પહાડોમાં સહેલગાહના દરેક સ્થળે હોટેલોની પાછળ ટૂરિસ્ટોએ કરેલા વિનાશકારક કચરાના કદરૂપા, રાક્ષસી ઢગલાના ફોટા અને વીડિયો તે બનાવે છે. લોકો, સરકાર, પ્રવાસન અને હોટેલ ઉદ્યોગવાળાને સમજવા કોશિશો કરે છે. વન્યજીવન અને પર્યાવરણ સંબંધિત પ્રોજેક્ટો માટે દેશભરમાં ભટકતો રહે છે. તે પ્રેમભગ્ન છે, સંબંધીઓ પરદેશ છે. ભ્રષ્ટાચાર વિરુદ્ધ સતત લખનારો તેનો (સુજૉયનો) એક ખાસ પત્રકાર દોસ્ત દિલ્હીમાં તેના પર થયેલા હુમલા પછી કોમામાં મરણશય્યાએ છે અને ભાવુક સુજૉય ભાંગી પડ્યો છે.

ચાળીસની આસપાસની વયના ઉપરોક્ત ચારેય છત્તીસગઢના બસ્તરનાં જંગલોમાંનાં દુર્લભ પતંગિયાં અને ક્લાયમેટ ચેન્જની તેમની પર થઈ રહેલી અસરના અભ્યાસના પ્રોજેક્ટ માટે ભેગાં થાય છે. ઊંડી આસ્થા, ટોટલ કમિટમેન્ટ, પરિવારના સંબંધો, આજીવિકા, સલામતી, ન્યોછાવરીનો નાદ અને તેની ફલશ્રુતિ અંગેની આશંકાની વચ્ચે ચારેય ઘેરાયલાં છે. લેખિકાએ આક્રોશપૂર્વક આલેખેલો આજુબાજુનો

હિંસક, ધર્મઝનૂની, સ્વકેન્દ્રી, ઐયાશ સમાજ તેમ જ આપખુદ, બેપરવા, બેરહેમ, મૂલ્યહીન શાસક વર્ગ – આ ચારને અસહ્ય લાગે છે.

કર્મશીલતાનો બીજો પ્રકાર તે પ્રભાસ. તે બસ્તરમાં 'જનજાગૃતિ મિશન'ની ધૂણી ધખાવીને બેઠો છે. પાંત્રીસ-ચાળીસનો આ સત્ત્વશીલ માણસ, બીજા જ્યાં માંડ પહોંચી શકે તેવી અઘરી જગ્યાએ બાળકો માટેની શાળા અને સ્વાસ્થ્યકેન્દ્ર ચલાવે છે. સુરક્ષાકર્મીઓ અને નક્સલવાદીઓ વચ્ચેની દુશ્મનાવટનો ભોગ બનેલા, કહેવાતા એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા, પોલીસના બળાત્કાર-જુલમનો ભોગ બનેલા આદિવાસી પરિવારોને મદદ અને ન્યાય મળે એ માટે મથ્યા કરે છે. પરદેશમાં ભણીને આવેલા પ્રભાસના મિશનમાં કારકિર્દીની ઉત્તમ તકો જતી કરનાર યુવાઓનું જૂથ છે : રતનજી, બાસુ, સત્યભામા, મુનીર અને વર્ષા. મક્કમતા, સ્પષ્ટતા અને આશાવાદ સાથે કામ કરનાર પ્રભાસને 'અર્બન નક્સલ' ઠરાવવાની કોશિશો ચાલુ હોય છે, પણ સાથીઓ મચક નથી આપતા. હેલ્થ સેન્ટરમાં પંચાવન-સાઠની નજીકના ડૉ. ભવાનીપ્રસાદ છે. તેઓ દસ વર્ષ અમેરિકામાં પ્રૅક્ટિસ કરી ચૂક્યા છે, કુટુંબજંજાળથી મુક્ત રહ્યા છે અને બસ્તરના દરદીઓ માટે બાઇક પર ગામડાં ખૂંદે છે. બીજી બાજુ રઘુનાથ નર્મદાયોજનાના વિસ્થાપિતોની બિલકુલ વચ્ચે તેમની અનેક હાડમારીઓ નિવારવા ત્રીસેક વર્ષથી કામ કરે છે. તેમણે આ કામમાં કેટલાંયને આવતાં અને જતાં જોયાં છે. ભાવનાશાળી યુવાઓને ઘેલું લગાડાનારા એક સાચા સમર્પિત 'ગુરુજી' છે. પ્રભાસ અને સત્યભામાના પથદર્શક ગુરુજીએ તેમને સંસ્થા સ્થાપવાથી પરાવૃત્ત કરીને જુદો વિધાયક માર્ગ આલેખી આપ્યો છે.

કર્મશીલતાનો ત્રીજો પાસ તે બે પેઢી પહેલાંના, એંશીએક વર્ષના દુર્ગાપ્રસાદ જે અનેક કાર્યકર્તાઓના રોલ મૉડલ છે. ગાંધી-વિનોબાને પગલે બસ્તરમાં કાર્યરત દુર્ગાપ્રસાદના જીવનની સાંજે કંઈક એવું બને છે કે તેમની હતાશા અને તેને પગલે આવેલી શારીરિક નાદુરસ્તી તેમની હાલત કરુણ બનાવે છે. આસામના પીઢ કાર્યકર શિવપુરી મજબૂત માણસ, પણ તે છેલ્લા દિવસોમાં અર્ધપાગલ થઈ ગયા હતા. બંધના અસરગ્રસ્તો માટે કામ કરનાર સીતાબાઈ ઘડપણે અલ્ઝાઇમર્સનો ભોગ બન્યાં છે. પૂછો તો કહેશે : 'કૌન નર્મદા ? કોઈ નર્મદા મેરી પહેચાન મેં નહીં !'

ગાંધી-વિનોબા ઉપરાંત અહીં અનેકના ઉલ્લેખો છે : ભગતસિંહ અને ખુદીરામ બોઝ, સાને ગુરુજી, સ્વામી આનંદ અને રવિશંકર મહારાજ, સુંદરલાલ બહુગુણા, પંજાબી કવિ પાશ, નરેન્દ્ર દાભોલકર અને ગૌરી લંકેશ, અત્યારનાં અરુણા રૉય અને સોની સોરી. ઍક્ટિવિઝમમાં રસ ધરાવનારને કેટલાંક પાત્રોમાં ગુજરાત અને દેશના એક કે વધુ સમકાલીન કર્મશીલોની રેખાઓ દેખાવાની. ઉપરોક્ત ઉલ્લેખો મોટે ભાગે લતિકાના મનોજગતમાં પ્રગટે છે.

આવા વ્યક્તિવિશેષોને લેખિકા જેમ યાદ કરે છે, તેમ એકસો સાઠ પાનાંના પુસ્તકમાં તેઓ કેટલાય વિષયો/પ્રશ્નોને સ્પર્શે છે. જેમ કે, વહાલ વરસાવતાં વૃક્ષો અને તેમનો વિનાશ, બુલેટ ટ્રેન અને તેના માટે આપી દીધેલી જમીનને કારણે આવેલી કુટુંબો-ગામો ભાંગનારી સમૃદ્ધિ, માટીનો નાશ, એનઆરઆઈ વર્ગનો ભારત માટે અણગમો અને વિદેશમાં તેમની કાનૂનપરસ્તી, પરદેશ જવા માટે છળકપટ અને

ગુનાખોરી, એક જમાનામાં સગાં-વહાલાંને સાચવી લેતા વસ્તારી કુટુંબો, વૃદ્ધાશ્રમના નિવાસીઓ માટે ઍનિમલ થૅરપી, લિન્ચિન્ગ, હિમાલયનાં ભૂસ્ખલનો, લવજેહાદ, જ્યુડિશિયલ ઍક્ટિવિઝમ, પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશન, સમાજકાર્યના વિરોધમાં અને પરદેશ-વસવાટની તરફેણનાં વ્યવહારુ દૃષ્ટિબિંદુઓ, કર્મશીલનો કલાકાર સમકક્ષ (પણ પીડ પરાઈ માટેનો) ઉન્માદ, સામાજિક નિસબત અને કલા, વિકાસયાત્રાનું મૃગજળ, લોકશિક્ષણની ભાંગી રહેલી સંસ્થાઓ, શેરીનાટકનો પ્રભાવ, ટૂરિઝમની મધલાળે સર્જેલું દોજખ, કર્મશીલ અને બુદ્ધિજીવી વચ્ચેનો તફાવત, સંગઠનો, દેખાડા અને વેડફાટ કરનારી કેટલીક એન.જી.ઓ.... આ યાદી ઘણી લાંબી થઈ શકે.

કર્મશીલતાનાં સ્વરૂપગત લક્ષણો અને તેનાં ચાલકબળો પણ લેખિકા ક્યારેક સંવાદો તો ક્યારેક કથકના ચિંતનના નાના-મોટા ગદ્યાંશો દ્વારા ઉજાગર કરે છે. તેમાંથી કેટલાક આ મુજબ છે : આ દેશની ધરતીના ખોળા માટેનો સાહજિક લગાવ જે દેશભક્તિ કરતાં ભિન્ન હોય, માણસાઈ-ન્યાય-સમાનતા માટે હાથ અને જાત બાળીને ખુવાર થવાનું ખમીર, લઘુતમ જરૂરિયાતો અને સાદું જીવન, પોલીસનો માર અને લાંબા કારાવાસને સહન કરી શકે તેવું લોખંડી શરીર અને મન, ન્યાયમાં પાકી શ્રદ્ધા, અવાજ ઉઠાવવાની તૈયારી જ નહીં બલકે આતુરતા, લાંબી લડત માટેની ધીરજ અને નિષ્ફળતા માટેની તૈયારી, જળ-જંગલ-જમીન માટે ખૂબ પ્રેમ. આ બાબતો સમાવતો એક ગદ્યાંશ જોઈએ :

– ફાયર વિધીન, અંદરની આગ, પોતાના સમાજ માટે, ચોક્કસ ધ્યેય માટે, દેશને બહેતર બનાવવા માટે, ન્યાય માટે, પ્રકૃતિ માટે, આખી પૃથ્વી માટે. પણ બળવું જોઈએ હૃદય. અંગત મહત્ત્વાકાંક્ષા માટે નહીં, બીજાં માટે, જાતમાંથી નીકળી જઈને, પોતે શું મેળવવું તેની પરવા રાખ્યા વગર.

જાતને સાચવી રાખવાની દાનત હોય તેમણે આવા સંઘર્ષમાં પડવું જ નહીં, અને જો પડવાનું કબૂલ કરવું હોય તો ગભરાવું નહીં.

નવલકથાના નામની યથાર્થતા જેમાંથી સ્પષ્ટ થતી હોય તેવા બે પરિચ્છેદો :

– પ્રભાસે સઘળું પોતીકું કરી લીધું હતું. બધાંને ખૂબ ચાહીને, બધાંની ખૂબ કાળજી લઈને. આ માટે દેશમાં જ રહેવું પડે, પોતાની માટીમાં પગ ખોડીને, પછી એ પગનાં જ મૂળ ફેલાય ને કૂંપળ ફૂટે. ભાગી જઈને ગમે તે ભણો ને ઢગલો પૈસા મોકલો છતાં પગને માટીમાં રોપવાની કથા ન્યારી, એની તોલે કશું નહીં.' (૧૦૭)

– ડૉક્ટર ભવાનીપ્રસાદ જેવા પરદેશ ભણવા ગયા હોય કે નોકરી કરવા. છેવટે દેશમાં આવીને ઠરવાના. એમને પોતાની ભૂમિ જ જોઈએ. ઑન સૉઇલ ફૉર ધ રૂટ્સ ટુ ગ્રો ઍન્ડ બ્રાન્ચ આઉટ. એ ખાસ જાતનું વૃક્ષ જે પોતાની માટીમાં પાંગરે, વિકસે, ઘટાદાર થાય.

હિમાંશીબહેન સર્વસાક્ષી કથકનો ઉપયોગ કરે છે, જેને કારણે બધાં જ પાત્રોની મનોભૂમિ એ આલેખી શક્યાં છે. સ્મરણ, પીઠઝબકાર અને આભાસના કથનનો પણ તે ઉપયોગ કરે છે. કથન ત્રણેય કાળમાં ઝોલાં ખાય છે. પાત્રો વચ્ચે સંવાદો માટેનાં અવતરણ ચિહ્નોની તેમણે બાદબાકી કરી છે. કોણ બોલે છે, કોને કહે છે અને

શા માટે કહે છે એવો પૂર્વાપર સંબંધ સંવાદ પહેલાંના કે પછીના ફકરામાં મળે છે, કેટલીક જગ્યાએ વક્તા શ્રોતા ધારી લેવા પડે એમ બને છે.

નવલકથાનો આરંભ પ્રસ્તાવના કે કેફિયતથી નહીં પણ ‘સ્વગત’ શીર્ષક હેઠળ ચાર ‘દૃશ્યો’ના વર્ણનથી થાય છે, જે અલબત્ત નવલકથાના વિષયોને લગતાં છે. ત્યાર બાદ ‘દેવાંગનાની નોંધ’ અને તેની સાથે લતિકાની ડાયરીનાં કેટલાંક પાનાં વાંચવા મળે છે. નવલકથાનો આ ઉપાડ નોખો જણાય છે. તે પછી સાત સુદીર્ઘ પ્રકરણોમાં નવલકથા વિસ્તરે છે.

નવલકથામાં સુંદર વર્ણનોમાંથી કેટલાંક છે : બસ્તરમાં ‘સ્વર્ગનો નાનકડો ખંડ’ ભાસે તેવી હજાર પતંગિયાંવાળી જગ્યા, આગિયાથી પ્રજ્વલિત થઈ ઝગારા મારતું વૃક્ષ, પ્રભાસની શાળા તેમ જ તેમાંનાં બાળકો. નવી પેઢીના વિદેશગમન અને બુલેટ ટ્રેનના પ્રોજેક્ટને પગલે પૈસો આવતાં ચમકદાર બનીને માંહ્યલાને ગુમાવી ચૂકેલું ગામ, બંધના અસરગ્રસ્ત આદિવાસીઓની ખૂબ કપરી જિંદગી, કર્મશીલોની જિંદગી અને નિયતિ, અમોલના કામનો પ્રદેશ કે જ્યાં સુરક્ષા ટાસ્ક ફોર્સે, ટૅમ્પોમાં બેસીને પાછા ફરી રહેલાં શ્રમજીવીઓને નક્સલ માનીને એકસાથે મારી નાખ્યા હોય એ ગામની મુલાકાત જેવાં વર્ણનો ચોટદાર છે. વૃક્ષો વિશે હિમાંશીબહેન જે કંઈ લખે - એક શબ્દસમૂહ હોય કે ફકરો - તે આંખમાં ઝળઝળિયાં લાવે છે.

અન્ય સંદર્ભોમાં મળતા અસરકારક શબ્દપ્રયોગોમાંથી કેટલાક છે : ‘અગ્નિકુળનો જીવ’, ‘વિરલ વસ’, ‘મિશનરી હડિયાપટ્ટી’, ‘મરવાના સોદા, માથે તલવાર’, ‘ઝળહળાટમાં નશો કરતા સુખવાસી જીવો’, ‘સત્તા છીંક ખાય તો એમાંય અનુપમ સંગીત સાંભળી શકતા એ લોકો’, ‘સાપ - ફૅસિનેટિન્ગ ક્રીચર્સ ઑફ મદર અર્થ’.

**એવાં જ કેટલાંક વાક્યો** : ‘સોનાને ટાંકણે ઘડાયાં છો?’, ‘ચાના કપની વરાળ આસમાની વાદળ બની જાય અને બંને એમાં સેલારા મારે’, ‘વૃક્ષોનો જરા આભાર માનતાં શીખો નગુણાઓ’, ‘અહીં તો કામ ભોંયમાંથી ફૂટી નીકળે છે’, સત્તાનો વિરોધ કરનારા માટે ‘મર્યાં પછીયે ટાઢક નહીં, અનેક જણ મડદાં ફોલી ખાય ગાળો દઈ દઈને’, ‘માંહ્યલો સુકાઈને હાડચામ થઈ જાય અને માત્ર બળવાનું બાકી રહે એવી વિટંબણામાં કેવી રીતે ટકતા હશે આ મરજીવા!’

હિમાંશીબહેનની શૈલીનાં સૌંદર્યસ્થાનો અને કૃતિનાં ઊજળાં પાસાં અનેક છે. અલબત્ત, વિવેચકોને આ નવલકથામાં વસ્તુસંકલના, કથનપદ્ધતિ, પ્રચારપરસ્તી જેવા પ્રશ્નો નડી શકે. પણ દેશકાળની અવદશાથી પીડાનારા સહુ માટે આસ્થા ધરાવતા વાચકને આ નવલકથા અત્યારના સમયમાં ખૂબ અસરકારક અને પ્રસ્તુત લાગવાની. પુસ્તકનું સૂચક મુખપૃષ્ઠ પ્રકાશન સંસ્થાના અનામી કલાકારે તૈયાર કર્યું છે.

પુસ્તકનું અર્પણ છે :

**‘પોતાની ભોંયમાં પગ રોપીને**
**અંકુરની પ્રતીક્ષાને**
**આખું આયખું સોંપી દેતાં ઉમદા ચરિત્રોને’**

■

# સાંપ્રત સમાજને ઉજાગર કરતો વાર્તાસંગ્રહ : 'કોતરમાં રાત'

અફસાના માંજોઠી
(**શોધછાત્ર** : ગુજરાતી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.)

ગુજરાતી સાહિત્યમાં હિમાંશી શેલતે વાર્તા, નવલકથા, આત્મકથા, સ્મરણકથા, વિવેચન, અનુવાદ, સંપાદન એમ વિવિધ ક્ષેત્રે કામ કર્યું છે. તેમાં અનુઆધુનિક યુગમાં ટૂંકી વાર્તા ક્ષેત્રે હિમાંશી શેલતનું પ્રદાન મહત્ત્વનું છે. એમની પાસેથી અત્યાર સુધી કુલ ૧૨ વાર્તાસંગ્રહ પ્રાપ્ત થાય છે. 'કોતરમાં રાત' વાર્તાસંગ્રહ જૂન-૨૦૨૪માં પ્રગટ થયો. આ વાર્તાસંગ્રહમાં કુલ ૧૫ વાર્તાઓ છે મોટા ભાગની વાર્તાઓની પૃષ્ઠસંખ્યા ચાર કે પાંચની છે. આ વાર્તાઓમાં સાંપ્રત સમયની તીવ્ર અનુભૂતિની પ્રભાવક અભિવ્યક્તિ થયેલી જોઈ શકાય છે. આ વાર્તાઓમાં સાંપ્રત સમાજજીવનમાં વિવિધ ક્ષેત્રોમાં થતા શોષણ, અન્યાય, અત્યાચાર, અનીતિ, બેજવાબદારી, ગુનાખોરી, હુલ્લડો, નારીશોષણ, બળાત્કાર, ધર્મના નામે ધતિંગ, રાજકારણની ગુંડાગર્દી, કાયદાના નામે અંધાધૂંધી જેવી અનેક સમસ્યાઓ ઊંડાણમાં આલેખાઈ છે.

આ સંગ્રહની પહેલી વાર્તા 'વણનોંધાયેલી ઘટના' છે. જે સાંપ્રત સમયની બહુચર્ચિત ઘટના પર આધારિત છે. કોમી તોફાનો દરમિયાન બળાત્કાર અને હત્યાઓ જેવા જઘન્ય અપરાધના ગુનેગારોને સંસ્કારી ગણાવી છોડી દેવામાં આવે છે ત્યારે બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીની વેદના કેવી હોય એ આ વાર્તામાં આલેખે છે. આ વાર્તા નાયિકાના કથનકેન્દ્રથી રજૂ થઈ છે. વાર્તાનું પહેલું જ વાક્ય છે, 'આકરો બળછડ તાપ વેઠાય નહીં એવો જાલીમ' જે નાયિકાની વેદનાને પ્રસ્તુત કરે છે. કોઈ કામ માટે જવા નીકળેલી નાયિકા હંમેશાં મુજબ મોઢું ઢાંકીને અને નજર નીચે કરીને બસ માટેની કતારમાં ઊભેલી ત્યાં અચાનક કતારમાં માણસના એક હાથ પર નજર જતાં એને એ ઓળખી જાય છે અને જૂનું યાદ આવતાં એ કંપી જાય છે અને ઘરે પાછી આવી જાય છે. ૧૭ વર્ષ પહેલાં અનુભવેલી દહેશત ફરી જીવંત થાય છે. પાંચ પાંચ લોકોના નજર સામે જીવ ગયા, અઢી વર્ષની દીકરી ચીસ વગર નજર સામે મૃત્યુ પામી, કેટકેટલા લોકોએ એના પર બળાત્કાર કરેલા, બેભાન થઈ ગઈ ત્યારે મરેલી સમજીને મૂકી દેવામાં આવી. પછી વર્ષો સુધી ન્યાય માટે અનેક રજૂઆતો, અરજીઓ, કેસ માટે ખાધેલા ધક્કાઓ, વર્ષો પછી એ ટોળકીને જનમટીપની સજા થઈ, ટોળકીએ જેલમાં સારી છાપ પાડી તેથી સંસ્કારી ગણાવી છોડી દેવાયા. 'વો લોગ સબ છૂટ ગયે પતા થા આપકો?' અને એનો પતિ સહજ રીતે જવાબ આપે છે

'તો ક્યા હો ગયા અબ જેલ સે છૂટે તો દિખેંગે કહી ના કહી ઇસ મેં ક્યા?' ત્યાં નાયિકાને થાય છે કે એ સમજવા માટે એક સ્ત્રીનું શરીર હોવું જરૂરી છે જેના પર વીતે એને જ ખબર પડે કે શું થાય. આ વાર્તા કોમી તોફાનો દરમિયાન બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીની વેદનાને તાગે છે.

આ સંગ્રહની બીજી વાર્તા 'ગૂંચ' છે, અતિ શ્રીમંત કહી શકાય એવા એક કુટુંબની અહીં વાત કરવામાં આવી છે. આ વાર્તાની રજૂઆત બે ભાગમાં કરવામાં આવી છે. પહેલા ભાગમાં પ્રથમ પુરુષ પલાશના કથનકેન્દ્રથી વાત કહેવાઈ છે. બીજા ભાગમાં ત્રીજા પુરુષ સર્વજ્ઞમાં કહેવાઈ છે. આ વાર્તામાં દસમા ધોરણમાં અભ્યાસ કરતા પલાશને અચાનક એક દિવસ કહેવામાં આવે છે કે આગળનો અભ્યાસ કરવા માટે એને યુ.એસ. જઈને મામા-મામી સાથે રહેવાનું છે તેમના દીકરાના અચાનક અવસાન પછી એકલા પડી ગયેલા મામા-મામીને સાથ આપવા એમની સાથે રહેવાનું છે. પલાશ અજાણ છે કે એનાં મમ્મી-પપ્પાના લગ્નજીવનમાં સમસ્યા ઊભી થઈ છે અને તેઓ છૂટાં પડી રહ્યાં છે. વાર્તામાં પલાશની ભાષામાં અંગ્રેજી શબ્દનો વધુ ઉપયોગ જોઈ શકાય છે એટલે એનું મિશ્રભાષામાં થયેલું કથન સ્વાભાવિક લાગે છે. જે તેના પાત્રાલેખનને અનુરૂપ લાગે છે.

'ભવચક્ર' વાર્તામાં અસંવેદનશીલ લોકો સામે લડત આપતી એક સ્ત્રીના સંઘર્ષની વાત છે. અમુક લુચ્ચા લોકો અદાલતના ન્યાયને ઉલટાવવાનો પ્રયાસ કરે છે. ત્રણ યુવાનો દ્વારા બળાત્કારનો ભોગ બનેલી નાયિકાની દીકરી અસહ્ય પીડામાં તરફડીને બાર દિવસે મૃત્યુ પામી. ન્યાયની ખૂબ લાંબી લડત પછી કેસનો નિકાલ આવ્યો. એ દરમિયાન એક અપરાધી મૃત્યુ પામ્યો અને બચી ગયેલા બે અપરાધીને અદાલતે ફાંસીની સજા ફરમાવી. નાયિકાને શાંતિ થઈ કે ચાલો મોડે મોડે પણ એક લાંબી લડત પછી ન્યાયની લડત પૂરી થઈ અને દીકરીના આત્માને શાંતિ મળી. ફાંસીની સજા પામેલા અપરાધીઓનાં સગાંવહાલાં નાયિકાના ઘરે આવીને એની પાસે દયાની ભીખ માંગે છે, તેઓ પોતાની સાથે પંડિત, પત્રકાર, સામાજિક કાર્યકર લઈને નાયિકા પર માનસિક દબાણ લાવે છે કે, 'ક્ષમા તમને સર્વોચ્ચ શિખરે સ્થાપી દેશે', 'વીરાંગનાઓ કા ભૂષણ ક્ષમા.' જેવાં સારાં સારાં વાક્યો બોલીને નાયિકાને ભ્રમજાળમાં ફસાવવાના પ્રયાસો કરે છે. ફાંસી પામનાર ગુનેગારોના પરિવારની દયનીય સ્થિતિનું ચિત્ર દોરી નાયિકાનું હૃદયપરિવર્તન કરવાના પ્રયત્નો કરે છે. નાયિકા ક્ષમા આપવાની દૃઢતાપૂર્વક ના પાડી દે છે. વિલે મોઢે બધા પાછા જતા રહે છે અને અંતે અત્યાર સુધી દૃઢ રહેલી નાયિકા દ્વિધામાં પડી જાય છે કે શું કરવું? આ વાર્તામાં નાયિકાના મનોમંથનનું યથાર્થ આલેખન લેખિકાએ કર્યું છે.

'કોતરમાં રાત' વાર્તામાં લેખિકાએ વાર્તાની રજૂઆતમાં બે પ્રયોગ કર્યા છે, એક વાર્તા દુષ્કર્મનો ભોગ બનેલી ૧૪-૧૫ વર્ષની બે મૃત કન્યાઓના કથનકેન્દ્રથી રજૂ થઈ છે. અહીં સંપૂર્ણ વાર્તા બે મૃતકન્યાઓ વચ્ચે થતી વાતચીતમાં આકાર લે છે અને બીજો પ્રયોગ દક્ષિણ ગુજરાતની બોલીનો કર્યો છે. દલસુખ જેવા અનેક વર્ષોથી ઉઘરાણી કરતા ગામના ગુંડાઓ ઝીણકી, ચંદન, ભાણકી, રમા એમ કેટકેટલી

છોકરીઓને બળાત્કાર કરી મારી નાખેલી કે ટુકડા કરી જંગલમાં ફેંકી દેવાઈ છતાં આ ગુંડાઓ સામે કોઈ અવાજ ઉઠાવતું નથી. આ વાર્તા સમાજમાં પડેલા અંધારાનો નિર્દેશ કરે છે.

'ટેકો' વાર્તામાં સત્તાધીશો દ્વારા થતા શોષણ અને એમની છીછરી વિચારધારા વ્યક્ત થઈ છે. સુગંધાના પિતા પોલિટિકલ પાર્ટીના કોઈ માણસ છે જે સ્ત્રી સાથે ખરાબ વર્તન કરે છે ત્યારે તેના પિતા એ માણસને સજા અપાવવાના બદલે એને ટેકો આપે છે અને જસ્ટ ફાધરલી ઍક્શન કહે છે. સુગંધા પિતાને સમજાવવા માટે ઘણી માથામણ કરે છે પણ નિષ્ફળ જાય છે. સ્કૂલ સમયે 'સાચું હોય ત્યાં ડરવું નહીં...' જેવી સલાહ આપનાર માણસ અંદરથી ભૂસું ભરેલો સાવ પોલો માણસ હતો. એ વાતની જાણ થતાં એ પિતા સાથેના તમામ સંબંધો પૂરા કરી ઘર મૂકીને જતી રહે છે અને સ્ત્રીને ન્યાય અપાવવા માટે ધરણા પર બેઠેલા લોકો પાસે જાય છે ત્યારે તેને ત્યાંથી વિરોધપ્રદર્શનમાં કોઈ પોલિટિકલ કનેક્શન ના જોઈએ એવું કહી દેવામાં આવે છે. જાહેરમાં સંબંધ તોડી નાખ્યો હોવા છતાં તે તેની પાછળનું નામ સહેલાઈથી ભૂંસી શકતી નથી.

'બીડી' આજના સમયની નારીની સમસ્યાને આલેખતી વાર્તા છે. સ્વતંત્ર રીતે જીવતી નાયિકા સત્યાને સ્ત્રીદેહ હોવાના કારણે વેઠવી પડતી પીડાની વાત કરવામાં આવી છે. દરરોજ બળાત્કારના બનાવો બને છે ત્યારે તેમની આ વિશેની વાર્તાઓ એકદમ પ્રસ્તુત છે. સામયિક માટે કામ કરતી સત્યા પોલીસકસ્ટડીમાં થયેલા મૃત્યુની તપાસ માટે નીકળેલી. રસ્તામાં તસવીર ઝડપી, જેના કારણે કહેવાતા ધર્મપ્રેમીઓ અને સાત્ત્વિક સમુદાયનું ટોળું જે રીતે તેના ઉપર તૂટી પડે છે અને સોશિયલ મીડિયા ઉપર ટ્રોલ કરે છે, તેના શરીરની જે દશા કરવાની ટોળાની ઇચ્છા હતી તે વર્ણનો વાંચી શકતી નથી. એ પોતે જે સમાજમાં રહે છે એની વાસ્તવિકતા જોઈને આત્મહત્યા કરી લે છે.

'સુખી જીવ' સર્જકો પર કટાક્ષ કરતી વાર્તા છે. બાબુરાવ જુએ છે કે એના સમયે ભયાનક રમખાણો થયાં, અનેક લોકોનાં ઘર તૂટ્યાં, હત્યાઓ થઈ, બધું બળીને રાખ થયેલું, જેને જોયું હોય એ સાત શું ચૌદ જન્મે પણ ના ભૂલે એવી રમખાણોની કડવી સ્મૃતિઓ સાથે આજે કેટકેટલા લોકો જીવી રહ્યા છે તેમ છતાં એ ઘટનાઓનો ઉલ્લેખ ઇતિહાસની કોઈ પણ ચોપડીમાં નથી. માત્ર કચરામાં કાઢવા જેવી વિગતો ભરી પડી છે.

'પડછાયા વિનાના બે' વાર્તા સત્તાધીશો દ્વારા થતા અન્યાયની તેમજ ઉપેક્ષિત વર્ગના લોકોના જીવનનું કોઈ મૂલ્ય નથી એ વાત રજૂ કરે છે. ૧૫-૧૭ વર્ષનો કિશોર હાથમાં કાંકરી સાથે ઝડપાતા, વજનદાર આરોપો સાથે કસ્ટડીમાં જ માર પડવાથી મૃત્યુ પામે છે અને તેના ન્યાય માટે એક સ્ત્રી કાર્યાલયની સામે આત્મહત્યા કરી લે છે તેમ છતાં કોઈ નોંધ લેતું નથી. જાણે મૃત્યુ પામેલા એ બે લોકોનું કોઈ અસ્તિત્વ જ ના હોય.

'મંદા' વાર્તામાં સહોપસ્થિતિની પ્રયુક્તિનો પ્રયોગ કર્યો છે. એક બાજુ લવજેહાદ તો બીજી બાજુ વાસ્તવિક પ્રેમનું નક્કર સ્વરૂપ મૂકીને આંતરધર્મીય પ્રેમ વિષયની વાત કરવામાં આવી છે. તો 'તળિયું' વાર્તામાં આપણા સમકાલીન સમાજ બહારથી ઝાકઝમાળ, અંદરથી તો પોલો, ખોખલો, ખવાઈ ગયેલો ને જડ-કઠોર બની ગયો છે. 'મ્યુઝિયમ' વાર્તામાં પણ આજનો માનવી સ્વકેન્દ્રીય થઈ માત્ર સમાજમાં ઘટતી ઘટનાઓને પ્રેક્ષકની જેમ નિહાળી રહ્યો છે એ વાત પર કટાક્ષ કરવામાં આવ્યો છે.

સંગ્રહની છેલ્લી ત્રણ વાર્તાઓ 'સૂરજમુખી'માં ચિત્રકાર વિન્સેન્ટ વાનગૉગ, 'પોતીકી નદી' વાર્તામાં લેખિકા વર્જીનિયા વુલ્ફ અને 'બેલ જાર' વાર્તામાં લેખિકા સિલ્વીયા ત્રણે પાત્રો જીવનની કપરી પરિસ્થિતિથી હારીને છેવટે આત્મહત્યા કરી લે છે. આ ત્રણેય વાર્તાઓમાં જીવનની પરિસ્થિતિઓથી, બીમારીથી ત્રાસેલા માણસોનું આલેખન કર્યું છે જે આત્મહત્યા દ્વારા પ્રાપ્ત થતી નિરાંતને ઝંખે છે. જીવનમાંથી રાહત નહીં, પરંતુ જીવનત્રસ્ત માણસ મરણમાં નિરાંત અનુભવવા માંગે છે.

આ વાર્તાસંગ્રહમાં મોટા ભાગની વાર્તાનું વસ્તુ સાંપ્રત સમયમાં પ્રસ્તુત છે. તેમની 'વણનોંધાયેલી ઘટના', 'સુખી જીવ', 'મંદા' જેવી અનેક વાર્તાઓમાં પાત્રના આંતરમનમાં પ્રવેશી એની ઘૂંટાતી લાગણી પાત્રના મુખે જ રજૂ કરવામાં આવી છે. વાર્તાની વસ્તુસામગ્રીને વાર્તામાં યથાયોગ્ય રીતે નિરૂપવા માટે લેખિકાએ જ્યાં જરૂર પડી છે ત્યાં 'કોતરમાં રાત'માં કપોળકલ્પિત 'પડછાયા વિનાના બે'માં ફ્લૅશબૅક જેવી રચનારીતિનો વિનિયોગ કર્યો છે. આ વાર્તાઓમાં લેખિકાનું ભાષાકર્મ પણ ધ્યાન ખેંચે છે. એમની વાર્તામાં પાત્ર અને પરિવેશ અનુસાર ભાષા બદલાતી રહે છે. 'કોતરમાં રાત' વાર્તામાં દક્ષિણ ગુજરાતની બોલીનો વિનિયોગ કર્યો છે તો 'ગૂંચ', 'મ્યુઝિયમ', 'આવરણ' વાર્તામાં અંગ્રેજી મિશ્રિત ગુજરાતી ભાષાનો પ્રયોગ કર્યો છે તો 'વણનોંધાયેલી ઘટના', 'સુખી જીવ' જેવી વાર્તામાં શબ્દોના થોડાક લસરકાથી અને બોલીથી મુસ્લિમ પરિવેશ ઊભો કર્યો છે.

આમ હિમાંશી શેલતે 'કોતરમાં રાત' વાર્તાસંગ્રહમાં પોતાની આસપાસ ઘટતી ઘટનાઓનો આધાર લઈને માનવજીવનના સાંપ્રતને કળાત્મક રીતે આલેખ્યું છે.

**સંદર્ભ :**

**કોતરમાં રાત** : લે. હિમાંશી શેલત, પ્ર. અરુણોદય પ્રકાશન, અમદાવાદ-૧,
પ્ર.આ. જૂન ૨૦૨૪, પૃ.૮૮, કિં. રૂ. ૧૨૫

■

**સૌ સાહિત્યકારો અને સાહિત્યરસિકોને જણાવવામાં આવે છે કે આપ 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના મહુવા ખાતે યોજાયેલ જ્ઞાનસત્રમાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા હોવ તો આ અંકમાં પેજ નં. ૯૯ ઉપર આપેલી વિગત અનુસાર આપનું રજિસ્ટ્રેશન શક્ય એટલી વહેલી તકે કરાવી લેવા વિનંતી એમ કરવાથી અમને આ કાર્યમાં સુગમતા રહેશે. આભાર.**

## સંપાદકીય

# Local પ્રશ્નોની Global કથા

કિરીટ દૂધાત



હાન કાંગ




ઈ.સ. ૨૦૨૪નું સાહિત્યનું નોબેલ પારિતોષિક દક્ષિણ કોરિયાના નવલકથાકાર હાન કાંગને આપવાનું જાહેર થયું છે. ૫૩ વરસનાં આ લેખિકાની The Vegetarian નવલકથાને ૨૦૧૬માં ઇન્ટરનેશનલ બુકર પ્રાઇઝ, મળ્યું ત્યારે એમણે સાહિત્ય- પ્રેમીઓનું ધ્યાન દોરેલું. આમ તો એમણે દસથી વધારે નવલકથાઓ લખી છે, પણ એમાં The Vegetarian (શાકાહારી) સૌથી વધારે જાણીતી છે. આપણે અહીં આ નવલકથાની થોડી વાત કરીએ.

આ કથા ત્રણ ભાગમાં છે. પહેલા ભાગનું શીર્ષક છે The Vegetarian. આ કથાની નાયિકા યંગ-હે નામની યુવાન પરિણીત સ્ત્રી છે. તે એના પતિ ચીઓંગ સાથે સિયોલમાં રહે છે. આ વિભાગની કથા સ્ત્રીના પતિ ચિયોંગના મુખે કહેવાઈ છે. બંને સામાન્ય કક્ષાનાં પતિ-પત્ની છે. યંગ-હે એક ઘરરખ્ખુ ગૃહિણી છે. એની કોઈ વિશેષતા હોય તો એ બ્રા નથી પહેરતી એ છે. એક રાતે ચાર વાગે ચિઓંગ જાગી જાય છે ત્યારે જુએ છે કે એની પત્ની ફ્રીજ આગળ ઊભી છે અને એમાં રાખેલું માંસ નીચે ફગાવી રહી છે. પૂછતાં એ જણાવે છે કે પોતાને એક સપનું આવેલું જેમાં એ એક પ્રાણીને મારીને હિંસક રીતે આરોગી રહી હતી. આ કારણે યંગ-હે માંસાહાર છોડીને શાકાહારી બની જાય છે, એટલે સુધી કે એ માંસ રાંધવાની પણ ના પાડી દે છે. વધુમાં એ પતિ સાથે, તમારા શરીરમાંથી માંસની ગંધ આવે છે એમ કહીને, શરીરસંબંધ બાંધવાની ના પાડે છે. માંસાહાર છોડી દેવાના કારણે એ કૃશ થઈ જાય છે. પતિની સમજાવટ નિષ્ફળ જાય છે ત્યારે એ પોતાનાં સાસરિયાંને વચ્ચે પાડે છે. નાયિકાનાં બહેન-બનેવી, માતા-પિતા અને ભાઈ-ભાભી નાયિકાની બહેન ઇન-હેને ત્યાં મળે છે. ત્યાં નિવૃત્ત લશ્કરી અફસર પિતા દ્વારા નાયિકાને જડતાથી માંસ ખવરાવવાનો પ્રયત્ન થાય છે. એથી યંગ-હે આવેશમાં આવીને એક છરીથી પોતાના કાંડાની નસ કાપી નાખે છે. એનો બનેવી સમયસૂચકતા વાપરીને એને હૉસ્પિટલમાં દાખલ કરે છે. ત્યાં એ થોડા કલાકો માટે ગુમ થઈ જાય છે અને જ્યારે મળી આવે છે ત્યારે નગ્નાવસ્થામાં હોય છે અને એના હાથમાં ચૂંથાઈ ગયેલું પંખી હોય છે. અહીં પહેલો ભાગ પૂરો થાય છે.

બીજો ભાગ નાયિકાના બનેવીના મુખે કહેવાયો છે જેનું શીર્ષક છે Mongolian Mark. ઉપરની ઘટનાને બે વરસનો સમય પસાર થઈ ગયો છે. નાયિકાને એના પતિએ ત્યાગી દીધી છે. યંગ-હોનો બનેવી એક વીડિયો-ફિલ્મકાર છે પણ એનામાં વિશેષ આવડત ન હોવાથી ઘર એની પત્નીના પગાર પર ચાલે છે. બનેવીને પોતાની સાળી યંગ-હે પ્રત્યે છૂપું આકર્ષણ છે અને એમાં ઔર વધારો થાય છે જ્યારે પોતાની પત્નીના મોંએ સાંભળે છે કે યંગ-હેને જન્મથી નિતંબથી ઉપરના ભાગે Mongolian Mark, એટલે કે ભુરુ લાખું છે. આ જાણીને એની યંગ-હો પ્રત્યે વાસના વધી જાય છે. એ યંગ-હેને પોતાની એક વીડિયોફિલ્મ માટે નગ્નાવસ્થામાં અભિનય કરવા મનાવી લે છે. યંગ-હેને પોતાના શરીર પર ફૂલછોડનાં ચિત્રો દોરીને ફિલ્માંકન થવાનું છે એ જાણીને ખૂબ જ ઉત્તેજના થાય છે. બનેવી એને બીજા દિવસે એક યુવાનના શરીર પર આ રીતે ફૂલછોડનાં ચિત્રો દોરીને કૅમેરા પર શરીરસંબંધ બાંધતી ફિલ્મ ઉતારવા આગ્રહ કરે છે. ફૂલ છોડનાં ચિત્રોવાળી વાત સાંભળીને યંગ-હો તૈયાર થઈ જાય છે આથી બનેવી એક પરિચિત યુવાન કલાકારને શોધી કાઢે છે. યુવાનના મનમાં એમ છે કે એને માત્ર શરીરસંબંધનો અભિનય - simulated sex - કરવાનો છે. પરંતુ ચાલુ ફિલ્મે એને ખબર પડે છે કે આ તો સાચ્ચે જ થઈ રહ્યું છે ત્યારે એ ત્યાંથી છોડીને જતો રહે છે. બનેવી સાળીને પૂછે છે કે એ પોતાની સાથે સંબંધ બાંધશે ત્યારે યંગ-હે કહે છે કે એને તો ફૂલ-છોડનાં મોટાં ચિત્રો જોઈને ઉત્તેજના થાય છે. બનેવી થોડા કલાકોમાં પોતાના શરીર પર એવાં ચિત્રણ કરાવી લાવે છે અને બંને દેહસંબંધ બાંધે છે અને એ જ હાલતમાં ઊંઘી જાય છે. બનેવી જાગે છે ત્યારે કૅમેરા ન જોતાં એની શોધખોળ કરે છે. ત્યાં એની પત્ની હાજર હોય છે અને કહે છે કે એમની હરકતો કૅમેરામાં કેદ થયેલી જોઈ છે. બંને માનસિક રોગી છે એથી સુધારવા હૉસ્પિટલમાં દાખલ કરવાં જોઈએ જે માટે એણે હૉસ્પિટલમાં ફોન કરીને વાન મંગાવી લીધી છે. બંનેને બળજબરીથી માનસિક સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. અહીં બીજો ભાગ પૂરો થાય છે.

ત્રીજો ભાગ નાયિકાની મોટી બહેન ઇન-હે દ્વારા વર્ણવવામાં આવ્યો છે. એનું શીર્ષક છે Flaming Trees. બીજા ભાગમાં બનેલી ઘટનાને બીજાં બે વરસ થઈ ગયાં છે. યંગ-હે હવે માનસિક રોગનાં દર્દીઓની હૉસ્પિટલમાં છે. એનો બનેવી થોડા સમયમાં છૂટી ક્યાંક અજ્ઞાતવાસમાં જતો રહ્યો છે. ઇન-હે વારંવાર હૉસ્પિટલમાં જઈને યંગ-હેની કાળજી લે છે. એને યાદ આવે છે કે યંગ-હે આ અગાઉ પણ નાસી છૂટેલી. એક વાર તો વરસાદમાં પહાડોમાં બધાં વૃક્ષોની સાથે વૃક્ષ બનીને ઊભી હતી. તો એકવાર બંને બહેનો પહાડોમાં દૂર સુધી ગઈ ત્યારે યંગ-હેએ કહેલું, 'ચાલને ઘર જવાનું માંડી વાળીએ. છાશવારે પિતાજીનો માર કોણ ખાય?' હવે યંગ-હેએ ખોરાકનો ત્યાગ કરેલો છે. એને પૂછવામાં આવ્યું કે આવું શા માટે ત્યારે એણે જવાબ આપ્યો કે પોતે વૃક્ષ બની ગઈ છે, હવે તેને ફક્ત સૂર્યપ્રકાશ અને પાણીની જરૂર છે. ત્યારે ઇન-હો કહે છે કે, 'વૃક્ષો માણસોની ભાષામાં વાત ન કરે, તું તો કરે છે', ત્યારે એણે જવાબ આપ્યો કે, 'ઠીક છે હું ભાષા પણ ત્યાગી દઈશ.' ઇન-હો વિચારે છે કે પોતે પણ યંગ-હો જેવી જ બની શકી હોત પણ એનું દુન્યવી પાસું વધારે મજબૂત નીકળ્યું.

આ બાજુ યંગ-હોની હાલત બગડતાં એને સિવિલ હૉસ્પિટલમાં સઘન સારવાર માટે મોકલવાનું નક્કી થાય છે. ઇન-હેને થાય છે કે માણસને ખુદના શરીરનું શું કરવું એનો નિર્ણય ખુદના ઉપર છોડી દેવો જોઈએ. રસ્તામાં ઇન-હે યંગ-હેને કહે છે કે મને પણ તારી જેમ સપનાં આવતાં પણ માણસજાતે આવાં સપનાંઓમાંથી ક્યારેક તો જાગવું પડે છે. રસ્તામાં બંને બહેનો તડકામાં ચળકતાં વૃક્ષોને જુએ છે, જાણે કે એ બધાં કોઈ જવાબની રાહમાં ના હોય, જાણે કે એ કશાકનો વિરોધ કરતાં ઊભાં ના હોય! આ વાક્યો સાથે નવલકથા સમાપ્ત થાય છે.

પાનાની મર્યાદાને લીધે મેં ઉપરછલ્લો સાર આપ્યો છે. આ કથા તમે વાંચો તો ઠેર ઠેર રોકાવાની ફરજ પડે એવું કાવ્યમય ગદ્ય અને એક વ્યક્તિની બીજા પ્રત્યે આચરેલી ક્રૂરતાને નાજુકાઈથી રજૂ કરવાની ક્ષમતા અને પ્રસંગોની ગૂંથણી છે. આ વિલક્ષણતા એમની બીજી રચનાઓમાં પણ જણાય છે. એક ઉદાહરણ જોઈએ, નાયિકા હંમેશાં બ્રા પહેરવાની ના પાડે છે એનું કારણ વારંવાર પૂછતાં એક વાર જણાવે છે કે ‘માણસનાં દરેક અંગ કોઈ ને કોઈ હિંસા કરે છે, ફક્ત સ્તન એવાં છે જે કોઈને કશી હાનિ પહોંચાડતાં નથી. તો એને સૂર્યપ્રકાશમાં કેમ ના રાખીએ?

દક્ષિણ કોરિયાના K-Pop સંગીતની અભૂતપૂર્વ સફળતા, સેમસંગ મોબાઇલે ઊભું કરેલું વિશ્વબજાર, સાદ્યંત દક્ષિણ કોરિયન ભાષામાં બનેલી હોવા છતાં ૨૦૧૯માં Parasite શ્રેષ્ઠ ફિલ્મનું ઑસ્કર ઇનામને પાત્ર ઠરવું, OTT પર દક્ષિણ કોરિયન સિરિયલોનો બહુ મોટો ચાહકવર્ગ, ૨૦૨૩ની સાલમાં દક્ષિણ કોરિયાની માથાદીઠ આવકનું ૨૭ લાખ રૂપિયાથી વધારે હોવું. (ભારતની પોણા બે લાખથી થોડી વધારે હતી.) આ અને આવી બધી ચળકાટ મારતી હકીકતોની સામે દક્ષિણ કોરિયાઈ એક સર્જકનું આ કથા માટે ઈ.સ. ૨૦૧૬માં હાન કાંગનું ઇન્ટરનેશનલ બુકર પ્રાઇઝ અને ૨૦૨૪માં સાહિત્યનું નોબેલ પારિતોષિક જીતવું એક અલગ સંકેત રચે છે.

ગુજરાતમાં કથાનું કોઈ પાત્ર શાકાહારી બની જાય એમાં નવાઈ ન લાગે. પણ જે દેશમાં હજી ક્યાંક સાપ, ઉંદર કે મોટા પ્રમાણમાં જીવજંતુ આરોગાતાં હોય ત્યાં કોઈ વ્યક્તિના શાકાહારી બની જવાથી ચકચાર મચી જાય. પણ કથાને અહીં શબ્દશઃ નથી લેવાની. વિવેચકોના જણાવ્યા મુજબ આ કથાનાં બહુવિધ પાસાં છે. જેમ કે પ્રકૃતિ વિરુદ્ધ સંસ્કૃતિ, એક અકેલાની સામે આખો સમાજ ભારી, કોઈને નુકસાન કર્યા વગર પોતાની મરજીથી કોઈ અંગત રહેણીકરણી કે ખાનપાન અપનાવે તો કોરિયન સમાજ જેવો દાખલારૂપ કલા અને અર્થશાસ્ત્રમાં હરણફાળ ભરતો સમાજ એને અંગત સ્વતંત્રતા – private space – આપે કે નહીં? હાન કાંગે કહ્યું છે કે મારી આ કથા કોરિયન સમાજ પૂરતી મર્યાદિત નથી, પરંતુ આખી માનવજાત માટે રૂપક રચે છે. સાચું, પણ કોઈ પણ કલાએ global બનતાં પહેલાં local બનવું પડે. તો નાયિકા યંગ-હેની આ કથા સ્થાનિકમાં પગ જમાવીને વૈશ્વિક સંદર્ભે પ્રશ્નો પૂછે છે, ઝકઝોરે છે કે મારા દેશમાં બધું સબસલામત નથી, તમારા દેશમાં છે ? એના જવાબમાં છેલ્લો શબ્દ મૌનને જ (ઉમાશંકરીય મૌન નહીં હોં) કહેવાનો થશે.

■

# સાભાર સ્વીકાર

**કવિતા :**

**પ્રેમપદારથ :** કિશોર જિકાદરા, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, ૨૦૨૪, ડે. પૃ. ૧૧૨, રૂ. ૧૮૦, ૧૦૧ ગઝલનો સંગ્રહ • **સોનલ સાંજ ઢળે... :** વ્રજલાલ મો. બ્રહ્મભટ્ટ, 'મંગલમ્', રન્નાદે પ્રકાશન, અમદાવાદ. ૨૦૨૪, ડે. પૃ. ૧૧૬, રૂ. ૨૦૦, ૯૪ કવિતાઓનો સંગ્રહ.

**વાર્તાસંગ્રહ :**

**સાંકળ :** ધરમાભાઈ શ્રીમાળી, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, સંવર્ધિત આવૃત્તિ, ૨૦૨૪, ડે. પૃ. ૧૪૪, રૂ. ૨૦૦, ૧૪ વાર્તાઓનો સંગ્રહ.

**નવલકથા :**

**ત્રીજી મુલાકાત :** બાલેન્દુશેખર જાની, ગૂર્જર સાહિત્યભવન, અમદાવાદ, સંવર્ધિત ત્રીજી આવૃત્તિ, ૨૦૨૪, ડે. પૃ. ૨૦૦, રૂ. ૩૦૦, પ્રણયકથા • **વામનરાવ નાઇટ્સ :** રમેશ ર. દવે, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, ૨૦૨૪, ડે. પૃ. ૧૫૪, રૂ. ૨૪૦, સામાન્ય માણસના અસામાન્ય જીવનની કથા • **મહાબલિદાન :** ગુણવંતરાય આચાર્ય, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. પુનર્મુદ્રણ-૨૦૨૪, ડે. પૃ. ૨૫૬, રૂ. ૩૨૫. (કચ્છની ક્રાંતિનાં શૌર્ય અને સમર્પણભરી ઐતિહાસિક કથા).

**સંસ્મરણ :**

**પ્રેરણાદીપ :** જિતુ 'તિરુપતિ', ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, ૨૦૨૪, ડે. પૃ. ૧૨૦, રૂ. ૧૫૦, સ્વામી સચ્ચિદાનંદ સાથેનાં પ્રેરક સંસ્મરણો.

**વિવેચન :**

**નાટ્યોપનિષદ :** ડૉ. શૈલેશ ટેવાણી, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, ૨૦૨૪, ડે. પૃ. ૧૫૨, રૂ. ૨૨૫, ૧૭ નાટ્યલેખોનો સંગ્રહ.

**સંપાદન :**

**શ્રીમદ્ ભગવદ્ગીતા :** રામજીભાઈ પટેલ, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, ૨૦૨૪, ડે. પૃ. ૪૦૮, રૂ. ૬૦૦, મૂળ રૂપે, પદચ્છેદ, અન્વય ગુજરાતી શબ્દાર્થ અને વિસ્તૃત ભાવાર્થસહિત શ્રીમદ્ ભગવદ્ગીતા.

**અનુવાદ :**

**કીમ :** રૂડ્યાર્ડ કિપલિંગ, અનુ. યશવન્ત મહેતા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. પુનર્મુદ્રણ-૨૦૨૪, ડે. પૃ. ૧૩૬, રૂ. ૧૮૦. કિશોરકથા.

**બાળસાહિત્ય :**

**બોરનો વરસાદ** : રમેશ ત્રિવેદી, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, ૨૦૨૪, ડબલ ક્રાઉન, પૃ. ૯૬, રૂ. ૨૦૦, ૨૫ શિશુકથાઓનો સંગ્રહ • **કાગડાઅંકલ ગીત ગાઓ !** : રમેશ ત્રિવેદી, અવનિકા પ્રકાશન, અમદાવાદ. ૨૦૨૪, ડબલ ક્રાઉન પૃ. ૮૦, રૂ. ૨૦૦. ૨૩ શિશુકથાઓનો સંગ્રહ.

**પ્રકીર્ણ :**

**યોગવિધિ** : પ.પૂ.આ. શ્રી મદ્‌વિજય અનંતભદ્રસૂરીશ્વરજી મ.સા., આચાર્ય શ્રી નીતિસૂરિ, જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા, અમદાવાદ, ૨૦૨૪ ડે. પૃ. ૩૬૬, રૂ. (દીક્ષા-વડીદીક્ષા-કાલિક-ઉત્કાલિક યોગવિધિ, ૧૨ વ્રત, ઉપધાન, તીર્થમાલાવિધિ) • **વલ્લભ-વેદાંત દર્શન** : ભરત સાંગાણી, શોપીઝેન, ૨૦૨૪, ડે. પૃ. ૧૪૯, રૂ. ૩૭૦.

■

ગુજરાતી સાહિત્ય પરિષદના સહુ આજીવન સભ્યો,
ગુજરાત અને ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ તથા
'પરબ'ના લેખકો સહુને નૂતન વર્ષ નિમિત્તે
ગુજરાતી સાહિત્ય પરિષદ હાર્દિક અભિનંદન પાઠવે છે.
નવા વર્ષમાં સર્વ પ્રકારે આપની અને એ નિમિત્તે
સમાજની ઉન્નતિ થાય તેવી સહુને શુભેચ્છાઓ.



# પરિષદવૃત્ત

ઇતુભાઈ કુરકુટિયા

## પાક્ષિકી 'અંતર્ગત'

તા. ૧૨-૧૦-૨૦૨૪ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે ૫-૦૦ વાગ્યે 'પાક્ષિકી' અંતર્ગત વાર્તાકાર અર્ચિતા દીપક પંડ્યાએ એમની વાર્તા 'દ્વિજા'નું પઠન કર્યું હતું.

તા. ૨૬-૧૦-૨૦૨૪ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે ૫-૦૦ વાગ્યે 'પાક્ષિકી' અંતર્ગત નિબંધકાર રવજી ગાબાણીએ એમનો નિબંધ 'સગપણની વાત'નું પઠન કર્યું હતું.

## સચ્ચિદાનંદ સન્માન

ગુજરાતી સાહિત્ય પરિષદે સાત સાહિત્ય સર્જકોને પરિષદનું સચ્ચિદાનંદ સન્માન જાહેર કર્યું છે. કોરોના સહિતનાં કેટલાંક કારણોસર ૨૦૧૭થી આ પારિતોષિકની જાહેરાત થઈ ન હતી. '૨૦૧૭થી લઈને ૨૦૨૩ સુધીનાં નામોની પસંદગી કરવામાં આવી છે. પુરસ્કૃત મૂર્ધન્ય સાહિત્યકારોને સ્મૃતિચિહ્ન અને ૨૫ હજાર રૂપિયા અર્પણ કરવામાં આવે છે. પસંદ થયેલાં નામોમાં સર્વશ્રી અનિલા દલાલ (૨૦૧૭), વર્ષા અડાલજા (૨૦૧૮), દિનકર જોશી (૨૦૧૯), ઇલા આરબ મહેતા (૨૦૨૦), સતીશ વ્યાસ (૨૦૨૧), દલપત પઢિયાર (૨૦૨૨), રમણ સોની (૨૦૨૩)નો સમાવેશ થાયછે. આગામી દિવસોમાં આ સાતેય સાહિત્યકારોને જાહેર સમારોહમાં સચ્ચિદાનંદ સન્માન અર્પણ થશે. સાતેય સાહિત્યકારોને ગુજરાતી સાહિત્ય પરિષદ અભિનંદન પાઠવે છે.

## પુસ્તકપ્રદર્શન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલયમાં ગ્રંથાલયના સ્થાપનાદિન નિમિત્તે દર મહિને થતા પુસ્તકપ્રદર્શન અન્વયે ઑક્ટોબર મહિનામાં આ વખતે ભારતીય ભાષાનાં અનવાદિત પુસ્તકોનું પ્રદર્શન તા. ૧૭-૧૦-૨૦૨૪થી ૨૬-૧૦-૨૦૨૪ દરમિયાન રાખવામાં આવ્યું હતું. પ્રદર્શન દરમિયાન જિગીષા પાઠક, રૂપા શેઠ, નટવર પટેલ, કાશ્યપી મહા, અર્ચિતા પંડ્યા, જયંત ડાંગોદરા, ચેતન શુક્લ પરિષદ ગ્રંથાલય મંત્રી પરીક્ષિત જોશી અને અન્ય પુસ્તકપ્રેમીઓએ આ પુસ્તકપ્રદર્શનની મુલાકાત લીધી હતી. રોજિંદા વાચકો, વિદ્યાર્થીઓ અને સાહિત્ય રસિકોએ સહકાર આપી પુસ્તકપ્રદર્શનને આવકાર્યું હતું. મીડિયાવાળાએ પણ તેની નોંધ લઈને પ્રોત્સાહન આપ્યું હતું.

ઇતુભાઈ કુરકુટિઆ

## ગુજરાતી વાર્તાઓનો સંગ્રહ ઊડિયા ભાઉષામાં

આપણી ભાષાના પ્રતિષ્ઠિત વાર્તાકાર રજનીકુમાર પંડ્યાની કેટલીક ચૂંટેલી વાર્તાઓનો હિંદી અનુવાદ ‘યે લોગ’ શીર્ષકથી પાર્શ્વ પ્રકાશને ૧૯૯૪માં પ્રસિદ્ધ કરેલો; તે બધી વાર્તાઓનો હાલ ઓડિશાની ઊડિયા ભાષામાં શ્રી પ્રશાંત મોહંતીએ કરેલા અનુવાદોનો સંગ્રહ AE LOKAMANE શીર્ષકથી કટક (ઓડિશા)થી પ્રકાશિત થયો છે. લેખકને અભિનંદન.

## જીવનગૌરવ પારિતોષિક : સાહિત્ય

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી, મુંબઈ દ્વારા ‘જીવન ગૌરવ પારિતોષિક : સાહિત્ય’ વર્ષ ૨૦૨૩-૨૪નું પારિતોષિક શ્રીમતી તારિણીબહેન દેસાઈને અર્પણ કરવામાં આવ્યું છે. તારિણીબહેન દેસાઈને અભિનંદન.

## રક્ષા શુકલલિખિત ‘પ્રેમનો પડછાયો’નું લોકાર્પણ

જાણીતાં લેખિકા રક્ષા શુકલની નવલકથા ‘પ્રેમનો પડછાયો’નું તરુણ દત્તાણીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

## તાન્યા ખત્રીનું પુસ્તક ‘તૉલ્સતૉયની જીવનકથાઓ’નું લોકાર્પણ

તા. ૧૫-૧૦-૨૦૨૪ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદમાં અનુવાદક તાન્યા ખત્રીનું પુસ્તક ‘તૉલ્સ્તૉયની જીવનકથાઓ’નું ઓએસિસ તરફથી વિમોચન કરવામા આવ્યું હતું.

## કિરણસિંહ ચૌહાણે ૫૦ કવિઓનો કાવ્યપાઠ યોજી પોતાનું ૫૦મું વર્ષ ઊજવ્યું.

કવિશ્રી કિરણ ચૌહાણે પોતાના ૫૦મા વર્ષને યાદગાર બનાવવા માટે સુરતની જાણીતી સંસ્થા રાષ્ટ્રીય કલાકેન્દ્રના નેજા હેઠળ સમગ્ર વર્ષ દરમિયાન ૮ કવિસંમેલનો યોજીને એમાં ૫૦ કવિઓને કાવ્યપાઠ માટે આમંત્રિત કર્યા હતા.

## શબ્દસંપદા

તા. ૨૯-૯-૨૦૨૪ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે શાસનસમ્રાટ ભવન, ઑડિટોરિયમ હૉલ, હઠીસિંગની વાડી, દિલ્હી દરવાજા બહાર અમદાવાદમાં પ.પૂ.આ. શ્રી વિજયશીલચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી હઠીસિંગ કેસરીસિંગ ટ્રસ્ટના ઉપક્રમે ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ‘શબ્દસંપદા’ શીર્ષક હેઠળ જૈન સાહિત્યસર્જક અમૃત કલશકૃત જૈન સાહિત્યગ્રંથ ‘હમ્મીરપ્રબંધ’ વિશે પ્રો. પિંકી પંડ્યાએ અને જૈન સાહિત્યસર્જક ઉદયભાનુ-કૃત ‘વિક્રમચરિત્ર’ વિશે પ્રો. દર્શના ધોળકિયાએ આસ્વાદલક્ષી વક્તવ્ય રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક ‘શ્વેત એ’ કર્યું હતું.

# ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૪મું જ્ઞાનસત્ર

**તારીખ : ૫, ૬, ૭, ૮ ડિસેમ્બર ૨૦૨૪.**

**સ્થળ : કૈલાસ ગુરુકુળ, મહુવા, જિ. ભાવનગર**

## ‘સચ્ચિદાનંદ આનંદક્રીડા કરે...’

### તારીખ : ૫-૧૨-૨૪, ગુરુવાર : સાંજે ૫.૦૦ થી ૭.૦૦

ઉદ્‌ઘાટન બેઠક

| | | |
|---|---|---|
| પ્રારંભ | : | જય જય ગરવી ગુજરાત (ગીત ગાન) |
| આવકાર | : | યજમાન સંસ્થા પ્રતિનિધિ |
| પરિષદ પ્રવૃત્તિ અહેવાલ | : | સમીર ભટ્ટ |
| અતિથિસર્જકનું ઉદ્‌બોધન | : | રાધાવલ્લભ ત્રિપાઠી |
| પ્રાસંગિક વક્તવ્ય | : | રઘુવીર ચૌધરી |
| પરિષદ પ્રમુખનું ઉદ્‌બોધન | : | હર્ષદ ત્રિવેદી |
| આશીર્વચન | : | પૂ. મોરારિ બાપુ |
| આભારવિધિ | : | યોગેશ જોષી |

### તારીખ : ૬-૧૨-૨૪, શુક્રવાર

### પ્રથમ બેઠક : સવારે ૯.૦૦ થી ૧૦.૩૦

### ‘આનંદક્રીડા : અંગતથી અખિલાઈ સુધીની’

| | | |
|---|---|---|
| સાહિત્ય : માનવમનથી સંસ્કૃતિ સુધી | : | અજય સરવૈયા |
| સાહિત્ય અને માનવ સમાજ | : | ગૌરાંગ જાની |
| સંચાલન | : | સેજલ શાહ |

### બીજી બેઠક : સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦

### ‘આનંદક્રીડાની વૈચારિક પીઠિકા’

| | | |
|---|---|---|
| કાર્લ માર્ક્સ અને ગુજરાતી સાહિત્ય | : | સુલતાન અહેમદ પઠાણ |
| ગાંધી અને ગુજરાતી સાહિત્ય | : | અરુણ દવે |
| આંબેડકર અને ગુજરાતી સાહિત્ય | : | મોહન પરમાર |
| સંચાલન | : | પરીક્ષિત જોશી |

### ભોજન વિરામ

### ત્રીજી બેઠક : બપોરે ૨.૦૦ થી ૩.૦૦

| | | |
|---|---|---|
| આનંદક્રીડાનો આદિલોક | : | ભગવાનદાસ પટેલ |
| સંચાલન | : | જનક રાવલ |

### ચોથી બેઠક : બપોરે ૩.૦૦ થી ૪.૩૦
### ‘આનંદક્રીડાના વૈશ્વિક ઉદ્‌ગાર’

| | | |
|---|---|---|
| ઇડિપસ રેક્સ (સોફોક્લિસ) | : | સંજય મુખર્જી |
| ઓલ્ડ મેન ઍન્ડ ધ સી (અર્નેસ્ટ હેમિંગ્વે) | : | સમીર ભટ્ટ |
| ધ વેસ્ટ લૅન્ડ (ટી.એસ એલિયટ) | : | ભરત મહેતા |
| સંચાલન | : | સંધ્યા ભટ્ટ |

### પાંચમી બેઠક : બપોરે ૪.૩૦ થી ૬.૦૦
### ‘આનંદક્રીડા ભાષાની’

| | | |
|---|---|---|
| ભાષાશાસ્ત્રી અને ભાષાવિજ્ઞાન | : | અરવિંદ ભાંડારી |
| વ્યુત્પત્તિ વિચાર | : | હેમંત દવે |
| સંચાલન | : | બકુલ ટેલર |
| મધ્યસ્થ સમિતિની બેઠક | : | ૬ થી ૭ |

ભોજન વિરામ

### રાત્રી બેઠક : રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦

| | | |
|---|---|---|
| આનંદક્રીડાનાં રમણીય રૂપ | : | ઉપસ્થિત કવિઓનો કાવ્યપાઠ |
| વક્તવ્ય | : | દર્શક આચાર્ય |
| સંચાલન | : | હેમાંગ રાવલ |

### તારીખ : ૭-૧૨-૨૪, શનિવાર
### છઠ્ઠી બેઠક : સવારે ૯.૦૦ થી ૧૦.૩૦
### આનંદક્રીડાના ભારતીય ઉદ્‌ગાર

| | | |
|---|---|---|
| માઘ | : | હર્ષદેવ માધવ |
| સુરદાસ | : | મૃદુલા પારીક |
| મિરઝા ગાલિબ | : | શિનકાફ નિઝામ |
| સંચાલન | : | સંજય ચૌધરી |

## સાતમી બેઠક : સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦
## આનંદક્રીડાના ગુજરાતી ઉદ્‌ગાર...

મીરાં : દર્શના ધોળકિયા
ન્હાનાલાલ : સતીશ વ્યાસ
ચંદ્રકાન્ત શેઠ : યોગેશ જોષી
સંચાલન : જ્યોતીન્દ્ર પંચોલી

ભોજન વિરામ

## આઠમી બેઠક : બપોરે ૨.૦૦ થી ૫.૦૦
## આનંદક્રીડા સમકાલીન સાહિત્યની : સાહિત્યનું સરવૈયું-૧ (૨૦૨૩)

અધ્યક્ષ : રવીન્દ્ર પારેખ

કવિતા : મનીષા દવે
ટૂંકી વાર્તા : પન્ના ત્રિવેદી
નિબંધ : દિક્પાલસિંહ જાડેજા
નાટક : પી. એસ. ચારી
નવલકથા : નરેશ શુક્લ
બાળસાહિત્ય : નટવર પટેલ
સંચાલન : દાન વાઘેલા

## નવમી બેઠક સાંજે ૫.૦૦ થી ૬.૩૦
## આનંદક્રીડાના ઉત્તરો : મહેન્દ્રસિંહ પરમાર

વિદ્યાર્થીઓ અને સાહિત્યકારો સાથે ગોષ્ઠિ

ભોજન વિરામ

## સાંસ્કૃતિક કાર્યક્રમ : રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦

યજમાન સંસ્થા

## તારીખ : ૮-૧૨-૨૪, રવિવાર
## દસમી બેઠક સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
## આનંદક્રીડા સમકાલીન સાહિત્યની : સાહિત્યનું સરવૈયું-૨ (૨૦૨૩)

અધ્યક્ષ : ડંકેશ ઓઝા

અનુવાદ : માલિની ગૌતમ
સંશોધન : પ્રવીણ કુકડિયા
સંપાદન : કિશોર વ્યાસ
વિવેચન : રાજેશ્વરી પટેલ
સંચાલન : શિશિર રામાવત

## અગિયારમી બેઠક સવારે ૧૧.૦૦ થી ૧.૦૦

## સમાપન બેઠક

ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું સત્ર (સામાન્ય સભા)

ઠરાવો, પ્રતિભાવો અને આભારવિધિ

પ્રાસંગિક વક્તવ્ય : હર્ષ બ્રહ્મભટ્ટ

પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન : હર્ષદ ત્રિવેદી

સંચાલન : સમીર ભટ્ટ

જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છનારાઓએ પ્રતિનિધિ શુલ્ક રૂ.૧૫૦૦/- અને વિદ્યાર્થીઓએ રૂ. ૭૫૦/- ભરવાના રહેશે. નોંધણી કરાવી ઉપસ્થિત રહેનારને પ્રમાણપત્ર આપવામાં આવશે. નોંધણી **તા. ૨૫-૧૧-૨૦૨૪** સુધી થશે ત્યારબાદ કોઈપણ સંજોગોમાં નોંધણી કરવામાં આવશે નહીં તેની નોંધ લેવા વિનંતી.

નોંધણી માટેની આવશ્યક સૂચના :

- જ્ઞાનસત્રમાં ઉપસ્થિત રહેનારા મિત્રો પરિષદ કાર્યાલયમાં રોકડ અથવા ઓનલાઇન પેમેન્ટથી નોંધણી કરાવી શકશે.
- ઓનલાઇન પેમેન્ટ કરનારા મિત્રો આપેલ બેન્ક એકાઉન્ટમાં નિર્ધારિત રોકડ, ચેક, નેટ બેન્કિંગ, યુ.પી.આઈ. માધ્યમથી ભરી શકાશે.
- બેન્કની વિગતો એકાઉન્ટ નંબર, બેન્ક, બ્રાન્ચ IFSC કોડ વગેરે ભરેલ ફીની વિગતોનો સ્ક્રીન શોટ ૯૭૭૩૨૨૨૪૨૫ મોબાઈલ નંબર ૫ર મોકલવાનો રહેશે.
- નોંધણી કરાવનારે ફીની સાથે પોતાનો મોબાઈલ નંબર અને સરનામું અવશ્ય જણાવવું.

ગુજરાતી સાહિત્ય પરિષદની બેન્કની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| NAME OF THE ACCOUNT HOLDER | : | GUJARATI SAHITYA PARISHAD |
| BANK NAME | : | BANK OF INDIA |
| BANK ADDRESS | : | ASHRAM ROAD BRANCH,<br>AHMEDABAD-380009 |
| BANK A/C NO. | : | 200220100004869 |
| MICR CODE NO. | : | 380013006 |
| IFSC NO. | : | BKID0002002 |
| BRANCH CODE | : | 2002 |

**સમીર ભટ્ટ, ભિખેશ ભટ્ટ, સંધ્યા ભટ્ટ, ભરત મહેતા, પરીક્ષિત જોશી, સેજલ શાહ**
**મંત્રીઓ, ગુજરાતી સાહિત્ય પરિષદ**

## આ અંકના લેખકો

**અફસાના માંજોઠી** : રિસર્ચ ફેલો, ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**ઇતુભાઈ કુરકુટિઆ** : વ્યાખ્યાતા ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

**ઉષા ઉપાધ્યાય** : ૨૨, ઇશાન કોટેજ, ગ્રીનવુડ વિ.-૧, સરદાર પટેલ રિંગ રોડ, વૈષ્ણવદેવી સર્કલ પાસે, અમદાવાદ-૩૮૨૪૨૧

**કંદર્પ ર. દેસાઈ** : 'પારિજાત', ૬, અરુણોદય પાર્ક, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ કૉર્નર, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

**કિરીટ દૂધાત** : A/૧, સુયોજન ઍપાર્ટમેન્ટ, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦.

**જગદીશ કંથારિયા** : ૧૯/૨૪૯, ક્રિષ્ના સ્ટ્રીટ, મોટીવેડ, સુરત-૩૯૫૦૦૪.

**દિલીપ જોગલ** : ગુજરાતી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૯. Mo. ૮૯૮૦૬૪૨૮૪૨, E-mail : jogaldilip૯@gamil.com

**નરોત્તમ પલાણ** : દર્શન, ૩ વાડી પ્લૉટ, પોરબંદર-૩૬૦૫૭૫

**પ્રદીપ સંઘવી** : એ-૪૩/૪૪, પ્રભુનિવાસ, ૫૧, મોતી પી.એલ. રોડ, બોરીવલી, (પશ્ચિમ) મુંબઈ-૪૦૦૦૯૨.

**પ્રતાપસિંહ ડાભી** : બાલાજીવિલા-૧, ટી.પી. નં. ૪૪, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪.

**Preetam Lakhlani** : ૬૫, Falcon Dirive, West Heririetta. N.Y.-૧૪૫૮૬, U.S.A.

**ભારતી પ્રજાપતિ** : એ/૧૨૪, સેન્ટોસા ગ્રીનલૅન્ડ, એસ.પી. રિંગરોડ, ભાડજ સર્કલ પાસે, રકનપુર, સાંતેજ-કલોલ-૩૮૨૭૨૨. Mo. ૯૯૦૯૯૫૦૧૭૭

**યોગેશ જોષી** : બી/૩૦૩, અર્જુન ગ્રીન્સ, વિશ્વેશ્વર ફ્લૅટ પાસે, કે. કે. નગર, રન્નાપાર્ક, અમદાવાદ-૩૮૦૦૬૧

**રમણ સોની** : ૧૮, હેમદીપ, દિવાળીપુરા, વડોદરા. Mo.૯૨૨૮૨૧૫૨૭૫

**રાકેશ પટેલ** : ૩૯૮, બાગેશ્રી બંગલો, લીલાશાહ કુટિયા પાછળ, આદિપુર-૩૭૦૨૦૫ (કચ્છ)

**વિનય જાદવ** : 'નર્મદે', ઉમિયાનગર સોસાયટી, ઉગામણાવાસ, મુ. કોટડા (ચકાર), વાયા કુકમા, તા. ભુજ, કચ્છ-૩૭૦૧૦૫.

**સંજય સ્વાતિ ભાવે** : ૧૪૩, પારસકુંજ સોસાયટી, વિ.-૩, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.

**Sudhir Patel** : ૭૫૦૪, Double Spring Court, Chariotte. N.C.-૨૮૨૬૨. (U.S.A.)

**હરીશ મીનાશ્રુ** : ૯/એ,' સુમિરન', સૌરમ્ય બંગલા, વિનુકાકા માર્ગ, બાકરોલ-૩૮૮૩૧૫. જિ. આણંદ Mo. ૯૮૨૪૫ ૧૧૯૬૧

**હર્ષદ ત્રિવેદી** : 'સુરતા' એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪ જિ. ગાંધીનગર

## સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫ માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષરૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદ પ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૯ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મુકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઈચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગરૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

| | | |
|---|---|---|
| NAME OF THE ACCOUNT HOLDER | : | GUJARATI SAHITYA PARISHAD |
| BANK NAME | : | BANK OF INDIA |
| BANK ADDRESS | : | ASHRAM ROAD BRANCH,<br>AHMEDABAD-380009 |
| BANK A/C NO. | : | 200220100004869 |
| MICR CODE NO. | : | 380013006 |
| IFSC NO. | : | BKID0002002 |
| BRNCH CODE | : | 2002 |

**હર્ષદ ત્રિવેદી** — પ્રમુખ
**સંજય ચૌધરી** — કોષાધ્યક્ષ
**સમીર ભટ્ટ** — મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ - અમદાવાદ

# ગુજરાતી સાહિત્ય પરિષદને મળેલ દાનની વિગત

## આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિ મ.ની પ્રેરણાથી મળેલ દાન

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | મુનીરભાઈ મહેતા | અમદાવાદ | ૫,૦૦,૦૦૦/- |
| ૨. | શ્રી નેમિ-નન્દન શતાબ્દી ટ્રસ્ટ | અમદાવાદ | ૩,૦૦,૦૦૦/- |
| ૩ | ડૉ. જશવંત મોદી (યુ.એસ.એ.) વતી શ્રી વિજયનેમિસૂરિ જ્ઞાનશાળા ટ્રસ્ટ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૪. | જ્ઞાનની બારી હ. શ્રી શ્રેણિક શાહ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૫. | સંજય ઝવેરી (જાપાન) વતી નવીનભાઈ મહેતા | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૬. | સુરેન્દ્રભાઈ સારાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૭. | સુરેશ અંબાલાલ શાહ | મુંબઈ | ૧,૦૦,૦૦૦/- |
| ૮. | શેઠ હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૯. | શેઠ દલપતભાઈ મગનભાઈ શારદાભુવન જૈન પાઠશાળા ટ્રસ્ટ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |

## પૂ. શ્રી મોરારિબાપુની પ્રેરણાથી મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | જે. એલ. મોરીસન ઇન્ડિયા | – | ૫,૦૦,૦૦૦/- |
| ૨. | સાહિત્યના વિવિધ કાર્યક્રમ માટે | ચિત્રકૂટધામ, તલગાજરડા | ૫૦,૦૦૦/- |

## પરબ અપીલ પેટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | દિલીપસિંહ દેવીસિંહ ચૌહાણ (લાલુભા) | અમદાવાદ | ૨૫,૧૨૫/- |
| ૨. | સુરેશ શાંતિલાલ કોઠારી | યુ.એસ.એ. | ૧૫,૦૦૦/- |
| ૩. | ડૉ. ચત્રભુજ બી. રાજપરા | જૂનાગઢ | ૫,૫૦૦/- |
| ૪. | શ્રી પ્રવિણ ગઢવી | ગાંધીનગર | ૫,૦૦૦/- |
| ૫. | શ્રી સંતોષ બાલકૃષ્ણ કરોડે | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૬. | રમેશ બી. મહેતા | જૂનાગઢ | ૫,૦૦૦/- |
| ૭. | સંજય ઉપાધ્યાય | રાજકોટ | ૫,૦૦૦/- |
| ૮. | શ્રી કમલેશ છગનભાઈ પટેલ | ઉધના | ૨,૦૦૧/- |
| ૯. | અજિત પારેખ | વલસાડ | ૧,૦૦૧/- |
| ૧૦. | નવિનચંદ્ર ધામેચા | નવસારી | ૧,૦૦૦/- |
| ૧૧. | જશુબહેન બુદ્ધિધન ત્રિવેદી | અમદાવાદ | ૫૦૦/- |
| • | શ્રી મોહનલાલ દવે 'જીવનપ્રકાશ' ગ્રંથાવલોકન / સમીક્ષા વર્ષ ૨૦૨૪, માટે પારિતોષકના હ. : શ્રી ભૂપેન્દ્રભાઈ દવે | સુરેન્દ્રનગર | ૧૫,૦૦૦/- |
| • | શ્રી ચત્રભૂજ બી. રાજપરા | જૂનાગઢ | ૫,૧૦૦/- |

બેન્ચમાર્ક એજન્સી પ્રા. લિ.ના શ્રી નિશિથ જોશી (ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર) અને શ્રી હિરેન સવાઈ (મેનેજીંગ ડિરેક્ટર) તરફથી (હ. શ્રી પાવનભાઈ બકેરી) ગુજરાતી સાહિત્ય પરિષદના સ્વાધ્યાયનિવાસના ચાર બાથરૂમ માટે ચાર નંગ ઇલેક્ટ્રીકવૉટર ગીઝર ભેટ મળેલ છે.

■

ધન ધન માડી, ધન ભયો,
સાધુડા ! જેણે ગોવિંદનો ગુણ ગાયો.
માતાના વ્હાલ જેવા વાણીના અંકમાં જઈ
બાલગોવિંદ લપાયો,
રાધાની રટણા સંગે,
ગોપીની ઘટના સંગે
માણ્યો મુકુન્દને સવાયો,
સાધુડા જેણે ગોવિંદનો ગુણ ગાયો.

"જીવન એ
કોઈ ભૂમિકાનું ક્ષેત્રફળ નથી;
સંયોગોનું પોટલું નથી;
સમયના એકમોનો સરવાળો નથી;
એ તો
અવિચ્છિન્ન સ્નેહાનુભવના
માધુર્યની મંદાકિની છે."

ગાજ્યા રે વિનાના વરસ્યા મેહુલા
મારે અંતરને ભોમ.
એવા વરસ્યા કે આ જીવને
શાતા વળી રોમે રોમ. – મુકુન્દરાય વિ. પારાશર્ય (અંગત નોંધમાંથી)

'મુકુન્દભાઈના ઘરે આવીએ એટલે
તપોવનમાં આવ્યા એવું લાગતું...
પદે પદે કંઈને કંઈ અનેરું
શીખવા મળતું એ તો ખરું જ,
પણ અંદરથી સતત ઊંડી,
પ્રસન્નતાનો અનુભવ થતો.' – ઉમાશંકર જોશી

**- મુકુન્દરાય વિ. પારાશર્ય**

સંવાહક : પીયૂષ મુકુન્દરાય પારાશર્ય
મો. ૯૮૨૫૧૮૭૦૦૭

# નવા વરસના રામરામ

નવા વરસના, બાપા, રામરામ.

સૌ પે રે'જો રામની મેર,
રાતદિ' રામને સંભારતા
કરજો ભાવતી લીલાલે'ર,
નવા વરસના, બાપા, રામરામ.

બાયું બોનું, સંધાયનો
રે'જો અખંડ ચૂડો,
ઢોરાં છોરાં સીખે સૌ રીઓ,
નીતરે આફુડો મધપૂડો
નવા વરસના, બાપા, રામરામ.

ખેતર ખેડી ખાતર પૂરજો
વાલો વરસે અનરાધાર,
સાચૂકલાં બીયારણ વાવજો,
કે ધાન ઊતરે અપરંપાર
નવા આ વરસના, બાપા, રામરામ

ઊભું વરસ દીવાળી જ રે,
જેના રુદિયામાં રામ,
હરખ સંતોષ ગાજે સામટો,
ખોરડું નૈં, આખું ગામ;
નવા વરસના, બાપા, રામરામ.

ઓણ જે કિધા અમે રામરામ
તમે સૌને કરતા રો,
સંધાનાં જીવતર ફળો રામથી,
એવી દૂવા લેતા રો'.
નવા વરસના, બાપા, રામરામ.

**- મુકુન્દરાય વિ. પારાશર્ય**

સંવાહક : પીયૂષ મુકુન્દરાય પારાશર્ય
મો. ૯૮૨૫૧૮૭૦૦૭

## દીપોત્સવ અને નૂતનવર્ષની શુભેચ્છાઓ સાથે
## વસાવવા જેવાં અને સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં પુસ્તકો

**હિન્દી ફિલ્મજગતના કેટલાક સદાબહાર સંગીતકારો**
*(નૌશાદથી નદીમ શ્રવણ સુધીના 45 સદાબહાર સંગીતકારોના પરિચય)*
પદ્મનાભ જોશી 750

**રો-હિતવિચાર** *(વિચારોની મશાલના તેજતણખા તથા શાયરીની રંગત)*
રોહિત શાહ 230

**જાણું છું ધર્મ, પણ...** *(જ્યેષ્ઠ પાંડવ યુધિષ્ઠિરની મનોયાત્રાની કથા)*
ઇલા આરબ મહેતા 230

**ભવચક્ર અને નેહબંધ** *(માનવ સંવેદનાની બે લઘુનવલકથાઓ)* દીના પંડ્યા 280

**અમથું અમથું કેમ ન હસિયે ?** *(કારણવગર હસવાની મોજ આપતા લેખો)*
રતિલાલ બોરીસાગર 180

**ઍન્જોયગ્રાફી** *(બીમારીમાં પણ રમૂજની મોજના ફુવારા)*
રતિલાલ બોરીસાગર 125

**યુગાંતર** *(ગુજરાતી સાહિત્યની વિશિષ્ટ નવલકથા)* માધવ રામાનુજ 550

**દૂરનાં સગપણ** *(સંબંધોની સંવેદના પ્રગટાવતી નવલકથા)* ધીરેન્દ્ર મહેતા 200

**ભારતીય આત્મકથા આચમન**
(વિવિધ છ ભાષાઓમાં પ્રકાશિત આત્મકથાઓનો વિકાસક્રમ)
હેતલ કિરીટકુમાર ગાંધી 300

**ચુનીલાલ મડિયાનો વાર્તાવૈભવ** *(સંપાદિત વાર્તાઓ)* સંપા. શરીફા વીજળીવાળા 300

**ઈવા ડેવનો વાર્તાવૈભવ** *(સંપાદિત વાર્તાઓ)* સંપા. શરીફા વીજળીવાળા 190

**બૌદ્ધ દેશ શ્રીલંકા-પ્રવાસ** *(બૌદ્ધ ધર્મની યાત્રાની સુવાસ)*
ભીખાભાઈ અમીન 120

**અગોચર મનની ભીતર** *(આભાસ-પૂર્વાભાસ આધારિત લઘુનવલ)*
ભાવના હેમંત વકીલના 150

***ઊઘડતી દિશા*** (વાર્તાસંગ્રહ) *સંજય ચૌધરી 230*

***એલીહાઉસ*** (વાર્તાસંગ્રહ) *ગિરા પિનાકિન ભટ્ટ 200*

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

## રન્નાદે પ્રકાશન

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

### સંવત ૨૦૮૧ના નૂતન પ્રભાતે પ્રકાશિત થયેલ અમારાં સાહિત્યિક પ્રકાશનો

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત (રૂ.) |
|---|---|---|
| આસ્વાદપર્વ (વિવેચન) | પ્રવીણ દરજી | ૧૫૦.૦૦ |
| સફળતાનો રોડમેપ (ચિંતનાત્મક નિબંધો) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૪૦.૦૦ |
| ચિંતનનિર્ઝર (ચિંતનાત્મક નિબંધો) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૧૦.૦૦ |
| જિંદગી, તને પ્રણામ (ચિંતનાત્મક નિબંધો) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૫૦.૦૦ |
| જિંદગી, તને સલામ (ચિંતનાત્મક નિબંધો) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૩૫.૦૦ |
| અભિલાષા (વાર્તાસંગ્રહ) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૬૫.૦૦ |
| સજાનો સમય (કાવ્યસંગ્રહ) | મણિલાલ હ. પટેલ | ૧૪૫.૦૦ |
| ચંબલનો રાજા (નવલકથા) | નવનીત સેવક | ૧૯૫.૦૦ |
| તરસ (નવલકથા) | નવનીત સેવક | ૨૫૦.૦૦ |
| માનવરૂપ અનેક (નવલકથા) | નવનીત સેવક | ૨૭૦.૦૦ |
| સોનલ સાંજ ઢળે (કાવ્યસંગ્રહ) | વ્રજલાલ એચ. બ્રહ્મભટ્ટ | ૨૦૦.૦૦ |
| 'તને અંધારાં બોલાવે, તને અજવાળાં બોલાવે' (નવલકથા) | ઇન્દુબહેન મહેતા | ૪૦૫.૦૦ |
| રંગ બધા ઢોળાયા અવકાશમાં (નવલકથા) | ઇન્દુબહેન મહેતા | ૪૪૦.૦૦ |
| સુંદર-મજાની ગુજરાતી (ભાષા વિષયક) | સાં.જે. પટેલ | ૧૭૫.૦૦ |

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત (રૂ.) |
|---|---|---|
| મોંઘેરા માનવ મોતી (પ્રેરણાત્મક લેખો) | નટવર ગોહેલ | ૧૯૦.૦૦ |
| જ્ઞાન કસોટી (સામાન્ય જ્ઞાન) | અવિનાશ પરીખ | ૧૦૫.૦૦ |
| પગલે પગલે વિજ્ઞાન (વિજ્ઞાન વિષયક) | કમલેશ કંસારા | ૨૦૦.૦૦ |
| શોધ-સંશોધનનાં અજવાળાં (વિજ્ઞાન વિષયક) | કમલેશ કંસારા | ૧૯૫.૦૦ |
| ઍન્જોયપ્લાસ્ટી (હાસ્ય વિષયક) | ડૉ. કિરીટ વૈદ્ય | ૧૧૫.૦૦ |

## વર્ષ ૨૦૨૪માં પ્રકાશિત અમારાં કેટલાંક સાહિત્યિક પ્રકાશનો

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત (રૂ.) |
|---|---|---|
| અંદર-બહાર (ચિંતનાત્મક નિબંધ) | પ્રવીણ દરજી | ૧૯૫.૦૦ |
| લોકાલોક (કાવ્યસંગ્રહ) | પ્રવીણ દરજી | ૨૩૦.૦૦ |
| મોહન પરમાર અધ્યયન ગ્રંથ-ર સંપાદન (નવલકથા, એકાંકી અને વિવેચન) | સંપા. દશરથ પરમાર | ૫૯૦.૦૦ |
| શિવોહમ્ શિવાહમ્ (ધર્મ વિષયક લેખો) | અશોક શર્મા | ૧૫૦.૦૦ |
| રેત પર અક્ષર (લઘુકથાસંગ્રહ) | રેખાબા સરવૈયા | ૨૨૦.૦૦ |
| સ્પંદન (એજન્સી) (તઝમીનસંગ્રહ) | દિનેશ ડોંગરે 'નાદાન' | ૨૨૫.૦૦ |
| તારી કસમ (એજન્સી) (ગઝલસંગ્રહ) | સુરેશ પરમાર 'સૂર' | ૧૯૦.૦૦ |
| બંધ બારણે ટકોરા(ગઝલસંગ્રહ) | ગુલામ અબ્બાસ 'નાશાદ' | ૧૯૦.૦૦ |
| શાંત ટહુકા (સોનેટસંગ્રહ) | પારુલ બારોટ | ૧૦૫.૦૦ |
| સર્જનશીલ અને પ્રતિભાશાળી બાળક (બાળઉછેર વિષયક) | ડૉ. નીલેશ પંડ્યા | ૧૯૫.૦૦ |

## સર્વેને દીપાવલીની શુભ કામનાઓ તથા નૂતન વર્ષાભિનંદન

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

**૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.**

## ગુજરાતી વિશ્વકોશ અને લૅક્સિકનના
## ૬,૨૬,૦૦૦
## મંથલી યુનિક વિઝિટર્સ

- ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ગુજરાતી ભાષામાં ૨૬ ગ્રંથોમાં ૧૭૦ વિષયોના ૨૬,૦૦૦થી વધુ લખાણો સમાવતા વિશ્વકોશની સઘળી સામગ્રી હવે આના https://vishwakosh.org પર જોઈ શકાય છે.
- ગૂગલ સર્ચના છેલ્લા આંકડા પ્રમાણે ત્રીસ દિવસમાં ૩,૭૯,૦૦૦ વ્યક્તિઓએ ગૂગલ સર્ચમાં વિશ્વકોશનાં અધિકરણો જોયાં છે. ભારત (૨,૧૮,૦૦૦), અમેરિકા, કૅનેડા, યુ.કે., ઑસ્ટ્રેલિયા, અને યૂ.એ.ઇ. – એ આનો ઉપયોગ કરનારા પ્રથમ છ દેશોમાં સ્થાન ધરાવે છે.
- એ જ રીતે ભાષાપ્રેમી શ્રી રતિલાલ ચંદરયાપ્રેરિત પિસ્તાળીસ લાખ શબ્દો ધરાવતા ગુજરાતી લૅક્સિકન પણ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના નેજા હેઠળ ચાલે છે અને એમાં છેલ્લા ૨૮ દિવસમાં ૨,૪૭,૦૦૦ વ્યક્તિઓએ ઉપયોગ કર્યો છે. પિસ્તાળીસ લાખ શબ્દો ધરાવતા લૅક્સિકનમાં ૨,૮૧,૦૦૦ શબ્દોનો ભગવદ્ગોમંડળ તેમજ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ગુજરાતી ભાષાનો એકમાન્ય જોડણીકોશ એવો સાર્થ જોડણીકોશ પણ પ્રાપ્ત થાય છે. ૨૮ દિવસમાં એનો ઉપયોગ કરનારા પ્રથમ પાંચ દેશોમાં ભારત (૨,૪૦,૦૦૦), અમેરિકા, કૅનેડા, યુ.કે. અને ઑસ્ટ્રેલિયા સ્થાન ધરાવે છે. આપને પણ આ કોશ જોવો હોય તો www.gujaratilexicon.com પર જોઈ શકાશે.
- આ ઉપરાંત ૨,૮૧,૦૦૦ શબ્દોનો 'ભગવદ્ગોમંડળ' અને 'સાર્થ જોડણીકોશ' જોવા માટે તમે મોબાઈલ ઍપ્લિકેશન સ્વરૂપે નીચે આપેલી લિંક પરથી ડાઉનલોડ કરી શકો છો.

https://play.google.com/store/apps/details?id=com.sarth

https://play.google.com/store/search?q=bhagawadogmandal&c=apps

Gujarat Vishvakosh Trust, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ,

9898042699

# એકત્રનો ગ્રંથગુલાલ

**એકત્ર ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત**
**'ગુજરાતી નવલકથા પરિચયકોશ'** (ડિજિટલ સ્વરૂપે)
**સંકલન-સંપાદનઃ જયેશ ભોગાયતા**




## આ પરિચયકોશ વિશે

– આ પ્રકારનો નવલકથાનો પરિચયકોશ ગુજરાતી સાહિત્યમાં પહેલીવાર પ્રકાશિત થઈ રહ્યો છે.

– આ પરિચયકોશમાં ગુજરાતી નવલકથાના છ તબક્કાની ૧૫૫ જેટલી પ્રતિનિધિ નવલકથાઓ વિશેનાં અધિકરણો છે

– આ અધિકરણો કથાસાહિત્યના નીવડેલા અને સિદ્ધહસ્ત સર્જક-વિવેચકો અને તેજસ્વી યુવા પ્રાધ્યાપકો અને સંશોધકો દ્વારા લખવામાં આવ્યાં છે.

-------------------------------------------------------

## હવે પછી...

## ગુજરાતી ટૂંકી વાર્તાનો ઇતિહાસ : 'વહેણો અને વળાંકો'

આ જ પરંપરામાં એકત્ર ફાઉન્ડેશનના આગામી પ્રકલ્પોમાં મુખ્ય છે 'ગુજરાતી ટૂંકી વાર્તાનો ઇતિહાસ : વહેણો અને વળાંકો'. સંપાદક જયેશ ભોગાયતા. આ પ્રકલ્પમાં ગુજરાતી ટૂંકી વાર્તાના છ તબક્કાના વાર્તાકારોના વાર્તાસંગ્રહો વિશે સમીક્ષાલેખોનું ઐતિહાસિક ક્રમમાં પ્રકાશન થશે. આ પ્રકલ્પના પ્રથમ ખંડનું ઇ-બૂક સ્વરૂપે પ્રકાશન ટૂંક સમયમાં થશે.

--------------

**સંપર્કઃ અનંત રાઠોડ (સંયોજક) : 7990080391**

**www.ekatrafoundation.org ઉપરથી આ સમૃદ્ધ સાહિત્યવિશ્વમાં પ્રવેશ કરી શકાશે.**

GPSC / UPSC / UGC - JRF - NET, SLETની
પરીક્ષા માટે, વિવિધ યુનિ.ના અભ્યાસક્રમ માટે

# ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

## વિવેચન

નાટ્યનાન્દી ◆ સંદર્ભસંકેત ◆ ભારતીય નવલકથા ◆ સમકાલીન ગુજરાતી નવલકથા ◆ સમકાલીન ગુજરાતી નવલિકા ◆ સંજ્ઞાસંયોગ ◆ કૃતિ સમીપે, સર્જક સમીપે

## સંશોધન

કળાકારનો ઇતિહાસબોધ ◆ આર્નોલ્ડનો કાવ્યવિચાર

## સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા ◆ વિવેચનના વિવિધ અભિગમો ◆ ટાગોરની વાર્તાકળા ◆ મંટોની વાર્તાકળા ‘વળામણાં’ ◆ મારી હકીકત ◆ સત્યના પ્રયોગો ◆ તમસ ◆ ગોરા ◆ બદલાતી ક્ષિતિજ ◆ શર્વિલક ◆ ઇલિયડ ◆ મિર્ચ મસાલા ◆ મેટામોર્ફોસીસ

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

૧૦૫, નંદન કોમ્પ્લેક્સ,
મીઠાખળી ગામ, રેલવે ફાટક સામે, અમદાવાદ-૩૮૦૦૦૬

રાજા સિદ્ધરાજની રાજસભામાં પંડિતોની સમક્ષ "સિદ્ધહૈમ શબ્દાનુશાસન"નું વાંચન થયું ત્યારે સર્વ પંડિતો મુગ્ધ બની ગયા. એ પછી રાજાએ રાજપુરોહિતોને બોલાવીને પાટણના વૈયાકરણ કક્કલને 'સિદ્ધહેમ શબ્દાનુશાસન'ના મુખ્ય અધ્યાપક તરીકે નિયુક્ત કર્યા.

**– ડૉ. કુમારપાળ દેસાઈ**

✦

'રૉમ-સીતમાની વારતા' ૩૦ પંખડીઓ(અધ્યાય)માં વિભાજિત છે. આવા મૌખિક મહાકાવ્યો ફક્ત વારતાશ્રવણ, નૃત્ય અથવા સંગીતનો આનંદ પ્રાપ્ત કરવાનું સાધન જ નથી, પરંતુ પ્રાક્-વૈદિકયુગથી આરંભીને આજ સુધી સ્થિત ભારતવર્ષની એક પ્રાચીન ભીલજાતિની સામાજિક જીવનરીતિ છે. – **ડૉ. ભગવાનદાસ પટેલ**

✦

શ્રી પ્રાણનાથજીની રચનાઓને કેટલાક વિદ્વાનોએ જોશવાણી, હોશવાણી કે આવેશવાણી તરીકે ઓળખાવી છે. કીર્તનસંગ્રહ એ 'તારતમ સાગર – કુલજમ સ્વરૂપ' ગ્રંથાન્તર્ગત છઠ્ઠો ભાગ છે. તેમનાં પદો બે હજારથી વધુ ચોપાઈબંધમાં રચાયેલાં છે. ઈ.સ. ૧૬૫૯થી ૧૬૯૨ દરમ્યાન રચેલા ગુજરાતી ભાષાનાં પચીસ જેટલાં કીર્તન-પદો ઉપરાંત ઉર્દૂમિશ્રિત હિન્દી અને સિંધી ભાષાનાં આ કીર્તનોમાં પ્રેમભક્તિનાં સંવેદનોનું તથા જ્ઞાન અને ભક્તિબોધનું આલેખન થયું છે. આ ગ્રંથમાં વિષયવૈવિધ્ય મુજબ અનેક રાગરાગિણીઓ પ્રયોજાઈ છે. **– નિરંજન રાજ્યગુરુ**

✦

સ્પૅનિશ પાદરી રોબર્ટ્સ ડી. નોબેલિબસે તેમજ એના સંપ્રદાયનો હતો એ તેના કોઈક શિષ્યે ફ્રેંચમાં 'લ એઝુર મેદમ્' (યજુર્વેદ) લખ્યું. તેની મક્સદ, હિંદુઓના ધર્મસિદ્ધાન્ત, ધર્મવિધિ તેમજ શ્રુતકથાઓના 'દોષ' દર્શાવી આપણા લોકને ધર્માન્તર કરાવી ખ્રિસ્તી બનાવવાની હતી એમ સમજાય છે. **– વિજયરાય વૈદ્ય**

✦

સ્થાન સમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

એસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

# ઓમ કૉમ્યુનિકેશન

**રજિ. નં. ઇ/૧૯૯૨૧/અમદાવાદ**

માનનીયશ્રી,

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ગુજરાતી ભાષાના દિવંગત સાહિત્યકારના જન્મદિન/પુણ્યતિથિએ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન થાય છે. ‘શબ્દજ્યોતિ’ શીર્ષક હેઠળ હયાત સાહિત્યકારના જન્મદિનની ઉજવણી થાય છે. ‘શબ્દજ્યોતિ’માં હયાત સાહિત્યકાર પોતે પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપે છે. આજની નહીં પણ આવતીકાલની ૨૦ વર્ષ પછીની યુવાપેઢી શિષ્ટ સાહિત્યનું વાચન કરે એ હેતુથી ‘પુસ્તક-પરિચય’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિનો પરિચય માતૃભાષા ગુજરાતીમાં મળે એ હેતુથી ‘સંસ્કૃતપર્વઃવાગ્માધુરી’નું આયોજન કરવામાં આવે છે. સામાન્ય રીતે મધ્યયુગ નરસિંહ મહેતાથી શરૂ થાય છે પણ એ પહેલાંનો પ્રાગનરસિંહયુગ અથવા હેમયુગના ગુજરાતી જૈન સાહિત્યસર્જકોએ વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કરેલું છે. એ સર્જકોનો પરિચય થાય અને એમની કૃતિઓ પર આપણી વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી ‘પર્યુષણ સાહિત્યપર્વ’ અને ‘શબ્દસંપદા’નું આયોજન થાય છે. આ સિવાય પણ અન્ય પ્રકલ્પ દ્વારા સાહિત્યિક કાર્યક્રમનું આયોજન થાય છે.

**માતૃભાષા ગુજરાતીની ચિંતા કરવાને બદલે ભાષાનું સંવર્ધન થાય એ હેતુથી સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન થાય એ સંસ્થાનો મુખ્ય હેતુ છે.**

સંસ્થાની સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળે એ હેતુથી અને સંસ્થાનું આર્થિક ભારણ ઓછું થાય તેમજ સંસ્થાનું સ્થાયી ભંડોળ એકઠું થાય એ માટે સંસ્થા ડોનેશન માટે આપને નમ્ર અપીલ કરે છે. ૮0G (૫) હેઠળ પણ મહત્તમ ડોનેશન આપી આપ ઇન્કમટૅક્સમાં રાહત મેળવી શકો છો.

આભાર સહ,
અપેક્ષા સહ,

**– મનીષ પાઠક**
(મે. ટ્રસ્ટી ઓમ કૉમ્યુનિકેશન)

**બૅન્કની વિગત :**

| | | |
|---|---|---|
| Name | : | OM COMMUNICATION |
| Bank Name | : | Punjab National Bank |
| Branch | : | Sola Road. |
| A/c. No. | : | 3937000100083947 |
| IFS Code | : | PUNBO393700 |
| Address | : | 13, Narottam Park, B/h. Agarwal Tower, Bhuyangdev Cross Road, Sola Road, Ghatlodia, Ahmedabad-380061 Mo. : 9825046684 |

## સુંદર રીતભાત, એ ઉત્તમ જીવનનો ભાગ છે

ઉત્તમ શબ્દ ઉત્ અને તમનો સમાસ છે. જે તમોગુણથી ઊંચે ઊઠ્યા છે તે ઉત્તમ.

તમોગુણના કેન્દ્રમાં 'સ્વ' છે; જ્યારે એથી ઊંચે ઊઠ્યા તેના કેન્દ્રમાં બીજાનો વિચાર છે.

બીજાનો વિચાર આવતાંની સાથે જ સ્વયંની રીતભાતમાં આપોઆપ સુંદરતા આવે છે.

શ્રમણ ભગવાન મહાવીર મહારાજા જ્યારે, પારણાના દિવસે ગ્રામ-નગરમાં પધારતા ત્યારે જે શેરીમાં ઘરના બારણે કોઈ ભિક્ષુને ઊભેલા જુએ, તો પણ તેઓ તે શેરીમાં ન જતાં ત્યાંથી પાછા વળે તે તો બરાબર; પણ કોઈ કબૂતરને ચણ ચણતાં જુએ કે કોઈ ખિસકોલીને પાણી પીતી જુએ, તો પણ એ શેરીમાં ન જાય! આટલી કાળજી અન્ય જીવોની તેઓ રાખતા! – કેવું ઔચિત્ય!

આપણે ત્યાં આવેલી વ્યક્તિ જ્યારે જાય તે પછી આપણને તે વ્યક્તિ દેખાતી બંધ થાય, પછી જ ઘરનાં કમાડ વાસીએ. તેમાં તે વ્યક્તિ પ્રત્યેનો આદર છે. આમ કરવાથી, તે વ્યક્તિને કેવું ગમશે! – એ વિચાર આવા વર્તનનો પ્રાણ છે. શોભા તો આપણી જ વધે છે, સાથે શુભ સંસ્કાર પણ પ્રબળ બને છે.

આ મુદ્દો બધે જ મહત્ત્વનો છે. સભામાં બેસવાની રીત કે જમણવારમાં બેસતી વખતે કે પગરખાં ઉતારતી વખતે, આ જ ખ્યાલ રાખવાનો છે : 'અહીં વચ્ચે ઉતારવાથી બીજાને અગવડ પડશે માટે જરા દૂર ભીંત પાસે ઉતારીએ.'

આવી ઝીણી ઝીણી વાતો ઉત્તમ જીવનનો એક ભાગ છે. આવી સારી વર્તણૂકથી ઉત્તમ જીવનનું ઘડતર અને ચણતર થાય છે.

આપણો જન્મ ઉત્તમ થવા માટે થયો છે, એ સદા યાદ રાખીએ.

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યુટર

અમદાવાદ

## હોય કે ન હોય દિવાળી, પ્રગટેલા દીવાને પ્રગટેલો રાખજો

વળી પાછી દિવાળી આવી અને કંઈક કહેવા લાગી. સાંભળવાની ઇચ્છા હોય તો, તે કંઈક સંભળાવે છે :

આ તો દિવાળી આવી છે; પણ તે હોય કે ન હોય, તમે એક વાર જે દીવાને પ્રગટાવ્યો છે તેને; પ્રગટેલો જ રાખજો.

આવા સીધા-સાદા દેખાતા શબ્દો ઊંડા અને અર્થગર્ભિત હોય છે. એનો અર્થ, એ શબ્દોની વચ્ચેના અવકાશમાં છુપાયેલો હોય છે. તેનો ઇશારો છે, સંબંધો તરફ.

સંબંધ વિના કોને ચાલ્યું છે? સંબંધ છે તો સંસાર છે. અલબત્ત, સારા સંબંધોની આ વાત છે!

'સંયોગ' તે સંસારનો પર્યાય છે.

ઉત્તમ વ્યક્તિ સાથે, ઉત્તમ તત્ત્વ સાથે, ઉત્તમ ગ્રંથ સાથે, જે જે સંબંધો વીતેલા વર્ષમાં સ્થપાયા છે, એ મહામૂલા સંબંધોને હવે ટકાવી રાખજો.

નવા વર્ષમાં પણ એ સંબંધો તાજા ને તાજા – દિવાળીના દીવડા જેવા પ્રકાશ રેલાવતા રહે, એ ઝાંખા ન થાય કે ન તો ઓલવાઈ જાય, તેની કાળજી રાખજો.

(પાઠશાળા) - **પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

**અમૃતવર્ષા**

M.B. Prints®

Traditionally Printed Cotton Sarees

**નિમેષભાઈ ડગલી**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોન: ૩૨૯૦૬૬૫૫

# ગુજરાતી સાહિત્યકોશ




**ખંડ ૧ – મધ્યકાળ**

આવૃત્તિ : બીજી, કુલ પૃષ્ઠ ૨૪ + ૫૮૪. કિંમત રૂ. ૮૦૦-૦૦

કોશના આ ખંડ-૧માં ઈ.સ. ૧૧૫૦થી ૧૮૫૦ સુધીના સમયગાળામાં થયેલા કવિઓ અને તેમની રચનાઓ વિષયક તમામ વિશ્વાસપાત્ર માહિતી આપવામાં આવી છે. આ કોશમાં મધ્યકાલીન સાહિત્યમાં રચાયેલી, કાવ્યગુણે ઉત્તમ, મનુષ્યજીવનનાં રહસ્યોને ઉકેલવાની ચાવીઓ પૂરી પાડતી અને મુદ્રિત સ્વરૂપે મળતી કૃતિઓનાં સંખ્યાબંધ અધિકરણ ઉમાશંકર જોશી, હરિવલ્લભ ભાયાણી, જયંત કોઠારી, ચંદ્રકાન્ત શેઠ વગેરે જેવા તજ્જ્ઞોએ લખ્યાં છે. મધ્યકાળમાં જે સાહિત્ય રચાયું છે તે તમામને એકસાથે સંગ્રહી લેવાનો અહીં પ્રયત્ન છે. અહીં જૈન, સ્વામીનારાયણ, નાથસંપ્રદાય વગેરેના ૧૬૦૦ જેટલા કવિઓની ૩૦૦૦ ઉપરાંત સાહિત્યરચનાઓ વિશેનાં અધિકરણ મળશે. આ બધાં જ અધિકરણ નિષ્ણાત સંશોધકોએ તૈયાર કર્યાં છે.

આ ઉપરાંત અહીં કવિ કે કૃતિવિષયક મળતી તમામ સામગ્રીનો સંદર્ભ પ્રત્યેક અધિકરણને અંતે આપવામાં આવ્યો છે જે અભ્યાસીને સામગ્રીના મૂળ સુધી લઈ જશે.




**ખંડ ૩ – સાહિત્યિક પ્રકીર્ણ**

આવૃત્તિ : બીજી, કુલ પૃષ્ઠ ૨૪ + ૮૧૨. કિંમત રૂ. ૧૧૦૦-૦૦

કોશના આ ખંડ-૩માં ગુજરાતી ભાષા અને સાહિત્યના ઉદ્ભવ અને વિકાસનો ઈતિહાસ, ગુજરાતી સાહિત્યપ્રકારો અને તેની ઉત્ક્રાંતિ, સાહિત્યશાસ્ત્રનાં વિભાવનાત્મક પાસાં, સાહિત્યિકવિદો, સાંસ્કૃતિક સંદર્ભો, આધારગ્રંથો, સાહિત્યિક પારિતોષિકો, સાહિત્યિક સામયિકો વગેરે ગુજરાતી ભાષાસાહિત્યના વિકાસવિસ્તારમાં ફાળો આપનારાં મહત્ત્વનાં પરિબળો વિશે અધિકરણ આપવામાં આવ્યાં છે.

આ ખંડની બીજી આવૃત્તિમાં કેટલાક નવા વિભાવો વિશે અધિકરણ ઉમેરીને કોશને સંવર્ધિત કરવામાં આવ્યો છે.

કોશ જોવામાં સહાયક એવો અધિકરણનો શબ્દાનુક્રમ પૃષ્ઠનિર્દેશ સાથે આરંભમાં જ જોડ્યો છે. વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વિષયના રસિક સંશોધકો તથા તજ્જ્ઞોને સંશોધન કરવા માટે આ સહાયક આધારગ્રંથ છે.

## ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

**PARAB 2024 November**
RNI No. GUJGUJ/2006/17273
Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd
**Date of Publication 10th Posted on Every Month** **ISSN : 0250-9747**
₹ 20




Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**